
# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

### લંકા વિજય



4

**પ્રવચનકાર** | વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંપાદક** | પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ

# જૈન રામાયણ અને અન્ય રામાયણો

જો કે અન્ય રામાયણો અને આ જૈન રામાયણો વચ્ચે ઘણું ઘણું અંતર છે, અન્ય રામાયણોમાં ઘણે ઠેકાણે રાવણને રાક્ષસ, અધમ તથા હીન તરીકે ચિતરવામાં આવે છે. તદુપરાંત પરસ્ત્રીલંપટ, દુષ્ટ અને નરાધમ રૂપે પણ રાવણની પ્રસિદ્ધિ ઇતર કથાઓમાં સ્થળે સ્થળે કરવામાં આવી છે.



પણ વાસ્તવિક સ્થિતિ તદ્દન જુદી છે. તે ગ્રંથકારો પણ પોતાના ગ્રંથોમાં એ વાતને તો કબૂલે છે કે 'રાવણે મહાસતી સીતાજી પર ક્યારેય બળાત્કાર કર્યો જ નથી.' જૈન રામાયણમાં તો એવો સ્પષ્ટ રીતે ઉલ્લેખ છે કે, રાવણ-દશમુખ સદાચારી તથા પરસ્ત્રીવિમુખ શીલવાન મહાપુરુષ હતા. નલકૂબરની પત્ની ઉપરંભા જ્યારે રાવણના રૂપગુણથી આકર્ષાઈ રાવણ તરફ કામ રાગભરી પ્રીતિ અને આકર્ષણ ધરાવે છે ને તે માટે અજેય એવી નલકૂબરની નગરીના દ્વારો ઉઘાડી આપવા માટે વિદ્યાદાન કરવાનું પ્રલોભન આપે છે : ને તેનો જે વખતે બિભિષણ સ્વીકાર કરે છે. ત્યારે રાવણ વિભીષણ પર આક્રોશ વ્યક્ત કરે છે. આ જ ઘટના રાવણની સદાચારીતાનો પરિચય કરાવે છે.

# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

### લંકા વિજય



4

**પ્રવચનકાર**

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંપાદક**

પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ



........પ્રવચનકાર........

પરમારાધ્યપાદ
પરમગુરુદેવ-પરમોપાસ્ય
**શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમસૂરીશ્વર-**
પટ્ટધરરત્ન, ગુણરત્નરત્નાકર,
જૈનશાસનજ્યોતિર્ધર, તપાગચ્છાધિપતિ,
વ્યાખ્યાનવાચસ્પતિ, પ્રવચનગારુડી,
પરમગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્
**વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

........સંપાદક.......

સિંહગર્જનાના સ્વામી, આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટવિભૂષક, પ્રશમરસપયોનિધિ, આચાર્યદેવ શ્રીમદ્
વિજય **જયકુંજરસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટાલંકાર, પ્રભાવક પ્રવચનકાર, આચાર્યદેવ શ્રીમદ્
વિજય **મુક્તિપ્રભસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટધરરત્ન, પ્રસિદ્ધપ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્
**વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજ**

# જૈન રામાયણ : રજોહરણની ખાણ-૭

## લંકા વિજય

વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા-૧૧


| | |
|---|---|
| **પ્રકાશન** | : વિ.સં. ૨૦૬૭ |
| **નકલ** | : ૩૦૦૦ |
| **મૂલ્ય** | : ૭૫/- |
| **ભાગ ૧ થી ૭** | : ૫૦૦/- (સંપૂર્ણ સેટ) |
| **પ્રાપ્તિસ્થાન** | : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ<br>એ/૧, ઘનશ્યામ પાર્ક ફ્લેટ, ૧૭, આનંદનગર<br>સોસાયટી, પાલડી ભઠ્ઠા, અમદાવાદ.<br>ફોન : ૨૬૬૦૫૮૬૪<br>Email : muktikiran99@yahoo.com |
| **પ્રકાશક** | : મુદ્રક : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન, અમદાવાદ. |

જૈન રામાયણ : રજોહરણની ખાણ : પ્રવચનકાર મહર્ષિદેવ



# જૈનશાસન જ્યોતિર્ધર વ્યાખ્યાનવાચસ્પતિ
# તપાગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
# વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

મહાગ્રંથ પ્રકાશન - સુકૃતના સહભાગી



## શ્રાદ્ધવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી

પિંડવાડા, જી. સિરોહી

શ્રીપાલનગર, વાલકેશ્વર, મુંબઈ.



# ઋણ સ્વીકાર

૯૬ વર્ષના દીર્ઘ આયુષ્યમાં ૭૯ વર્ષનો નિર્મળ ચારિત્ર પર્યાય અને ૫૬ વર્ષનો આરાધના-રક્ષા-પ્રભાવના સભર આચાર્યપદ પર્યાય ધરનાર પરમગુરુદેવ પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના પાર્થીવ દેહના અંતિમ સંસ્કારથી પવિત્ર-ભૂમિ પર નિર્મિત **'સ્મૃતિમંદિર'**ની પાવન પ્રતિષ્ઠાના ઉપલક્ષ્યમાં **'સ્મૃતિમંદિર પ્રકાશન'**ની સ્થાપના થઈ ત્યારથી પ્રકાશન કાર્યની પા પા પગલી ભરતાં અમે આજે એક ભગીરથ કાર્ય કરવા સમર્થ બની રહ્યાં છીએ. તે દેવ-ગુરુની અસીમકૃપાનું પરિણામ છે.

**'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** ૭ ભાગમાં પ્રકાશન કરવાનો વિચાર થયો ત્યારથી એક મોટું ટેન્શન હતું. પણ **'કૃપા'** શું કામ કરે છે તેનો અમે અનુભવ કરી શક્યા છીએ.

વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમગુરુદેવશ્રી જેવા સમર્થ મહાપુરુષની ભલભલાનાં હૈયાને હચમચાવી દેતી ધર્મદેશનાને સાક્ષાત્ સાંભળતા હોઈએ તેવા આ પ્રવચનોનું પ્રકાશન તેઓશ્રીની મહતીકૃપા સાથે, સિંહગર્જનાના સ્વામી પૂ.આ.શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,** સમર્પણમૂર્તિ પૂ.આ.શ્રી **વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા** પ્રશમરસપયોનિધિ પૂજ્ય આચાર્ય શ્રી **વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા**, પ્રવચનપ્રભાવક પૂ.આ.શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની અને અમારા માર્ગદર્શક **પૂ.આ.શ્રી શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની પણ અસીમ કૃપાનું ફળ છે.

સમર્થ સાહિત્યકાર પૂ. આચાર્યદેવશ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** 'પ્રસ્તાવના' લખી આપીને અમારા આ કાર્યને ખૂબ જ ગૌરવ બક્ષ્યું છે.

પિંડવાડાના વતની હાલ મુંબઈ વસતા **શ્રેષ્ઠિવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી પરિવારે** આ સાહિત્ય પ્રકાશનનો અનેરો લાભ લઈને અમારા ઉલ્લાસમાં અભિવૃદ્ધિ કરી છે. અમે તેઓના ખૂબ ખૂબ ઋણી છીએ.

**-સ્મૃતિમંદિર પ્રકાશન**




## સ્મૃતિના સથવારે

**'જૈન રામાયણ'**ના પ્રવચનો દ્વારા જૈન-જૈનેતર જગતને જૈન રામાયણનો નોખો-સાવ અનોખો પરિચય કરાવનારા વ્યાખ્યાન વાચસ્પતિ પ્રવચનગારુડી સ્વર્ગીય પરમગુરુદેવ પૂ.આચાર્યદેવેશ **શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના અપાર ઉપકારોને કોઈ શબ્દોમાં ય વર્ણવી શકાય તેમ નથી, જન્મથી-ગળથૂથીમાંથી મળેલા તેઓશ્રીને સાધુ જીવનમાં સતત સાંભળવાનો અને માણવાનો અવસર સંસારી પિતાજી **શ્રીયુત્ ચન્દ્રકાન્તભાઈ લક્ષ્મીચંદ દોશી** (પછીથી મુનિરાજશ્રી **ચારિત્રસુન્દરવિજયજી મ.**)ની ભાવનાથી અને પરમતારક ગુરુદેવો સિંહગર્જનાના સ્વામી સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,** પૂર્વદેશ કલ્યાણકભૂમિતીર્થોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજા** અને પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની આશીર્વાદપૂર્ણ ઉદારતાથી મળી શક્યો, તેથી જ પ્રભુશાસનના મર્મને પામવાનું યત્કિંચિત્ સામર્થ્ય પ્રગટ્યું અને એક મહાગંભીર સાગરને અવગાહવા જેવા આ સંપાદનના કાર્યને કરવા ઉલ્લસિત બની શક્યો છું.

પરમશ્રદ્ધેય ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા**ની તારક નિશ્રામાં વિ.સં. ૨૦૬૨-૬૩ના ચોમાસામાં શ્રીપાલનગરની સ્થિરતા દરમ્યાન આ સંપાદન માટે તેઓશ્રીની અનુમતિ મળી તથા જૈન પ્રવચન પ્રચારક ટ્રસ્ટના ટ્રસ્ટીવર્ય **સુશ્રાવક શ્રી કાન્તિલાલ ચુનીલાલે** પણ આ કાર્ય માટે "પૂજ્યપાદશ્રીના પ્રવચનગ્રંથો કે પ્રવચનોને આપ બધા તૈયાર કરો કે સંપાદન કરો તે ખૂબ જરુરી છે" આવી ભાવનાના શબ્દો દ્વારા આવકાર્યું તેથી સરળ ગતિએ સંપાદન શક્ય બની શક્યું.

જો કે મુંબઈથી અમદાવાદ-રાજસ્થાન અને દિલ્હીના વિહારો ફરી દિલ્હીથી અમદાવાદ-મુંબઈના વિહારો અને અનેકવિધ ધર્મઉત્સવો આદિની વ્યાક્ષિપ્તતાને કારણે સંપાદન કાર્ય ખૂબ જ મંદ ગતિએ થયું, છતાંય નિશ્રાવર્તી મુનિગણ આદિનો આ કાર્યમાં રહેલો સહકાર અવિસ્મરણીય રહ્યો છે.

મારા પરમોપાસ્ય, સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજીમહારાજા**એ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તાવના લખી આપીને મારા આ કાર્યને ખૂબ જ હળવું બનાવ્યું છે. તેમ છતાંય મતિઅલ્પતા અને કાર્ય-અદક્ષતાને કારણે આવા ભગીરથ કાર્યમાં સ્વર્ગીય પરમગુરુદેવશ્રીના આશય વિરુદ્ધ કે શાસ્ત્ર વિરુદ્ધ કાંઈપણ કાર્ય બન્યું હોય તો ત્રિવિધે ક્ષમાયાચના પૂર્વક વાચકવર્ગને એટલું જ ભારપૂર્વક જણાવીશ કે **"સ્વાદુઃ સ્વાદુઃ પુરઃ પુરઃ"** ની નીતિને ધ્યાનમાં રાખીને જેમ-જેમ વાંચતા જશો તેમ-તેમ જૈનરામાયણનો અદ્ભુત રસાસ્વાદ માણવા દ્વારા અપૂર્વ ભાવાનુભૂતિ અને વર્ણનાતીત આનંદની અનુભૂતિ થશે એ નિઃશંક છે

## સંપાદન શૈલી



શ્રી વીરશાસન કાર્યાલય દ્વારા વિ.સં. ૧૯૮૯ થી **'જૈન રામાયણ'** ૭ ભાગમાં પ્રકાશિત થયા પછીની આવૃત્તિઓમાં મહદ્અંશે સંસ્કૃત શ્લોકો કાઢી નાંખવામાં આવેલાં હતાં. અહીં ફરી એ શ્લોકોને તે-તે સ્થળે ગોઠવી દીધા છે અને વાચકવર્ગની વાંચનમાં એક રસધારા ટકી રહે તે માટે એક દિવસના પ્રવચન પછી બીજા દિવસના પ્રવચનમાં ઉપદેશ આદિ રૂપે નવી-નવી આવતી વાતોને યથાવત્ જાળવી રાખીને જે પુનરાવર્તન જેવું જણાતું હતું, તે દૂર કર્યું છે અને તે વખતની જુની ભાષાને થોડી મઠારી છે.

કલિકાલસર્વજ્ઞ પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા રચિત ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર**ના ૭મા પર્વના ૧૦ સર્ગના આધારે આ પ્રવચનો મુખ્યતયા થયા હોવાથી પૂર્વે તે-તે સર્ગ અને પ્રવચનોના ક્રમાંક મૂકાયાં હતા તે પણ દૂર કરીને અખંડ-પ્રવચનો અહીં અવતરિત કરાયા છે.

આ નવી શૈલીમાં **'જૈનરામાયણ : રજોહરણની ખાણ'** એવું ગ્રંથનું નામ રાખીને સાતે ભાગોમાં મુખ્ય વિષયને ધ્યાનમાં રાખી દરેક ભાગનું નામકરણ નીચે મુજબ કર્યું છે.

| ભાગ | સર્ગ | નામ |
|---|---|---|
| ૧. | ૧-૨-૩ | રાક્ષસવંશ અને વાનરવંશ. |
| ૨. | ૪ | રામ-લક્ષ્મણને સીતા |
| ૩. | ૫-૬ | સીતા અપહરણ |
| ૪. | ૭-૮/૧ | લંકાવિજય |
| ૫. | ૮/૨ | ઓશીયાળી અયોધ્યા |
| ૬. | ૮ | સીતાને કલંક |
| ૭. | ૯-૧૦ | રામ નિર્વાણ |

આ મુખ્ય વિષયોને સુચવનારા નામાભિધાન છે. ઠેર-ઠેર અવાંતર વિષયો-પ્રસંગો અને સાંપ્રત સમસ્યાઓના પ્રત્યાઘાતોમાં પ્રવચનકારમહર્ષિનું હૃદય વાંચવા મળે છે.

ભાગ-૪

**'જૈન રામાયણ રજોહરણની ખાણ'** ના નામે આપના ઘર-પરિવાર અને જીવનનું આભરણ બનનાર, આ ગ્રન્થરત્નના ૭ ભાગમાંથી આ ૪થો ભાગ **'લંકા વિજય'** નામે આપના કરકમલમાં મૂકવા અમે સમર્થ બન્યા છીએ. રચયિતા તરીકે **કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** અને વિવેચનકાર તરીકે વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્ય ભગવાન **શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની આ પુણ્યપ્રસાદી આપણા સૌભાગ્યનો પ્રાગ્ભાર છે.

આ ચોથા ભાગમાં 'રાવણવધ' નામનો ત્રિષષ્ઠિપર્વનો ૭મો સર્ગ અને આઠમા સર્ગનો અમુક ભાગ લેવામાં આવ્યો છે. **'સંસાર તરફ પ્રેરે તે વિકથા અને આત્મહિત તરફ પ્રેરે તે ધર્મકથા' એમ કહી શકાય. 'ધર્મકથા તો સંસારની વાસનાને ઘટાડે અને આત્મહિત સાધવાની ભાવનાને વધારે આત્મહિતથી જે વિપરિત કથા તે વિકથા.'** આવી પૂજ્યપાદશ્રીજીએ કરેલી વ્યાખ્યાપૂર્વક પ્રારંભાતા આ ભાગમાં ધર્મવિરુદ્ધ જતાં સંતાનને મા-બાપ અને પાપમાર્ગે યોજતાં મા-બાપને સંતાન કહી શકે અને પરસ્પરના હિતનું કર્તવ્ય બજાવવામાં સફળ ન થઈ શકે તો ત્યાગ પણ કરી શકે છે એ વાતનું સચોટ પ્રતિપાદન થયું છે.

શ્રી રામચન્દ્રજીનું લંકાવિજય માટે પ્રયાણ, વિજય ડંકો વગાડતાં લંકાના પરિસરમાં પહોચવું, લંકામાં ક્ષોભ - પ્રલયની શંકા, શ્રી બિભીષણની શ્રી રાવણને અપાયેલી સલાહ, રાવણનો આવેશ, શ્રી બિભીષણનો લંકાત્યાગ ને

શ્રી રામચન્દ્રજીના શરણે જવું, વિશાળ ભૂમિ પર બંને સૈન્યોની જમાવટ, વિસ્તારથી કરાયેલું યુદ્ધનું વર્ણન પણ વિવેકપૂર્વક વિચારાય તો વૈરાગ્યની પ્રાપ્તિનું કારણ બને. યુદ્ધભૂમિમાં શ્રી રાવણ-શ્રી બિભીષણનો પરસ્પર વાર્તાલાપ, અમોઘ વિજયાશક્તિ અને શ્રી લક્ષ્મણજીની મૂર્ચ્છા, વિશલ્યાના તપનો પ્રભાવ,  રાવણની મૂંઝવણ, તેની માંગણી અને શ્રી રામચન્દ્રજીનો ઉત્તર મન્ત્રીઓની રાવણને સલાહ, બહુરુપ વિદ્યાને સાધવાનો રાવણનો નિર્ણય, શ્રી શાંતિનાથ પ્રભુના પ્રાસાદમાં રાવણનું ધ્યાનારુઢ થવું, વિવેકભરી પ્રભુપ્રાર્થના અને ઉપદ્રવો વચ્ચે નિશ્ચળતા આ બધું ખૂબ જ રોમહર્ષક વર્ણન અનેક ભાવોમાં ખેંચી જાય તેવું હોવા છતાં પ્રવચનકારશ્રીના પુણ્યવચનો આપણને ધર્મધ્યાનમાં ઘસેડી લાવે તેવા છે.

આપત્તીના કાળે પણ સમ્યગ્દૃષ્ટિ આત્માની મનોદશાનું તત્ત્વપૂર્ણ વિવેચન શાંતચિત્તે વિચારવા જેવું છે. સીતાદેવીના અભિગ્રહથી રાવણની વૃત્તિમાં પરિવર્તન આવ્યું પણ ભવિતવ્યતાએ તેઓને અહંભાવથી પાછા ન પડવા દીધા, અંતે શ્રી લક્ષ્મણજીના હાથે શ્રી રાવણનો વધ, પાપાનુબંધી પુણ્યની પરિણામ દારુણતા, જૈન શાસનનાં ચરિત્રો-વક્તા-શ્રોતા આદિની વાતો ખૂબ જ પ્રેરક છે. શ્રીમતી મન્દોદરી આદિ રાણીઓ કુંભકર્ણ-ઈન્દ્રજિત આદિની દીક્ષા બિભીષણનો રાજ્યાભિષેક, આર્યપત્નીઓના કર્તવ્યો, જંબુકુમારનો પ્રસંગ અને દીક્ષા ધર્મનો વિધિમાર્ગ વિસ્તારથી શાસ્ત્રોના રહસ્યોને રજૂ કરતાં વર્ણવાયો છે.

સદ્‌ગુરુચરણ સેવાહેવાકી
**આચાર્ય વિજય શ્રેયાંસપ્રભસૂરિ**

**દ્વિ.વૈશાખ વદ-૧૧, વિ.સં.૨૦૬૬,**
**સિદ્ધાંતમહોદધિ સ્વ.પરમગુરુવર સ્વર્ગતિથિ.**
**થરા**





## જૈન રામાયણ : રજોહરણની ખાણ
## ભાગ-૧ થી ૭

સંપૂર્ણ ગ્રન્થરત્નનો લાભ લેનાર ધર્મપરાયણ જીવનના શ્રેષ્ઠ નિર્માતા

## શ્રી લાલચંદજી છગનલાલજીના

# જીવનની આછી ઝલક

નરવીરો શૂરવીરો અને ધર્મવીરોથી શોભાયમાન રાજસ્થાનની ધીંગીધરા પર આવેલ **સિરોહી** જિલ્લાના **પિંડવાડામાં પૂ. પિતાશ્રી છગનલાલજી**ના કુળમાં પૂ. માતુશ્રી **છોગીબેન**ની કૂખે વિ.સં. ૧૯૭૨માં મહા સુદ ૩ના તેઓશ્રીનો જન્મ થયો.

વર્ધમાન જૈન યુવક મંડળની સ્થાપના (પિંડવાડા) દ્વારા સંઘના અનેક કાર્યોમાં સાથ આપતા રહ્યા.

પિંડવાડાના પનોતા પુત્ર, પ્રેમના ઘૂઘવતા સાગરસમા સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પરમ કૃપાપાત્ર બની ત્રીશ-ત્રીશ વર્ષો સુધી અખંડપણે કર્મ સાહિત્યના પ્રકાશનાદિમાં કાર્યરત રહેવા દ્વારા અપૂર્વ જ્ઞાનોપાસના અને ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિની સ્થાપના કરાવી.

જેસલમેર-અમરસાગર-લોદ્રવપુર-ભીલડીયાજી-અજારી (પિંડવાડા)-આયડ (ઉદયપુર) આદિ અનેક મહાતીર્થોના જીર્ણોદ્ધારના કાર્યની સાથે મેવાડના અગણિત મંદિરોના પુનરુદ્ધારમાં અમૂલ્ય ફાળો આપ્યો.

સુવિશુદ્ધ સંયમમહાનિધિ, વાત્સલ્યવારિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્દેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ની પરમ પાવનકારી નિશ્રામાં પિંડવાડામાં ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પરમોકારી સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની તથા અન્ય **ગુરુભગવંતો**ની નિશ્રામાં અગ્રેસર રહી વિશ્વ વિખ્યાત આબુ દેલવાડા-બ્રાહ્મણવાડા-ઉદવાડા-પૂના-વાંસદા આદિ અનેક સ્થાનોમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠાદિના પ્રસંગોની ઉજવણી કરી કરાવી.

હસ્તગિરિ મહાતીર્થ, સહસાવન ગિરનાર, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી, ચંદાવરકરલેન બોરીવલી મુંબઈ આદિમાં નૂતન દેરીઓ-જિનાલયોના નિર્માણમાં અનુમોદનીય સહયોગ આપ્યો.

સહસાવન ગિરનાર, દેલવાડા આબુ, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી જેવા વિશ્વપ્રસિદ્ધ સ્થાનોમાં કાયમી ધજા ચઢાવવાના, મૂલનાયક તથા અન્ય જિનબિંબો ભરાવવાના તથા પ્રતિષ્ઠાદિના લાભોમાં સ્વદ્રવ્યની ન્યોછાવરી કરી.

શંખેશ્વર-બ્રાહ્મણવાડામાં નવપદજીની ઓળીની આરાધના કરાવવા જેવા અનેક સુકૃતોની સમારાધના, મુકપશુઓની સુરક્ષા કાજે શિબિર-કેમ્પ અનુકંપાના કાર્યો તથા સામાજિક ક્ષેત્રોમાં અગ્રેસર રહી તન-મન-ધનથી વિવિધ સેવાઓ આપી છે.

ઉભય ગુરુદેવોના કાળધર્મ બાદ તપસ્વીસમ્રાટ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજા** તથા ગચ્છસમ્રાટ્ પૂ. આચાર્યદેવશ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા**ની પણ એવી જ કૃપા મેળવીને શાસન પ્રભાવક અનેક કાર્યોમાં અગ્રેસર રહી, આ ઉભયની નિશ્રામાં જ સમાધિ પામીને સ્વર્ગવાસી બન્યા.

*આપની શ્રુતભક્તિની અમે*

*પુનઃપુનઃ અનુમોદના*

*કરીએ છીએ.*

**- શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન**



# ભાગ-૪

## લંકાવિજય


૧. ધર્મ ધનને લૂંટે તે જ ખરેખરો અને ભયંકર દુશ્મન

૨. બિભીષણ : એક સાચો સ્નેહી

૩. અમોઘ વિજયા શક્તિ શ્રી લક્ષ્મણ મૂર્છા અને જાગૃતિ

૪. ઉન્માદ હિતકર વાતને પણ રુચવા દેતો નથી

૫. વિષયાધીન પણ રાવણ પ્રભુભક્તિમાં એકાકાર

૬. અવશ્યંભાવીને અન્યથા કોણ કરે ?

૭. સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રંથ

૮. સ્વજનનું મરણ પાછળનાઓને ચેતવે છે

૯. ધર્મવ્યવહારની આડે તે બધા પાપ વ્યવહારો

# ક્રમનિર્દેશ


૧. ધર્મ ધનને લૂંટે તે જ ખરેખરો અને ભયંકર દુશ્મન ૧

- ★ સંસાર તરફ પ્રેરે તે વિકથા અને આત્મહિત તરફ પ્રેરે તે ધર્મકથા ૧
- ★ સત્ય પક્ષની સેવામાં પ્રાણનીય પરવા નહિ ૫
- ★ દ્રવ્યપ્રાણના ભોગેય ભાવપ્રાણની રક્ષા કરવી જોઈએ ૫
- ★ શ્રીમતી સીતાજીને શીલ એ જ જીવન ૬
- ★ ધર્મવિરુદ્ધ જતાં સંતાનને મા-બાપ અને પાપમાર્ગે યોજતા મા-બાપને સંતાન કહી શકે છે. ૬

૨. બિભીષણ એક સાચો સ્નેહી ૯

- ★ લંકાની વિજયયાત્રા માટે શ્રી રામચંદ્રજીનું પ્રયાણ ૧૧
- ★ સમુદ્ર અને સેતુરાજા સાથે યુદ્ધ અને જીત ૧૨
- ★ લંકામાં ક્ષોભ અને યુદ્ધની તૈયારીઓ ૧૩
- ★ તે સાચા સ્નેહી નથી ૧૩
- ★ ઘમંડી અને પુદ્ગલાનંદી શેઠીયાઓના મિત્ર કેવા હોય ? ૧૫
- ★ ઈન્દ્રજિતની ઉચ્છૃંખલતા ૧૫
- ★ ઉન્માર્ગગામીઓ કાંઈ ન ચાલે એટલે જુઠ્ઠો આરોપ મૂકે ૧૭
- ★ શ્રી રાવણ શ્રી બિભીષણ સાથે યુદ્ધ કરવા તત્પર થયો ૧૮
- ★ લંકા છોડી જવાની આજ્ઞા કરી ૧૯
- ★ મા-બાપની અનુજ્ઞા વિના દીક્ષા ક્યારે ? ૧૯
- ★ રાષ્ટ્રીય હીલચાલ અને દીક્ષાની રજા બાબતની વિચારણા ૧૯
- ★ શ્રી બિભીષણનું ચાલ્યા જવું ૨૧
- ★ શ્રી જિનેશ્વરદેવને કરેલો એક પણ નમસ્કાર તારે, પણ તે ક્યારે ? ૨૩
- ★ જેને સંસાર ગમે, તે ભગવાનને સાચો નમસ્કાર કરી શકે નહિ ૨૪
- ★ વિશાળ સેનાઓનો મેળાપ ૨૫
- ★ યુદ્ધ થયું પણ કોઈનો જય થયો નહિ ૨૭
- ★ જો વિવેકપૂર્વક વિચારાય તો ય વૈરાગ્ય ઉત્પન્ન થાય ૨૮
- ★ સમવસરણ એ ય સમ્યક્ત્વ પ્રાપ્તિનું પ્રબળ કારણ છે ૨૯
- ★ ચરમશરીરીઓ ઉપર પણ ક્ષેત્રની અસર ૩૦
- ★ દેવતાઓમાં પણ ક્ષુદ્ર દેવતાઓ હોય છે ૩૨
- ★ રાક્ષસ અને વાનર સુભટો વચ્ચેનું મહાયુદ્ધ ૩૩
- ★ યુદ્ધભૂમિનાં ત્રાસદાયક વિવિધસ્વરૂપો ૩૪
- ★ સન્માર્ગે જતાંને રોકનાર, કુળકલંક ગણાય ૩૪
- ★ સુગ્રીવને બિભેદીને શ્રી હનુમાન યુદ્ધમાં જાય છે ૩૫
- ★ માલીને અસ્ત્રરહિત કરીને શ્રી હનુમાને તેને ચાલ્યા જવાનું કહ્યું ૩૬
- ★ મોહ મમતાની કતલથી જ મોક્ષશ્રી ૩૮
- ★ શ્રી હનુમાને મહોદર આદિ રાક્ષસવીરોનો કરેલો નાશ ૩૯
- ★ મૂર્ચ્છાધીન થયેલા કુંભકર્ણ ૩૯
- ★ સુગ્રીવ ઈન્દ્રજિત સાથે અને ભામંડલ મેઘવાહન સાથે યુદ્ધમાં ૪૧

૩. અમોઘ વિજયા શક્તિ શ્રી લક્ષ્મણ મૂર્ચ્છા અને જાગૃતિ ૪૩

- ★ સુગ્રીવાદિને છોડાવવા માટે શ્રી બિભીષણ તૈયાર થાય છે ૪૫
- ★ ભામંડલ-સુગ્રીવને નાગપાશથી છોડાવવાની ચિંતા ૪૭
- ★ નાગપાશોથી મુક્તિ અને જય જય નાદ ૪૮
- ★ ક્રમશઃ બંને સૈન્યોમાં ભંગ ૪૯
- ★ શ્રી રાવણની સામે શ્રી બિભીષણ યુદ્ધમાં ૪૯
- ★ શ્રી બિભીષણે શ્રી રાવણને આપેલો સચોટ ઉત્તર ૫૦
- ★ શ્રી રામચંદ્રજી ઉપર શ્રી રાવણે મૂકેલા જુઠ્ઠા આક્ષેપોનો પ્રતિકાર ૫૨
- ★ આજે ભાઈ-ભાઈમાં ભાગ માટે પ્રાણ લેવા સુધીનાં વેરઝેર પણ થાય છે ૫૨
- ★ ધર્મ વિરોધી બનેલાઓને ધર્મીઓ પણ યોગ્ય રીતે કહી શકે છે ૫૩
- ★ શ્રી રાવણ અને શ્રી બિભીષણ વચ્ચે યુદ્ધની શરૂઆત ૫૪
- ★ ઈન્દ્રજિત, કુંભકર્ણ, મેઘવાહન અને બીજા સુભટો બંધાયા ૫૫
- ★ અમોઘવિજયા મહાશક્તિ ૫૬
- ★ ભયંકર સ્થળોમાં પણ મહાપુરુષો પોતાની સજ્જનતા નથી ચૂકતા ૫૭
- ★ મહાશક્તિથી ભેદાઈને શ્રી લક્ષ્મણજી ભૂમિતલ ઉપર પડ્યા ૫૮

★ મૂર્ચ્છિત દશામાં રહેલ શ્રી લક્ષ્મણજીને ઉદ્દેશીને શ્રી રામચંદ્રજીનું કથન ૫૯
★ પરાક્રમી શ્રી રામચંદ્રજીને મોહ સતાવે છે ૬૦
★ શ્રી રામચંદ્રજી શ્રી બિભીષણને કહે છે કે એક રાતમાં ઉપાય યોજો ૬૨
★ ચાર દ્વાર વાળા સાત કિલ્લાઓમાં રક્ષણનો ઉપાય ૬૩
★ લંકામાં સીતાજીનો કરુણ સ્વરે વિલાપ ૬૪
★ મોહની મૂંઝવણ આજની સ્વાર્થી દશા ૬૪
★ શ્રી રાવણની અવદશા મૂર્છા અને રુદન ૬૫
★ પ્રતિચંદ્ર વિદ્યાધર પોતાનો અનુભવ કહે છે ૬૬
★ "ધર્મીને ઘેર ધાડ અને પાપીને ઘી કેળાં" એ કહેવત વાસ્તવિક નથી ૬૮
★ પેટના નામે ધર્મવિરોધને પોષણ અપાય છે, એથી ચેતવા જેવું છે ૭૦
★ ધર્મભાવના હોય તો આરાધના કરાય અને કરાવાય ૭૧
★ ભામંડલ આદિ શ્રી ભરતની પાસે જાય છે ૭૨
★ શ્રી ભરતે સાથે આવી વિશલ્યાને મેળવી આપી ૭૨
★ અમોઘવિજયા મહાશક્તિ ચાલી ગઈ ૭૩
★ પૌદ્ગલિક ઈરાદો એ દુઃખ પમાડનારો ઈરાદો છે ૭૩
૪. ઉન્માદ, હિતકર વાતને પણ રુચવા દેતો નથી ૭૫
★ વિશલ્યા આદિ સાથે લગ્ન અને મહોત્સવ ૭૭
★ આફતો ઉપર આફતો આવે પણ મોહાધીનોને વિવેક આવવો મુશ્કેલ ૭૭
★ અર્થ-કામની આસક્તિ ત્યજીને વિવેકી બનવું જોઈએ ૭૯
★ દુર્દશા થવાની હોય ત્યારે સાચું સૂઝે નહિ ૭૯
★ મંત્રીવરોની વ્યાજબી સલાહની અવજ્ઞા ૮૦
★ શ્રી રાવણની માંગણીમાં વિષયાન્ધતા ૮૧
★ શ્રી લક્ષ્મણજી શ્રી રાવણના દૂતને જવાબ આપે છે ૮૨
★ ધર્મ ગયા બાદ પૌદ્ગલિક આબાદી એ ભયંકર બરબાદી છે ૮૨
★ તારક તીર્થ પ્રત્યે જેને ભક્તિ નથી તે જૈન નથી ૮૩
★ મંત્રીવરોએ ફરીથી પણ શ્રીમતી સીતાજીને છોડવાની આપેલી સલાહ ૮૩
★ આજના શેઠીયાઓને મોટે ભાગે શું ગમે છે ? ૮૫
★ પૌદ્ગલિક લાલસાને કાપવાના પ્રયત્નો કરી જુઓ ૮૫
૫. વિષયાધીન પણ રાવણ પ્રભુભક્તિમાં એકાકાર ૮૭
★ શ્રી રાવણ શ્રી શાંતિનાથ ભગવાનના ગૃહચૈત્યમાં ૮૯
★ શ્રી વીતરાગની સેવા દ્વારા વીતરાગતા જ પામવાની ભાવના હોવી જોઈએ ૯૦
★ અનર્થકારી સમજાય તો છોડાવવા સહેલા ૯૦
★ મોક્ષના હેતુઓને સંસારના હેતુઓ ન બનાવો ૯૨
★ ખરાબ અને ખોટા સાહિત્યની સામે સારું અને સાચું સાહિત્ય બહાર મૂકવું જોઈએ ૯૩
★ અહીંનો રાગ તો રાગની જડ ઉપર છીણી ફેરવનારો છે. ૯૪
★ શ્રી રાવણે શ્રી શાન્તિનાથ ભગવાનની કરેલી સુંદર સ્તવના ૯૫
★ શ્રી જિનેશ્વરદેવ જગતત્રાતા કેમ ? ૯૬
★ વિરાધનાની વાત કરે તે રક્ષક નહિ પણ ભક્ષક કહેવાય ૯૭
★ શ્રી જિનેશ્વરદેવની અનુપમ પુણ્યપ્રકૃતિ ૯૮
★ મોક્ષમાર્ગની આરાધના મોક્ષ માટે ૯૯
★ પૂજક લાલચુ ન હોવો જોઈએ ૧૦૦
★ શ્રી વીતરાગને જોનાર આંખો અને શ્રી વીતરાગને ધારનાર હૃદય ધન્ય છે. ૧૦૧
★ ક્રિયાઓના ભાવને સમજતા શીખો ૧૦૨
★ વૈરાગ્યના અર્થી બનો પણ વૈરાગ્યના વૈરી ન બનો ૧૦૩
★ શ્રી જિનેશ્વરદેવાદિની સેવામાં જે વપરાય તે જ વસ્તુતઃ સાર્થક છે ૧૦૪
★ શ્રી જિનેશ્વરદેવની ભવે ભવે ભક્તિ મળો એવી માંગણી ૧૦૫
★ આઠ દિવસ જૈન ધર્મમાં રક્ત રહેવાનો પડહ ૧૦૫
★ શાન્ત અને ધ્યાનપરાયણ શ્રી રાવણને ગ્રહણ કરવાની શ્રી રામચંદ્રજીની ના ૧૦૭
★ શ્રી રાવણની ધ્યાનપરાયણતા ૧૦૭
૬. અવશ્યંભાવિને અન્યથા કોણ કરે ? ૧૦૯
★ મન્દોદરીને કેશોથી પકડીને ખેંચવું ૧૧૧
★ સ્વ-પર કલ્યાણમાં રક્ત રહેવું ૧૧૨
★ બળાત્કાર કરીને પણ રમવાનું શ્રી રાવણે શ્રી સીતાજીને કહ્યું ૧૧૩
★ જીવન અને શીલ બંનેના રક્ષક શ્રીમતી સીતાજી ૧૧૫
★ શ્રીમતી સીતાજી મૂર્ચ્છાધીન અને અનશનનો અભિગ્રહ ૧૧૬
★ શ્રી રાવણની વૃત્તિમા આવેલું પરિવર્તન ૧૧૭

★ દુનિયા સારા ખોટાને જોતી નથી ૧૧૮
★ ધર્મની આરાધનામાં ઢીલ નહિ કરવી ૧૧૮
★ અપશુકનોનું વારણ અને શ્રી રાવણનું યુદ્ધ માટે પ્રયાણ ૧૧૯
★ શ્રી રાવણે મૂકેલું ચક્ર શ્રી લક્ષ્મણજીના હાથમાં ૧૨૦
★ શ્રી બિભીષણની ઉચિત સલાહ સામે પણ રોષ અને શ્રી રાવણનો વધ ૧૨૦
★ ઉપસંહાર અને સદુપદેશ ૧૨૧

**૭. સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રન્થ ૧૨૩**

★ ચરિતાનુયોગનું વિશિષ્ટ સ્થાન ૧૨૫
★ ચારે અનુયોગો ઉપયોગી છે ૧૨૫
★ શ્રી જૈનશાસનનાં ચરિત્રોમાં પ્રધાન વસ્તુ કઈ હોય ? ૧૨૭
★ ચારેય અનુયોગો એકબીજાના પૂરક છે ૧૨૭
★ જૈન શાસનમાં વક્તા અને શ્રોતા કેવા હોય ? ૧૨૮
★ વિપરીત ધ્યેયથી હિતકરને બદલે હાનિકર ૧૨૯
★ આત્માના ગુણો ખીલવવાનાં સ્થાનો ૧૨૯
★ ધર્મોપદેશક કોને કોને શું કહે ? ૧૩૦
★ સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રન્થ ૧૩૨
★ શ્રી રામચંદ્રજીના શરણે રાક્ષસો ૧૩૪
★ દાના દુશ્મન પર વિશ્વાસ મૂકી શકાય ૧૩૪
★ શ્રી બિભીષણનો આત્મઘાતનો પ્રયત્ન ૧૩૫
★ શ્રી રાવણના શબનો અગ્નિસંસ્કાર ૧૩૬
★ શ્રી રામચંદ્રજીની ઉદારતા અને શ્રી રાવણની ઉત્તમતા ૧૩૭
★ આવી ઇચ્છા વ્યક્ત કરવી, એ શું સામાન્ય વાત છે ? ૧૩૭
★ ધર્મીના ગુસ્સાનું રહસ્ય કોણ સમજે ? ૧૩૮
★ પ્રતિકૂળ ગણાય તેવો વર્તાવ થઈ શકે પણ પ્રતિકૂળ ચિંતન ન થઈ શકે ૧૩૯
★ શાસનને સમર્પિત બનેલો મુનિ કેવો હોય? ૧૪૦
★ જો હૈયામાં શાસન વસી જાય તો ૧૪૧
★ ભાગ માટે બાપ સાથે લડનારાઓ આ ઉદારતાને નહિ સમજી શકે ૧૪૩
★ ઉત્તમ આત્માઓની સુંદર કુળપરંપરા ૧૪૮
★ જન્મ પછી મરણ એકાંતે નિશ્ચિત છે ૧૪૫

**૮. સ્વજનનું મરણ, પાછળનાઓને ચેતવે છે ૧૪૭**

★ માણસ મરે એટલે પુણ્ય-પાપ મરે એમ નહિ ૧૪૯
★ સંસારથી છોડાવે તે જ સાચો ધર્મ ૧૫૦
★ શ્રી જિનેશ્વરદેવો પરિણામદર્શી હતા ૧૫૦
★ નિઃષ્પાપ જીવન સત્ત્વ વિના ન જીવાય ૧૫૧
★ જ્ઞાનીઓએ ફરમાવ્યા મુજબના પરિણામને વિચારો ૧૫૨
★ ઉત્તમમાં ઉત્તમ કોટિનું મરણ મેળવવા માટે પ્રયત્નશીલ બનો ૧૫૪
★ અગ્નિસંસ્કાર પછી તરત દીક્ષાની વાત ૧૫૬
★ જેને મોક્ષ ગમે તેને સંસાર ગમે નહિ ૧૫૭
★ સ્વજનનું મરણ પાછળનાઓને ચેતવે છે ૧૫૯
★ જીવ્યો ત્યાં સુધી તો ચૂસ્યો પણ પછી ય પાપની પોટલી મોકલવી ? ૧૬૦
★ રોતાં રોતાં આયુષ્ય બંધાય તો ? ૧૬૨
★ ધર્મી કહેવડાવવું ગમે છે, પણ વસ્તુતઃ ધર્મ ગમતો નથી ૧૬૩
★ આ વીસમી સદીનો એક અનુકરણીય સુંદર પ્રસંગ ૧૬૪
★ ધર્મ કર્યા વિના મરનાર ગયો, એ ભાવનાએ રડનાર કેટલા ? ૧૬૬
★ શોકગ્રસ્ત સંબંધીઓને મુનિ કેવું આશ્વાસન આપે ? ૧૬૭
★ આરાધના કરનારા બધા જ તે ભવમાં મોક્ષ પામે એ નિયમ નહિ ૧૬૯
★ કરેલી આરાધના નિષ્ફળ નથી જવાની ૧૭૦
★ દીક્ષામાં નિર્ધન-ધનવાન જોવાનું નથી ૧૭૧
★ ધર્મ કરનારની નિંદા કરવાના પાપમાં ન પડો ૧૭૨
★ વિપરીત સંયોગોથી આત્માએ બચવાની ઘણી જરૂર છે ૧૭૪
★ ધર્મવૃત્તિવાળાની કઈ વિચારણા હોઈ શકે ?૧૭૫
★ પડનારને આલંબન આપનારા મળે તો કોઈ આત્મા ચઢી જાય ૧૭૬
★ સાધુવેષમાં રહીને છૂપું પાપ સેવવું એ ઘોર પાપ છે ૧૭૭
★ ધર્મ પ્રત્યે અભિરૂચિ ન પ્રગટે તો અનુમોદનથી ય લાભ લેવાય નહિ ૧૭૮
★ નિરાશંસભાવે ધર્મ કરવાની આજ્ઞા ૧૭૯
★ નિદાન રહિત ધર્મ અને નિદાનયુક્ત ધર્મના ભેદને સમજો ૧૭૯
★ મુનિની ભાવના-ઈચ્છા કઈ હોવી જોઈએ ૧૮૧
★ 'કુ' નો ત્યાગ અને 'સુ'નો સ્વીકાર કરો ! ૧૮૩
★ અંતિમ અવસ્થામાં મતિ તેવી ગતિ થાય છે૧૮૪
★ ધર્મદેશના કેવી હોવી જોઈએ ? ૧૮૫
★ જૈનમુનિ ધર્મગુરુ છે પણ સંસારગુરુ નથી ૧૮૬
★ લઘુકર્મી આત્માઓને જ મુનિયોગ મળે છે અને ફળે છે ૧૮૮
★ વિષયવૃત્તિને પેદા કરનારાં સાધનોથી દૂર રહો ૧૮૯
★ માગ્યું તે મળ્યું પણ ધર્મ ભૂલાઈ ગયો ૧૯૧
★ ધર્મ તો મોક્ષ માટે જ કરવો ૧૯૨

★ તત્ત્વો ઉપરની રૂચિ પમાય
તો જીવન ફરી જાય ૧૯૩
★ ધર્મના બહુમાનદર્શક પાંચ લિંગો ૧૯૪
★ દિલનો અનુરાગ ધર્મમાં હોય તો ૧૯૬
★ મોક્ષના ઈરાદાથી જ્ઞાનીની આજ્ઞા
મુજબ સહો તો કલ્યાણ થાય ૧૯૭
★ દેવનું મુનિવેષે આગમન-પૂર્વભવ કથન,
રતિવર્ધન રાજાને જાતિસ્મરણ ૧૯૮
★ જ્ઞાનથી ભાન થવું અને એથી દીક્ષા લેવી ૧૯૯
**૯. ધર્મવ્યવહારની આડે આવે તે
બધા પાપ વ્યવહાર ૨૦૧**
★ શ્રી કુંભકર્ણ, આદિની દીક્ષા ૨૦૩
★ ધર્મવ્યવહારની આડે આવે
તે વ્યવહાર પાપ વ્યવહાર છે ૨૦૪
★ સભ્યકુળની રીતિ ૨૦૫
★ કુલીન સ્ત્રીઓને સદાચારથી ભ્રષ્ટ ન કરો ૨૦૫
★ શાસ્ત્રકારોને પુરુષો પ્રત્યે પક્ષપાત
કરવાનું કારણ હતું જ નહિ ૨૦૬
★ હક્કની મારામારી જ નહિ હોય ૨૦૮
★ આર્યપત્નીની ભાવના હૃદયમાં આવી જાય
તો હક્કની મારામારી રહે જ નહિ ૨૦૯
★ જેના હૃદયમાં જૈનત્વ હોય
તે આર્યપત્ની શું કહે ? ૨૧૦
★ શ્રી જંબુકુમારનો પ્રસંગ ૨૧૧
★ આજની સ્થિતિ ૨૧૬
★ શ્રી ગુણસાગરનો પ્રસંગ ૨૧૬
★ પાપના માર્ગથી ઉગારી લેવાને બદલે
પાપના માર્ગે ઘસડી જવાનો પ્રયત્ન ૨૧૮
★ દીક્ષાને આપવાનો વિધિમાર્ગ ક્યો છે ? ૨૧૯
★ તેને આરાધના-વિરાધનાના ફળનો
ખ્યાલ આપવાનો ૨૨૦
★ દુષ્કર્મ ઉગ્રપણે ઉદયમા આવે
તો ભલભલા પણ પડી જાય ૨૨૨
★ પરિણતિની પરીક્ષાનું કારણ ૨૨૩
★ દીક્ષા આપવામાં અતિશયજ્ઞાનીઓની
વિશિષ્ટતા હોય છે ૨૨૪
★ પરિચિત-અપરિચિત વચ્ચેનો તફાવત ૨૨૯
★ પરિચિત-અપરિચિત વચ્ચેનો તફાવત ૨૨૫
★ પરિચિત પણ બદઈરાદે-ખોટા ઈરાદે
દીક્ષા લેવા આવે તો ? ૨૨૭
★ ભોગવ્યું ન હોય તેનો ત્યાગ કરી શકાય જ
નહિ એમ કહેનારની ભયંકર અજ્ઞાનતા ૨૨૯
★ ભોગથી પ્રાયઃ ભોગવૃત્તિ વધે છે ૨૩૨
★ દીક્ષા સંબંધમાં વયપ્રમાણ ૨૩૩
★ આઠ વર્ષની શરીરાવસ્થાએ દીક્ષા તે
અપવાદમાર્ગ નથી પણ રાજમાર્ગ છે ૨૩૪
★ ભોગમાં યુવાન વય નહિ પસાર કરી
ચૂકેલાને દીક્ષા ન દેવાની વિરોધી દલીલ ૨૩૫
★ વિષયસંગોના અનુભવપૂર્વક
યુવાનવય વ્યતીત કરી ચૂકેલાને દીક્ષા
દેવામાં લાભ જણાવતી વિરોધી દલીલ ૨૩૬
★ અભુક્તભોગીને દીક્ષા દેવાથી દોષો
લાગવા સંબંધી વિરોધી દલીલ ૨૩૭
★ વિરોધીઓની દલીલોનો સચોટ
પ્રતિકાર-ચારિત્ર સાથે
બાળભાવનો વિરોધ નથી ૨૩૯
★ શંકા-સમાધાન ૨૪૦
★ યૌવનવય જ ભોગકર્મનું કારણ બને
છે એવું નથી ૨૪૨
★ અવિવેક એ જ વાસ્તવિક રીતે યૌવન છે ૨૪૨
★ દોષની સંભાવના બંનેને માટે સરખી છે ૨૪૩
★ દોષની સંભાવનાને મહત્ત્વ
આપી શકાય નહિ ૨૪૪
★ વિષયભોગોના બીનઅનુભવી પણ
સર્વ રીતે યોગ્ય છે, અશંકનીય હોય છે ૨૪૭
★ ભુક્તભોગી કરતાં અભુક્તભોગી સારા ૨૪૭
★ સેવવા યોગ્ય તો કેવળ શુદ્ધ ધર્મ જ છે ૨૪૮
★ પરમાર્થ દૃષ્ટિએ મોક્ષ એ જ ધર્મનુ ફળ છે ૨૫૦
★ કૌતુક આદિ દોષોનો સંભવ
ભુક્તભોગીઓ માટે છે ૨૫૦
★ યોગ્ય આત્માઓને તો આનંદ
અને દુઃખ બંને થાય છે ૨૫૨



# ધર્મ ધનને લૂંટે તે જ ખરેખરો અને ભયંકર દુશ્મન

## ૧

આ વિભાગનું પ્રથમ પ્રકરણ વિકથા અને ધર્મકથાના સ્વરૂપદર્શનથી પ્રારંભાય છે જેમાં ધર્મકથાને ધર્મકથા બનાવી રાખવાની સાવચેતીનો સૂર સંભળાય છે.


આખી લંકામાં સ્વયં એકલો છતાં સત્યપક્ષની નિષ્ઠાથી નિર્ભિકપણે પરાક્રમ કરીને આવેલા શ્રી હનુમાનનો પ્રસંગ દ્રવ્યપ્રાણના ભોગે પણ ભાવપ્રાણની રક્ષા માટે સાચા પક્ષમાં રહેલા મહાનુભાવોને પ્રેરણા આપે છે.

આમ તો, શ્રીમતી સીતાદેવી રાજવૈભવો વચ્ચે પટ્ટરાણી બનીને મહાલી શકે તેવા છે, તેઓને વનવાસમાં કારણ બનનારા કૈકેયીદેવી છે, છતાંય સીતાજીને તેમનાં ઉપર દુર્ભાવ ન થયો ને શીલ સામે પડકાર કરનાર રાવણ પ્રત્યે થયો તેમાં ધર્મધનની લૂંટ એ જ મહત્ત્વનું કારણ છે ને ? આ પ્રસંગ પામીને ધર્મવિરુદ્ધ જતાં સંતાનોને મા-બાપ અને પાપમાર્ગે યોજતા મા-બાપોને સંતાન શું કહી શકે તે મર્મરુપ વાતો પ્રવચનકારશ્રીના શ્રીમુખે આ પ્રકરણમાં વાંચીએ.

-શ્રી

## ધર્મ ધનને લૂંટે તે જ ખરેખરો અને ભયંકર દુશ્મન

- સંસાર તરફ પ્રેરે તે વિકથા અને
  આત્મહિત તરફ પ્રેરે તે ધર્મકથા
- સત્ય પક્ષની સેવામાં પ્રાણનીય પરવા નહિ
- દ્રવ્યપ્રાણના ભોગેય ભાવપ્રાણની રક્ષા કરવી જોઈએ
- શ્રીમતી સીતાજીને શીલ એ જ જીવન
- ધર્મવિરૂદ્ધ જતાં સંતાનને મા-બાપ અને પાપમાર્ગે
  યોજતા મા-બાપને સંતાન કહી શકે છે



# ૧

## ધર્મ ધનને લૂંટે તે જ ખરેખરો અને ભયંકર દુશ્મન



### સંસાર તરફ પ્રેરે તે વિકથા અને આત્મહિત તરફ પ્રેરે તે ધર્મકથા

અહીં દરરોજ પ્રથમ વ્યાખ્યાનમાં જે વસ્તુઓ જણાવાઇ છે, તેની પુષ્ટિ જ બીજા વ્યાખ્યાનમાં થાય છે. બીજું વ્યાખ્યાન એકલી જ કથા માટે નથી. કથા પણ સાર માટે છે. પહેલાં વ્યાખ્યાનમાં તાત્ત્વિક વિચારણાઓ થાય, અને એ જ વિષયને બીજા વ્યાખ્યાનમાં પુષ્ટિ મળે. પહેલા આરાધનાના પ્રકારો આદિનું વર્ણન આવે અને પછી આરાધકો આદિનું વર્ણન આવે. આરાધકો આદિના વર્ણનમાંથી, તેઓની આરાધના પ્રવૃત્તિ લેવી જોઈએ અને વિરાધનાનો ત્યાગ લેવો જોઈએ. આરાધનાથી વિપરીત વસ્તુ ગ્રહણ કરાય તો ધર્મકથાને વિકથારૂપે ગ્રહણ કરી કહેવાય.

**સંસાર તરફ પ્રેરે તે વિકથા અને આત્મહિત તરફ પ્રેરે તે ધર્મકથા**, એમ કહી શકાય. ધર્મકથા તો સંસારની વાસનાને ઘટાડે અને આત્મહિત સાધવાની ભાવનાને વધારે. આત્મહિતથી જે વિપરીત કથા તે વિકથા.

ધર્મકથાને પોતાને માટે વિકથારૂપ બનાવનારા પણ આજે ઘણા છે. પૌદ્‍ગલિક પદાર્થોની પ્રાપ્તિમાં, રક્ષામાં, ભોગવટામાં અને

નાશમાં ભયંકર આપત્તિ છે એટલું જ નહિ પણ તે બધાના પરિણામેય ભયંકર આપત્તિ છે. માટે પૌદ્‌ગલિક વસ્તુઓને પર માનવી જોઇએ. એની લાલસા તજવી જોઇએ અને આત્માને પરથી સર્વથા મુકત કરવાને માટે શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ વર્તવાને પ્રયત્નશીલ બનવું જોઇએ; એવું પહેલા વ્યાખ્યાનમાં જણાવાય અને ધર્મકથા એ જ વાતને પુષ્ટ કરે. ધર્મકથાના ધ્યેયને ભૂલાય, ધર્મકથાના સ્વરુપને ન ઓળખાય, તો ધર્મકથા પણ તેવા આત્મા માટે વિકથારૂપ બની જાય.

**સભા** : એમ શી રીતે બને ?

**પૂજ્યશ્રી** : આજે ઘણાઓને શ્રી શાલિભદ્રજીની પેટીઓ યાદ છે, પણ શ્રી શાલિભદ્રજીનો ત્યાગ યાદ નથી. શ્રીપાલરાજાને સિદ્ધિ મળી એ જુએ પણ શ્રી નવપદની આરાધનાનો વિચાર ન કરે, "ધર્મની આરાધનાથી ફલાણાને ઋદ્ધિ સિદ્ધિ મળી, ફલાણાની ઇચ્છા પૂર્ણ થઈ, ફલાણાને દેવલોક મળ્યો, માટે હું ય મારી પૌદ્‌ગલિક લાલસાઓ પૂરી કરવા ધર્મ કરું એવો વિચાર થાય, એ ય શું છે ? ધર્મકથાઓને જાણીને કે સાંભળીને પુદ્‌ગલરસિકતા વધારવી, એ ધર્મકથાને પોતાના માટે વિકથારૂપ બનાવવા જેવું છે. મુક્તિમાર્ગના આરાધકોના ચરિત્રોનું શ્રવણ કરવું અને તેના પરિણામે મુક્તિમાર્ગને સંસાર માર્ગરૂપ બનાવી સંસારની સાધના કરવા તત્પર બનવું, એ ધર્મકથાશ્રવણનો વાસ્તવિક હેતુ જાળવ્યો ગણાય નહિ. ધર્મકથાના શ્રવણથી તો પૌદ્‌ગલિક ભાવના ઉપર, આત્માની પુદ્‌ગલરસિકતા ઉપર હથોડા પડવા જોઈએ. ધર્મ મુક્તિ માટે જ કરવો જોઈએ, એ અને 'મારે મુક્તિ જોઈએ છે, માટે હું વ્યાખ્યાન સાંભળું છું.' એ વસ્તુ જેના હૈયામાં હોય, તે ધર્મકથાને પોતાના માટે ય વિકથારૂપ ન બનાવે. આ વસ્તુનો ખ્યાલ રાખીને, અહીં વંચાતા શ્રી રામાયણમાં આવતા વિવિધ પ્રસંગોના વૃત્તાન્તોનો પણ આરાધનાની જ દૃષ્ટિએ તમારે વિચાર કરવો જોઈએ કે જેથી આ શ્રવણ પણ તમારા આત્માને મુક્તિની નિકટ લઈ જનારું નિવડે !"

### સત્ય પક્ષની સેવામાં પ્રાણનીય પરવા નહિ

આપણે જોઈ ગયા કે શ્રી હનુમાનજી શ્રી રામચંદ્રજીના દૂત થઈને લંકામાં જઈ આવ્યા. શ્રી રાવણને કહેવા જોગું કહી આવ્યા અને પોતાને જે કરવા જોગું લાગ્યું તેય કરી આવ્યા. લંકા આખી રાવણની હતી. એકે એક રાક્ષસ શ્રી રાવણનો હતો. પોતે ત્યાં એકલા હતા. તે છતાં પણ સત્ય પક્ષનું આલંબન લેનાર હનુમાન રાવણને કહેવા જોગું કહેવામાં જરા પણ ન ડર્યા. 'તારા જેવા પરસ્ત્રીને હરનાર પાપાત્માની સાથે વાત કરવામાં પણ પાપ છે.' આ રીતે ત્રણ ખંડના માલિકને કહેવું, એ નાનીસૂની વાત નથી. આવેશમાં આવીને શ્રી રાવણના મુગટને પણ લાત મારી શ્રી હનુમાને ભૂક્કો કરી નાખ્યો અને પછી પોતાના પગરૂપ પર્વત વડે કરીને અનાથ જેવી બનેલી લંકાને ભાંગતાં ભાંગતાં તે શ્રી રામચંદ્રજીની પાસે આવ્યા. એ વગેરે આપણે જોઈ ગયા. જે સ્થિતિમાં શ્રી હનુમાન લંકામાં ગયા હતા, તે સ્થિતિમાં ત્યાંથી પાછા સલામત જ નીકળી જશે અને પકડાઈ જશે નહિ જ, એવી તો ખાત્રી રાખી શકાય નહિ ને ? પણ એવા શૂરવીરો સત્યપક્ષની સેવામાં પ્રાણની પણ પરવા કરનારા નથી હોતા. ધર્મીઓએ પણ ધર્મસેવા માટે એવી જ મનોદશા કેળવી લેવી જોઈએ.

### દ્રવ્યપ્રાણના ભોગેય ભાવપ્રાણની રક્ષા કરવી જોઈએ

સાચા પક્ષમાં રહેનારે અવસરે પ્રાણની પણ પરવા છોડવી જોઈએ. જુઠ્ઠાના પક્ષમાં રહેનારો પ્રાણને ભલે પંપાળે, પણ પ્રાણને પંપાળનારો અવસરે સાચાને સેવી ન શકે. સત્ય મતના ઉપાસકને સત્યનું રક્ષણ કરતાં પ્રાણની પરવા વધુ ન હોય. દ્રવ્ય પ્રાણની આ વાત છે હોં ! ભાવપ્રાણની આ વાત નથી. ભાવપ્રાણને તો સાચવવાના જ. ભાવપ્રાણના રક્ષણ માટે દ્રવ્ય પ્રાણની પણ અવસરે પરવા છોડવી જોઈએ એમ કહેવાય છે. જે પ્રાણના નાશથી આત્મહિત થાય તે સાચવવા, જે પ્રાણના નાશથી આત્મહિત ન થાય તે પ્રાણનાશની કિંમત

ન આંકવી. પ્રાણનાશ. ભાવપ્રાણને પુષ્ટ બનાવનાર હોવો જોઈએ. ભાવપ્રાણને હણનારા એવા જીવનના જે લાલચુ બને, તે ધર્મની સેવા અવસરે ન કરી શકે અને ભાવપ્રાણને પુષ્ટ બનાવવામાં જ મશગુલ બનેલાઓને, એ માટે કદાચ દ્રવ્ય પ્રાણ જતા પણ કરવા પડે, તો ય એનો અફસોસ એમના અંતરમાં ન હોય એટલું જ નહિ પણ ઉલ્ટો એવો અવસર આવતાં એમને તો આનંદ જ થાય.

## શ્રીમતી સીતાજીને શીલ એ જ જીવન

શ્રી રામચંદ્રજી પાટવી હતા. વારસદાર હતા. રાજા થવાને હક્કદાર હતા અને એથી શ્રીમતી સીતાજી પટ્ટરાણી બની શકે તેમ હતું. રાજવૈભવો ભોગવી શકે તેમ હતું, છતાં વનવાસ સેવવાની સ્થિતિ ઉભી થઈ તોય તેમાં નિમિત્તભૂત થનાર રાણી કૈકેયીને શ્રીમતી સીતાજીએ દુશ્મન ન માન્યાં. એના એ શ્રીમતી સીતાજીએ શ્રી રાવણને દુશ્મન ગણ્યા છે. શ્રી રાવણ કાંઈ મારતા ન હતા, એટલું જ નહિ પણ પ્રાર્થના કરતાં હતા, તે છતાંપણ શ્રીમતી સીતાજીએ શ્રી રાવણને દુશ્મન કેમ ગણ્યાં ? **"ધર્મધન લૂંટે તે જ ખરેખરો અને ભયંકર દુશ્મન છે."** શ્રી રાવણને તથા મંદોદરીને શ્રીમતી સીતાજીએ ઓછું કહ્યું છે ? આવું કોણ કહી શકે ? જેને રોમરોમ શીલ પરિણમ્યું હોય તે. ધર્મ કરતાં જીવનને કિંમતી ન માને તે ! શ્રીમતી સીતાજી માનતાં હતાં કે રાવણને કે મન્દોદરીને બહુ ગુસ્સો આવે તો વધુમાં વધુ એટલું કરી શકે કે પેટમાં હથીયાર ખોસીને મારી નાંખે. એ જ ને ? ભલે મારે, પ્રાણની પરવા હતી ક્યાં ? ત્યાં તેમને મન તો શીલ એ જ જીવન હતું. એ જ રીતે દ્રવ્યપ્રાણ જાય પણ ભાવપ્રાણ રક્ષાવા જોઈએ એવી દૃઢતા કેળવવા મથવું જોઈએ.

## ધર્મવિરુદ્ધ જતાં સંતાનને મા-બાપ અને પાપમાર્ગે યોજતા મા-બાપને સંતાન કહી શકે છે

આજના કેટલાક ધર્મી, વાત વાતમાં 'કરીએ શું'? એમ કહીને

ઉભા રહે છે. જાણે બધાયથી દબાયેલા હોય ! કૌવત વિનાના હોય. બીજું ન થાય તો ય ધર્મનાશકને એટલું તો કહેવાય કે, મારી સાથે સંબંધ રાખવો હશે તો તારી ધર્મનાશક પ્રવૃત્તિઓ છોડવી પડશે. એ ન જ છોડવી હોય તો મહેરબાની કરીને મારી સાથે ન બોલીશ.

છોકરા મા-બાપને કહી શકે કે તમે વડીલ ખરા, તમારી ભક્તિ કરવા અમે બંધાએલા, પણ કૃપા કરીને અમને પાપકાર્યોની આજ્ઞા ન કરો ! પાપમય પ્રવૃત્તિમાં ન જોડો. મા-બાપ પણ છોકરાને કહી શકે છે કે, "તમે અમારુ વાંઝીયાપણું ટાળ્યું એ વાત ખરી. અમારી મિલ્કતનો વારસો તમને આપવામાં પણ અમને વાંધો નથી- પણ ધર્મવિરુદ્ધ નહિ વર્તાય ! શાસ્ત્ર માટે, દેવ-ગુરુધર્મ માટે એલફેલ નહિ બોલાય. અગર ન માન્યું અને એમ જ વર્ત્યા તો અમે તમને રાતી પાઈ પણ નહિ આપવાના અને દીકરાવાળા કહેવાઈએ છીએ તે મટીને છતે દીકરે વાંઝીયા જેવા કહેવડાવવાના."

મા-બાપ તો સંતાનને ધર્મમાં જોડે. સંતાન ના પાડે તો કહે, કેમ ન થાય ? પણ માનો કે એ ન બને, પરંતુ ધર્મ વિરુદ્ધ જતાં રોકવાનું ય ન બને ? જો એટલું પણ ન બને, એ માટેય જો યોગ્ય અને શકય કોશિષ ન થઈ શકે તો એ મા-બાપ, મા-બાપ શાનાં ?

આજના કેટલાંક મા-બાપ તો કહે છે કે, 'એકનો એક દીકરો છે, એને કહેવાય કેમ? કહીયે તો લક્ષ્મી ભોગવે કોણ?' ખરેખર આવા આદમીઓ ધર્મની વાસ્તવિક આરાધનાને માટે અપાત્ર જેવા ગણી શકાય. 'આ મા-બાપના પુત્ર તરીકે મારાથી ધર્મવિરુદ્ધ પ્રવૃતિ ન જ થાય.' એટલી ભીતિ સંતાનને મા-બાપની ન હોય ? જો એટલું ય ન હોય તો મા-બાપ કહેવડાવવા માત્રથી શું ?

હિતસ્વી મા-બાપ તો કહે કે, 'તારા ધર્મવિરુદ્ધ વર્તનથી અમારું નામ-કુળ લાજે છે.' જે મા-બાપ પોતાના સંતાનને ધર્મથી વિરુદ્ધ જતાં રોકતા નથી, એની કારમી સ્વચ્છંદતાને પોષે છે, અથવા રોકવાની

સ્થિતિ છતાં તેને ચાલવા દે છે; તે મા-બાપ ઇરાદાપૂર્વક પોતાના સંતાનને દુર્ગતિમાં મોકલવાનું-(જવા દેવાનું) પાપ વહોરે છે. તમે દૂધ પાઓ, ભીનેથી સૂકે સૂવાડો, પાળી પોષી મોટા કરો; એ તમારા સંતાન તમારું સારું અને સાચું પણ કહ્યું ન માને ? તમારા કલ્યાણકારી ધર્મથી પણ તે વિરુદ્ધ થાય ? વાસ્તવિક રીતે તો એમ કહેવાય કે 'માનવું જ જોઈએ અને વિરુદ્ધ ન જ થવા જોઈએ !' એ માટે મૂળથી જ સારા સંસ્કાર નાખો. એ જ રીતે એ વાત પણ સ્પષ્ટ છે કે મા-બાપ પણ પોતાના સંતાનને જો ધર્મથી પતિત કરતાં ન જ અટકાવે, ધર્મથી વિરુદ્ધ માર્ગે દોરે, તો આત્મહિતની દૃષ્ટિએ તેમને ય તજી શકાય છે.



# બિભીષણ એક સાચો સ્નેહી

## ૨

શ્રી રામચન્દ્રજી શ્રી સુગ્રીવ, ભામંડલ વિગેરે રાજવીઓના વિશાળ સૈન્ય સાથે લંકાવિજય માટે પ્રયાણ કરે છે., તે સાંભળીને લંકા આખી ક્ષોભ પામી જાય છે.

શ્રી બિભીષણ આ અવસરે વડીલબંધુ શ્રી રાવણને ખૂબ જ નમ્રભાવે, "ભાઈ, પ્રસન્ન થાઓ, શુભ પરિણામવાળા થઈ મારા વચનને વિચારો," એવી વિનંતિ કરીને કુળક્ષય અને રાજભ્રંશથી બચી જવાની સલાહ આપે છે પણ અવશ્યંભાવિ અન્યથા થતું નથી તેથી રાવણ એ વાતને ધ્યાનમાં ક્યાંથી લે ? પ્રવચનકાર પરમગુરુદેવશ્રીએ આ પ્રસંગે સાચી સલાહ આપનારા કોને રુચે એ વિષય ઉપર પ્રકાશ પાડ્યો છે.

પછી તો બિભીષણનું ઈન્દ્રજિત દ્વારા અપમાન, રાવણનો કોપ, ચાલ્યા જવાની આજ્ઞા, બિભીષણનો લંકા ત્યાગ ને રામશરણ સ્વીકાર, રામચન્દ્રની ઉદાર ચિત્તવૃત્તિ, યુદ્ધની પૂર્વ તૈયારી, ભીષણયુદ્ધ આદિનું વર્ણન અનેકવિધ અવાંતર વિષયો સાથે આ પ્રકરણમાં આપણે વાંચીશું.

-શ્રી

# બિભીષણ એક સાચો સ્નેહી

- લંકાની વિજયયાત્રા માટે શ્રી રામચંદ્રજીનું પ્રયાણ
- સમુદ્ર અને સેતુરાજા સાથે યુદ્ધ અને જીત
- લંકામાં ક્ષોભ અને યુદ્ધની તૈયારીઓ
- તે સાચા સ્નેહી નથી
- ઘમંડી અને પુદ્દગલાનંદી શેઠીયાઓના મિત્ર કેવા હોય ?
- ઈન્દ્રજિતની ઉચ્છૃંખલતા
- ઉન્માર્ગગામીઓ કાંઈ ન ચાલે એટલે જુઠ્ઠો આરોપ મૂકે
- શ્રી રાવણ શ્રી બિભીષણ સાથે યુદ્ધ કરવા તત્પર થયો
- લંકા છોડી જવાની આજ્ઞા કરી
- મા-બાપની અનુજ્ઞા વિના દીક્ષા ક્યારે ?
- રાષ્ટ્રીય હીલચાલ અને દીક્ષાની રજા બાબતની વિચારણા
- શ્રી બિભીષણનું ચાલ્યા જવું
- શ્રી જિનેશ્વરદેવને કરેલો એક પણ નમસ્કાર તારે, પણ તે ક્યારે ?
- જેને સંસાર ગમે, તે ભગવાનને સાચો નમસ્કાર કરી શકે નહિ
- વિશાળ સેનાઓનો મેળાપ
- યુદ્ધ થયું પણ કોઈનો જય થયો નહિ
- જો વિવેકપૂર્વક વિચારાય તો ય વૈરાગ્ય ઉત્પન્ન થાય
- સમવસરણ એ ય સમ્યક્ત્વ પ્રાપ્તિનું પ્રબળ કારણ છે
- ચરમશરીરીઓ ઉપર પણ ક્ષેત્રની અસર
- દેવતાઓમાં પણ ક્ષુદ્ર દેવતાઓ હોય છે
- રાક્ષસ અને વાનર સુભટો વચ્ચેનું મહાયુદ્ધ
- યુદ્ધભૂમિનાં ત્રાસદાયક વિવિધસ્વરૂપો
- સન્માર્ગે જતાંને રોકનાર, કુળકલંક ગણાય
- સુગ્રીવને નિષેધીને શ્રી હનુમાન યુદ્ધમાં જાય છે
- માલીને અસ્ત્રરહિત કરીને શ્રી હનુમાને તેને ચાલ્યા જવાનું કીધું
- મોહ મમતાની કતલથી જ મોક્ષશ્રી
- શ્રી હનુમાને મહોદર આદિ રાક્ષસવીરોનો કરેલો નાશ
- મૂર્ચ્છાધીન થયેલા કુંભકર્ણ
- સુગ્રીવ ઈન્દ્રજિત સાથે અને ભામંડલ મેઘવાહન સાથે યુદ્ધમાં

## ૨

## બિભીષણ એક સાચો સ્નેહી

શ્રી રાવણને વિનવવા છતાં પણ જ્યારે તેમણે સાચી વાતને માની નહિ, એટલે શ્રી બિભીષણ જેવા પણ ત્યાંથી ચાલ્યા ગયા. એ વાત આગળ આવવાની છે.

### લંકાની વિજયયાત્રા માટે
### શ્રી રામચંદ્રજીનું પ્રયાણ

હવે શ્રી રામચંદ્રજીને શ્રીમતી સીતાજીના ચોક્કસ સમાચાર મળી ગયા અને દુશ્મન જણાઈ ગયો. એટલે પ્રયત્ન કર્યા વિના કેમ રહી શકે ? આ જ કારણે સુગ્રીવ આદિ સુભટોથી વીંટળાએલા શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી સહિત લંકાની વિજયયાત્રા માટે આકાશમાર્ગે ચાલ્યા. ભામંડલ, નલ, નીલ, મહેન્દ્ર, હનુમાન, વિરાધ, સુષેણ, જાંબવાન, અંગદ અને બીજા પણ કરોડો મહાવિદ્યાધરોના રાજાઓ, પોતાના સૈન્યોથી દિશાઓના મુખને ઢાંકતાં તત્ક્ષણ શ્રી રામચંદ્રજીને વીંટળાઈને ચાલ્યા.

આ બધા આ પક્ષમાં આવ્યા, કારણકે પક્ષ સાચો છે. વળી આમનું પુણ્ય પણ તપતું છે અને શ્રી રાવણનો પુણ્યોદય ખતમ થવા આવ્યો છે. શરૂઆતમાં તકલીફ ભોગવવી પડી, પણ સત્ય, પરાક્રમ અને પુણ્યોદયના પરિણામે આ પક્ષ વધ્યો અને બળવાન બન્યો. શ્રી રામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી બેય પુણ્યવાન છે. પરાક્રમી અને સાચા છે. શ્રી રાવણ જો કે મોટા છે, ઋદ્ધિસિદ્ધિવાળા છે અને શક્તિમાન છે, પણ

પરસ્ત્રીનું હરણ કરવાનું પાપ કર્યું છે. શ્રીમતી સીતાના સતીત્વને ભ્રષ્ટ કરવા ઉત્સુક બન્યા છે અને તેમનો પુણ્યોદય પણ પરવારવાની તૈયારીમાં છે. એથી જ શ્રી રાવણ સમ્યગ્દૃષ્ટિ છે, છતાં અત્યારે આંતર શત્રુઓની કારમી આધીનતામાં સપડાયા છે. પોતાનો અને પોતાનાંઓનો વિનાશ નજદીક આવ્યો છે. છતાં તેમને સારું સૂઝતું નથી અને સારું બતાવનારાઓ પણ ગમતા નથી.

## સમુદ્ર અને સેતુરાજા સાથે યુદ્ધ અને જીત

વિદ્યાધરો લડાઈનાં અનેક વાજિંત્રો વગાડે છે. યુદ્ધયાત્રાના વાજિંત્રોના અત્યંત ગંભીર નાદોથી આકાશ પૂર્ણ થઈ ગયું છે. એટલેકે ગાજી રહ્યું છે. સ્વામીના કાર્યની સિદ્ધિમાં ગર્વવાળા ખેચરો, વિમાનો રથો-અશ્વો હાથીઓ અને બીજા વાહનો દ્વારા આકાશમાર્ગે જઈ રહ્યા છે. સમુદ્રની ઉપરથી પસાર થતા શ્રી રામચંદ્રજી ક્ષણવારમાં સૈન્ય સહિત વેલંધર નામના પર્વત ઉપર રહેલા વેલંધરપુર નામના નગર પાસે પહોંચ્યા.

એ નગરમાં સમુદ્ર અને સેતુ નામના બે રાજાઓ સમુદ્ર જેવા દુર્ધર હતા. એ બેય ઉદ્ધત રાજાઓએ, શ્રી રામચંદ્રજીના અગ્રસૈન્યની સાથે યુદ્ધ કરવાનો આરંભ કર્યો. પરંતુ સ્વામીના કાર્યમાં બુદ્ધિશાળી અને પરાક્રમી નલે સમુદ્રરાજાને અને નીલે સેતુરાજાને એમ બેયને બાંધી લીધા. પછી એ બેયને લાવીને તેઓએ શ્રી રામચંદ્રજીની પાસે હાજર કર્યા. શ્રી રામચંદ્રજી તો દયાળુ છે. એટલે કૃપાળુ એવા શ્રી રામચંદ્રજીએ પાછા તેમને તેમના રાજ્ય ઉપર સ્થાપિત કર્યા. ખરેખર મહાન્ પુરુષો હારેલા દુશ્મન ઉપર પણ કૃપાળુ જ હોય છે. એ સમુદ્રરાજાએ પણ રૂપથી સુંદર અને સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી પોતાની ત્રણ દીકરીઓ શ્રી લક્ષ્મણજીને આપી.

તે રાત્રિ શ્રી રામચંદ્રજીએ ત્યાં જ ગાળી અને પ્રાતઃકાળે સમુદ્રરાજા તથા સેતુરાજા એ બેય રાજાઓને પણ સાથે લઈને ત્યાંથી શ્રી રામચંદ્રજી પોતાની તમામ સેના સાથે ક્ષણવારમાં સુવેલ પર્વત પર આવી પહોંચ્યા. જુઓ કે, પુણ્યયોગે સામગ્રી કેવી મળતી જાય છે.

શ્રી રામચંદ્રજી અયોધ્યાથી નીકળ્યા ત્યારે એકાકી હતા. એટલે કે તેઓ, શ્રી લક્ષ્મણજી અને શ્રીમતી સીતાજી ત્રણ જ હતા. પણ હવે તો આ બધી સેના એમની જ છે ને ? શ્રીરામચંદ્રજી સપરિવાર વેલંધરપુરથી નીકળી ક્ષણવારમાં સુવેલગિરિ પાસે આવી પહોંચ્યા. ત્યાં પણ સુવેલ નામના દુર્જય ગણાતા રાજા ઉપર જીત મેળવી અને એક રાત્રિ ત્યાં ગાળી પ્રાતઃકાળે પાછા ત્યાંથી ચાલ્યા. ત્રીજા દિવસે લંકાની પાસે આવેલ હંસદ્વીપે આવ્યા. ત્યાંના હંસરથ નામના રાજાને પણ જીતીને ત્યાં આવાસ કર્યો.

## લંકામાં ક્ષોભ અને યુદ્ધની તૈયારીઓ

લંકામાં આ બધી ખબર મળવાથી ક્ષોભ થયો. મીનરાશિમાં જેમ શનિ રહ્યો હોય અને એથી મીનરાશિવાળા ક્ષોભને પામે, તેમ નજદિકમાં રહેલા શ્રી રામચંદ્રજીથી ચારેબાજુના પ્રલયની શંકા કરનારી લંકા ક્ષોભ પામી. હસ્ત, પ્રહસ્ત, મારીચ, સારણ આદિ શ્રી રાવણના હજારો સામંતો, યુદ્ધને માટે તૈયાર થઈ ગયા. શત્રુને મારવામાં વિચક્ષણ એવા શ્રી રાવણે પણ યુદ્ધનાં કરોડો દારૂણ વાજિંત્રો કિંકરોની પાસે વગડાવ્યાં. અર્થાત્ લંકામાં પણ યુદ્ધને માટેની આ પ્રકારે તડામાર તૈયારીઓ ચાલી.

## તે સાચા સ્નેહી નથી

આ સમયે શ્રી બિભીષણ શ્રી રાવણને સમજાવવાને માટે આવે છે. ભાઈ પોતાનો ધર્મ બજાવે છે અને ભવિષ્યની અનિષ્ટકર આગાહીઓથી ચેતવવા મથે છે. જેઓ જાણવા છતાં પણ અવસરે ભવિષ્યના અનિષ્ટ પરિણામને નથી કહેતા, તેઓ સાચા સ્નેહી નથી. ખોટી રીતે અનિષ્ટકારી વાતમાંય હાજી-હાજી કરનારા તો સાચા સેવકો ય નથી, સાચા સ્નેહીઓ ય નથી. પણ સેવક અને સ્નેહીરૂપે રહેલા હોવા છતાં ય દુશ્મનોથી ય ભૂંડા છે માટે એવાઓથી ચેતતા રહેવું જોઈએ.

શ્રી રાવણ પણ નિર્બળ નથી અને તેમાંય અત્યારે ઘમંડમાં ચઢેલ છે. છતાં શ્રી બિભીષણ પોતાના મોટાભાઈને હિતકર વાત કહેવા

આવે છે. નમસ્કાર કરીને શરૂઆતમાં જ શ્રી બિભીષણ શ્રી રાવણને કહે છે કે, 'હે ભાઈ ! ક્ષણવાર પ્રસન્ન થાઓ અને શુભ પરિણામવાળા મારા વચનની ઉપર વિચાર કરો.'

કોઈ ક્રોધથી ધમધમી રહ્યો હોય અને અકરણીય કરવા તત્પર બન્યો હોય, ત્યારે કહેવાય કે, 'ભાઈ ! જરા ઠંડો પડ, ક્રોધ તજી પ્રસન્ન બન અને હું કહું છું તે સાંભળી શુભ-અશુભ પરિણામનો વિચાર કર.' એ જ રીતે શ્રી બિભીષણ પણ કહે છે, કેમકે આવેશ હટે નહિ ત્યાં સુધી સામાનાં વચનો જે રીતે સંભળાવા જોઈએ, વિચારાવાં જોઈએ અને સમજાવાં જોઈએ તે રીતે સંભળાય નહિ, વિચારાય નહિ અને સમજાય પણ નહિ.

'ભાઈ ! ક્ષણવાર પ્રસન્ન થાઓ, શુભ પરિણામવાળા મારા વચનને વિચારો.' એમ કહ્યા બાદ શ્રી બિભીષણ આગળ વધીને કહે છે કે, 'પહેલાં તો પરદારાના અપહરણનું આ લોક તથા પરલોકનું ઘાતક એટલે બેય લોકના હિતનું ઘાતક એવું કૃત્ય આપે વગર વિચાર્યું કર્યું છે અને તેથી આપણું કુળ લજ્જિત થયું છે. હવે શ્રી રામચંદ્ર પોતાની સ્ત્રીને લેવાને આવ્યા છે. માટે તેમની સ્ત્રીને અર્પણ કરવારૂપ જ તેમનું આતિથ્ય કરો. જો આપ એમ નહિ કરો, સીધી રીતે સીતાને પાછી નહિ સોંપી દો, તો પણ શ્રી રામ બીજી રીતે એટલે યુદ્ધથી, બળાત્કારથી પણ આપની પાસેથી શ્રીમતી સીતાને લઈ લેશે અને આપની સાથે આપણા આખાય કુળનો નાશ કરશે. સાહસગતિનો અને ખરનો વધ કરનારા એવા તે શ્રીરામ-લક્ષ્મણ તો દૂર રહ્યા, તેમના એક સેવક શ્રી હનુમાનને શું દેવે નથી જોયો ? માટે કહું છું કે ઇન્દ્ર કરતાંય અધિક લક્ષ્મી આપની પાસે છે અને તે શ્રીમતી સીતાના કારણે આપ એને ન ગુમાવો. છતાં જો આપ આમ જ કરશો તો આપની ઉભય ભ્રષ્ટતા થશે.'

શ્રી બિભીષણની સલાહ કેવી મજાની છે ? શાસ્ત્ર કહે છે કે, કેટલાક સ્નેહીરૂપે વૈરી પણ હોય છે અને કેટલાક સાચા સ્નેહીઓ પણ હોય છે, કે જેઓ પોતાના સ્નેહીના રોષ કે તોષની પરવા કર્યા વિના અવસરે સાચી હિતકર વાત કરવાને ચૂકતા નથી. શ્રી બિભીષણે તો શ્રી

રાવણના સાચા સ્નેહી તરીકેનું કામ કર્યું. પણ સ્નેહીના રૂપમાં શ્રી રાવણના વેરી ઘણા હતા. એમના દીકરા વગેરે ત્યાં હાજર હતા ! શ્રી બિભીષણના કથન સામે શ્રી રાવણ કાંઈ બોલે તે પહેલાં તો શ્રી રાવણનો પુત્ર ઇન્દ્રજિત લાલચોળ થઈ ગયો.

જેવું ભવિષ્ય હોય તેવા સંયોગો, સાધનો અને સહવાસીઓ આદિ સાંપડે છે. શ્રી રાવણનો પણ વિનાશકાળ નજદીક છે એટલે સાચી અને હિતકર સલાહ પણ બીજાઓ એમના હૃદયમાં જચવા જ કેમ દે ? અને કદાચ જચી જાય તો ય તેને ટકવા જ કેમ દે ? વળી શ્રી રાવણના નિકટના વિનાશકાળે એમને પણ મદોન્મત્ત બનાવ્યા છે. એવા વખતે સાથીઓ પણ એવા જ મળે તે સ્વાભાવિક છે. વિનાશકાળ નજદીક હોય ત્યારે સાચા હિતસ્વી સલાહકાર તે શત્રુ લાગે અને ખોટી રીતે હાજી-હાજી કરનારા મિત્રો જેવા લાગે.

### ઘમંડી અને પુદ્ગલાનંદી શેઠીયાઓના મિત્ર કેવા હોય ?

શાસ્ત્ર કહે છે કે કેટલાક સાથી એવા હોય છે કે જે પાસે રહીને સંહાર કરાવે, નુકસાન કરાવે અને અહિતના માર્ગે ઘસડે. ઘમંડી અને પુદ્ગલાનંદી શેઠીયાઓના મિત્ર કોણ હોય ? જે બધી વાતે પૂરા હોય તેઓ જ પ્રાયઃ એવા શેઠીયાઓના મિત્ર થઈ શકે. સાચો ધર્મી કદિ એવા શેઠીયાઓનો મિત્ર ન થઈ શકે. કેમકે એને હાજી-હાજી કરવાનું પાલવે નહિ. શેઠ જેમનું વાટે તેમનું એનાથી વટાય નહિ, માટે એ એનો મિત્ર ન થઈ શકે. જી-હાં, જી-હાં કરીને ખીસ્સા તર કરનારાં, શેઠની તિજોરીને તળીયા ઝાટક કરનારા નાગાઓજ મોટાભાગે એવા શેઠીયાઓના મિત્રો થઈ શકે ! એવા શેઠીયાઓને પ્રાયઃ સાચી અને હિતકર સલાહ આપનારા સ્નેહીઓ રૂચતા નથી. એટલું જ નહિ પણ ઉલ્ટી તેમના તરફ તેઓની મોટે ભાગે કરડી નજર હોય છે.

### ઇન્દ્રજિતની ઉચ્છૃંખલતા

શ્રી બિભીષણના કથનનો શ્રી રાવણ કાંઈ ખાસ ઉત્તર આપે તે પહેલાં તો શ્રી રાવણપુત્ર ઇન્દ્રજિત કહે છે કે, "તમે તો જન્મથી માંડીને

બીકણ છો અને એથી તમે આપણા આખાય કુળને દૂષિત કર્યું છે." શ્રી બિભીષણે પહેલાં શ્રી રાવણને કહ્યું હતું કે, 'પરદારાના અપહરણથી આપે કુળને કલંકિત કર્યું છે.' ત્યારે શ્રી બિભીષણે ભીરૂપણાથી કૂળને દૂષિત કર્યાનું ઇન્દ્રજિત કહે છે. આવા વચનોમાં શ્રી રાવણની ગર્ભિત પ્રશંસા પણ આવી જાય છે. શ્રી બિભીષણ બીકણ અને શ્રી રાવણ બહાદુર, એ ભાવ પણ એમાં રહેલો છે. આવું બોલાય ત્યારે શ્રી રાવણ ફુલાય ને ? આગળ વધીને ઇન્દ્રજિત કહે છે કે, 'તમે મારા પિતાના સહોદર નથી, અર્થાત્ જે બાપાના મારા પિતા. પુત્ર છે તે બાપના તમે પુત્ર નથી. '

ઇન્દ્રજિત છે તો ડાહ્યો. પણ મદમાં, નશામાં, ક્રોધમાં ચઢેલા પોતે જે બોલે છે તે યોગ્ય છે કે અયોગ્ય છે તેનું ભાન નથી રહેતું. જો કે વસ્તુ બહાદુરીને અંગે જ કહેવાએલી છે. છતાં ઇન્દ્રજિતના એ કથનમાં શ્રી રાવણને પણ ગાળ નથી ? શ્રી રાવણ પેદા થાય ત્યાં સુધી શ્રી રાવણની માતા સતી હતી અને પછી શું વ્યભિચારિણી થઈ એમ? ઇન્દ્રજિતના પોતાના કથનમાં એ ભાવ ગર્ભિતપણે રહેલો છે એનો તેને લેશમાત્ર પણ ખ્યાલ નથી, કારણકે ક્રોધાધીન બનેલો વિવેકાન્ધ પણ બને છે.

વળી વધુમાં ઇન્દ્રજિત કહે છે કે, "હે મૂર્ખ ! ઇન્દ્ર જેવા વિદ્યાધરેન્દ્ર રાજાને પણ જીતનાર અને સર્વ સંપત્તિના સ્વામી એવા મારા પિતાને માટે, તેમના પરાજ્ય વગેરેની કલ્પના સંભાવના કેમ કરો છો ? ખરેખર એવી સંભાવના કરતાં તમે મરવાને જ ઇચ્છો છો. પહેલાં તમે પિતાજીને જૂઠું બોલીને છેતર્યા હતા, કારણકે દશરથરાજાના વધ કરવાની તમે પ્રતિજ્ઞા કરી હતી. તે છતાં તમે તેમ કર્યું નહિ અને હે નિર્લજ્જ ! હવે જ્યારે દશરથપુત્ર અહીં આવેલ છે ત્યારે ભૂચરોથી પણ ભયને ઉત્પન્ન કરીને દર્શાવતા તમે એનું પિતાથી રક્ષણ કરવાને ઇચ્છો છો તે કારણથી હું માનું છું કે તમે શ્રી રામના પક્ષમાં પડેલા છો અને એ કારણે હવે મંત્રણા માટે પણ તમે અધિકારી નથી કારણકે રાજાનો

આપ્તમંત્રીની સાથે વિચાર શુભ પરિણામવાળો નિવડે છે. અર્થાત્ તમે હવે આપ્ત મંત્રી રહ્યા નથી અને એથી તમારી સાથે વિચાર કરવાથી શુભને બદલે અશુભ પરિણામ આવે, માટે હવે તમે તમારી સાથે મંત્રણા કરવાની યોગ્યતાને ગૂમાવી બેઠા છો !"

શ્રી બિભીષણે તદ્દન વ્યાજબી, સાચી અને હિતકારી સલાહ આપી છતાં પણ ઇન્દ્રજિતે એના ઉત્તરમાં શું કહ્યું તે જોયું ને ? સાચી, સારી ને હિતકર સલાહ છતાં કાકા તરફ ભત્રીજાને આટલો બધો ક્રોધ કેમ આવ્યો ? કારણકે અત્યારે તે ભાન ભૂલ્યો છે અને ભાનભૂલા બનેલાઓ સાચી અને હિતકારી વાત કહેનાર સામેય ભાંડચેષ્ટા કરે તો નવાઈ નહિ. આ રીતે શાસનની સારી, સાચી અને હિતકારી વાતોથી, શાસનના દુશ્મનો ઉન્મત્ત બની ગમે તેવી ભાંડચેષ્ટા કરે તો ય શાસનના સાચા સેવકે મૂંઝાવાનું ન હોય.

**ઉન્માર્ગગામીઓ કાંઈ ન ચાલે એટલે જુઠ્ઠો આરોપ મૂકે**

ઘરના કલહ માત્રથી ડરીને અવસરે યોગ્ય સલાહ નહિ આપનારા પ્રસંગે પોતાના સ્નેહીજનોને નહિ ચેતવનારા જેવા નિમકહરામ બીજા કોણ છે ? રુચે કે ન રુચે, પણ અવસરે સ્વપરના હિતને ધ્યાનમાં રાખી ચેતવણી આપવી જોઈએ. એ ચેતવણી સામાને ફળે કે ન ફળે પણ હિતબુદ્ધિથી ચેતવણી આપનારાને તો લાભ જ થાય છે. અહીં ચેતવણી આપતાં શ્રી બિભીષણને કેટલું સાંભળવાનું થયું ? આવેશમાં આવી ગયેલો ઇન્દ્રજિત પોતાના કાકા ઉપર આ રીતે આક્રોશ કરે છે અને ખોટા આરોપ મૂકતો જાય છે. ખરેખર નમાલાઓનાં અને ઉન્મત્તોનાં લક્ષણો જ એ છે. મૃષાભાષીઓ, ઉન્માર્ગગામીઓ, દુરાચારીઓને અંતે એમજ કરવું પડે છે. કાંઈ ન ચાલે ત્યારે બીજા ઉપર જુઠ્ઠા પણ આરોપ મૂક્યા વિના એ રહે જ નહિ. છતાં સત્યવાદી માર્ગસ્થો એની દરકાર કરતાં નથી અને એથી ડરી જઈને પોતાનું જે શુભ કાર્ય છે તેને ત્યજી દેતાં નથી એ પણ યાદ રાખવાની જરૂર છે.

શ્રી ઈન્દ્રજિતે ઉચ્છૃંખલપણે જેમ-તેમ કહી નાંખ્યું એ સાંભળી લીધા પછી શ્રી બિભીષણ પણ કહે છે કે, "હું શત્રુના પક્ષમાં પડેલો નથી જ. પણ મને લાગે છે કે પુત્રરૂપે તું, કુળનો નાશ કરનારો શત્રુ ઉત્પન્ન થયો છે, હે મુગ્ધ ! દૂધ પીતો એવો તું શું સમજે કે. આ તારા પિતા જન્માંધ હોય તેમ ઐશ્વર્ય અને કામથી અન્ધ બનેલા છે."

આટલો જવાબ શ્રી ઈન્દ્રજિતને આપ્યા બાદ શ્રી બિભીષણ શ્રી રાવણની પ્રત્યે પણ કહે છે કે, "હે રાજન્ ! તમે આ પુત્ર વડે અને આપના પોતાના ચારિત્રથી, થોડા જ વખતમાં પતિત થશો. ખરેખર હું તમારા આ કાર્ય માટે વ્યર્થ સંતાપ કરું છું. અર્થાત્ મેં કહેવાનું કહી દીધું છે. પણ આપ આપના આવા પુત્રથી અને પોતાના અધમ આચારથી અલ્પ સમયમાં જ પતિત થવાના છો. એટલે મારો સંતાપ તદ્દન વ્યર્થ છે."



## શ્રી રાવણ શ્રી બિભીષણ સાથે યુદ્ધ કરવા તત્પર થયો

શ્રી બિભીષણનાં આવા વચનોને સાંભળીને દૈવથી દૂષિત એવો શ્રી રાવણ પણ અધિકપણે ક્રોધ પામ્યો. અત્યંત ક્રોધાધીન બનીને શ્રી રાવણે પોતાની ભીષણ તલવાર ખેંચી અને શ્રી બિભીષણનો વધ કરવાને તે એકદમ ઊભા થયા.

એથી શ્રી બિભીષણે પણ આંખ ફેરવી અને ભ્રકુટીથી ભીષણ બનીને હાથીની જેમ સ્થંભ ઉપાડ્યો અને શ્રી રાવણની સામે તે યુદ્ધ કરવાને ઉભા થયા. શ્રી રાવણ અને શ્રી બિભીષણ બે ય એક બાપના દીકરા છે. એક જ માતાનું સ્તનપાન બે ય જણાએ કર્યું છે. બેય વિદ્યાધર રાક્ષસ છે. સામાન્યત: કમીના એકેમાં નથી. શ્રી રામચંદ્રજી તો દૂર રહ્યા અને અહીં આ બે લડવાને તૈયાર થઈ ગયા. પણ જ્યારે શ્રી બિભીષણ અને શ્રી રાવણ પરસ્પર યુદ્ધ કરવાને તત્પર બન્યા, એટલે કુંભકર્ણ અને ઈન્દ્રજિતે વચમાં પડીને તેમને યુદ્ધ કરતાં અટકાવી એકબીજાથી તરત જ દૂર કર્યા, અને હાથીને જેમ ગજશાળામાં લઈ જાય તેમ તે બંનેને તેમના તેમના સ્થાને દોરી ગયા.

### લંકા છોડી જવાની આજ્ઞા કરી

આ પછી શ્રી બિભીષણને શ્રી રાવણે કહ્યું કે, "જેના આશ્રયમાં હોય તેનું ભક્ષણ કરનારા અગ્નિના જેવો તું છે, માટે મારી નગરીમાંથી તું ચાલ્યો જા !" આથી શ્રી બિભીષણ લંકાપતિ શ્રી રાવણને ત્યજીને શ્રી રામચંદ્રજીની પાસે જવા નીકળે છે. શ્રી બિભીષણે જે કાંઈ કહ્યું હતું, એમાં મર્યાદાભંગ હતો ? નહિ જ ! વડીલ ઉન્માર્ગે જતા હોય તો તેમને રોકવા એ નાના બંધુનું શું કામ નથી ? છે જ ! આમ છતાં પણ શ્રી રાવણે શ્રી બિભીષણને લંકા છોડીને ચાલ્યા જવાની આજ્ઞા કરી એટલે તરત જ શ્રી બિભીષણ પણ ત્યાંથી નીકળી જવાને તૈયાર થયા.

### મા-બાપની અનુજ્ઞા વિના દીક્ષા ક્યારે ?

એજ રીતે સંયમનો અર્થી, સંયમ લેવાની અનુમતિ આપવાને માટે માતા-પિતાને સમજાવે, વિનવે, યોગ્ય પ્રકારોએ તેમની રજા મેળવવા મહેનત કરે, તે છતાંપણ મોહને વશ પડેલાં માતા-પિતા જો અનુજ્ઞા ન જ આપે, તો અનુજ્ઞા વિના પણ ચાલી નીકળે એમાં દોષ નથી.

### રાષ્ટ્રીય હીલચાલ અને દીક્ષાની રજા બાબતની વિચારણા

હવે આ વાતમાં અહીંનાથી કે બહારનાથી ના કહેવાય તેમ છે નહીં: કેમકે-એમની સામે આજની રાષ્ટ્રીય કાર્યવાહી ઉભી છે. દુનિયામાં જે પ્રવૃતિ ચાલી રહી છે અને તેમાં જે જોડાયા છે, તેમને મરવાં પડેલી માતાને પણ જોવા જવાની મના છે. છાપુ વાંચનારને એની ખબર હશે.

કહે છે કે- 'અમે મોટું કામ આરંભ્યું છે, માટે એમાં મા-બાપ, કશાનો મોહ આડે આવવો ન જોઈએ.' આજે એ લોકો પોકારી પોકારીને કહે છે, તેમ જો એ સાધના હોય તો પણ માત્ર આ લોકની જ છેને ? દેશની કહેવાતી મુક્તિ માટેની હીલચાલને માટે જ્યારે એ કાયદો હોય કે- 'માતાપિતા-ઘરબાર-ધનધાન્ય તજવાં પડે, શરીર મોહ પણ છોડવો પડે' તો અહીં અનાદી કાળથી આત્મા બંધાયો છે, તેની મુક્તિ

માટે એ બધું નહીં કરવું પડે ? કહો કે- એથી ઘણો જ વધુ અને ઘણાજ ઉંચા પ્રકારનો ત્યાગ કરવો પડશે. આમ છતાં પણ ત્યાં તો મરવાં પડેલી માતાને મળવા ન જવાય અને અહીં તો નિર્યામણા કરાવવાને માટે સંયમી બનેલો પુત્ર મરવા પડેલી માતા પાસે જઇ શકે છે. મરવા પડેલી માતા, નિર્યામણા કરાવવા. પોતાના સાધુ થયેલા પુત્રને બોલાવે. તો દૂર હોય તો પણ વિહાર કરીને બને ત્યાં સુધી જવું જ જોઇએ. એવું શ્રી જિનેશ્વરદેવનું ફરમાન છે. નિર્યામણા કરાવવા એ બંધાયેલો છે.

સંયમ લેતી વખતે, પ્રયત્નો કરવા છતા અનુમતિ ન જ મળે અને એથી આજ્ઞા વિના જાય, તો પણ ભાવના એજ હોવી જોઇએ કે- 'હમણા મોહવશાત્, અજ્ઞાનવશાત્ માતા-પિતા રજા નથી આપતાં, તો હમણાં એમને એમ એટલે અનુમતિ વિના પણ જવું અને પછી બને તો કાળવિલંબ કરી તેમને ધર્મ પમાડવાં માટે જરુર આવવું.'

દેશની માનેલી મુક્તિના પ્રયત્નમાં મા-બાપને તેમની આજ્ઞા વિના પણ તજી જવાનો નિયમ, તો આત્માની મુક્તિના પ્રયત્નમાં-દીક્ષામાં, એ નિયમ બાધક કેમ ? દેશની માનેલી મુક્તિનાં પ્રયત્નમાં મરવાંનું ય બને. આવ્યા તો આવ્યા - કહીને નીકળાય છે. ત્યાં કોન્ફરન્સ ઠરાવ ન કરે ? ત્યાં મા-બાપની, ગામની આજ્ઞા લેવાનું કોન્ફરન્સ ન ઠરાવે ? દીક્ષામાં તો તે શ્રી જૈન સંઘની રજા લેવાનું કહે છે, પણ આમાં તો આખા ગામની રજા જોઇએ ને? કોન્ફરન્સ અહીં ઠરાવ ન કરે ? પણ ત્યા જો ઠરાવ કરવા જાય તો 'દેશદ્રોહી' એવો ઇલ્કાબ મળે. જ્યારે ત્યા એવો ઠરાવ કરવામાં 'દેશદ્રોહી' એવો ઇલ્કાબ મળે, તો અહીં ધર્મની સામે એવો ઠરાવ કરવામાં 'ધર્મદ્રોહી' એવો ઇલ્કાબ કેમ ન મળે ?

દેશની મહાસભાનો કાયદો ન ઉઠાવાય, તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો ભંગ કેમ થાય ? આજ્ઞાનું પાલન કરે, એ આજ્ઞાને માથે ચઢાવે તે શ્રી સંઘ. શ્રી સંઘ તરીકે એ સન્માનવા યોગ્ય પણ શ્રી જિનાજ્ઞાને જે અવગણે તે ? શ્રી જિનાજ્ઞાની ઇરાદાપૂર્વક

અવગણના કરનાર સમુદાયને તો શાસ્ત્રકાર પરમર્ષિઓએ 'હાકડાંનો સમૂહ' એવું ઉપનામ આપ્યું છે.

જેને દેશની માનેલી મુક્તિ ગમે છે તે આ માટે કહે છે અને મને આત્માની મુક્તિ ગમે છે માટે હું આત્માની મુક્તિને માટે કહું છું. પેલામાં તો આપભોગ આપવો પડે અને કર્મબન્ધ વધે, જ્યારે અહીં તો એકાન્તે કલ્યાણ થાય, એમ અનન્તજ્ઞાની મહાપુરુષોએ ફરમાવ્યું છે. વાત તો એ છે કે - 'જ્યારે આ લોકની સાધનાને માટે આટલું કરવું પડે છે, તો આત્માની મુક્તિ માટે આથી ઘણા જ ઉંચા પ્રકારનો અને વધુ ત્યાગ કરવો પડે, એમાં નવાઈ પામવા જેવું છે પણ શું ?'

### શ્રી બિભીષણનું ચાલ્યા જવું

શ્રી રાવણ પોતે જ અગ્નિને સળગાવી રહેલ છે, છતાં શ્રી બિભીષણને અગ્નિસ્વરૂપ કહીને શ્રી રાવણ તેમને ચાલ્યા જવાનું કહે છે. જ્યારે પુણ્યોદય પૂરો થાય અને પાપોદય જાગે ત્યારે પાપીઓ પોતાને પુણ્યવાન મનાવરાવે, પુણ્યવાન કહે અને પુણ્યવાનને પાપી કહે, એ પણ બનવાજોગ છે. શ્રી રાવણનાં એવાં વચનોથી એમના ભક્તબંધુ શ્રી બિભીષણ પણ લંકા છોડીને શ્રી રાવણના દુશ્મન ગણાતા પણ સત્યપક્ષવાળા શ્રી રામચંદ્રજીની પાસે જવાને ચાલી નીકળ્યા. પુણ્યશાળી આત્માને આ રીતે પણ દુશ્મનના ઘરથી જ અચાનક મદદ મળી રહેલ છે.

શ્રી બિભીષણ કાંઈ એકલા જ જાય ? એક મા-બાપના આ ત્રણ દીકરા શ્રી રાવણ, કુંભકર્ણ અને શ્રી બિભીષણ. શ્રી બિભીષણ ભલે સૌથી નાના હતા અને શ્રી રાવણ ભલે સૌથી મોટા અને રાજા હતા, પણ કાંઈ બધા જ શ્રી રાવણના પક્ષમાં ન હોય. શ્રી બિભીષણના પક્ષમાં પણ હોય, વળી શ્રી બિભીષણ તો નીતિમાન અને ધર્માત્મા હતા એટલે એમના પક્ષને માટે તો પૂછવું જ શું ? શ્રી બિભીષણને એ રીતે કહીને શ્રી રાવણે ભયંકર ભૂલ કરી છે પણ વિનાશકાળ નજીક હોવાથી એ ભૂલ જોવાતી નથી. શ્રી બિભીષણની પાછળ, રાક્ષસ વિદ્યાધરોની

મહા ઉત્કટ એવી ત્રીસ અક્ષૌહીણી સેના શ્રી રાવણને છોડીને ચાલી નીકળી. આ રીતે શ્રી રાવણે પોતાના જ હાથે પોતાનો નાશ પોતાના જ ઘરથી શરૂ કર્યો એમ કહી શકાય.

આટલી મોટી સેના આવે તે છૂપું રહે ? શ્રી બિભીષણને સેના સહિત આવતા જોઈને સુગ્રીવ આદિ ક્ષોભ પામ્યા, કારણ કે ડાકણની જેમ શત્રુઓ ઉપર પણ જેમ- તેમ વિશ્વાસ આવતો નથી. સુગ્રીવ આદિને લાગ્યું હશે કે શ્રી બિભીષણ કદાચ લડવા આવતા હશે. અન્યથા ક્ષોભ ન થાત પણ શ્રી બિભીષણ લડવા માટે નહોતા આવતા એ નક્કી વાત છે. શ્રી બિભીષણે પ્રથમ શ્રી રામચંદ્રજીની પાસે પોતાનો માણસ મોકલ્યો અને પોતાના આગમનની ખબર કહેવડાવી. શ્રી રામચંદ્રજી કાંઈ આ લોકોના સ્વભાવથી પરિચિત નથી. એટલે તેમણે તરત પોતાના વિશ્વાસપાત્ર સુગ્રીવના મુખને જોયું. એનો અર્થ એ કે વિના પૂછ્યે પૂછ્યું કે આ આવે છે તો શું કરીશું ?

સુગ્રીવ પણ શ્રી રામચંદ્રજીની એ ચેષ્ટાના ભાવને સમજી ગયા. આથી સુગ્રીવે કહ્યું કે "જો કે આ રાક્ષસો પ્રકૃતિ વડે જન્મથી માયાવી અને ક્ષુદ્ર હોય છે, છતાંય જ્યારે આ આવે છે તો ભલે આવે. ગૂઢ પુરુષો દ્વારા અમે એના શુભ કે અશુભ ભાવને જાણી લઈશું અને હે પ્રભો ! જેવો ભાવ દેખાશે તેને અનુરૂપ ગોઠવણ કરીશું."

શ્રી બિભીષણને સારી રીતે ઓળખનાર વિશાલ નામનો ખેચર ત્યાં હાજર હતો. તેણે કહ્યું કે, "રાક્ષસોમાં એક આ શ્રી બિભીષણ મહાત્મા છે અને ધાર્મિક છે. એણે શ્રીમતી સીતાને છોડી દેવા શ્રી રાવણને કહ્યું, શ્રી રાવણે તે ન માન્યું અને અત્યંત ક્રોધથી શ્રી રાવણે એને કાઢી મૂક્યા. એથી શરણભૂત એવા આપના શરણે શ્રી બિભીષણ આવેલા છે. એમાં કાંઇ પણ ફેરફાર છે જ નહિ." આથી શ્રી રામચંદ્રજીએ દ્વારપાળને શ્રી બિભીષણને અંદર આવવા દેવાની આજ્ઞા કરી. શ્રી બિભીષણ અંદર આવ્યા. ગુણવાન્ પ્રત્યે એમને પ્રેમ તો છે જ, એટલે શ્રી રામચંદ્રજીના ચરણોમાં શ્રી બિભીષણે માથું મૂક્યું. શ્રી

રામચંદ્રજી પણ તેવા જ યોગ્ય પુરુષ છે. એથી પગમાં માથું મૂકીને રહેલા શ્રી બિભીષણને તેઓ પ્રેમપૂર્વક ભેટી પડ્યા.

શ્રી બિભીષણે તે વખતે શ્રી રામચંદ્રજીને કહ્યું કે, "અન્યાયી એવા મારા વડીલબંધુ શ્રી રાવણનો ત્યાગ કરીને હું આપના શરણે આવ્યો છું. તો આપના ભક્ત એવા મને સુગ્રીવની જેમ આજ્ઞા કરો." શ્રી રામચંદ્રજી પણ રાજનિતિને જાણે છે. જો કે શ્રી બિભીષણમાં ભેદ નથી, પણ રાજરમત ભયંકર છે. બીજી વાત એ છે કે શ્રી રામચંદ્રજી કાંઈ રાજ્યના લોભે યુદ્ધ કરવાને નથી આવ્યા, પણ સતી સીતાજીને છોડાવવાને જ આવ્યા છે. શ્રી રામચંદ્રજીએ તરત જ લંકાનું રાજ્ય શ્રી બિભીષણને આપવાનું કહ્યું, એક-બે ગામ નહિ પણ લંકાનું રાજ્ય આપે છે !

આમાં રાજનિતિની દૃષ્ટિએ તેમજ બીજી અનેક રીતે લાભ છે. આવેલો દુશ્મનનો માણસ પણ પોતાનો પાક્કો થાય અને પછી આંખ ઊંચી ન કરે, પછી પ્રાયઃ અવળો વિચાર સરખો ય ન કરે. આ રીતે સાંસારિક કાર્યસિદ્ધિમાં પણ ઉદારતા જોઈએ, તો ધર્મનાં કાર્ય સિદ્ધ કરવા માટે પણ ઉદારતા જોઈએ એ સ્વાભાવિક જ છે.

**શ્રી જિનેશ્વરદેવને કરેલો**

**એક પણ નમસ્કાર તારે, પણ તે ક્યારે ?**

આ પ્રસંગને અનુલક્ષીને આ ગ્રન્થરત્નના રચયિતા પરમઉપકારી, કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

***'न मुधा भवति क्वापि, प्रणिपातो महात्मसु ।'***

"મહાત્મા પુરુષોને કરેલો નમસ્કાર કોઈપણ સ્થળે ફોગટ જતો નથી."

જ્યારે અહીં આવો લાભ છે, તો શ્રી જિનેશ્વરદેવને કરેલો નમસ્કાર કેવો લાભ આપે ? પણ શુદ્ધ હૈયાથી શુદ્ધ પ્રકારે નમસ્કાર કરવો જોઈએ !

આથી તો શ્રી જિનશાસનમાં એ પણ ફરમાવ્યું છે કે,

*इक्को वि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ।*
*संसारसागराओ, तारेइ नरं व नारिं वा ॥१॥*

એનો ભાવાર્થ એ છે કે "શ્રી જિનવરોમાં વૃષભ સમાન શ્રી વર્ધમાનસ્વામીને કરેલો એકપણ નમસ્કાર પુરુષને કે સ્ત્રીને સંસારરૂપ સાગરથી તારે છે."

શ્રી જિનેશ્વરદેવને કરેલો એક પણ નમસ્કાર સંસારરૂપ સાગરથી ક્યારે તારે ? સંસારરૂપ સાગરથી તરવાની બુદ્ધિ હોય તો. કે એમને એમ? એ નમસ્કાર કરનારે સંસારને કેવો માનવો જોઈએ ? ભયંકર. તજવા જેવો, દુઃખમય, દુઃખફ્લક, અને દુઃખ પરંપરક ! એવા સંસારને વધારવાની ઈચ્છાથી શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર કરાય કે એવા સંસારથી તરવાને માટે શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર કરાય ? સંસારસાગરથી તરી મુક્તિએ પહોંચવાના ઈરાદાપૂર્વક શ્રી જિનેશ્વરદેવને શુદ્ધ ભાવે નમસ્કાર કરવો જોઈએ. સમ્યગ્દૃષ્ટિ આત્મા જ શ્રી જિનેશ્વરદેવને યથાસ્થિતપણે નમસ્કાર કરી શકે છે અને સમ્યગ્દૃષ્ટિ એના પ્રતાપે સુસંયોગો પામી એ ભવમાં તેમજ પછીના ભવોમાં પણ રત્નત્રયીની આરાધના કરી બધાં જ કર્મો સર્વથા ક્ષીણ કરવા દ્વારા એ મુક્તિને પામે, તે તદ્દન સ્વાભાવિક જ છે અને એ દૃષ્ટિએ કહેવાય કે એક પણ નમસ્કાર સંસારથી તારે !

### જેને સંસાર ગમે, તે ભગવાનને સાચો નમસ્કાર કરી શકે નહિ

શ્રી જિનેશ્વરદેવના મંદિરમાં જતાં પોતાના પાપ માટે કંપારી છૂટવી જોઈએ. જેને સંસાર ગમે અને પાપ ડંખે નહિ એ સાચો નમસ્કાર કરી શકે નહિ. "પાપ કર્યે જવાં અને ભગવાનને નમસ્કાર કરી આવવો એટલે પાપ ધોવાઈ જાય !" પણ એવા આત્માઓએ પોતાનાં કલ્યાણને ખાતર એ સમજી લેવાની જરૂર છે કે, 'એમ ભગવાનનું નામ લીધે કે ભગવાનને એમ નમસ્કાર કર્યે પાપ ન જાય !' કોઈ પોતાના દીકરાનું નામ મહાવીર રાખે અને વારંવાર બોલાવ્યા કરે તો પાપ જાય ?

પાપ જાય કે પાપ વધે ? એક નમસ્કાર માત્રથી તરાય. એના રહસ્યને સમજો ! સામાન્ય રીતે સાચો નમસ્કાર તે જ કરી શકે કે, જેને શ્રી જિનાજ્ઞા ઉપર પૂરી શ્રદ્ધા હોય. એટલું જ નહિ પણ જે શ્રી જિનાજ્ઞાની આરાધના કરવાને સાચી રીતે તત્પર હોય !

શ્રી જિનેશ્વરદેવને સાચો નમસ્કાર કરનાર શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને ઠોકરે મારનારો ન હોય. શ્રી જિનાગમને માટે એલફેલ બોલનાર ન હોય. શ્રી જિનાજ્ઞાને માટે એલફેલ બોલવું અને શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર પણ કરવો એનો અર્થ શો ? કહેવું જ પડશે કે લુચ્ચાઈ ! સાચી રીતે નમસ્કાર કરનારને આજ્ઞા ઉપર પ્રેમ ન હોય એમ ન બને. જો આજ્ઞા ઉપર પ્રેમ ન હોય તો એ નમસ્કારમાં પોલ સમજી લેવી. આથી તો મહાપુરુષોએ ફરમાવ્યું કે,

*"આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ !"*

શ્રી જિનેશ્વરદેવોની આરાધેલી આજ્ઞા જેમ મોક્ષને માટે થાય છે, તેમ શ્રી જિનાજ્ઞાની વિરાધનાથી સંસાર વધે છે. એક તરફ નમસ્કાર કરી આવે અને બીજી તરફ આજ્ઞાની વિરાધના થાય તેની દરકારેય રાખ્યા વિના વિરાધના પણ કરે તો શું થાય ? સંસારસાગરથી તરે કે સંસારસાગરમાં વધારે ડૂબે ? કહોને કે વધારે ડૂબે !

## વિશાળ સેનાઓનો મેળાપ

હંસદ્વીપમાં આઠ દિવસ પસાર કરીને સેનાથી પરિવરેલા શ્રી રામચંદ્રજીએ કલ્પાંત કાળની જેમ લંકા તરફ પ્રયાણ કર્યું. લંકાની બહારના મેદાનમાં એ વિશાળ સેનાએ વીસ યોજન પ્રમાણ ભૂમિ રોકી હતી. બળે કરીને પર્વત સમા શ્રી રામચંદ્રજી, એ સેના સહિત યુદ્ધને માટે સજ્જ થઈને રહ્યા. સાગરના વેલાધ્વનિની માફક શ્રી રામચંદ્રજીની સેનાનો કોલાહલ બ્રહ્માંડના સ્ફોટથી ઉત્પન્ન થયો હોય તેવો લાગતો હતો અને એવા એ કોલાહલે લંકાને બહેરી બનાવી મૂકી.

જેમનું અસાધારણ પરાક્રમ છે એવા પ્રહસ્ત આદિ શ્રી રાવણના સેનાનાયકો પણ ઝટ બખ્તર ધારણ કરી હથીયાર ઊંચા કરી

તૈયાર થઈ ગયા. કેટલાકો હાથીઓ ઉપર બેસીને, કેટલાકો ઉંટો ઉપર બેસીને, કેટલાકો સિંહો ઉપર બેસીને, કેટલાકો ખરો ઉપર બેસીને, કેટલાકો કુબેરની જેમ મનુષ્યોને વાહનો બનાવીને, કેટલાકો અગ્નિની જેમ મેષો-બકરાઓ ઉપર સ્વારી કરીને, કેટલાકો યમની જેમ મહિષો-પાડાઓ ઉપર ચઢીને કેટલાકો રેવંતકુમારની જેમ અશ્વો ઉપર બેસીને અને કેટલાકો દેવોની જેમ વિમાનોમાં બેસીને એમ જુદી જુદી રીતે રણકર્મમાં ચાલાક એવા અસંખ્ય વીરો, ઉડીને એકી સાથે શ્રી રાવણની ચારે તરફ ફરી વળ્યા.

રોષથી જેમનાં નેત્રો રાતાં થઈ ગયાં છે એવા અને રત્નશ્રવા રાજાના પ્રથમનંદન શ્રી રાવણ પણ તૈયાર થઈને વિવિધ આયુધોથી રથમાં બેઠા. હાથમાં ત્રિશૂલને ધારણ કરનાર કુંભકર્ણ સહિત બીજો યમરાજ જ જાણે ન હોય તેમ શ્રી રાવણની પાસે આવીને પાર્શ્વરક્ષક થઈને ઉભો રહ્યો. બીજી બે ભુજાની જેમ ઇન્દ્રજિત અને મેઘવાહન નામના કુમારો શ્રી રાવણની પાસે આવીને બે બાજુ ઉભા રહ્યા. બીજા પણ મહાપરાક્રમી પુત્રો અને કરોડો સામંતો ત્યાં આવીને હાજર થયા. જેમાં શુક, સારણ, મારીચ, મય અને સુંદ વગેરે હતા. આ રીતે યુદ્ધમાં ચતુર એવી અસંખ્ય હજાર અક્ષૌહિણી સેનાઓથી દિશાઓને આચ્છાદિત કરતા શ્રી રાવણ લંકાપુરીથી યુદ્ધને માટે ચાલ્યા.

હવે સૈનિકોની ધ્વજાઓનું વર્ણન આવે છે. ધ્વજામાં અમુક અમુક ચિન્હો હોય છે. કેટલાકોની ધ્વજાઓમાં સિંહનું ચિહ્ન હતું. તો કેટલાકોની ધ્વજાઓમાં અષ્ટાપદ મૃગનું ચિહ્ન હતું. એમ કેટલાકોની ધ્વજાઓમાં ચર્મ મૃગનું, કેટલાકોની ધ્વજાઓમાં હાથીનું, કેટલાકોની ધ્વજાઓમાં મયૂરનું, કેટલાકોની ધ્વજાઓમાં સર્પનું કેટલાકોની ધ્વજાઓમાં માર્જારનું અને કેટલાકોની ધ્વજાઓમાં કૂકડાનું ચિહ્ન હતું. કેટલાકોના હાથમાં ધનુષ્ય તો કેટલાકોના હાથમાં તલવાર, કેટલાકોના હાથમાં ભુશુંડી તો કેટલાકોના હાથમાં મુદ્‌ગર કેટલાકોના હાથમાં ત્રિશૂળ તો કેટલાકોના હાથમાં પરિઘ, અને કેટલાકોના હાથમાં કુઠાર તો

કેટલાકોના હાથમાં પાશ. એમ યુદ્ધ માટેનાં જુદાં જુદાં હથિયારો શ્રી રાવણના વીર સૈનિકોની પાસે હતા.

શ્રી રાવણના વીરો વારંવાર નામ લઈ લઈને દુશ્મન પક્ષમાં વીરોને પૂછતા થકા રણકર્મમાં ચતુરાઈપૂર્વક વિચરવા લાગ્યા.વૈતાઢ્યગિરિની જેમ પોતાની સેનાની વિશાળતાથી પચાસ યોજન પ્રમાણ ભૂમિમાં શ્રી રાવણે રણકાર્યને માટે પડાવ નાખ્યો.

બેય સેનાના સૈનિકો પોતાના નાયકોની પ્રશંસા કરતા હતાં અને દુશ્મન પક્ષના નાયકોની નિન્દા કરતા હતા; પરસ્પર આક્ષેપો કરતા હતા અને અંદર અંદર કથાઓ કહેતા હતા તેમજ સ્ફોટ પૂર્વક અસ્ત્રોને અસ્ત્રોથી વગાડતા હતા. આ રીતે કાંસીતાલની જેમ શ્રી રામચંદ્રજી અને શ્રી રાવણનાં સૈન્યો મળ્યાં, ત્યાં એમના મોંમાંથી બીજું શું નીકળે ? 'જા-જા, ઉભો રહે-ઉભો રહે, ભય પામ નહિ, આયુધ છોડ, આયુધ ગ્રહણ કર.' એવી વાણી સૈનિકોના મુખમાંથી ત્યાં નીકળવા લાગી.

### યુદ્ધ થયું પણ કોઈનો જય થયો નહિ

બંને સેનામાં શલ્યો, શંકુઓ, બાણો, ચક્રો, પરિઘો, અને ગદાઓ, જંગલમાં પક્ષીઓની જેમ આવી આવીને પડવા લાગ્યાં. પરસ્પર ઘાતનું કામ ચાલુ થઈ ગયું. યુદ્ધ એટલે જ સંહારકાર્ય. તે સમયે પરસ્પર ઘાતથી ભગ્ન થયેલા ખડ્ગોથી અને વેગથી છેદાએલાં ઉછળતાં મસ્તકોથી આકાશ વિવિધ કેતુ અને વિવિધ રાહુવાળું હોય તેવું દેખાવા લાગ્યું. સુભટો મુદ્ગરોના આઘાતોથી હાથીઓને વારંવાર પાડી દેતા હતા, તેથી તેઓ ગેડીદડાની રમત રમતા હોય તેવા લાગતા હતા. દુશ્મનના સૈનિકો દ્વારા કુઠારાઘાતોથી છેદાએલા સૈનિકોના બે હાથ, બે પગ અને માથું એમ પાંચ શાખાઓ વૃક્ષોની શાખાઓની જેમ પડવા લાગ્યા. ભૂખ્યા યમરાજને ઉચિત એવા કોળીયાની જેમ, વીરો, વીરોનાં માથાંઓને છેદીને ભૂમિ ઉપર ફેંકવા લાગ્યા. પરંતુ મહાપરાક્રમી એવા રાક્ષસોના અને વાનરોના તે યુદ્ધમાં ભાગીદાર પિત્રાઈઓના ધનની જેમ, જય લાંબા કાળે સાધ્ય બન્યો. અર્થાત્ આટલું યુદ્ધ થયું તેમાં તો બેમાંથી એકેયનો જય થયો નહિ.

## જો વિવેકપૂર્વક વિચારાય તો ય વૈરાગ્ય ઉત્પન્ન થાય

**સભા:** યુદ્ધના રસનું વર્ણન કેમ?

**પૂજ્યશ્રી** : યુદ્ધના વર્ણનનું પણ ધ્યેય વૈરાગ્ય પમાડવાનું. આ વર્ણન પણ જો વિવેકપૂર્વક વંચાય અને વિચારાય તો તેથી પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય. યુદ્ધ કરનારા આત્માઓ કેવા? યુદ્ધનું નિમિત્ત કેવું? આંતરશત્રુઓની પરાધીનતા કેવી? અને કામાધીનતાના યોગે આત્મા કેવા ભયંકર પાપકાર્યોમાં પ્રવૃત્ત થાય છે? એ વગેરે ઘણું ઘણું આ વર્ણનો ઉપરથી વિચારી શકાય તેમ છે. અવસરે વિવેકપૂર્વક શ્રૃંગારનું વર્ણન કર્યા બાદ પણ વૈરાગ્યનું સુંદર પ્રકારે વર્ણન થઈ શકે છે. આવડવું જોઈએ ! સંસારની અસારતા બતાવવા સંસારના વિષમ અને જ્ઞાનદૃષ્ટિએ બિભત્સ સ્વરૂપનું પણ વિવેકપૂર્વક વર્ણન કરી શકાય. સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવવા મિથ્યાત્વના ભેદ-પ્રભેદ આદિનું પણ વર્ણન કરવું પડે. ક્ષમાના સ્વરૂપને સમજાવવા ક્રોધનું પણ વર્ણન કરવું પડે.

વળી આ કથાનો પ્રસંગ છે. એટલે બનેલો બનાવ લખાય. શ્રી રામચંદ્રજીની અને શ્રી રાવણની એટલી બળવત્તા બતાવ્યા પછીથી અને શ્રી રાવણની કામાધીનતા સાથે શ્રીમતી સીતાજીને નહિ છોડવાની પૂરેપૂરી મક્કમતા દર્શાવ્યા પછીથી એમને એમ લખી દે કે, 'યુદ્ધ થયું, શ્રી રાવણ હાર્યા અને શ્રી રામચંદ્રજીએ શ્રીમતી સીતાજીને પાછા પ્રાપ્ત કર્યા. તો એ કથાલેખન કળાની દૃષ્ટિએ પણ યોગ્ય ગણાય નહિ. યુદ્ધની ભીષણતા બતાવવા, બનેલા બનાવનું યોગ્ય રીતે કથાગ્રન્થના રચનારે વર્ણન કરવું પડે.'

અમુક મુનિ, અમુક ગામમાં ગયા અને વિરોધી વાતાવરણ સુધરી ગયું. એટલું લખી દેવા માત્રથી જ પૂરતી પ્રતીતિ સૌને ન થાય. પણ એમ લખાય કે 'અમુક મુનિ, અમુક ગામમાં ગયાં, વિરોધીઓએ ખૂબ ધમાલો મચાવી, મુનિએ એ ધમાલોને મચક આપી નહિ. સિદ્ધાંત

મુજબ સત્યની પ્રરૂપણા નિડર બનીને ચાલુ જ રાખી. તેમજ ગાળો ખાઈને, આફતો વેઠીને, આક્રમણો સહીને વિરોધીઓના વિરોધની પોકળતા જાહેર કરી અને એથી પરિણામે વિરોધ શમ્યો. જનતા ધર્મમાર્ગમાં વધુ સ્થિર બની તથા ધર્મની આરાધના નિષ્કંટક થઈ.' એમ બધું વિસ્તારથી લખાય તો કોઈપણ નિષ્પક્ષ વિચારક માણસ ઉપર એની વાસ્તવિક અસર થયા વિના પ્રાયઃ રહે નહિ. માટે યુદ્ધ થયું તો યુદ્ધનું પણ વર્ણન કરાય તે સ્વાભાવિક છે.

ધર્મકથાના ગ્રન્થોમાં આવી રીતે યુદ્ધનું વર્ણન લખીને, દુનિયામાં થાય છે તેમ માણસની તામસી પ્રકૃતિને ઉશ્કેરાતી નથી, પણ આત્મશત્રુઓથી બચવા માટે સમતા આદિ કેળવવાનું જ સૂચન કરાય છે. આ વસ્તુ ખ્યાલમાં હોય તો આવા પ્રશ્નો ઉઠવા પામે જ નહિ.

**સમવસરણ એ ય સમ્યક્ત્વ**
**પ્રાપ્તિનું પ્રબળ કારણ છે**

શ્રી તીર્થંકરદેવ તો વીતરાગ હતા. છતાં ત્રણ ગઢ કેમ? એ તારકના પુણ્યકર્મનો પ્રતાપ, દેવતાઓની ભક્તિ. પણ એથી બાળ જીવો આકર્ષાય, જોવા-સાંભળવા આવે અને યોગ્ય જીવો પામી જાય, એમ બનેને ? શાસ્ત્રકાર ફરમાવે છે કે "**શ્રી તીર્થંકરદેવનું નવું સમવસરણ રચાતું હોય ત્યાં બાર યોજનમાં રહેલા સાધુ કે, જેમણે સમવસરણ જોયું નથી તે ન જાય તો એ પ્રાયશ્ચિતને પાત્ર છે.**" સમવસરણ પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ આદિનું પ્રબળ કારણ છે. એ જોઈને પણ યોગ્ય આત્મા શુદ્ધ ભાવોલ્લાસને પામે છે.

ઘરમાં પડેલા હીરા-માણેક વિકાર પેદા કરે અને અહીં પ્રભુના મંદિરમાં એ ગોઠવાય ત્યાં ભક્તિ પેદા કરે. ચીજ એક જ છે. પણ સ્થળનો પ્રભાવ જુદો છે. કેસર, કસ્તુરી, ચંદનનાં વિલેપન યુવાન સ્ત્રી ઉપર થાય તો વિષયવૃત્તિ જગાડે અને પ્રભુના અંગ ઉપર થયેલાં એનાં વિલેપન આત્માને શાંત બનાવે. કેટલો ભેદ ? અહીં પુષ્પના ઢગલા હોય તોયે શાંતિ થાય પણ સુંઘવાનું મન ન થાય અને ઘરમાં હોય તો સુંઘ

સુંઘ કરે. અહીં સુંઘવાનું મન થાય જ નહિ. પૂજામાં કે શાંતિસ્નાત્રમાં કેટલાં મિષ્ટાન્ન હોય ? પણ ખાવાનું મન ન થાય અને ઘરમાં એમાંની કોઈ ચીજ હોય અને માએ જો છોકરાને આપી ન હોય તો છૂપી રીતે ય ખાવાનું મન થઈ જાય. શ્રી જિનમંદિરની ચીજ ખાવાનું મન ન જ થાય. પાપાત્માને થાય તે વાત જૂદી. દરેક વાત અપેક્ષાથી જ કહેવાય. દુર્જન આદિને સંવરના સ્થાન પણ આશ્રવના સ્થાનરૂપ બને. એવો આત્મા પોતાને માટે સંવરના સ્થાનોને ય આશ્રવનાં સ્થાનોરૂપ બનાવી દે ! સ્થાન જુદું માટે ભાવના જુદી. આથી કોઈ વસ્તુ કહેવાય ત્યારે અપેક્ષાનો પણ ખ્યાલ રાખવો જોઈએ.

## ચરમશરીરીઓ ઉપર પણ ક્ષેત્રની અસર

શ્રી રાવણ મોહથી મૂંઝાયા. એથી શ્રીમતી સીતાજી જેવાં સતીને ઉપાડી લાવ્યા. ક્રમાધીન બની તેમણે કોઈની પણ સારી તથા સાચી સલાહ માની નહિ અને એથી આ વિનાશકાળને લાવનારું યુદ્ધ થયું ને? એ યુદ્ધનું વર્ણન પણ બીજા પ્રસંગોની જેમ ગ્રન્થકાર કરે અને તેમાં પણ આત્માની જાગૃતિ રાખનારા પુણ્યાત્માઓને ય ઓળખાવે. શ્રી રામચંદ્રજીની તથા શ્રી રાવણની સેનામાં ચરમશરીરી આત્માઓ પણ છે. પરંતુ અત્યારે તો યુદ્ધભુમિમાં 'મરો કે મારો' એવી કારમી ક્રિયામાં જોડાએલાં છે. શ્રી રામચંદ્રજી, શ્રી હનુમાનજી વગેરે ચરમશરીરી છે. ઈન્દ્રજિત વગેરે ચરમશરીરી છે. શ્રી રાવણની કેટલીય સ્ત્રીઓ ચરમશરીરી છે. ચરમશરીરી આત્માઓ પણ અત્યારે યુદ્ધમાં શું કરી રહ્યા છે ? સ્થાન, સંયોગ આદિનો પણ એ પ્રભાવ છે. ક્ષેત્રાદિનો પણ અમુક પ્રકારનો પ્રભાવ હોય છે. એ વાત પણ શ્રી જૈનશાસનને માન્ય છે. દીક્ષા આદિમાં શુભક્ષેત્ર, શુભકાળ આદિ જોવાનું પણ ફરમાવ્યું છે કે જેથી અશુભ ક્ષેત્રાદિના યોગે પરિણામ ફરે નહિ અને એ કારણે દીક્ષા લેનાર દીક્ષાથી પતિત ન થાય. અત્યારે તો એ જ ભવમાં દીક્ષા લઈ, અખંડ સંયમની ઉત્તમ પ્રકારે સાધના કરી કેવળજ્ઞાન પામી, મુક્તિએ જનારા આત્માઓ પણ રણભૂમિનું સ્થળ વગેરેને યોગે સંહારક પ્રવૃત્તિમાં ઝઝૂમી રહ્યાં છે.

અહીં મારો-મરોની ભાવનામાં આયુષ્યનો બંધ પડે અને મરે તો દુર્ગતિ થાય કે બીજું કાંઈ ? પણ ચરમશરીરી આત્માઓ આવા પણ ભીષણ યુદ્ધમાં એક યા બીજું નિમિત્ત પામીને બચી જાય ! મરે નહિ. એ પરાક્રમીઓના પરાક્રમને તથા ત્યાંથી ખસ્યા પછી થયેલા એમના જીવનપલટાને પણ વર્ણવ્યા વગર ગ્રન્થકાર ન રહે. યુદ્ધનું વર્ણન વાંચતા કે સાંભળતાં જો ગ્રન્થનિર્માણનો વાસ્તવિક હેતુ ખ્યાલમાં રહે, તો પરમોપકારી પરમર્ષિઓએ રચેલા ગ્રન્થોમાં એવાં પણ વર્ણન આત્માને આંતરશત્રુઓથી બચવાની પ્રેરણા કરે અને એવા ભયંકર પાપમાં ખરડાતાં અટકવાની ભાવના થયા વિના રહે નહિ.

શ્રી રામચંદ્રજીની અને શ્રી રાવણની સેના વચ્ચે ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યાં કેવળ રૌદ્રરસની પ્રધાનતા છે. લાંબો કાળ યુદ્ધ ચાલ્યા પછીથી, ચિર સમય સુધી પ્રવર્તિ રહેલા એ યુદ્ધમાં મહાપરાક્રમી એવા વાનરોએ રાક્ષસોના સૈન્યને વનની જેમ ભાંગી નાંખ્યું. શ્રી રામચંદ્રજીની મહાબળવાન વાનરસેનાએ જ્યારે રાક્ષસસેનામાં ભંગાણ પાડ્યું ત્યારે સદા શ્રી રાવણના જયના જામીન એવા હસ્ત અને પ્રહસ્ત નામના સુભટો વાનરોની સાથે યુદ્ધ કરવાને માટે ઉદ્યત થયા. યુદ્ધરૂપ યજ્ઞને માટે દીક્ષિત થએલા એવા તે બેની સામે આ બાજુથી મહાકપિ નલ અને નીલ ઉપસ્થિત થયા. પ્રથમ સંમુખ થયેલા મહાભુજ એવા હસ્ત અને નલ રથમાં આરુઢ થયા થકા, વક્રાવક્ર ગ્રહની જેમ મળ્યા. પણછના નાદથી યુદ્ધનું નિમંત્રણ કરવાને પરસ્પર તત્પર બન્યા હોય તેમ, તે બંનેએ ધનુષ્યને પણછ ઉપર ચડાવીને તેનું આસ્ફાલન કર્યું. પછી તે બંનેએ બાણોને પરસ્પર એવી રીતે વર્ષાવ્યાં કે જેથી તેમના રથો બાણરૂપ શૂલથી ભરપૂર થઈ શાહૂડી જેવા દેખાવા લાગ્યા. ક્ષણવાર નલની હાર-જીત થતી, તો ક્ષણવાર હસ્તની હાર-જીત થતી, એમ ક્ષણે ક્ષણે બંનેની હાર-જીત થતી હોવાથી તેમના બળના અંતરને નિપુણો પણ જાણી શકતા નહિ. આથી બળવાન નલ, સભ્ય થઈને જોનારા વીરોની આગળ લજ્જા પામ્યો. અને એથી અવ્યાકુળ એવા નલે ક્રોધમાં આવી જઈને ક્ષુરપ્રથી હસ્તના મસ્તકને છેદી નાખ્યું.

નલે જેમ હસ્તનો વધ કર્યો તેમ નીલે પણ તરત જ પ્રહસ્તનો વધ કર્યો આથી નલ અને નીલ ઉપર આકાશમાંથી તરત જ પુષ્પવૃષ્ટિ થઈ.

### દેવતાઓમાં પણ ક્ષુદ્ર દેવતાઓ હોય છે

કેટલાંક ક્ષુદ્ર દેવતાઓ પણ યુદ્ધમાં આવી રીતે પાપ બાંધે છે. એ પુષ્પવૃષ્ટિ પેલા જીત્યા એટલા જ પૂરતી હતી ને ? એવા દેવો જે જીતે તેના ઉપર પુષ્પો વરસાવનારા હોય છે. દુનિયામાં પણ બે ઉંબરા વચ્ચે પગ રાખીને ઉભા રહેનારા ઘણા હોય છે. એમની ભાવના એ કે- 'જીસકે તડમેં લડ્ડુ, ઉસકે તડમેં હમ!' સારા-ખોટાની પરીક્ષા કે વિવેક નહિ. પણ નમતે પલ્લે બેસનારા હોય છે ને ? એવાઓ બહુ ભયંકર ! ક્ષુદ્ર દેવો પણ પુષ્પવૃષ્ટિ, જીતનારા પર કરે છે. તે જીત્યા માટે કરે છે. ત્યાં કાંઈ પ્રેમ નથી. કેટલાક વ્યંતર દેવો એવાય હોય છે કે, ભલે ખાય નહિ પણ યુદ્ધમાં થતા લોહી-માંસના ઢગલાઓને જ જોઈને એ રાજી થાય.

જેમ અમુક માણસો એવા હોય છે કે નવરા પડે ત્યારે એક બે કલાક ઓટલે, ચોતરે, પાટે કે એવા કોઈ ઠેકાણે બેસીને પાંચ-પચીસનું ભૂંડુ કરનારી વાતો કરે તો જ એમને ઠંડક થાય. બે-ચાર સાધુ કે સજ્જન માણસોને ગાળો દે ત્યારે એમને લ્હેજત આવે ! કેટલાક લેખક પણ એવા હોય છે કે સારા માણસને ગાળ દીધા વિના એને ચેન પડે જ નહિ.

જેમ મનુષ્યોમાં આવા અધમ હોય છે, તેમ દેવોમાં પણ એવા ક્ષુદ્રો હોય છે. ઘણા દેવો તો એવા પણ છે કે જે સારી ભાવનામાં રૂઢ જ હોય. ઉચ્ચ જાતિના દેવો તો મનુષ્યલોકમાં ખાસ કારણ વિના આવતા પણ નથી. એમનાથી મનુષ્ય લોકની ગંધ પણ ન સહાય. શ્રી તીર્થંકરદેવોનાં કલ્યાણકોના સમયે કે કોઈ વિશિષ્ટજ્ઞાનીનો મહોત્સવ કરવા, ઇત્યાદિ ધાર્મિક શુભ પ્રસંગો સિવાય પ્રાય: એવા દેવો આવતા નથી. નારકીમાં પણ પરમાધાર્મિકો છે ને ? એ ક્ષેત્રમાં પણ એમને કેમ મજા ? નારકીના જીવોને થતી અને અપાતી ઘોર વેદનાદિથી જે ચીસો મારે એ જોઈને પેલા ખુશી થાય.

દુર્જનો પણ સજ્જનો ઉપર આફતોથી ખુશ થાય છે ને ? સજ્જનને જરા આપત્તિ આવે તો કહે કે, 'અમે નહોતા કહેતા ?' અને જો આપત્તિ ટળી જાય તો બહારથી મીઠું ય બોલે કે, 'સારા માણસને આપત્તિ ન હોય.'

## રાક્ષસ અને વાનર સુભટો વચ્ચેનું મહાયુદ્ધ

આ બાજુ હસ્ત અને પ્રહસ્તના મરણથી શ્રી રાવણની સેનામાંથી મારીચ, સિંહજઘન, સ્વયંભૂ, સારણ, શુક્ર, ચંદ્ર, અર્ક, ઉદ્દામ, બીભત્સ, ક્રમાક્ષ, મકર, જ્વર, ગંભીર, સિંહરથ, અને અશ્વરથ તથા બીજા પણ સુભટો ક્રોધથી મોખરે આવ્યા. તે રાક્ષસ સુભટોની સાથે મદનાંકુર, સંતાપ, પ્રથિ, આક્રોશ, નંદન, દુરિત, અનંગ, પુષ્પાસ્ત્ર, વિઘ્ન તથા પ્રીતિકર વગેરે વાનરસુભટો જુદા જુદા યુદ્ધ કરવા લાગ્યા અને કુકડાઓની સાથે કુકડાઓ લડતાં ઉંચા ઉછળે અને નીચા પછડાય તેમ તે સુભટો પણ ઉંચા ઉછળવા લાગ્યા, તથા નીચે પછડાવા લાગ્યા. યુદ્ધમાં મારીચ રાક્ષસે સંતાપ વાનરને, નંદન વાનરે જ્વર રાક્ષસને, ઉદ્દામ રાક્ષસે વિઘ્ન વાનરને, દુરિત વાનરે શુક રાક્ષસને અને સિંહજઘન રાક્ષસે પ્રથિત વાનરને યુદ્ધ કરાવી દૃઢપણે હણ્યા.

એ જ વખતે સૂર્યનો અસ્ત થયો. સૂર્યાસ્ત થયો એટલે શ્રી રામચંદ્રજીનું અને શ્રી રાવણનું સૈન્ય યુદ્ધથી નિવૃત્ત થયું અને પોતપોતાના હણાએલાઓની અગર નહીં હણાયેલાઓની પણ શોધ શરૂ થઈ. યુદ્ધ એ એવી સ્થિતિવાળું છે કે ત્યાં મરેલાની કે જીવતાની રાતના જ પ્રાયઃ ખબર લેવાય.

યુદ્ધ કરનારાઓને પોતાનાં કાળજાં કેટલાં કઠણ બનાવવાં પડતાં હશે ? ખરેખર માણસો પોતાને ઈષ્ટ લાગે તે મેળવવાને માટે શું શું નથી કરતા ? તેમ ધર્મ જો ઈષ્ટ જ લાગી જાય તો ધર્મ માટે પણ જો પ્રાણાર્પણ કરવાની તક આવી પડે તો ય એ આત્મા ભીરૂતાથી પાછો ન પડે.

## યુદ્ધભૂમિનાં ત્રાસદાયક વિવિધસ્વરૂપો

રાત્રિ વીતી અને પ્રભાતકાળ થયો એટલે પાછી એની એ યુદ્ધની સંહારપ્રવૃત્તિ શરૂ થઈ ગઈ. રાત્રિ વિત્યા છતાં સૂર્યોદય પહેલાં સૂર્યની સામે દાનવોની જેમ, શ્રી રામચંદ્રજીના સૈન્યની સાથે યુદ્ધ કરવાને માટે રાક્ષસ યોદ્ધાઓ આવી ઉભા રહ્યા. સૈન્યની મધ્યમાં શ્રી રાવણ, ભૂમધ્યમાં મેરુ પર્વત જેવા લાગતા હતા. પછી હાથી જોડેલા છે જેને એવા રથમાં આરુઢ થઈને શ્રી રાવણ રણકર્મને માટે ચાલ્યા. તત્કાળ પોતાની અરૂણ બનેલી દૃષ્ટિથી પણ શત્રુઓને બાળતા હોય તેમ, વિવિધ અસ્ત્રોને ધારણ કરતા શ્રી રાવણ યમરાજથી ભયંકર ભાસવા લાગ્યા. એ રીતે પોતાના પ્રત્યેક સેનાનાયકને જોતા અને શત્રુઓને તણખલા તુલ્ય માનતા ઈન્દ્ર જેવા શ્રી રાવણ રણભૂમિમાં આવ્યા. શ્રી રામચંદ્રજીના તે મહાપરાક્રમી સેનાનાયકો પણ સૈન્યોની સાથે આકાશમાંથી દેવતાઓ દ્વારા જોવાતા યુદ્ધને માટે આવી ઉભા રહ્યા.

યુદ્ધ ભયંકર રીતે ચાલ્યું. યુદ્ધભૂમિ ત્રાસદાયક વિવિધ સ્વરૂપો ધારણ કરતી હોય તેવી દેખાવા લાગી. ક્ષણવારમાં કોઈ ઠેકાણે ઉછળતા રૂધિરજળથી સમરાંગણ નદીવાળું હોય તેવું દેખાવા લાગ્યું. કોઈ ઠેકાણે પડેલા હાથીઓથી સમરાંગણ ઉંચા પર્વતોવાળું હોય તેવું દેખાવા લાગ્યું. કોઈ ઠેકાણે રથમાંથી ખરી પડેલ કાષ્ટના મકરોથી સમરાંગણ મોટા મગરવાળું હોય તેવું દેખાવા લાગ્યું અને કોઈ ઠેકાણે અર્ધભગ્ન થએલા મહારથોથી સમરાંગણ જાણે દાંતાળુ હોય તેવું દેખાવા લાગ્યું અને કોઈ ઠેકાણે નાચતાં ધડોથી સમરાંગણ નૃત્યસ્થાન હોય તેવું દેખાવા લાગ્યું. પણ આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી કારણકે લડનારા જેવા તેવા નથી !

## સન્માર્ગે જતાંને રોકનાર, કુળકલંક ગણાય

ક્ષત્રિયો યુદ્ધને ધર્મ માને છે, જીતે તો જયશ્રી અને હારે તો દેવાંગના મળે, એમ માને છે. યુદ્ધમાં જતાં પતિને કે પુત્રને, પત્ની કે

માતા કુંકુમ તિલકથી વધાવે છે અને યુદ્ધમાં જતાં જો રોકે, તો તે ક્ષત્રિયકુળનું કલંક ગણાય છે. તે જ રીતે જૈનકુળમાં માતા, પિતા, પત્ની વગેરે સન્માર્ગે જનારને ન રોકે ! પોતાનો પતિ કે પુત્ર સન્માર્ગે જાય એમાં રાજી થાય. તેઓ સમજે કે, 'એથી આ લોકમાં તે સાધુ તરીકે પૂજાશે, અનેક ભવ્યોનો ઉદ્ધાર કરશે અને પછીથી શુભ ગતિ પામીને પરિણામે મોક્ષને પામશે.' સન્માર્ગે જતાં રોકે તે કુળકલંક ગણાય. તો તેવા કાર્યને ઉત્તેજન નહિ જ આપવું જોઈએ ને ?

શાસ્ત્રે આજ્ઞા કરી કે, 'સોળ વર્ષની ઉંમર બાદ રજા ન મળે તો રજા વિના પણ યોગ્ય દીક્ષાર્થી દીક્ષા લઈ શકે છે અને ગીતાર્થ ગુરુ તેને દીક્ષા દઈ શકે છે.' ઔચિત્યનો વાંધો નથી. આજ્ઞા જરૂર લેવી, આજ્ઞા મેળવવા બનતું યોગ્ય જરૂર કરવું, છતાંપણ આજ્ઞા ન જ મળે તો સન્માર્ગે ન જ જવાય એવો કાયદો નહિ. ખોટા કામમાં લાખવાર એ વાત કબૂલ કે, આજ્ઞા વિના કદમ ન ભરાય, પણ સારા કામમાં તો સમજાવવા છતાં ય આજ્ઞા ન જ મળે, તો તે વિના પણ સાચો જૈન જાય.

જેમ સાચો ક્ષત્રિય યુદ્ધની નોબત વાગે એટલે માતા, પિતા, પત્ની આદિ કદાચ યુદ્ધમાં જવાની રજા ન આપે રુદન કરે, તો ય ચાલી નીકળે, તેમ અહીં પણ સમજી લેવું જોઈએ. માતા-પિતા આદિને રડાવવાની ભાવના ન હોય, એટલે રડાવીને ય જાય એમ ન બોલાય. પણ મોહથી રડે તો રડતાં મૂકીને ય શુભ ભાવનાપૂર્વક જવાય એમ ખુશીથી કહી શકાય !

### સુગ્રીવને નિષેધીને શ્રી હનુમાન યુદ્ધમાં જાય છે

પછી શ્રી રાવણના હુંકારથી પ્રેરાએલા સર્વ રાક્ષસોએ પોતાના સઘળા બળથી વાનરસેનાઓને ભાંગી નાંખી. પોતાના સૈન્યના ભંગથી ક્રોધે ભરાએલો સુગ્રીવ, ધનુષ્ય ચડાવીને પ્રબળ સૈન્યોથી પૃથ્વીને ચળાવતો પોતે જ રણભૂમિમાં ચાલ્યો. એ વખતે સુગ્રીવને શ્રી હનુમાને કહ્યું કે, 'હે રાજન્ ! તમે અહીં જ રહો અને મારા જ પરાક્રમને જુઓ !"

એ પ્રમાણે સુગ્રીવને નિષેધીને શ્રી હનુમાન યુદ્ધમાં ચાલ્યા. હવે શ્રી હનુમાનજી પોતાનું પરાક્રમ બતાવવા ઇચ્છે છે, અથવા પોતે હાજર છતાં વડીલ જેવા સુગ્રીવને યુદ્ધ કરવા જવા દેવાને તે ઇચ્છતા નથી. શ્રી હનુમાને એકલાએ પણ લંકામાં શું કર્યું હતું, એની આપણને ખબર છે. કારણકે આપણે એ પ્રથમ જોઈ ગયા છીએ.

આ બધા યુદ્ધનો હેતુ તો શીલરક્ષણ છે ને ? દેશ-કાળ આદિ જોવાનું કહીને શ્રીમતી સીતાજીને શીલ મૂકવાનું કહેવાય ? નહિ જ. તેમ છતાં આજની વાયડી વાતો કરનાર શ્રીમતી સીતાજીને અંગે એમ કહે તો નવાઈ પામવા જેવું નથી. "શ્રી રાવણ ગુસ્સે થયો છે. એ તો કોઈપણ રીતે માને તેમ નથી. હવે તમે જ માની જાવ અને એનાં બળતાં હૃદયે પણ એ કહે તેમ કરીને તમે એના બની જાવ તો આ કારમી કતલ અટકી જાય. હજારોનો સંહાર ન થાય. તમે અહિંસાધર્મના પાલક છો, તો તમારા એકલા શીલની ખાતર આ કારમી કતલ કેમ ચાલવા દો છો ? જો સાચા અહિંસાધર્મી હો તો વખત જુઓ અને શીલને મૂકીનેય સંહાર અટકાવો !" આવી સલાહ શ્રીમતી સીતાજીને કોઈએ આપી હોત તો ? આજના ધર્મવિરોધીઓ આવી રીતે ધર્મિઓને ધર્મ છોડાવવાનું કહે છે. કેટલાક મૂર્ખાઓએ તો રાષ્ટ્રની મુક્તિના નામે એવું કર્યાની વાતો પણ બહાર આવી છે. એ તરફ રાષ્ટ્રના કોઈ પણ સાચા હિતસ્વીની પસંદગી હોય નહિ, કારણકે એમ કરવું એ કારમી અજ્ઞાનતા છે. સીતાજીનો મુદ્દો તો માત્ર શીલ અખંડિત રાખવાનો હતો, આ યુદ્ધની કતલમાં તેમને શું લાગે વળગે ? યુદ્ધની અનુમોદના કરે તો પાપ જરૂર બાંધે પણ એ વાત જુદી છે. એ રીતે ધર્મી ધર્મ કરે અને એની પાછળ બીજા ધાંધલ કરે તો એનું પાપ ધર્મીને શિરે નથી, કારણકે એની ભાવના એ નથી એમાં એની અનુમોદના પણ નથી.

### માલીને અસ્ત્રરહિત કરીને શ્રી હનુમાને તેને ચાલ્યા જવાનું કીધું

અગણિત સેનાઓથી દુર્મદ એવા રાક્ષસોના સૈન્યમાં મુશ્કેલીએ પ્રવેશ થઈ શકે એમ હતું. છતાં એવા દુઃખે કરીને અવગાહન

કરી શકાય તેવા સૈન્યમાં પણ હનુમાને સમુદ્રમાં મંદરગિરિની જેમ પ્રવેશ કર્યો. હવે મેઘની જેમ ઉગ્રપણે ગર્જના કરતો, ધનુષ્ય અને ભાથાને ધારણ કરતો દુર્જય એવો માલી શ્રી હનુમાનની ઉપર યુદ્ધમાં ચઢી આવ્યો. શ્રી હનુમાન અને માલી એ બંને વીરો ધનુષ્યના ટંકારને કરતાં, પૂંછડાના સ્ફોટને કરતા ઉદ્દામ સિંહોની જેમ શોભવા લાગ્યા. શ્રી હનુમાન અને માલી પરસ્પર અસ્ત્રોથી પ્રહારો કરતા હતા, પરસ્પરનાં અસ્ત્રોને છેદતાં હતા અને પરસ્પર ગર્જના કરતા હતા. લાંબા કાળ સુધી યુદ્ધ કર્યા પછીથી હનુમાને ગ્રીષ્મઋતુનો સૂર્ય જેમ નાના સરોવરને જળરહિત કરી નાખે તેમ વીર્યશાળી એવા માલીને અસ્ત્રરહિત કરી નાંખ્યો. પોતે અસ્ત્ર સહિત છે, પોતે જુવાન છે અને માલી વૃદ્ધ છે, આથી અસ્ત્રરહિત બનેલા માલી ઉપર પ્રહાર નહિ કરતાં શ્રી હનુમાન તેને કહે છે કે-

**"ગચ્છ ગચ્છ જરદ્રક્ષઃ કિં હતેન ત્વયા નનુ ।"**

શ્રી હનુમાન એ કથન દ્વારા એમ જણાવવાને ઇચ્છે છે કે, "હે વૃદ્ધ રાક્ષસ ! તું જા, જા ! ખરેખર તને હણવાથી શું ? અર્થાત્ તું જીવે કે મરે એની શી કિંમત છે ? અથવા તારા જેવાને હણવામાં મારું પરાક્રમ શું ? માટે તું ચાલ્યો જા."

શ્રી હનુમાન માલીને જ્યારે એ પ્રમાણે કહી રહ્યા હતા, તે વખતે વજ્રોદરે શ્રી હનુમાનની પાસે આવીને કહ્યું કે, "અરે, પાપી ! કુત્સિત વચનોને બોલનાર ! એ પ્રમાણે બોલતાં તું મરી જઈશ. આવ, આવ મારી સાથે યુદ્ધ કર ! મારી સાથે તું નહિ ટકી શકે ! તો તું ચાલ્યો ન જા." તેનાં એવાં વચનોને સાંભળીને શ્રી હનુમાને સિંહની ગર્જનાની જેમ મોટા અહંકારથી ગર્જના કરીને વજ્રોદરને બાણોથી ઢાંકી દીધો. શ્રી હનુમાને કરેલી બાણવૃષ્ટિને દૂર કરીને, વર્ષાઋતુ જેમ વાદળાથી સૂર્યને ઢાંકી દે તેમ વજ્રોદરે પણ શ્રી હનુમાનને બાણોથી ઢાંકી દીધા.

આ વખતે રણક્રીડાના સભ્ય દેવોની વાણી થઈ કે, "અહો! વીર વજ્રોદર શ્રી હનુમાનને પહોંચી શકે તેમ છે અને અહો ! વીર શ્રી

હનુમાન વજ્રોદર રાક્ષસને પહોંચી શકે તેમ છે." બંનેને સરખી કોટીમાં મૂકનારી રણક્રીડાના સભાસદ દેવતાઓની આવી વાણીને નહિ સહી શકનાર, દુશ્મનોને જીતનાર અને માનના પર્વત એવા હનુમાને એ જ કારણે ઉત્પાત મેઘની જેમ એકી સાથે વિચિત્ર અસ્ત્રોને વર્ષાવીને રાક્ષસોનાં દેખતાં જ વજ્રોદરને હણી નાખ્યો. આ પછીથી વજ્રોદરના વધથી ક્રોધિત બનેલો એવો શ્રી રાવણનો પુત્ર જંબુમાલિ શ્રી હનુમાનની સામે આવ્યો.

### મોહ મમતાની કતલથી જ મોક્ષશ્રી

અહીં દીકરાની કાણ-મોંકાણની ફીકર નથી. કેમકે જયશ્રી વરવી છે. જ્યારે આત્મધર્મની સાધનાની વાતમાં મોહાધીન માતાપિતા દીકરા ઉપર મોહથી ભરેલો હાથ ફેરવે છે અને એ રીતે તેને ધર્મ કરતાં રોકી દે છે. આમ હાથ ફેરવ્યે ત્યાં જેમ જયશ્રી ન મળે, તેમ અહીં મોક્ષશ્રી પણ દૂર રહે. તે સ્વાભાવિક છે. મોક્ષશ્રી જોઈએ તો મોહની, મમતાની કતલ કરવી પડશે, અને એની કતલ તલવારથી નહિ થાય પણ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મથી થશે. અનંતજ્ઞાનીઓએ કલ્યાણના અર્થીઓને માટે એ જ માર્ગ ઉપદેશ્યો છે.

શ્રી રાવણપુત્ર જંબુમાલીએ સામે આવીને મહાવત જેમ હાથીને બોલાવે તેમ શ્રીહનુમાનને તર્જનાપૂર્વક બોલાવ્યા. અન્યોન્યના વધની આકાંક્ષાવાળા તે બેય મહામલ્લોને સર્પોથી જેમ વાદિઓ યુદ્ધ કરે, તેમ લાંબા કાળ સુધી બાણોથી યુદ્ધ કર્યું. એકબીજાના બાણોથી એકબીજાને બમણાં બમણાં બાણોને ફેંકતા, તે બંને લેણદાર અને દેણદારના જેવી સ્થિતિને પામ્યા.

આ પછીથી ક્રોધે ભરાએલા શ્રીહનુમાને તે શત્રુ જંબુમાલીને ઘોડા, રથ અને સારથી વિનાનો કરી નાખીને મોટા મુદ્દગર વડે તાડન કર્યું એથી જંબુમાલી મૂર્છિત થઈને પૃથ્વી ઉપર પડી ગયો.

## શ્રી હનુમાને મહોદર આદિ રાક્ષસવીરોનો કરેલો નાશ

જંબુમાલી મૂર્ચ્છિત થઈને જમીન ઉપર પડતાં, રાક્ષસોમાં વીર એવો મહોદર, બાણોને વર્ષાવતો ક્રોધથી સામો આવ્યો. શ્રીહનુમાને માલીને અસ્ત્રરહિત કર્યા, વજ્રોદરને હણ્યો અને જંબુમાલીને મૂર્ચ્છિત કર્યો એટલે શ્રીહનુમાન તરફ રાક્ષસવીરો ક્રોધે ભરાય એમાં નવાઈ છે ? નહિ જ ! મહોદર ઉપરાંત બીજા પણ શ્રીહનુમાનને હણવાની ઇચ્છાવાળા રાક્ષસસુભટો, જાતિવાન શ્વાન જેમ ડુક્કરને વીંટી લે તેમ, શ્રી હનુમાનને એકદમ વીંટળાઈ વળ્યા. પણ કેટલાકોની ભૂજામાં, કેટલાકોના મુખમાં, કેટલાકોના પગમાં, કેટલાકોના હૃદયમાં અને કેટલાકોની કુક્ષીમાં તીક્ષ્ણ બાણોથી પ્રહારો કરીને શ્રી હનુમાને તેઓને હણી નાંખ્યા. રાક્ષસોના સૈન્યમાં વીર હનુમાન, વનમાં દાવાનળની જેમ અને સમુદ્રમાં વડવાનળની જેમ, પ્રકાશવા લાગ્યા. સૂર્ય જેમ વાદળાંઓને નષ્ટ કરે, તેમ પરાક્રમીઓમાં ચૂડામણી જેવા શ્રી હનુમાને ક્ષણવારમાં રાક્ષસોને ભાંગી નાંખ્યા.

ભૂમિ ઉપર આવેલા ઈશાનેન્દ્રની જેમ, રાક્ષસોના ભંગથી ક્રોધિત બનેલા અને ત્રિશૂલને ધારણ કરનારાં કુંભકર્ણ, હવે જાતે જ યુદ્ધ કરવાને દોડ્યા. કેટલાકોને ચરણના પ્રહારથી, કેટલાકોને મુષ્ટિના ઘાતથી, કેટલાકોને કોણીના ઘાતથી, કેટલાકોને તલના ઘાતથી, કેટલાકોને મુદ્‌ગરના ઘાતથી, કેટલાકોને શૂળના ઘાતથી અને કેટલાકોને અન્યોન્યના ઘાતથી પણ એમ અનેક પ્રકારે કુંભકર્ણે વાનરોને હણી નાખ્યા. કલ્પાંતકાળના સમુદ્ર જેવા તે બળવાન કુંભકર્ણને આવતા જોઈને આ તરફથી સુગ્રીવ તેની સામે દોડ્યો. વધુમાં અગ્નિની જેમ ઉદ્યત થઈને ભામંડલ, દધિમુખ, મહેન્દ્ર, કુમુદ, અંગદ અને બીજાઓ પણ સુગ્રીવની પાછળ દોડ્યા.

## મૂર્ચ્છાધીન થયેલા કુંભકર્ણ

અને તે અવસરે સુગ્રીવ, ભામંડલ આદિ વાનરશ્રેષ્ઠોએ વિચિત્ર અસ્ત્રોને એકી સાથે વર્ષાવતાં થકાં, શિકારીઓ જેમ સિંહને રૂંધી

નાખે, તેમ શ્રી રાવણના નાનાભાઈ કુંભકર્ણને રૂંધી દીધો. એથી રોષે ભરાયેલા કુંભકર્ણે મુનિવાક્ય જેવું અમોઘ, બીજી કાળરાત્રિની જેમ પ્રસ્વાપન અસ્ત્ર તેઓના ઉપર મૂક્યું એથી દિવસે કુમુદખંડની જેમ પોતાની સેનાને ઉંઘતી જોઈને, સુગ્રીવે પ્રબોધિની નામની મહાવિદ્યાનું સ્મરણ કર્યું. એટલે રાત્રિ વ્યતીત થતાં પક્ષીઓ જેમ જાગૃત થાય, તેમ 'અરે કુંભકર્ણ ક્યાં છે ?' એમ જોરદાર કોલાહલને કરતાં વાનર સુભટો જાગૃત થયા. પછી કાન સુધી ધનુષ્ય જેણે ખેંચીને સેનાનાયક સુગ્રીવ સહિત યુદ્ધકુશળ વાનરકુંજરો, કુંભકર્ણને ઉપદ્રવ કરવા લાગ્યા. ત્યારબાદ વૈદ્ય જેમ રોગોને દૂર કરે તેમ સુગ્રીવે ગદાથી કુંભકર્ણના સારથિને, રથને અને અશ્વોને દળી નાખ્યા. હવે ભૂમિ ઉપર રહેલ કુંભકર્ણ, હાથથી મુદ્દગરને ઉંચો ઉપાડીને, એક શિખરવાળા ગિરિની જેમ સુગ્રીવની સામે દોડ્યો. યુદ્ધને માટે દોડતા એવા તેના અંગના મોટા પવનથી, જેમ હાથીના સ્પર્શથી વૃક્ષ પડી જાય તેમ ઘણા વાનરો પડી ગયા. સ્થળોથી નદીના વેગની જેમ, વાનરોથી અસ્ખલિત એવા કુંભકર્ણે મુદ્દગરના પ્રહારથી સુગ્રીવના રથને ચૂરી નાંખ્યો.

આથી સુગ્રીવે આકાશમાં ઉડી જઈને એક મોટી શિલાને, ઈન્દ્ર જેમ પર્વત ઉપર વજ્ર મૂકે તેમ, કુંભકર્ણ ઉપર મૂકી. પણ વાનરોને ઉત્પાતિકી રજોવૃષ્ટિ બતાવતા હોય તેમ કુંભકર્ણે પણ મુદ્દગર વડે તે શિલાને કર્ણશઃ કરી નાખી. પોતે મૂકેલી મોટી શિલા પણ નિષ્ફળ નીવડી, એટલે સુગ્રીવે તડ-તડ શબ્દ કરતું ઉત્કટ તડિદ્દંડ અસ્ત્ર કુંભકર્ણની ઉપર છોડ્યું. તે પ્રચંડ વિદ્યુદ્દંડને નિષ્ફળ બનાવી દેવાને માટે કુંભકર્ણે અનેક શસ્ત્રો ફેંક્યા, પરંતુ તે કારગત નીવડ્યા નહિ : અને તે પ્રચંડ વિદ્યુદ્દંડથી તાડિત થયેલ કુંભકર્ણ, જગત્‌ને માટે ભયંકર છે આકાર જેમનો એવા તે, કલ્પાંતકાળે પર્વતની જેમ પૃથ્વી ઉપર પડી ગયા. કુંભકર્ણ પણ ચરમશરીરી છે. તે મર્યા નથી, પરંતુ મૂર્છિત જ થયા છે.

પોતાનો ભાઈ કુંભકર્ણ મૂર્છિત થવાથી ક્રોધિત બનેલા શ્રી રાવણ સ્વયંમેવ યુદ્ધ કરવાને ચાલ્યા. ભ્રકુટીથી ભયંકર મુખવાળા શ્રી રાવણ અત્યારે સાક્ષાત્ યમ જેવા લાગતા હતા. એ વખતે શ્રી રાવણને

નમસ્કાર કરીને ઇન્દ્રજિતે કહ્યું કે, "હે સ્વામિન્ ! તમારી સામે રણમાં યમ, વરુણ, કુબેર, અથવા ઇન્દ્ર ઉભા રહેતા નથી, તો આ વાનરો શું ઉભા રહેશે ? માટે હે દેવ ! આપ થોભો. આ રુષ્ટ થયેલો એવો હું જઈને તેઓને મશક મુષ્ટિની જેમ હણી નાખીશ !" એ પ્રમાણે શ્રી રાવણને યુદ્ધમાં જતાં નિષેધીને, માનથી ઉર્ધ્વ ગ્રીવાવાળો મહાભુજ ઇન્દ્રજિત, કપિઓને હણતો છતો કપિસૈન્યમાં પેઠો.

## સુગ્રીવ ઇન્દ્રજિત સાથે અને ભામંડલ મેઘવાહન સાથે યુદ્ધમાં

તળાવમાં પાડો આવી પડતાંની સાથે જ દેડકાંઓ જેમ તળાવને છોડી દે, તેમ તે મહાપરાક્રમી શ્રી રાવણનો પુત્ર ઇન્દ્રજિત યુદ્ધભુમિમાં આવતાંની સાથે જ, ઇન્દ્રજિતની સમરભૂમિને વાનરોએ છોડી દીધી. ત્રાસ પામીને ભાગતા એવા વાનરોને ઇન્દ્રજિતે કહ્યું કે, "હે વાનરો ! તમે ઉભા રહો ! યુદ્ધ નહિ કરનારાઓને હું હણતો નથી, કારણકે હું શ્રી રાવણનો પુત્ર છું."

ઇન્દ્રજિત એમ કહેવા માંગે છે કે, "શ્રી રાવણ જેમ યુદ્ધ નહિ કરનારાઓને હણતા નથી તેમ શ્રી રાવણપુત્રો પણ યુદ્ધ નહિ કરનારાઓને હણતા નથી." યુદ્ધભૂમિમાંથી નાસતા એવા દુશ્મનના સુભટોને આવું કોણ કહે ? પોતાના બળ પ્રત્યે જેને વિશ્વાસ હોય તે. વધુમાં ઇન્દ્રજિત કહે છે કે, "હનુમાન ક્યાં છે ? સુગ્રીવ ક્યાં છે ? અથવા એ બેથી સર્યું. પણ વીરમાની એવા તે રામ-લક્ષ્મણ ક્યાં છે ?" એ પ્રમાણે ગર્વથી બોલતા, રોષથી રક્ત નેત્રોવાળા બનેલા તે ઇન્દ્રજિતને સુગ્રીવે ભૂજાના અહંકારથી યુદ્ધ માટે આહ્‌વાહ્‌ન કર્યું અને અષ્ટાપદની સાથે અષ્ટાપદની જેમ ભામંડલે પણ ઇન્દ્રજિતના નાના ભાઈ મેઘવાહન સાથે યુદ્ધ કરવાનું આદર્યું.

ત્રણે લોકને ભયંકર એવા તે ચાર પરસ્પર અથડાતા ચાર દિગ્ગજેન્દ્રો અને ચાર સાગરોની જેમ શોભી રહ્યા. તેઓના રથોનાં ગમનાગમનોથી પૃથ્વી કંપી, પર્વતો ખળખળ્યા અને મહાસાગર ક્ષોભ

પામ્યો. અત્યંત હસ્તલાઘવતાવાળા અને અનાકુળપણે યુદ્ધ કરનારા તેઓના બાણના આકર્ષણ અને મોક્ષ વચ્ચેનું અંતર જણાતું નહિ. અર્થાત્ તેઓ એટલા વેગથી અને એટલી ચપળતાથી બાણો ખેંચતા અને છોડતા કે તે ક્યારે ખેંચે છે ? અને ક્યારે છોડે છે? તે જણાતું નહિ.

લાંબા કાળ સુધી તેઓ લોહમય દેવાધિષ્ઠિત અસ્ત્રોથી લડ્યા. પણ તેઓમાંથી કોઈ જ કોઈનાથી પણ જીતાયું નહિ. એટલે ક્રોધે ભરાએલા ઈન્દ્રજિત અને મેઘવાહને સુગ્રીવ અને ભામંડલ તરફ ઉદ્ધત નાગપાશ અસ્ત્રને છોડ્યું અને એ અસ્ત્રના યોગે સુગ્રીવ અને ભામંડલ નાગપાશથી એવા બદ્ધ થઈ ગયા કે જેથી શ્વાસ લેવા-મૂકવાને પણ તેઓ અસમર્થ થઈ ગયા. જો વધુ વખત આ સ્થિતિમાં રહે તો મરણ પામે એવી તે બેની દશા થઈ. વળી આ તરફ સંજ્ઞાને પામેલા કુંભકર્ણે પણ રોષથી શ્રી હનુમાનને ગદા મારી અને એથી શ્રી હનુમાન મૂર્છિત થઈને પૃથ્વી ઉપર પડી ગયા. તે પછી હાથી જેમ સુંઢ વડે ઉપાડે તેમ કુંભકર્ણે શ્રી હનુમાનને તક્ષક જેવી વાળેલી ભુજાથી ઉપાડ્યા અને પછી શ્રી હનુમાનને કાંખમાં નાંખીને કુંભકર્ણ યુદ્ધભૂમિમાંથી પાછા વળ્યા.



# અમોઘ વિજયાશક્તિ શ્રી લક્ષ્મણ મૂર્ચ્છા અને જાગૃતિ

## ૩

રામ-રાવણના યુદ્ધમાં બંને પક્ષે જય-પરાજય થઈ રહ્યો છે. બંધનમાં પકડાયેલા સુગ્રીવ આદિને છોડાવવા માટે ફરજ સમજીને શ્રી બિભીષણ જાય છે, લઘુપિતાને આવતા જોઈને ઈન્દ્રજીત આદિ યુદ્ધભૂમિને છોડીને જતા રહે છે. છેવટે રાવણ-બિભીષણ સામ-સામે આવી જાય છે અને શ્રીરામચન્દ્રજી ઉપર કરાયેલા રાવણના આક્ષેપોને શ્રી બિભીષણ સચોટ રદીયો આપવા સાથે ફરી પણ હિતભરી વિનંતી કરે છે. આ પ્રસંગે ધર્મીજનને આપેલી પ્રવચનકારશ્રીની હિતશિક્ષા સદૈવ સ્મરણીય છે.

બે ભાઈ વચ્ચેના યુદ્ધમાં શ્રીરામચન્દ્રજીના ઈશારાથી શ્રી લક્ષ્મણજીનું વચ્ચે આવી જવું, અમોઘવિજયા શક્તિનો પ્રયોગ, મૂર્ચ્છિત લક્ષ્મણજી, શ્રી રામચન્દ્રજીનો વિલાપ, લંકામાં શ્રીમતી સીતાદેવીનો વિલાપ, મોહની મુંઝવણ, શ્રી રાવણની અવદશા, વિશલ્યાજળનો પ્રભાવ અને ધર્મ કરવાના ઈરાદાની સ્પષ્ટતા આ પ્રકરણના પ્રધાન વિષયો છે.

-શ્રી

## અમોઘ વિજયાશક્તિ શ્રી લક્ષ્મણ મૂર્ચ્છા અને જાગૃતિ

- સુગ્રીવાદિને છોડાવવા માટે શ્રી બિભીષણ તૈયાર થાય છે
- ભામંડલ-સુગ્રીવને નાગપાશથી છોડાવવાની ચિંતા
- નાગપાશોથી મુક્તિ અને જય જય નાદ
- ક્રમશઃ બંને સૈન્યોમાં ભંગ
- શ્રી રાવણની સામે શ્રી બિભીષણ યુદ્ધમાં
- શ્રી બિભીષણે શ્રી રાવણને આપેલો સચોટ ઉત્તર
- શ્રી રામચંદ્રજી ઉપર શ્રી રાવણે મૂકેલા જુઠ્ઠા આક્ષેપોનો પ્રતિકાર
- આજે ભાઈ-ભાઈમાં ભાગ માટે પ્રાણ લેવા સુધીનાં વેરઝેર પણ થાય છે
- ધર્મ વિરોધી બનેલાઓને ધર્મીઓ પણ યોગ્ય રીતે કહી શકે છે
- શ્રી રાવણ અને શ્રી બિભીષણ વચ્ચે યુદ્ધની શરૂઆત
- ઈન્દ્રજિત, કુંભકર્ણ, મેઘવાહન અને બીજા સુભટો બંધાયા
- અમોઘવિજયા મહાશક્તિ
- ભયંકર સ્થળોમાં પણ મહાપુરુષો પોતાની સજ્જનતા નથી ચૂકતા
- મહાશક્તિથી ભેદાઈને શ્રી લક્ષ્મણજી ભૂમિતલ ઉપર પડ્યા
- મૂર્ચ્છિત દશામાં રહેલ શ્રી લક્ષ્મણજીને ઉદ્દેશીને શ્રી રામચંદ્રજીનું કથન
- પરાક્રમી શ્રી રામચંદ્રજીને મોહ સતાવે છે
- શ્રી રામચંદ્રજીને શ્રી બિભીષણ કહે છે કે એક રાતમાં ઉપાય યોજો
- ચારદ્વારવાળા સાત કિલ્લાઓમાં રક્ષણનો ઉપાય
- લંકામાં સીતાજીનો કરુણ સ્વરે વિલાપ
- મોહની મૂંઝવણ આજની સ્વાર્થી દશા
- શ્રી રાવણની અવદશા મૂર્ચ્છા અને રુદન
- પ્રતિચંદ્ર વિદ્યાધર પોતાનો અનુભવ કહે છે
- "ધર્મીને ઘેર ધાડ અને પાપીને ઘી કેળાં" એ કહેવત વાસ્તવિક નથી
- પેટના નામે ધર્મવિરોધને પોષણ અપાય છે, એથી ચેતવા જેવું છે
- ધર્મભાવના હોય તો આરાધના કરાય અને કરાવાય
- ભામંડલ આદિ શ્રી ભરતની પાસે જાય છે
- શ્રી ભરતે સાથે આવી વિશલ્યાને મેળવી આપી
- અમોઘવિજયા મહાશક્તિ ચાલી ગઈ
- પૌદ્ગલિક ઈરાદો એ દુઃખ પમાડનારો ઈરાદો છે

# ૩

## અમોઘ વિજયાશક્તિ શ્રી લક્ષ્મણ મૂર્છા અને જાગૃતિ

### સુગ્રીવાદિને છોડાવવા માટે
### શ્રી બિભીષણ તૈયાર થાય છે

આ રીતે એક તરફ સુગ્રીવ અને ભામંડલ નાગપાશથી બંધાયા અને બીજી તરફ મૂર્ચ્છિત થયેલા શ્રી હનુમાનને બગલમાં ઘાલી કુંભકર્ણે ચાલવા માંડ્યું. તે પછી શું બન્યું તેનું વર્ણન કરતાં આ મહાકાવ્યના પ્રણેતા પરમઉપકારી. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે,

*ऊचे बिभीषणो रामं, स्वामिन्नेतौ हि ते बले ।*
*बलीयसौ सारभूतवानने नयने इव ॥१॥*
*बद्धौ वैदेहिसुग्रीवौ, रावणिभ्यां महोरगैः ।*
*यावल्लंकां न नीयेते, तावत्तौ मोचयाम्यहम् ॥२॥*
*हनुमान् कुंभकर्णेन, बद्धो दोष्णा महीयसा ।*
*लंकामप्राप्त एवायं, मोचनीयो रघूद्वह ! ॥३॥*
*स्वामिन् ! विना हि सुग्रीव, -भामंडलहनूमतः ।*
*अवीरमिव नः सैन्य, -मनुजानीहि यामि तत् ॥४॥*

"હે સ્વામિન્ ! સુગ્રીવ અને ભામંડલ એ જ બે આપના સૈન્યમાં બળવાન છે : અને મુખમાં બે નેત્રો જેમ સારભૂત છે તેમ બે વીરો જ આપના સૈન્યમાં સારભૂત છે. ઇન્દ્રજિત અને મેઘવાહન દ્વારા મોટા સર્પોથી બંધાએલા ભામંડલને અને સુગ્રીવને, જેટલામાં તેઓ લંકામાં ન ઘેરી જાય, તેટલામાં હું

છોડાવું. હે રઘુદ્વહ ! કુંભકર્ણથી મોટી ભૂજા દ્વારા બદ્ધ શ્રી હનુમાનને પણ તે લંકામાં પહોંચે તે પહેલાં જ છોડાવવા જોઈએ ! હે સ્વામીન્ ! સુગ્રીવ, ભામંડલ અને શ્રી હનુમાન વિનાનું આપણું સૈન્ય વીરરહિત જેવું છે. તો આપ મને આજ્ઞા કરો, જેથી હું તેમને છોડાવવાને માટે જાઉં !"

જુઓ કે આ રીતે શ્રી બિભીષણ પણ પોતાની ફરજ અદા કરવાને તૈયાર થઈ જાય છે.

આ પ્રમાણે શ્રી બિભીષણ શ્રી રામચંદ્રજી પ્રત્યે કહી રહ્યા છે. તેટલામાં જ એટલે કે, શ્રી રામચંદ્રજી કે શ્રીલક્ષ્મણજી કાંઈપણ ઉત્તર આપે તે પહેલાં જ, અંગદ નામનો યુદ્ધકુશળ સુભટ વેગથી જઈને, આક્ષેપ કરીને કુંભકર્ણની સાથે યુદ્ધ કરવા લાગ્યો. આથી ક્રોધમાં અંધ બનેલા કુંભકર્ણનો ભુજરૂપ પાશ ઉંચો થવાથી, પીંજરામાંથી પક્ષીની જેમ શ્રીહનુમાન ઉડીને ચાલ્યા ગયા.

આ તરફ શ્રી બિભીષણ પણ ભામંડલ અને સુગ્રીવને છોડાવવા માટે ઈન્દ્રજિત અને મેઘવાહન સાથે યુદ્ધ કરવાને રથમાં બેસીને દોડ્યા. કાકાને યુદ્ધ કરવાને માટે આવતા જોઈને ઈન્દ્રજિત અને મેઘવાહને જે વિચાર્યું અને કર્યું તેનું વર્ણન કરતાં ગ્રન્થકાર પરમર્ષિ ફરમાવે છે કે,

*दध्यतुश्चेन्द्रजिन्मेघवाहनावेष नः पितुः ।*
*अनुजः स्वयमभ्येति, कर्तुरस्माभिराहवम् ॥१॥*
*अनेन तातकल्पेन, योद्धव्यं कथमद्य हा ! ।*
*इतोऽपसरणं युक्तं, न ह्रीः पूज्याद्बिभ्यताम् ॥२॥*
*पाशबद्धाविमौ चारी, निश्चितं हि मरिष्यतः ।*
*इहैव हि तद्वासातां, तातो नान्वेति नौ यथा ॥३॥*
*विचिन्त्यैवं नेशतुस्तौ, धीमन्तौ रावणी रणात् ।*
*पश्यन् बिभीषणश्चास्थाद्, भामंडलकपीश्वरौ ॥४॥*

"આપના પિતાના આ નાનાભાઈ, આપણી સાથે યુદ્ધ કરવાને સ્વયં આવે છે. હા ! હવે પિતાતુલ્ય એમની સાથે કેમ લડાય ? માટે અહીંથી ખસી જવું એ યુક્ત છે અને પૂજ્યથી બ્હીવામાં કાંઈ શરમ જેવું ય નથી. વળી પાશમાં બંધાએલા આ બે શત્રુઓ નિશ્ચયથી મરવાના છે માટે તેમને અહીં જ મૂકી દઈએ જેથી કાકા

આપણી પાછળ આવે નહિ." એવો વિચાર કરીને બુદ્ધિમાન એવા તે બે શ્રી રાવણપુત્રો યુદ્ધભૂમિમાંથી નાસી ગયા, અને બદ્ધદશામાં રહેલા ભામંડલ તથા સુગ્રીવને જોતાં શ્રી બિભીષણ ત્યાં જ ઉભા રહ્યા.

### ભામંડલ-સુગ્રીવને નાગપાશથી છોડાવવાની ચિંતા

ઇન્દ્રજિત અને મેઘવાહન તો ભામંડલ અને સુગ્રીવને મૂકીને ચાલી ગયા. પણ હવે ભામંડલ તથા સુગ્રીવને નાગપાશથી છોડાવે કોણ ? પેલા તો શ્વાસ પણ લઈ શકતા નથી. એવું દૃઢબંધન છે અને જો વધુ વખત એ જ સ્થિતિમાં તેઓ રહે તો મરણ પામે એ ય શંકા વિનાની વાત છે. એટલે હવે તેમને નાગપાશથી છોડાવવા કરવું શું ? જાણે કે હિમથી ઢંકાયેલા સૂર્ય, ચંદ્ર ન હોય તેમ, ચિંતાથી મ્લાન વદનવાળા શ્રી રામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી ત્યાં રહ્યાં. અત્યારે તો સૌની મૂંઝવણ એક જ છે અને તે એ જ કે, "આમને હવે નાગપાશના બંધનથી કેમ છોડાવવા ?"

દુનિયામાં કહેવાય છે કે, "ભાગ્યશાળીને ભૂત રળે." એ કહેવતનો ભાવાર્થ એ છે કે, ભાગ્યવાનને માથે આપત્તિ આવી હોય ત્યારે પણ એને ગમે ત્યાંથી બચાવની સામગ્રી મળી રહે છે. ભૂત એ ય દેવતાની જાતિ છે. ભાગ્યવાનની દેવો પણ સેવા કરે છે. નિર્ભાગી મજૂરી કરીને મરે તોય ન મળે અને ભાગ્યશાળીને ગાદીએ બેઠા ય મળી જાય ! અહીં પણ અણધારી સહાય મળી ગઈ છે.

આપણે જોઈ ગયા છીએ કે, પૂર્વભવના વૈરથી કોપ કરીને દેવતા ભામંડલને જન્મતાંની સાથે જ ઉઠાવી ગયો હતો. શિલાતલ ઉપર અફાળી અફાળીને ભામંડલને હણી નાંખવાની તે દેવની ભાવના હતી, પરંતુ ભામંડલના સુભાગ્યના યોગે તે દેવની દુષ્ટ ભાવના ફરી ગઈ, તે દેવને ઉલ્ટો એવો વિચાર આવ્યો કે, "પૂર્વભવે મેં જે દુષ્ટ કર્મ કરેલું તેનું ફળ અનેક ભવોમાં ચિરકાળ મેં અનુભવ્યું છે. દૈવયોગે મુનિપણાને પ્રાપ્ત કરીને તેના પ્રતાપે હું આટલી ભૂમિકા સુધી આવ્યો છું. તો આ બાળકની હત્યા કરીને પાછો અનંતાભવોનું પરિભ્રમણ કરનારો હું શા માટે થાઉં

?" ભામંડલના ભાગ્યશાળી-પણાના યોગે દેવનો ક્રોધ તો ચાલ્યો ગયો, પણ આવો વિચાર આવ્યો. એટલું જ નહિ પણ જે દેવતા એને મારી નાંખવાને લાવ્યો હતો તે જ દેવતાએ એને કુંડલો આદિ આભૂષણોથી શણગારીને નંદન નામના ઉદ્યાનમાં જાળવીને મૂક્યો. ત્યાં ભામંડલ, વિદ્યાધરપતિ ચંદ્રગતિના પુત્ર તરીકે ઉછર્યો. એ રીતે ભામંડલ ભૂચર મટીને ખેચર બન્યો. આ બધું શાથી થયું ? કહેવું જ પડશે કે ભામંડલના ભાગ્યથી !

### નાગપાશોથી મુક્તિ અને જય જય નાદ

સુગ્રીવ તથા ભામંડલના બંધન છૂટે શી રીતે ? એ ચિંતાના યોગે વિચાર આવતાં જ શ્રી રામચંદ્રજીએ પૂર્વે જેણે સંકટ સમયે યાદ કરવાનું વચન આપ્યું છે. એવા મહાલોચન નામના સુવર્ણનિકાયના દેવપુંગવને સંભાર્યો. જ્યારે કુલભૂષણ અને દેશભૂષણ નામના બે મુનિવરો ઉપર દૈવી ઉપસર્ગ આવ્યો હતો, તે સમયે શ્રી રામચંદ્રજીએ તે મુનિવરોને ઉપસર્ગને દૂર કરવારૂપ ભક્તિ કરી હતી અને એથી પ્રસન્ન થયેલા મહાલોચન નામના ગરુડપતિ- દેવે શ્રી રામચંદ્રજીને ખાસ કહ્યું હતું કે. "હું કોઈપણ રીતે તમારી ઉપર ઉપકાર કરીશ." આવા પ્રકારનું જેણે પૂર્વે વચન આપ્યુ હતું તે મહાલોચન દેવને શ્રી રામચંદ્રજીએ આ ચિંતાના પ્રસંગે યાદ કર્યો. 'શ્રી રામચંદ્રજીએ સ્મરણ કર્યું' એ અવધિજ્ઞાનથી જાણીને મહાલોચન નામનો તે ગરુડપતિ દેવ ત્યાં આવ્યો.

શ્રી રામચંદ્રજીને તે દેવે સિંહનિનાદા નામની વિદ્યા, મુશલ, રથ અને હળ આપ્યાં. તેમજ શ્રીલક્ષ્મણજીને ગારૂડી વિદ્યા, રથ અને યુદ્ધમાં શત્રુસંહારક વિદ્યુદ્વદના નામની ગદા આપી. આ ઉપરાંત વરુણ, આગ્નેય અને વાયવ્ય વગેરે બીજા પણ દિવ્ય અસ્ત્રો તથા બે છત્ર તે દેવે શ્રી રામચંદ્રજી તથા લક્ષ્મણજી એ બંનેને આપ્યાં. આ પછી શ્રી લક્ષ્મણજીના વાહનભૂત ગરુડને જોઈને તે જ ક્ષણે સુગ્રીવ અને ભામંડલના પાશરૂપ સર્પો નાસી ગયા. આથી શ્રી રામચંદ્રજીના સૈન્યમાં

સર્વ બાજુએ જય જય નાદ થયો અને રાક્ષસસૈન્યની જેમ સૂર્યનો અસ્ત થયો. આ પ્રકારે આફત દૂર કરીને તે દેવ પણ ચાલ્યો ગયો.

### ક્રમશઃ બંને સૈન્યોમાં ભંગ

યુદ્ધના બે દિવસ તો થઈ ગયા, ત્રીજા દિવસની સવારે શ્રી રામચંદ્રજી અને શ્રી રાવણ- બંનેયના સારભૂત સૈન્યો સર્વ પ્રકારના બળથી યુદ્ધ કરવાને માટે રણાંગણમાં આવી પહોંચ્યા. પછીથી યમના દાંતની જેમ સ્ફુરાયમાન અસ્ત્રોથી ભયંકર, અકાળે આરંભાયેલ પ્રલયકાળનાં સંવર્ત મેઘ જેવો મહાસંગ્રામ તેઓની વચ્ચે પ્રવર્ત્યો. મધ્યાહ્ન કાળના તાપથી સંતપ્ત વરાહો જેમ તળાવડીને ક્ષોભ પમાડે તેમ ક્રોધે ભરાએલા રાક્ષસોએ વાનરોની સેનાને ક્ષુબ્ધ કરી નાંખી. પોતાના સૈન્યની ભગ્નપ્રાયઃ દશાને જોઈને સુગ્રીવ આદિ મહાપરાક્રમી વાનરસુભટો, યોગિઓ જેમ બીજા શરીરમાં પેસે તેમ રાક્ષસસૈન્યોમાં પેઠા. આથી ગરુડોથી સર્પોની જેમ અને જળથી કાચા ઘડાઓની જેમ, તે કપીશ્વરોથી આક્રાંત થયેલા રાક્ષસો પણ ભાગી ગયા.

### શ્રી રાવણની સામે શ્રી બિભીષણ યુદ્ધમાં

રાક્ષસોના ભંગથી સંક્રુદ્ધ થયેલ અને પોતાના મહારથના પ્રચારથી જાણે પૃથ્વીને ફાડતા હોય તેમ શ્રી રાવણ સ્વયં યુદ્ધમાં દોડ્યા. દાવાનળની જેમ વેગથી પ્રસરતા અને બળવાન એવા તે શ્રી રાવણની આગળ કપિવીરોમાંથી કોઈ એક મુહૂર્ત જેટલો વખત પણ ટક્યો નહિ. આથી શ્રી રામચંદ્રજી પોતે જ શ્રી રાવણની સાથે યુદ્ધ કરવાને ચાલ્યા, એટલે શ્રી બિભીષણે તેમને વિનયપૂર્વક નિષેધ્યા અને પોતે ક્ષણવારમાં યુદ્ધભૂમિમાં આવીને શ્રી રાવણને રૂંધ્યાં. એટલે ભાઈ સામે ભાઈ આવીને ઉભા રહ્યા.

પોતાની સાથે યુદ્ધ કરવાને માટે આવેલા પોતાના ભાઈ શ્રી બિભીષણને શ્રી રાવણે કહ્યું કે,

*तं रावणोऽवदद्रे रे, कं श्रितोऽसि बिभीषण ! ।*
*क्रुद्धस्य मम येनाजौ, क्षिप्तः कवलवन्मुखे ॥१॥*

*व्याधेनेव किरौ श्वानं, मयि त्वां रे प्रहिण्वता ।*
*रामेण मंत्रितं साधु, साध्विदं ह्यात्मरक्षणम् ।।२।।*
*अद्यापि मम वात्सल्यं, त्वयि वत्सास्ति गच्छ तत् ।*
*एतौ ह्यद्य हनिष्यामि, ससैन्यौ रामलक्ष्मणौ ।।३।।*
*"अमीषां वध्यमानानां, मां संख्यापूरणः स्म भूः ! ।*
*एहि स्वस्थानमेव त्वं, पृष्ठे हस्तोऽयमद्य ते ।।४।।*

"હે શ્રી બિભીષણ ! તું કોના આશ્રયે ગયો છે. કે જેણે યુદ્ધમાં ક્રોધ ભરાએલા એવા મારા મોઢામાં તને કોળીયાની જેમ ફેંક્યો છે ? શિકારી જેમ ડુક્કર ઉપર કૂતરાને મોકલે તેમ તને મારી ઉપર મોકલતા રામે વિચાર તો સારો કર્યો અને આત્મરક્ષણ પણ સારું કર્યું. હે વત્સ ! હજુ સુધી તારા ઉપર મારું વાત્સલ્ય છે. માટે તું ચાલ્યો જા ! અને એ બે રામ- લક્ષ્મણને તો સૈન્યસહિત આજે હું નિશ્ચયપૂર્વક હણી નાંખીશ. એ હણાનારાઓનો તું સંખ્યાપૂરક થા નહિ અને સ્વસ્થાને જ તું ચાલ્યો જા ! તારી પીઠ ઉપર આજે મારો હાથ છે."

**સભાઃ** સામાને શ્વાન બનાવતાં પોતે ડુક્કર બન્યા ?

આવેશમાં એ ભાન ન રહે. સામાને કૂતરાની ઉપમા આપવી હોય ત્યારે સામે ભૂંડની ઉપમા લેવી પડે. કારણકે દૃષ્ટાંત તો ઘટતું લેવાય ને ? વળી અશુભોદય આવતો હોય ત્યારે ભાષા પણ કેટલીક્વાર ભવિષ્યની આગાહી આપનારી નીકળી જાય છે. શ્રી રાવણ પોતે જ કહે છે કે શ્રી રામચંદ્રજી એ શિકારી છે અને પોતે એમના ડુક્કરરૂપ શિકાર છે.

### શ્રી બિભીષણે શ્રી રાવણને આપેલો સચોટ ઉત્તર

*बिभीषणोऽप्युवाचैवं, रामोऽन्तक इव स्वयम् ।*
*अयासीत्त्वां प्रति क्रुद्धो, निषिद्धश्च मया च्छलात् ।।१।।*
*त्वां बोधयितुकामोऽहं, युद्धव्याजादिहागतः ।*
*अद्यापि मुच्यतां सीता, प्रसीद कुरु मद्वचः ।।२।।*
*हन्त मृत्युभयान्नाहं, राज्यलोभेन नापि वा ।*
*गतोऽस्मि रामं निर्वाद-भयात् किंतु दशानन ! ।।३।।*

सीतार्पणेन निर्वाद्वं, प्रणाशय यथा ह्यम् ! ।
पुनरेव श्रयामि त्वां, विहाय रघुपुंगवम् ॥७॥

"શ્રી રાવણના કથનની સામે શ્રી બિભીષણે પણ કહ્યું કે." રામ યમની જેમ ક્રોધ કરીને આપની પ્રત્યે સ્વયં ચાલતા હતા. પરંતુ છળથી મેં તેમને નિષેધ્યા. આપને બોધ કરવાની ઇચ્છાવાળો, હું યુદ્ધના બહાનાથી અહીં આવ્યો છું. હે ભાઈ !આપ પ્રસન્ન થાઓ. મારા કહ્યા મુજબ કરો અને હજુ પણ સીતાને છોડી દો. હે દશાનન ! હું કાંઈ મૃત્યુના ભયથી કે રાજ્યના લોભથી રામને શરણે ગયો નથી. કિંતુ અપવાદના ભયથી ગયો છું. જો આપ સીતાનું અર્પણ કરવા દ્વારા એ અપવાદનો નાશ કરો તો, રામને છોડીને પુનઃ પણ હું આપના આશ્રયને કરું."

શ્રી બિભીષણે પોતાના ટૂંક કથનમાં અનેક વસ્તુઓ જણાવી દીધી. સૌથી પહેલાં તો શ્રી બિભીષણે શ્રી રામચંદ્રજી ઉપર શ્રી રાવણ દ્વારા મૂકાયેલા જુઠ્ઠા આક્ષેપનો પ્રતિકાર કર્યો. શ્રી બિભીષણે શ્રી રામચંદ્રજીને અત્યારે સ્વામી તરીકે સ્વીકારેલા છે, એટલે એક વફાદાર અને નીતિમાન સેવક તરીકે તેઓ પોતાના સ્વામીની ઉપર મૂકાએલા જુઠ્ઠા આક્ષેપનો સચોટ ઉત્તર આપે, એ તદ્દન સ્વાભાવિક છે. બળવાન એવા વડિલ ભાઈની શેહમાં તણાઈને પણ શક્તિસંપન્ન ન્યાયનિષ્ઠ સેવકો સ્વામીની બદનામીને સહી લેનારા નથી હોતા.

એ જ રીતે દેવ-ગુરુ ધર્મના ઉપર જ્યારે જુઠ્ઠા આક્ષેપો મૂકાય, દેવ-ગુરુ-ધર્મને માટે એલફેલ લખાય કે બોલાય અને દેવ-ગુરુ ધર્મ ઉપર હિચકારા હુમલાઓ કરીને ધર્મના નાશનો નીચ પ્રયત્ન થઈ રહ્યો હોય ત્યારે જેઓ દેવ ગુરુ-ધર્મને વફાદાર રહેવામાં પોતાનું આત્મશ્રેય સમજતા હોય, તેઓ તેનો છતી શક્તિએ પ્રતિકાર કર્યા વિના રહી શકતા નથી. દેવ-ગુરુ ધર્મ પ્રત્યેનો ભક્તિરાગ એવા સમયે શાસનના સાચા સેવકના હૃદયમાં સ્વાભાવિક રીતે જ પ્રતિકારની લાગણી ઉત્પન્ન કરી દે છે. પોતાની ઉપર આવનાર સંખ્યાબંધ હુમલાઓ સમભાવે સહનારા સમતાશીલ આત્માઓમાં પણ શાસનને જેઓ વફાદાર હોય છે, તેઓ દેવ-ગુરુ ધર્મ ઉપરના

જુઠ્ઠા આક્ષેપોનો છતી શક્તિએ અને છતાં સંયોગોએ પ્રતિકાર કર્યા વિના રહે એ પ્રાયઃ બનવાજોગ વસ્તુ જ નથી.

### શ્રી રામચંદ્રજી ઉપર શ્રી રાવણે મૂકેલા જુઠ્ઠા આક્ષેપોનો પ્રતિકાર

શ્રી રાવણે કહ્યું કે, "રામે તને કોળીયાની જેમ મારા મોંઢામાં ફેંકયો છે અને એ રીતે આત્મરક્ષણ કર્યું છે. એવા કથન દ્વારા શ્રી રાવણ એમ જણાવવા ઇચ્છે છે કે રામ કાયર છે અને એથી પોતે યુદ્ધ કરવાને નહિ આવતાં શ્રી બિભીષણને મોકલી આત્મરક્ષણ કર્યું. શ્રી રામચંદ્રજી ઉપર આ પ્રકારનો તદ્દન જૂઠ્ઠો આક્ષેપ શ્રી રાવણ દ્વારા મૂકાયો, એટલે ન્યાયનિષ્ઠ શ્રી બિભીષણે પોતાના બળવાન વડિલ ભાઈને પણ એવા ભાવનું કહી દીધું કે, "ક્રોધે ભરાએલા શ્રી રામ તો યમની જેમ આપની તરફ ચાલ્યા હતા, એટલે એ કાયર છે કે એમણે આત્મરક્ષણ માટે મને મોકલ્યો છે. એ વાત ખોટી જ છે. હું જ પોતે તેમને આવતા રોકીને આપને બોધ કરવાને માટે અહીં આવ્યો છું." આ પ્રકારે શ્રી રાવણે મૂકેલા જૂઠ્ઠા આક્ષેપનો પ્રતિકાર કર્યા પછી શ્રી બિભીષણે કહ્યું કે, "હજુ પણ પ્રસન્ન થઈને મારું કહ્યું માની મહાસતી સીતાને છોડી દો !" હજુ પણ પોતાનો ભાઈ ઉન્માર્ગથી પાછો હઠે અને ઉન્માદ ત્યજી સદ્‌બુદ્ધિને ભજે તો સારું એવી શ્રી બિભીષણની કામના છે. એમ આથી પણ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

### આજે ભાઈ-ભાઈમાં ભાગ માટે પ્રાણ લેવા સુધીનાં વેરઝેર પણ થાય છે

શ્રી રાવણ અને શ્રી બિભીષણ એ બંને એક જ બાપના દીકરા છે. બે ય વીર છે. એ ભાઈ આજના જેવા નહોતા. ગુરુ-શિષ્યની જેમ પહેલાં સાથે રહેલાં છે. પહેલાં તો નાના ભાઈઓ મોટાને પિતાની જેમ માનતા અને ચરણમાં આળોટતા. મોટા ભાઈઓ પણ નાના ભાઈઓને વત્સ કહેતા અને વાત્સલ્યથી એની પૂરતી સંભાળ લેતા. શ્રી રાવણ

અને શ્રી બિભીષણ પણ એ રીતે વર્ત્યા છે. આજે તો ભાઈ-ભાઈમાં ભાગ માટે પ્રાણ લેવા સુધીના વેરઝેર પણ કેટલેક ઠેકાણે થાય છે. શ્રી બિભીષણ એ સાચા ભાઈ છે. શ્રી રામચંદ્રજીને શરણે જવામાં શ્રી બિભીષણે સત્ય પક્ષનો સ્વીકાર કર્યો છે અને પોતાના કુળના ભલાને માટે એ જ માર્ગ એમને હિતાવહ લાગ્યો છે. અત્યારે પણ શ્રી રાવણને સમજાવવાની જ એમની બુદ્ધિ પ્રધાનપણે છે.

આથી શ્રી બિભીષણ સ્પષ્ટપણે કહે છે કે, "હું મૃત્યુના ભયથી ડરી જઈને કે રાજ્યના લોભથી લલચાઈ જઈને શ્રી રામના શરણે આવ્યો નથી, પણ અપવાદના ભયથી આવ્યો છું. અર્થાત્ આપે કુળને કલંક લગાડનારું કાર્ય કર્યું, અન્યાય કર્યો. પરસ્ત્રીનું હરણ કર્યું, એમાં હું પણ સામેલ હતો, એવા અપવાદના ભયથી હું શ્રી રામના શરણે આવ્યો છું. અથવા તો કોઈ એમ ન કહે કે રાક્ષસકુળના બધા જ આવા કાળા કૃત્યને પસંદ કરનારા હતા. એમાં કોઈ ન્યાયી જ ન હતું અને આખું કુળ જ એવું ખરાબ હતું એવા અપવાદના ભયથી હું અહીં આવ્યો છું."

**ધર્મ વિરોધી બનેલાઓને ધર્મીઓ પણ યોગ્ય રીતે કહી શકે છે**

આ રીતે જણાવ્યા પછી છેલ્લે છેલ્લે શ્રી બિભીષણ ત્યાં સુધી કહે છે કે, "હજુ પણ જો શ્રીમતી સીતાને અર્પણ કરવા દ્વારા એ અપવાદનો આપ નાશ કરો, તો શ્રી રામને છોડીને પહેલાની જેમ પુનઃ પણ હું આપનો આશ્રય સ્વીકારું !"

ધર્મવિરોધી બનેલા પોતાના સંબંધીઓને ધર્મી આત્માઓ પણ આ રીતે કહી શકે છે. "આપણું જૈન કુળ શ્રી જિનશાસનને વફાદાર રહેવું જોઈએ. શ્રીજિનશાસનને વફાદાર રહેવામાં જ આપણા કુળની શોભા અને આપણું કલ્યાણ, ધર્મના વિરોધી બનીને તમે જૈનકુળને કલંકિત કર્યું છે. તમારી સાથે રહીને અમે પણ તમારા ધર્મવિરોધના પાપી કાર્યમાં સંમત હતા એમ જણાવવાને અમે ઇચ્છતા નથી. જો ધર્મવિરોધનું કલંક ટાળો તો અમારો-તમારો મેળ, નહિતર નહિ. તમે

તમારે રસ્તે અને અમે અમારે રસ્તે." આવું ધર્મવિરોધી બનેલા પોતાના સંબંધીઓને પણ ધર્મી આત્માઓ સ્પષ્ટ કહી શકે છે અને એ કથનમાં બીજો કોઈ પણ સાંસારિક સ્વાર્થ ન હોય, કેવળ ધર્મલાગણી જ હોય, તો લઘુકર્મી સંબંધીઓ નિમિત્ત પામીને સુધરી જાય, એમ પણ બને.

શ્રી રાવણનો તો વિનાશકાળ નજદીક આવ્યો છે, પુણ્યોદય ખૂટ્યો છે અને પાપોદય વધ્યો છે. આ દશામાં શ્રી બિભીષણની હિતકારી શિખામણ પણ તેમને ન રુચે એ સ્વાભાવિક છે. આવા વખતે એટલે આંતર શત્રુઓની કારમી આધીનતાવાળી દશામાં, સારી અને સાચી વાત પણ ખરાબ લાગે તેમજ ક્રોધ ઉત્પન્ન કરીને ઉન્માદી બનાવે એ ય બનવાજોગ છે. શ્રી બિભીષણના કથનથી ક્રોધિત થઈને શ્રી રાવણ કહે છે કે, 'રે કાયર અને દુર્બુદ્ધિવાળા શ્રી બિભીષણ !"

દુર્બુદ્ધિવાળું અત્યારે કોણ ? શ્રી રાવણ ! છતાં સદ્‌બુદ્ધિવાળા શ્રી બિભીષણને શ્રી રાવણ દુર્બુદ્ધિવાળા કહે છે, ઉન્માર્ગે ચઢીને ભાનભૂલા બનેલા તેમજ પોતાની અન્યાયી તથા કારમી દુર્બુદ્ધિવાળા વલણને પકડી બેઠેલાઓ, અજ્ઞાનાદિથી આંધળા બની જઈને સદ્‌બુદ્ધિવાળાને પણ દુર્બુદ્ધિવાળા કહે એમાં નવાઈ પામવા જેવું નથી, પણ એવાઓની દયા ખાવા જેવું જ છે !

### શ્રી રાવણ અને શ્રી બિભીષણ વચ્ચે યુદ્ધની શરૂઆત

શ્રી રાવણ કહે છે કે "રે કાયર દુર્બુદ્ધિવાળા શ્રી બિભીષણ ! શું હજુ પણ તું મને બીક બતાવે છે ? મેં તને જે કાંઈ કહ્યું એ તો ભાઈની હત્યાના ભયથી કહ્યું છે, પણ કાંઈ બીજા હેતુથી કહ્યું નથી !" આટલું કહીને શ્રી રાવણે ધનુષ્યનું આસ્ફાલન કર્યું, એટલે આ અવસરે શ્રી બિભીષણ શું કરે ? શ્રી બિભીષણે પણ કહ્યું કે, "મેં પણ તમને જે કાંઈ કહ્યું તે ભાઈની હત્યાના ભયથી જ કહ્યું છે." કાંઈ બીજા હેતુથી કહ્યું નથી. અને એમ કહીને તે શ્રી બિભીષણે પણ ધનુષ્યનો ટંકાર કર્યો.

બસ, પછી શું હોય ? યુદ્ધ. યુદ્ધને માટે ઉદ્યત થયેલા તે બંને

ભાઈઓ વિચિત્ર અસ્ત્રોને ખેંચતા અને નિરંતર વર્ષાવતા થકા યુદ્ધ કરવાને પ્રવર્ત્યા. શ્રી બિભીષણને હવે યુદ્ધ કર્યા વિના ચાલે તેમ ન હતું. કારણકે પોતે શ્રી રામચંદ્રજીને રોકીને યુદ્ધ કરવાનું કહીને આવેલ છે. યુદ્ધ કરતાં પહેલાં યથોચિત સમાધાનની વાત કરી લીધી. પણ યથોચિત સમાધાનનો પ્રયત્ન નિષ્ફળ ગયો એટલે હવે બીજો ઉપાય રહ્યો નહિ.

આમ એ અવસરે ઈન્દ્રજિત, કુંભકર્ણ અને બીજા પણ રાક્ષસો સ્વામીભક્તિથી યમરાજનાં કિંકરોની જેમ યુદ્ધભૂમિમાં તે તરફ દોડી આવ્યા. એ રાક્ષસસુભટોની સામે વાનરસેનામાંથી પણ એમને રોકવા માટે મોટા સુભટો આવી રોકાણા. કેમકે શ્રી બિભીષણને એક પણ પ્રહાર ન પડે અને શ્રી બિભીષણના યુદ્ધમાં ભંગાણ ન થાય એય હેતુ છે. હવે જીવ પરની લડત છે, કોની કોની સામે, કોણ કોણ રોકાયાં ? તે હવે ગ્રન્થકાર પરમર્ષિ ફરમાવે છે : કુંભકર્ણની સામે શ્રી રામચંદ્રજી, ઈન્દ્રજિતની સામે શ્રી લક્ષ્મણજી, સિંહજઘનની સામે નીલ, ઘટોદરની સામે દુર્મર્ષ, દુર્મતિની સામે સ્વયંભૂ, શંભુની સામે નલ નામનો વીર, મયની સામે અંગદ, ચન્દ્રણખની સામે સ્કન્ધ, વિઘ્નની સામે ચન્દ્રોદરનો પુત્ર, કેતુની સામે રાજા ભામંડલ, જંબુમાલિની સામે શ્રીદત્ત, કુંભકર્ણના દીકરા કુંભની સામે પવનંજય પુત્ર શ્રી હનુમાન, સુમાલ નામના રાક્ષસની સામે કિષ્કિંધાનગરીનો સ્વામી સુગ્રીવ, ધૂમાક્ષ નામના રાક્ષસની સામે કુન્દ અને સારણ નામના રાક્ષસસુભટની સામે વાલીપુત્ર ચન્દ્રરશ્મિ. એમ જુદા જુદા રાક્ષસ સુભટોને તેવા તેવા વાનરસુભટોએ રૂંધ્યા અને સમુદ્રમાં જળજંતુઓની સાથે જળજંતુઓ લડે તેમ તે વાનર સુભટો તે રાક્ષસ સુભટો સાથે યુદ્ધ કરવા લાગ્યાં.

### ઈન્દ્રજિત, કુંભકર્ણ, મેઘવાહન અને બીજા સુભટો બંધાયા

આ પ્રકારે જ્યારે ભયંકરમાં ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે, તે વખતે ક્રોધથી ઈન્દ્રજિતે શ્રી લક્ષ્મણજીની તરફ તામસ અસ્ત્રને છોડ્યું. શત્રુને પરિતાપ કરનારા શ્રીલક્ષ્મણજીએ પણ તરત જ અગ્નિથી મીણના

પિંડની જેમ ઇન્દ્રજિતે છોડેલા તે અસ્ત્રને તપનાસ્ત્ર વડે ગાળી નાખ્યું. પછી ઇન્દ્રજિત ઉપર શ્રી લક્ષ્મણજીએ ક્રોધથી નાગપાશ અસ્ત્રને મૂક્યું અને એથી તે જળમાં તંતુની જેમ હાથી બંધાય તેમ નાગપાશ અસ્ત્રથી તરત જ બંધાઈ ગયો. નાગાસ્ત્રથી સર્વાંગે આક્રમણ કરાએલો ઇન્દ્રજિત વજ્રની જેમ પૃથ્વીને ચીરતો પૃથ્વી ઉપર પડ્યો. પછી વિરાધે શ્રીલક્ષ્મણજીની આજ્ઞાથી ઇન્દ્રજિતને પોતાના રથમાં નાંખ્યો અને કારાગૃહના રક્ષકની જેમ તરત જ તેને પોતાની શિબિરમાં લઈ ગયો. શ્રી રામચંદ્રજીએ પણ નાગપાશોથી કુંભકર્ણને બાંધ્યા અને પછીથી શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી ભામંડલ તેમને પોતાની છાવણીમાં લઈ ગયા. શ્રી રામચંદ્રજીના સૈનિકોએ મેઘવાહન આદિ બીજા પણ રાક્ષસ સુભટોને બાંધ્યા અને તે શ્રી રામચન્દ્રજીના સેવકો તેઓને પણ પોતાની છાવણીમાં લઈ ગયા. આજના આ ભીષણમાં ભીષણ યુદ્ધમાં રાક્ષસસુભટોનો મોટોભાગ કારાગૃહવાસી બન્યો.

"ઇન્દ્રજિત, કુંભકર્ણ અને મેઘવાહન જેવા મહાપરાક્રમી સુભટો અને સ્વજનો બંધાઈ જાય અને શત્રુપક્ષ તેમને બાંધીને પોતાની છાવણીમાં લઈ જાય તેમજ બીજા પણ રાક્ષસસુભટો બંધાઈ જાય અને શત્રુદળ તેને બાંધીને પોતાની છાવણીમાં કેદ રાખે એ શ્રી રાવણને શોક અને ક્રોધ ઉપજાવે જ ને ? એ જોઈને શ્રી રાવણ ક્રોધ તથા શોકથી સમાકુળ થઈ ગયા અને જયલક્ષ્મીના મૂળરૂપ શૂલને શ્રી રાવણે શ્રી બિભીષણની તરફ ફેંક્યું. શ્રી લક્ષ્મણજીએ પોતાના તીક્ષ્ણ બાણોથી તે શૂલને અધવચમાં જ જેમ કદલીકાંડને લીલાપૂર્વક ક્ષણશ: કરી શકાય તેમ ક્ષણશ: કરી નાંખ્યું. અર્થાત્ શ્રી લક્ષ્મણજીએ તે શૂલના વચ્ચે જ ભૂક્કા કરી નાખ્યા."

### અમોઘવિજયા મહાશક્તિ

પોતાના શૂલના ભૂક્કા થઈ ગયેલા જોઈને વિજયાર્થી એવા શ્રી રાવણે, ધરણેન્દ્રે આપેલી તે 'અમોઘવિજયા' નામની મહાશક્તિને

ઉપાડી. ધગ ધગ કરતી. જલતી અને તડ્ તડ્ એવો અવાજ કરતી તે મહાશક્તિને પ્રલયકાળના મેઘની વિદ્યુલ્લેખાની જેમ, શ્રી રાવણે આકાશમાં ભમાવી. આથી આકાશમાંથી દેવો ખસી ગયા, સૈનિકોએ આંખો બંધ કરી દીધી અને સુસ્થિતોમાંથી પણ તેને જોઈને કોઈપણ સુસ્થિત રહ્યા નહિ. અર્થાત્ એ મહાશક્તિના તેજની સામે કોઈ ટકી શક્યું નહિ.

એ મહાશક્તિને જોતાં શ્રી રામચંદ્રજીને પણ એમ થઈ ગયું કે શ્રી બિભીષણ એની સામે ટકી શકશે નહિ, પણ એનાથી હણાઈ જશે. એટલે શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણને કહ્યું કે "આ શ્રી બિભીષણ આપણો મહેમાન છે, આશ્રિત છે. એ જો હણાય તો આશ્રિતનો ઘાત કરનાર આપણને ધિક્કાર છે ! અર્થાત્ આપણે કોઈપણ ભોગે શ્રી બિભીષણને બચાવી લેવો જ જોઈએ."

**ભયંકર સ્થળોમાં પણ મહાપુરુષો પોતાની સજ્જનતા નથી ચૂકતા**

શ્રી બિભીષણ શ્રી રામચંદ્રજીના શરણે ગયેલ છે અને શરણાગતનો નાશ થાય, તે પોતે આશ્રિતના ઘાતક કહેવાય. એમ શ્રી રામચંદ્રજી માને છે. શ્રી રામચંદ્રજીને શ્રીલક્ષ્મણજી ઉપર પ્રેમ નહોતો એમ નહિ. પણ ક્ષત્રિયો શરણાગતનું પોતાના પુત્રાદિના ભોગે પણ રક્ષણ કરનારા હોય છે. પોતાના પ્રાણના ભોગે પણ શરણાગતનું રક્ષણ કરવું, એવી દૃઢ માન્યતા ક્ષત્રિયોની હોય છે. શરણ આપ્યા પછી શરણે આવેલાને બચાવવો નહિ, એને ક્ષત્રિયો કાયરતા સમજે છે. એ માટે બધી રીતે તારાજ થઈ જવું પડે તો ક્ષત્રિયો તારાજ થઈ જાય. પણ શરણાગતનો ચાલે ત્યાં સુધી પોતાના જીવતાં, શત્રુથી હણવા ન દે. જુઓ, તે ભયંકર યુદ્ધભૂમિમાં પણ આ પુણ્યવાનો નીતિને નથી ચૂકતા. ખરેખર ભયંકર સ્થળોમાં પણ મહાપુરુષો પોતાની સજ્જનતાને નથી છોડતા.

## મહાશક્તિથી ભેદાઈને શ્રી લક્ષ્મણજી ભૂમિતલ ઉપર પડ્યા

શ્રી રામચંદ્રજીના શરણે આવ્યા પછીથી નીતિમાન શ્રી બિભીષણ શ્રી લક્ષ્મણજીના મિત્રરૂપ બની ગયા છે. શ્રી લક્ષ્મણજી જેમ આજ્ઞાંકિત છે. તેમ મિત્રવત્સલ પણ છે. આથી જ "આ બીભીષણ આપણો મહેમાન છે. આશ્રિત છે. એ જો હણાય તો આશ્રિતનો ઘાત કરનારા આપણને ધિક્કાર છે." એવા શ્રી રામચંદ્રજીના વચનોને સાંભળીને મિત્રવત્સલ એવા શ્રી લક્ષ્મણજી શ્રી રાવણને આક્ષેપ કરતા થકા. શ્રી બિભીષણની આગળ જઈને ઉભા રહ્યા. ગરુડસ્થ શ્રી લક્ષ્મણજીને શ્રી બિભીષણની આગળ ઉભેલા જોઈને શ્રી રાવણે કહ્યું કે - "તારે માટે મેં શક્તિને ઉપાડી નથી, માટે બીજાના મૃત્યુ દ્વારા તું મર નહિ ! એટલે કે બીજાનું મૃત્યું થવાનું છે તો તું મર નહિ !" પણ એટલું કહ્યા બાદ તરત જ શ્રી રાવણ કહે છે કે "અથવા તો તું મર, કારણકે તું જ મારે માટે મારવાને યોગ્ય છો ! આ બીચારો બિભીષણ તો તારે સ્થાને મારી આગળ ઉભેલો છે." એ પ્રમાણે કહીને પડતા ઉત્પાત વજ્રના જેવી તે શક્તિને ભમાવીને શ્રી રાવણે શ્રી લક્ષ્મણજીના ઉપર છોડી.

શ્રી લક્ષ્મણજીએ, સુગ્રીવે, હનુમાને, નલે, ભામંડલે, વિરાધે અને બીજાઓએ પણ આવી પડતી એવી તે અમોઘવિજયા મહાન શક્તિને પોતપોતાનાં અસ્ત્રો વડે તાડિત કરી, પરંતુ ઉન્મત્ત બનેલો હાથી જેમ અંકુશની અવજ્ઞા કરે, તેમ તે બધાના અસ્ત્રોના સમૂહની અવજ્ઞા કરીને તે શક્તિ સમુદ્રમાં જેમ વડવાનળ પડે તેમ શ્રી લક્ષ્મણજીના ઉરસ્થલ ઉપર પડી. તેનાથી ભેદાએલા શ્રી લક્ષ્મણજી પૃથ્વી ઉપર પછડાયા અને તેમના સૈન્યમાં મોટો હાહાકાર ચારે તરફ વર્તી રહ્યો.

આ વખતે શ્રી રામચંદ્રજીને ક્રોધ આવ્યા વિના રહે ? સિંહ જોડેલા રથમાં બેઠેલા, ક્રોધે ભરાયેલા અને શ્રી રાવણને હણવાની ઈચ્છાવાળા શ્રી રામચંદ્રજીએ, શ્રી રાવણને યુદ્ધ કરાવવાનો આરંભ

કર્યા. સિંહના રથમાં બેઠેલા શ્રી રામચંદ્રજીએ ક્ષણમાત્રમાં દુશ્મન એવા શ્રી રાવણને રથહીન કરી નાખ્યા. એટલે શ્રી રાવણ પણ વેગથી બીજા રથ ઉપર આરૂઢ થઈ ગયા. શ્રી રાવણના બીજા પણ રથના શ્રી રામચંદ્રજીએ ભૂક્કા ઉડાવી દીધા. એ રીતે જગતમાં અદ્વૈત પરાક્રમવાળા શ્રી રામચંદ્રજીએ શ્રી રાવણને તેમના રથોને એ પ્રમાણે ભાંગી ભાંગીને, પાંચવાર રથહીન કરી નાખ્યા. શ્રી રામચંદ્રજીના પરાક્રમની હવે તો શ્રી રાવણને બરાબર ખબર પડી ને ?

**સભા** : સામે આવે ત્યારે જ ખબર પડે ને ?

**પૂજ્યશ્રી** : અહીંની વાત જવા દો. એ રીતે બોલવું એ ઉચિત નથી. એ તો શ્રી જિનશાસનનો પ્રભાવ છે કે શાસનના ગમે તેવા શત્રુઓ પણ નિષ્પ્રભ થઈ જાય.

આ રીતે પાંચ પાંચ વાર પોતાના રથોને શ્રી રામચંદ્રજીએ ભાંગી નાખ્યા. એટલે શ્રી રાવણે વિચાર કર્યો કે, "આ રામ ભાઈના સ્નેહથી સ્વયં મરશે જ. તો હવે હાલમાં આને યુદ્ધ કરાવવાએ કરીને મારે શું ?" એવો વિચાર કરીને શ્રી રાવણ તરત જ લંકાપુરીમાં ચાલ્યા ગયા. અને શ્રી રામચંદ્રજીના શોકથી આતુર થયો હોય તેમ તે વખતે સૂર્ય અસ્તને પામ્યો.

### મૂર્ચ્છિત દશામાં રહેલ શ્રી લક્ષ્મણજીને ઉદ્દેશીને શ્રી રામચંદ્રજીનું કથન

શ્રી રાવણ ભાગી ગયા એટલે શ્રી રામચંદ્રજી પાછા ફરીને લક્ષ્મણજીની પાસે આવ્યા અને મૂર્ચ્છિત દશામાં પડેલા શ્રી લક્ષ્મણજીને જોઈને, મૂર્ચ્છિત થયેલા શ્રી રામચંદ્રજી પૃથ્વી ઉપર પડી ગયા. સુગ્રીવ આદિ દ્વારા ચંદનજલથી સીંચાએલા શ્રી રામચંદ્રજી, સંજ્ઞાને પ્રાપ્ત કર્યા પછીથી શ્રી લક્ષ્મણજીની પાસે બેસીને રુદન કરવા લાગ્યાં.

શ્રી રામચંદ્રજી અત્યારે મોહાધીનતાથી શોકાતુર બની ગયા છે. આથી અત્યારના વચનોમાં મોહની ઘેલછા હોય તે સ્વાભાવિક છે.

મહાશક્તિના ઘાતથી મૂર્છિત થયેલા શ્રી લક્ષ્મણજીને સંબોધીને શ્રી રામચંદ્રજી કહે છે કે,

*तव किं बाधते वत्स ! ब्रूहि तूष्णीं स्थितोऽसि किम् ? ।*
*संज्ञयापि समाख्याहि, प्रीणयाग्रजमात्मनः ॥१॥*
*एते त्वन्मुखमीक्षंते, सुग्रीवाद्यास्तवानुगाः ।*
*नानुगृह्णासि किं वाचा, दृशा वा प्रियदर्शन !? ॥२॥*
*जीवन्रणाद्रावणोऽगा,-दिति लज्जावशाद् ध्रुवम् ।*
*न भाषसे तद्भाषस्व, पुरयिष्ये तवेप्सितम् ॥३॥*

"હે વત્સ ! તને શી પીડા થાય છે ? કહે તો ખરો કે તું મૌન કેમ રહ્યો છે ? અરે, સંજ્ઞાથી પણ કહે અને તારા વડિલ ભાઈને ખુશ કર ! આ સુગ્રીવ આદિ તારા સેવકો તારા મુખની તરફ જોઈ રહ્યા છે. છતાં હે પ્રિયદર્શન ! તું વાચાથી કે દૃષ્ટિથી તેમને અનુગૃહીત કેમ કરતો નથી ?" આટલું કહ્યા બાદ, જાણે શ્રી લક્ષ્મણજીના મૌનનું કારણ કલ્પીને શ્રી રામચંદ્રજી, શ્રીલક્ષ્મણજીને મનાવતા હોય તેમ કહે છે કે, "રણમાંથી શ્રી રાવણ જીવતો જતો રહ્યો, એવી લજ્જાના વશથી જ, ખરેખર, તું જો ન બોલતો હોય, તો તું બોલ, કારણકે તારા ઇચ્છિતને હું પૂર્ણ કરીશ."

### પરાક્રમી શ્રી રામચંદ્રજીને મોહ સતાવે છે

શ્રી રામચંદ્રજી પરાક્રમી છે. પણ અત્યારે એમને મોહ સતાવી રહ્યો છે. મોહની ગતિ ભયંકર છે. શ્રી રામચંદ્રજી ગાંડા જેવી ચેષ્ટાઓ કરે છે. શ્રી લક્ષ્મણજીને ભાન હોય તો બોલે ને ? શ્રી લક્ષ્મણજી છે જીવતા, પણ મૂર્છિત છે. એ વાત ખરી કે જો આ એક રાત્રિમાં કોઈ કાર્યસાધક ઉપાય ન મળી જાય, તેઓ જરૂર મરી જાય. પણ પુણ્યવાનને ઉપાય મળ્યા વિના રહે જ નહિ. શ્રી લક્ષ્મણજી નિરુપક્રમી આયુષ્યવાળા છે. એટલે અત્યારે શક્તિથી મૂર્છિત થયા છે. પણ મરવાના નથી.

આટલું આટલું શ્રી રામચંદ્રજીએ કહેવા છતાંપણ શ્રી લક્ષ્મણજી બોલતાં જ નથી. બોલે એવી સ્થિતિમાં ય નથી. એટલે શ્રી રામચંદ્રજી જાણે નક્કી કરે છે કે, શ્રી રાવણ રણમાંથી જીવતો ગયો એની લજ્જાથી જ આ શ્રી લક્ષ્મણ બોલતો નથી. અથવા તો શ્રી લક્ષ્મણજી બોલે નહિ એટલે શ્રી રામચંદ્રજીને વધારે ક્રોધ ચઢે.

એમેય બને. એ ગમે તેમ હોય, પણ "રે ! રે ! દુષ્ટાત્મા શ્રી રાવણ ! તું ઊભો રહે. ઊભો રહે, તું કયાં જશે ? આ હું તને થોડા જ વખતમાં મહામાર્ગે એટલે મૃત્યુના માર્ગે મોકલાવી દઉં છું." એમ બોલીને ધનુષ્યનું આસ્ફાલન કરીને શ્રી રામચંદ્રજી ઉભા થઈ ગયા. મોહાધીનતાએ એવું ભયંકર સ્વરૂપ પકડ્યું છે કે, જેથી શ્રી રામચંદ્રજી અત્યારે રાત્રિનો વખત છે અને શ્રી રાવણ તો લંકાપુરીમાં ચાલી ગયેલ છે, એ વાતને પણ ભૂલી ગયા અને યુદ્ધ કરી શ્રી રાવણને હણવાને તત્પર થઈ ગયા.

ધનુષ્યનું આસ્ફાલન કરીને શ્રી રામચંદ્રજી જેટલામાં ઉભા થઈ ગયા, તેટલામાં સુગ્રીવે વિનયપૂર્વક શ્રી રામચંદ્રજીને એ પ્રમાણે કહ્યું અર્થાત્ શ્રી રામચંદ્રજીના ઉશ્કેરાટને શાંત પાડવાને માટે, સુગ્રીવ પરિસ્થિતિનો ખ્યાલ આપતા હોય તેમ શ્રી રામચંદ્રજી પ્રત્યે કહે છે કે,

*स्वामिन्निशेयमगम,-ल्लंकां स च निशाचरः ।*
*शक्तिप्रहारविधुरः स्वामी नश्चैष वर्तते ॥१॥*
*धैर्यमाधेहि जानीहि, हतमेव दशाननम् ।*
*प्रतिजागरणोपायं, सौमित्रेरेव चिन्तय ! ॥२॥*

"હે સ્વામિન્ ! અત્યારે રાત્રિનો સમય છે અને રાક્ષસ શ્રી રાવણ તો લંકામાં જતો રહ્યો છે. વળી અમારા સ્વામી શ્રી લક્ષ્મણજી શક્તિના પ્રહારથી વિધુર થયેલા છે. માટે આપ ધૈર્યને ધારણ કરો. આપ જાણો કે હવે શ્રી રાવણ મરેલો જ છે, માટે લક્ષ્મણજીની સ્વસ્થતાના ઉપાયનો આપ વિચાર કરો."

આમ કહેવા છતાંપણ

*भूयो रामो जगादैवं, हता आर्या हतोऽनुजः ।*
*तिष्ठत्यद्यापि रामोऽयं, शतधा न विदीर्यते ॥१॥*
*सखे सुग्रीव ! हनुमन् !, भामंडल ! नलाङ्गद !*
*विराधाद्याश्च सर्वेऽपि !, यात स्वौकसि संप्रति ॥२॥*
*सीतापहारात् सौमित्रि-वधादप्यधिकं शुचे ।*
*सखे बिभीषणाभूस्त्वं, यत्कृतार्थीकृतोऽसि न ॥३॥*

*प्रातः पश्य परं बंधो, निजबांधववर्त्मना ।*
*नीयमानं स्वबंधुं तं, बंधुरूपेण वैरिणम् ॥४॥*
*प्रातः कृतार्थीकृत्य त्वा,-मनुयास्यामि लक्ष्मणम् ।*
*लक्ष्मणं हि विना किं मे, सीतया जीवितेन च ॥५॥*

શ્રી રામચંદ્રજીએ તો જાણે કે શ્રી લક્ષ્મણજી મરી જ ગયા એમ માની લીધું છે. અન્યથા તેઓ આમ ન કહે. એટલે ફરીથી શ્રી રામચંદ્રજીએ એમ કહ્યું કે, "પત્નીનું હરણ થયુ અને નાનો ભાઈ હણાયો, છતાં આ રામ હજુ સુધી ઊભો છે, જીવે છે, પણ સેકડો પ્રકારે ભેદાઈ જતો નથી. હે મિત્ર સુગ્રીવ! હનુમાન ! ભામંડલ ! નલ ! અંગદ ! વિરાધ ! અને બીજા પણ બધાઓ ! હવે તમે તમારે ઘેર ચાલ્યા જાવ." આટલું કહ્યા બાદ શ્રી રામચંદ્રજી પોતે શું કરવાને ઇચ્છે છે, તે જણાવે છે. અત્યારે પણ પોતે આપેલા વચનોનો પોતાને કેટલો ખ્યાલ છે અને એ વચનનું પાલન હજી થઈ શક્યું નથી એનું પોતાના હૃદયમાં કેટલું દુઃખ છે એ દર્શાવતા શ્રી રામચંદ્રજી શ્રી બિભીષણને કહે છે કે,

"હે મિત્ર શ્રી બિભીષણ ! તને મેં જે કૃતાર્થ કર્યો નથી, એ મને સીતાના અપહરણથી તથા લક્ષ્મણના વધથી પણ અધિક શોકરૂપ થયુ છે. પણ હે ભાઈ ! બંધુરૂપે વૈરી એવા તે તારા બંધુને તું પ્રાતઃકાળે મારા ભાઈના માર્ગે દોરાતો એટલે મરેલો જોજે. પ્રાતઃકાળે તને કૃતાર્થ કરીને હું શ્રી લક્ષ્મણને અનુસરીશ એટલે મરીશ. કારણકે શ્રી લક્ષ્મણ વિના સીતાએ કરીને અને જીવિતે કરીને મારે શું પ્રયોજન છે."

## **શ્રી રામચંદ્રજીને શ્રી બિભીષણ કહે છે કે એક રાતમાં ઉપાય યોજો**

હવે શ્રી બિભીષણથી બોલ્યા વિના કેમ જ રહેવાય ? એ કાંઈ રાજ્યના લોભથી અહીં આવેલ નથી. એટલે શ્રી બિભીષણ શ્રી રામચંદ્રજીને કહે છે કે,

**XXXXXXX,** *किमधैर्यमिदं प्रभो ! ।*
*शक्त्या हतोऽपि ह्यनया, पुमान् जीवति यामिनीम् ॥१॥*
*मंत्रतंत्रादिना घात-प्रतीकाराय सर्वथा ।*
*प्रयत्यतां प्रभो ! यावन्, न विभाति विभावरी ॥२॥*

"હે સ્વામિન્ ! આ અધૈર્ય કેમ? આ શક્તિથી હણાએલો પણ પુરુષ

એક રાત્રિ સુધી જીવે છે. માટે હે નાથ ! જ્યાં સુધીમાં રાત્રિનો વખત ખલાસ ન થઈ જાય ત્યાં સુધીમાં શક્તિથી થયેલા ઘાતના પ્રતિકારને માટે મંત્ર-તંત્રાદિથી સર્વ પ્રકારે પ્રયત્ન કરો."

### ચાર દ્વાર વાળા સાત કિલ્લાઓમાં રક્ષણનો ઉપાય

શ્રી બિભીષણ શ્રી રાવણના ભાઈ છે. એ કહે છે કે આ શક્તિથી હણાએલો એક રાત જીવે છે માટે રાત વહી જાય ત્યાં સુધીમાં શ્રી લક્ષ્મણજીને જીવાડવાનો પ્રયત્ન કરો. એટલે શ્રી રામચંદ્રજી કાંઈક સ્વસ્થ થાય છે અને તેમ કરવાની હા પાડે છે. હવે ઉપાયો તો મળે ત્યારે યોજાય. પણ અત્યારે તે બધા રાક્ષસની રાજધાનીની બહાર પડ્યા છે. ચોમેર રાક્ષસો ઘૂમ્યા કરતા હોય. ઈન્દ્રજિત, કુંભકર્ણ મેઘવાહન વગેરેને પકડેલા છે. એટલે રાક્ષસો ક્રોધે ભરાએલા હોય. વળી તેઓ જાણે છે કે શ્રી લક્ષ્મણજી મર્યા છે, એટલે શ્રી રામચંદ્રજી શોકાતુર બનવાના અને રાક્ષસો પાછા પ્રકૃતિએ જન્મથી માયાવી ગણાય. એટલે સૌથી પહેલાં રક્ષણની તૈયારી કરવી પડે તે સ્વાભાવિક છે. આથી શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીને ફરતા ચાર દ્વારોવાળા સાત કિલ્લાઓ સુગ્રીવ આદિએ બનાવી દીધા.

આ સાત કિલ્લાનાં અઠ્ઠાવીસ દ્વારો ઉપર રક્ષકો પણ જોઈએ ને ? અત્યારે રક્ષકો સામાન્ય હોય તે ય કામ ન લાગે. આથી તે પૂર્વ દિશાનાં દ્વારો ઉપર સુગ્રીવ, હનુમાન, તાર, કુંદ, દધિમુખ, ગવાક્ષ અને ગવય એ અનુક્રમે રહ્યા. અંગદ, કૂર્મ, અંગ, મહેન્દ્ર, વિહંગ, સુષેણ અને ચન્દ્રરશ્મિએ અનુક્રમે ઉત્તર દિશાના દ્વારો ઉપર રહ્યાં. નીલ, સમરશીલ, દુર્ધર, મન્મથ, જય, વિજય અને સંભવ એ પશ્ચિમ દિશાનાં દ્વારો ઉપર રહ્યાં. તેમજ ભામંડલ, વિરાધ, ગજ, ભુવનજિત, નલ, મૈંદ, અને શ્રી બિભીષણ એ દક્ષિણ દિશાના દ્વારો ઉપર અનુક્રમે રહ્યા. આ રીતે શ્રી રામચંદ્રજીને અને શ્રી લક્ષ્મણજીને મધ્યમાં રાખીને સુગ્રીવ આદિ મહાપરાક્રમીઓ આત્મારામી યોગિઓની જેમ ઉદ્યત થયા થકા

જાગરણમાં તત્પર થઈને રહ્યા અર્થાત્ ઝોકું પણ ખાધા વિના દ્વાર રક્ષા કરવા લાગ્યા.

**લંકામાં સીતાજીનો કરુણ સ્વરે વિલાપ**

બીજી તરફ લંકામાં એ વાત ફેલાઈ ગઈ છે કે શ્રી રાવણે મૂકેલી મહાશક્તિથી શ્રી લક્ષ્મણ હણાયા અને ભાઈના મોહથી શ્રી રામચંદ્રજી પણ સવારે મૃત્યુને શરણે થશે. શ્રીમતી સીતાદેવીના કાને પણ એ વાત પહોંચી ગઈ. શ્રીમતી સીતાજીને કોઈએ કહ્યું કે, "શક્તિથી લક્ષ્મણ હણાયા છે અને રામચંદ્ર પણ ભ્રાતૃસૌહદથી પ્રાતઃકાળે મરણ પામશે." વજ્રના નિર્ઘોષ જેવા ભયંકર તે સમાચારને સાંભળીને પવનથી આહત થયેલી લતાની જેમ શ્રીમતી સીતાજી મૂર્છાથી પૃથ્વી ઉપર પડી ગયા. વિદ્યાધરીઓ દ્વારા જળથી સીંચાએલા અને એથી ચેતનાને પામેલા શ્રીમતી સીતાજી ઉઠીને કરુણ સ્વરે વિલાપ કરવા લાગ્યા.

*हा वत्स लक्ष्मण ! क्वागास्त्यक्त्वैकाकिनमग्रजम् ।*
*मुहूर्त्तमपि हि स्थातुं, विना त्वामेष न क्षमः ॥१॥*
*धिगहं मंदभाग्यास्मि, यतो मम कृतेऽधुना ।*
*स्वामिदेवरयोर्देव - तुल्ययोरीदृगागतम् ॥२॥*
*प्रसीद मत्प्रवेशाय, द्विधा भव वसुंधरे ! ।*
*प्राणनिर्वाणहेतोस्त्वं, भव वा हृदय ! द्विधा ॥३॥"*

શ્રીમતી સીતાજી પણ અત્યારે મોહવશ બન્યા છે અને એ મોહવશતાના પ્રતાપે વિલાપ કરતાં કરુણ સ્વરે તેઓ એ રીતે બોલે છે કે, "હા ! વત્સ લક્ષ્મણ! વડિલભાઈને એકલા તજીને તું એકલો ક્યાં ગયો ? એ તારા વિના એક મુહૂર્ત પણ રહેવાને સમર્થ નથી. મને ધિક્કાર છે. હું મંદભાગ્યવાળી છું. કારણકે મારે કારણે દેવતુલ્ય સ્વામી અને દીયરનું આવું થયું ! હે વસુંધરે ! પ્રસન્ન થઈને મારા પ્રવેશને માટે તું બે ભાગે થઈ જા ! અથવા હે હૃદય ! મારા પ્રાણ નિર્વાણના હેતુથી તું બે ભાગવાળું થઈ જા !" અર્થાત્ શ્રી સીતાજી પણ પ્રાણત્યાગની ભાવનાવાળા બની જાય છે.

**મોહની મૂંઝવણ : આજની સ્વાર્થી દશા**

આ બધા કાંઈ સામાન્ય કોટિના આત્માઓ નથી. પણ

અત્યારે એ સૌને મોહ મૂંઝવી રહ્યો છે. મોહની મૂંઝવણના યોગે પેલી તરફ શ્રી રામચંદ્રજી અને આ તરફ શ્રીમતી સીતાજી શું બોલે છે ? એ આપણે જોયું. આત્માના ભયંકર અકલ્યાણના કારણભૂત એ મોહથી દરેક કલ્યાણકાંક્ષિએ ચેતતા રહેવું જોઈએ. ત્યાગી અને તપસ્વી આત્માઓ પણ જો ભૂલે તો એમને ય મોહની મૂંઝવણમાં ફસાઈ જતાં વાર લાગતી નથી. ધર્મના અનુષ્ઠાનો આચરવાનો, તપશ્ચર્યા આદિ કરવાનો, વિરતિનો આદર કરવાનો અને ધ્યાન આદિ કરવાનો હેતુ મોહને મારી, મોક્ષને પ્રાપ્ત કરવાનો હોવો જોઈએ. જો કે આજે તો પૂર્વ કાળના જેવો સ્નેહ ભાગ્યે જ ભાઈ-ભાઈ વચ્ચે કે દીયર-ભોજાઈ વચ્ચે હશે. આજે તો સાંસારિક સ્વાર્થ એટલો વધી ગયો છે કે ભાઈ ભૂખે મરતો હોય છતાંપણ શ્રીમંત ભાઈ એની ખબર ન લે એવું પણ બને છે.

હવે એ પ્રકારે કરુણપણે રુદન કરતાં શ્રીમતી સીતાજીને કોઈક કૃપાવતી વિદ્યાધરીએ અવલોકિની વિદ્યા વડે જોઈને કહ્યું કે, "હે દેવી ! આપના દિયર સવારે સાજા થઈ જશે અને શ્રી રામચંદ્રજીની સાથે આપની પાસે આવીને આનંદ પમાડશે." શ્રીમતી સીતાજીને માટે આ પ્રકારનું આશ્વાસન થોડું નથી. વિદ્યાધરીની વાણીથી તો વખતે શ્રીમતી સીતાજી સ્વસ્થ અવસ્થાવાળા બન્યાં અને જાગતાં રહીને ચક્રવાકીની જેમ સૂર્યોદયનું ચિંતવન કરવા લાગ્યાં.

### શ્રી રાવણની અવદશા - મૂર્છા અને રુદન

આ બાજુ શ્રી રાવણની શી દશા થઈ છે ? એનું વર્ણન હવે આવે છે. "આજે લક્ષ્મણને હણ્યો" એ વિચારે શ્રી રાવણ હર્ષ પામતાં અને ભાઈ, પુત્ર તથા મિત્રના બંધનને સંભારીને ક્ષણમાં શ્રી રાવણ રડતા. "હા, વત્સ કુંભકર્ણ ! તું તો મારો બીજો આત્મા જ હતો : હા ઇન્દ્રજિત અને મેઘવાહન ! તમે મારા બીજા બાહુઓ જેવા હતા ! હા, જંબુમાલિ આદિ વત્સો ! તમે મારા રૂપાંતરની ઉપમા જેવા હતા. પૂર્વે અપ્રાપ્ત એવા બંધનને તમે ગજેન્દ્રોની જેમ કેમ પ્રાપ્ત થયા ?" આ રીતે પોતાના બંધુઓના નૂતન બંધનાદિને સંભારી સંભારીને શ્રી રાવણ પુનઃ

પુનઃ મૂર્ચ્છા પામવા લાગ્યા અને રડવા લાગ્યા. જોયું ! અત્યારે પરાક્રમી એવા શ્રી રાવણની કઈ દશા થઈ રહી છે ? ત્રણ ખંડના માલિકને પણ આવો વખત આવે છે હોં! એવું જાણવા અને સાંભળવા છતાં નહિ જેવી અથવા તો કહો કે ગુલામી જેવી સાહાબીમાં સડનારાઓને શું કહેવું ? નિરાંતે આત્માની સાથે આનો વિચાર કરજો.

આ તરફ શ્રી રામચંદ્રજીના સૈન્યમાં પૂર્વના કિલ્લાના દ્વારરક્ષક ભામંડલની પાસે આવીને કોઈ વિદ્યાધરે કહ્યું કે, "જો તું ખરેખર જ શ્રી રામચંદ્રજીનો હિતસ્વી હો તો મને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવ ! હું તમારો હિતકારી છું અને શ્રી લક્ષ્મણને જીવાડનારી ઔષધિને હું કહીશ." અત્યારે વખત એવો છે કે કોઈ અજાણ્યો ગમે તેમ કહેતો આવે, છતાંયે વિશ્વાસ રખાય નહિ. રખે કોઈ દુશ્મનનો જ સાગરીત હોય તો ? પહેલાં જ્યારે શ્રી લક્ષ્મણજી અને શ્રી રામચંદ્રજી સ્વસ્થ હતા ત્યારે વાત જુદી હતી, કારણકે તેઓ સમર્થ હતા. પણ અત્યારે શ્રી લક્ષ્મણજી મૂર્છિત છે અને શ્રી રામચંદ્રજી અસ્વસ્થ છે. એટલે અજાણ્યા કોઈને પણ કિલ્લામાં એકદમ પેસાડાય નહિ. બીજી તરફ જ્યારે સામો એમ જ કહેતો આવ્યો છે કે હું તમારો હિતકારી છું અને શ્રી લક્ષ્મણજીને જીવાડનારી ઔષધિને હું કહીશ. ત્યારે એને ના પણ કેમ પડાય ? કારણ, શ્રી લક્ષ્મણજીને જીવાડવાને સૌ આતુર જ છે. આથી શ્રી ભામંડલ તે વિદ્યાધરને હાથથી ભુજામાં પકડીને શ્રી રામચંદ્રજીની પાસે લઈ ગયો.

### પ્રતિચંદ્ર વિદ્યાધર પોતાનો અનુભવ કહે છે

શ્રી રામચંદ્રજીના પાદપદ્મને પ્રણામ કરીને તે વિદ્યાધરે એ પ્રકારે જણાવ્યું કે, "મારું નામ પ્રતિચંદ્ર છે. સંગીતપુરના સ્વામી શશિમંડલ નામના રાજાનો પુત્ર છું. હું સુપ્રભા નામની દેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલો છું. અર્થાત્ મારી માતાનું નામ સુપ્રભા છે. એક વાર મારી પ્રિયાની સાથે હું ક્રીડાને માટે આકાશમાર્ગે ચાલ્યો જતો હતો, એટલામાં સહસ્ત્રવિજય નામના વિદ્યાધરે મને જોયો. તે વિદ્યાધરે મૈથુન સંબંધીના વૈરના યોગે, મારી સાથે તે વખતે લાંબા કાળ સુધી યુદ્ધ કર્યું, અને

આખરે ચંડરવા શક્તિ વડે મને મારીને તેણે પૃથ્વી ઉપર પાડી દીધો. તે ચંડરવા શક્તિથી હણાઈને, હું સાકેતપુરીમાં માહેન્દ્રોદય નામના ઉદ્યાનમાં પૃથ્વી ઉપર આળોટતો હતો. તે વખતે અતિ કૃપાળુ એવા શ્રી ભરતરાજા કે જે આપના ભાઈ થાય છે, તેમણે મને જોયો. તરત જ તે શ્રી ભરતરાજા દ્વારા હું સુગંધી જળથી સિંચાયો અને એથી પરગૃહમાંથી ચોર નીકળે તેમ મારામાંથી તે શક્તિ નીકળી ગઈ અને મારો ઘા પણ તરત જ રૂઝાઈ ગયો."

આથી મારું ચિત્ત વિસ્મિત થયું અને એથી તે ગંદોદકના માહાત્મ્યને મેં શ્રી ભરતરાજાને પૂછ્યું. મારા પૂછવાથી આપના નાનાભાઈએ કહ્યું કે, "ગજપુરથી વિંધ્ય નામનો એક સાર્થવાહ અહીં આવ્યો હતો. માર્ગમાં તેનો એક પાડો અતિ ભારથી તૂટી પડ્યો. નગરલોક તેના મસ્તક ઉપર પગલું માંડીને ચાલવા લાગ્યું અને એથી મોટા ઉપદ્રવ વડે તે પાડો મરી ગયો. તે પાડો મરીને અકામ-નિર્જરાના યોગથી, પવનપુત્રક નામે શ્વેતંકર નગરનો અધિપતિ વાયુકુમાર થયો."

"વાયુનિકાયમાં દેવ બનેલા તે પાડાના જીવે, પોતાના પૂર્વ મૃત્યુને અવધિજ્ઞાનથી જાણ્યું, અને તે જાણીને કોપાયમાન થયેલા તેણે, આ નગરમાં અને દેશમાં વિવિધ પ્રકારના વ્યાધિઓને ફેલાવ્યા. આમ છતાંપણ મારા મામા દ્રોણમેઘ રાજા મારી સરહદમાં રહેતા હોવા છતાંપણ , તેમના ઘરમાં કે દેશમાં તે વ્યાધિ નહિ હતો. આથી મેં તેમને એમ થવાનું, એટલે કે ત્યાં વ્યાધિ નહિ હોવાનું કારણ પૂછ્યું."

મારા પ્રશ્નનું સમાધાન કરતાં મારા મામા દ્રોણમેઘ રાજાએ કહ્યું કે, "પહેલાં મારી પત્ની પ્રિયંકરા અતિ વ્યાધિથી પીડાતી હતી. જ્યારે તેને ગર્ભ રહ્યો ત્યારે ગર્ભના પ્રભાવથી તે વ્યાધિમુક્ત થઈ ગઈ અને પછી ક્રમે કરીને તેણે વિશલ્યા નામની પુત્રીને જન્મ આપ્યો. તારા દેશની જેમ મારા દેશમાં પણ વ્યાધિનો ઉપદ્રવ ઉત્પન્ન થયો હતો. પણ વિશલ્યાના સ્નાનજળથી લોકોને સિંચન કરાયું અને એ સ્નાનજળનું સિંચન કરવા માત્રથી જ લોકો રોગરહિત થઈ ગયા. એકવાર મેં એ વિષે

સાચી રીતે પ્રાણિમાત્રના શરણભૂત એવા સત્યભૂતશરણ નામના મુનિને પૂછતાં તેઓએ જણાવ્યું કે "વિશલ્યાના જીવે પૂર્વજન્મમાં કરેલાં તપનું એ ફળ છે. એ તપના પ્રભાવથી જ વિશલ્યાના સ્નાનજળથી પણ મનુષ્યોના ઘા રુઝાશે. શલ્યો દૂર થશે અને વ્યાધિઓનો નાશ થશે." વધુમાં તે મુનિએ એમ પણ જણાવ્યું હતું કે. "શ્રી લક્ષ્મણ આ વિશલ્યાનો પતિ થશે." તે મુનિવાણી વડે સમ્યગ્જ્ઞાનથી અને અનુભવથી પણ મેં વિશલ્યાના સ્નાનજળનો એ પ્રભાવ નિશ્ચિત કર્યો છે."

"આ પ્રમાણે કહીને વિશલ્યાનું સ્નાનજળ મારા મામા દ્રોણમેઘે મને પણ આપ્યું અને એથી મારી ભૂમિ-મારી પ્રજા રોગરહિત થઈ ગઈ. તે વિશલ્યાના આ સ્નાનજળથી મેં તને પણ સિંચ્યો અને એથી ક્ષણમાં તું શક્તિના શલ્યથી રહિત થઈ ગયો તેમજ તારો ઘા પણ ક્ષણવારમાં રૂઝાઈ ગયો."

આ રીતે પોતાનો થયેલો અનુભવ તથા શ્રી ભરત દ્વારા સાંભળેલ તેમના મામાનો અને તેમના પોતાનો પણ અનુભવ જણાવીને શ્રી રામચંદ્રજીને તે વિદ્યાધર કહે છે કે,

*भरतस्य ममाप्येव,-मुत्पन्नः प्रत्ययः प्रभो ! ।*
*आप्रत्यूषादानयत, विशल्यास्नानवारि तत् ॥१॥*

"હે પ્રભો ! ભરતને અને મને પણ આ પ્રકારે વિશ્વાસ ઉત્પન્ન થયો છે. માટે શ્રી લક્ષ્મણજીને જીવાડવાના ઉપાય તરીકે પ્રાતઃકાળ થયા પૂર્વે વિશલ્યાના તે સ્નાનજળને લાવો." વળી કહે છે કે, "આથી તમે ઝટ કરો, ઉતાવળ કરો. કારણકે સવાર થઈ જશે તો પછી શું કરશો ? શકટ વીંખાઈ ગયા બાદ તો ગણાધિપ પણ શું કરે ?"

### "ધર્મીને ઘેર ધાડ અને પાપીને ઘી કેળાં" એ કહેવત વાસ્તવિક નથી

હવે આ પ્રસંગે સમજો કે આજની દુનિયામાં એ કહેવત પ્રચલિત થતી જાય છે કે "ધર્મીને ઘેર ધાડ અને પાપીને ઘી કેળાં." આ

કહેવત વાસ્તવિક નથી પણ ખોટી છે. દરેક વસ્તુ વાસ્તવિકપણે વિચારતાં શીખવું જોઈએ. જો યથાર્થપણે વિચારાય તો સમજાય તેમ છે કે ધર્મી કદિપણ દુ:ખી હોય જ નહિ.

**સભા** : તો પછી જેટલા જેટલા દુ:ખી તેટલા તેટલા પાપી એમને ?

**પૂજ્યશ્રી** : જરા બરાબર સાંભળો અને વિચારો તો ખરા ! હું તો એમ જણાવું છું કે ધર્મથી દુ:ખ કદિપણ આવે નહિ અને પાપથી દુ:ખ ઉત્પન્ન થયા વિના રહે નહિ. ધર્મીને ઘેર ધાડ હોય જ નહિ અને પાપીને ઘી-કેળા એટલે કે વાસ્તવિક સુખ હોય જ નહિ. આ વસ્તુને સમજવાને માટે પૂર્વ જન્મનો પણ ખ્યાલ રાખવો જોઈએ. વર્તમાનમાં એક માણસ ધર્મ કરી રહ્યો છે. ધર્મી છે. પણ પૂર્વે તેણે જે પાપ કર્યું હોય તે ક્યાં જાય? પૂર્વનું પાપ તો ભોગવવું જ પડે ને ? પૂર્વના પાપના યોગે દુ:ખ આવે. તો એથી ધર્મી ધર્મને વખોડે નહિ. ધર્મમાં તો એ તાકાત છે કે પૂર્વના પાપકર્મોની પણ ધર્મ દ્વારા નિર્જરા થઈ શકે છે. તેમજ ધર્મથી ભવિષ્યનું પણ શુભ જ થાય છે. એટલે એ વાત તો સુનિશ્ચિત જ છે કે. ધર્મ ધર્મરૂપે જ કરાય. તો ધર્મથી દુ:ખ થાય જ નહિ.

આ વસ્તુ વિવેકપૂર્વક વિચારી લો, સમજી લો અને 'ધર્મીને ઘેર ધાડ. એમ કહીને ધર્મ કરવાથી ધાડ આવે છે,' એવું ધ્વનિત ન કરો. તેમજ 'પાપીને ઘી કેળાં એમ કહીને જે પાપ કરે તે સુખી થાય' એવું ધ્વનિત ન કરો !" "ધર્મથી તો સુખ જ થાય અને પાપથી દુ:ખ થયા વિના રહે જ નહિ" એ વાતને બરાબર યાદ રાખો! પાપી પણ જો વર્તમાનમાં સુખી દેખાતો હોય. તો સમજો કે પૂર્વના પૂણ્યના પ્રતાપે એ દશા છે. પણ વર્તમાનમાં આચરાતાં પાપો જ્યારે ઉદયમાં આવશે. વર્તમાનની પાપી કાર્યવાહીનું ફળ ભોગવવાનો જ્યારે અવસર આવશે. ત્યારે કોણ જાણે કેવી દુ:ખમય દશા થશે ? અર્થાત્ ધર્મ ખોટી રીતે વગોવાય અને પાપને એ રીતે ઉત્તેજન મળે એવું ધર્માત્માઓએ તો કદિ બોલવું જ જોઈએ નહિ અને વિચારવું જોઈએ પણ નહિ.

આથી દુ:ખ હોય તો પણ ધર્મને આઘો મૂકવાની ભૂલ કરતાં નહિ. આજની હાલત જૂદી છે. ગરીબોમાંના કેટલાંક એવું કહેતાં પણ થઈ ગયાં છે કે "ખાવાની મુશ્કેલી છે, ત્યાં ધર્મ શી રીતે થાય ? ધર્મ તો શ્રીમંતો કરે." જ્યારે શ્રીમંતોમાંના કેટલાંકો કહે છે કે "અમને ધર્મ કરવાની ફુરસદ નથી. ધર્મ તો નવરાં કરે !" એટલે સરખેસરખો યોગ મળ્યો છે. સાહાબી વખતે ધર્મ કોઈ જ્ઞાની, સમજદાર કરે, જ્યારે દુ:ખમાં તો ધર્મ કરવાને પ્રેરણાત્મક કારણોય છે. પણ આજે સ્વચ્છંદપણે અજ્ઞાનભર્યું લખી-લખીને પાપાત્માઓએ એવા સંસ્કાર ફેલાવ્યા છે કે 'ખાવા રોટલો ય ન મળે ત્યાં નવકાર ક્યાંથી ગણાય ?' અમુક વર્ષ પહેલાં ગમે તેવાં દુ:ખીના મોંમાં પણ પ્રાય: આવા શબ્દો નહોતાં. અરે, એવી સ્થિતિમાં હોય છે કે, છોકરો મહિને બે રૂપિયા જ પગાર લાવતો હોય, મા મજૂરી કરતી હોય અને બહેન પણ બહારનું કામ કરતી હોય. ત્રણે જણાની એમ માસિક સાત આઠની આવકમાં ત્રણેય રોટલો ખાતાં હોય, તો પણ "આવી મુશ્કેલી છે માટે ધર્મ ન થાય." -એવું એ નહોતાં બોલતાં. આજના સ્વચ્છંદી ધર્મહીનો તો છડેચોક એવું લખે છે અને બોલે છે કે 'પેટમાં ખાવાનું નાખવાની મુસીબત હોય પછી ધર્મ ક્યાંથી થાય?' આજના કહેવાતા સુધારકોએ ઉપકારના નામે આ રીતે અપકાર કર્યો છે. તેઓ એટલો ય વિચાર કરતા નથી કે કંઠ સુધી રોટલા હોય એને ય ધર્મ ક્યાં યાદ આવે છે ?

### પેટના નામે ધર્મવિરોધને પોષણ અપાય છે, એથી ચેતવા જેવું છે

ધર્મની ઉપાદેયતા સમજનાર તો રોટલા મેળવવાની મુસીબતમાંથી પણ સમય બચાવીને ધર્મ કરે, પોતાને વર્તમાનમાં પડતી મુશ્કેલીને પોતાનો પૂર્વ પાપોદય સમજે. ધર્મીને ધર્મસાધનામાં અનુકૂળ સામગ્રી મળે એવી ઈચ્છા થાય. પરંતુ પ્રતિકૂળ દશામાં ધર્મને લાત મારવાની કે ધર્મને તજી દેવાની, ધર્મથી દૂર રહેવાની તો ઈચ્છા સરખી પણ ન થવી જોઈએ. આજે શું જેટલાં ધર્મ નથી કરતાં તે બધાને રોટલાં

રળવાની મુશ્કેલી છે એમ? માત્ર પેટ ભરવા પૂરતી જ મહેનત કરવામાં તેમનો વખત વહી જાય છે. એમ? ખરી વાત તો એ છે કે આજે પેટની ભૂખ કરતાં પણ મનની ભૂખ વધી પડી છે. મોજમજા જોઈએ, શોખ જોઈએ, વ્યસનની આધિનતા માટે આ જોઈએ ને તે જોઈએ, એવી અનેક સ્વચ્છંદચારિતાઓએ આજની બેકારીને બહાવરી બનાવી દીધી છે. આવશ્યક સંયમશીલતા હોય તો પેટ પૂરતું રળ્યા પછી પણ ધર્મ કરવાનું સૂઝે ને ? આજે તો ધર્મ કરવો નથી અને ધર્મ તથા ધર્મીઓને વગોવવાને માટે રોટલાનું બહાનું આગળ ધરવું છે. રોટલાની જ ભૂખ હોવાથી ધર્મ નહિ કરી શકનારા મારા જોવામાં હજુ આવ્યા નથી અને રોટલા ઉપરાંત ઘણી સામગ્રી હોવા છતાં ધર્મ નહીં કરનારા સેંકડો મારા જોવામાં આવે છે. માટે પેટના નામે ધર્મવિરોધને પોષણ અપાય છે. એથી ખૂબ જ ચેતવા જે છે.

### ધર્મભાવના હોય તો આરાધના કરાય અને કરાવાય

આજે શ્રીમંતો ધર્મ નથી કરતા એનાં પણ અનેક કારણો છે. ધર્મની ભાવના પણ સુયોગ્ય આત્માઓમાં જ ઉત્પન્ન થાય છે. શ્રીમંતો જો સુજ્ઞપણે વિચાર કરે તો ધર્મની જરૂર સમજી શકે. શ્રીમંતોએ વિચારવું જોઈએ કે, પોતે શ્રીમંત શાથી અને બીજા ગરીબ શાથી? પૂર્વના પુણ્ય-પાપનો એ પ્રભાવ છે. શ્રીમંતાઈમાં ભાનભૂલા બનેલાઓ પોતાના વર્તમાન સમયનો વાસ્તવિક વિચાર કરી શકતા નથી. શ્રીમંતાઈનો ઉપયોગ કરતાં આવડે તો મોક્ષમાર્ગની આરાધનામાં સહાયક નિવડે, અને ઉપયોગ કરતાં ન આવડે તો એનાં મદમાં છાકટા બની દેવ-ગુરુ-ધર્મ માટે જેમ-તેમ બોલાય. ઈન્દ્રિયો ઉપર અંકુશ ન રખાય તો એ જ શ્રીમંતાઈ દુર્ગતિમાં ઘસડી જવાના કારણરૂપ બને. આજના શ્રીમંતોમાંના મોટે ભાગે લક્ષ્મીને દેવી જેવી માને છે. લક્ષ્મીવાન એને ખોટી માને, ઉપાધિરૂપ માને તો ધર્મ કરી શકે. જો શ્રીમંતોના હૃદયમાં ધર્મભાવના

વસી જાય, તો તેઓ જાતે ધર્મની ઉત્તમ પ્રકારે આરાધના કરી શકે અને સાથે સાથે સંખ્યાબંધ ગરીબોને પણ ધર્મના માર્ગમાં જોડી શકે એ સ્પષ્ટ વાત છે. પણ એ સૂઝે કોને ? પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ પ્રાય: એવું સુઝે.

**ભામંડલ આદિ શ્રી ભરતની પાસે જાય છે**

આ બાજુ પેલા વિદ્યાધરે વિશલ્યાના સ્નાનજળની વાત કરી. એટલે શ્રી રામચંદ્રજીએ વિશલ્યાના સ્નાનજળને માટે શ્રી ભરતની પાસે જવાની ભામંડલને, શ્રી હનુમાનને અને અંગદને આજ્ઞા કરી. તે પછી વાયુ જેવા વેગવાળા વિમાનમાં બેસીને તે ભામંડલ આદિ અયોધ્યામાં ગયા અને ત્યાં મહેલની અગાસીમાં સૂતેલા એવા શ્રી ભરતરાજાને તેઓએ જોયા. રાજકાર્યમાં પણ રાજાઓને ઉપાયથી જ ઉઠાડાય છે. એથી શ્રી ભરતને જાગૃત કરવાને માટે તે ભામંડલ આદિએ આકાશમાં ગીતગાન કર્યું. એથી શ્રી ભરત જાગૃત થયા. શ્રી ભામંડલે તેમને નમસ્કાર કર્યા. તે જોઈને ભરતે પૂછ્યું, એટલે શ્રી ભામંડલે જે કાર્ય હતું તે કહ્યું.

**શ્રી ભરતે સાથે આવી વિશલ્યાને મેળવી આપી**

આ પછીથી, "મારા ત્યાં જવા દ્વારા આ કાર્ય સિદ્ધ થશે" એમ વિચારીને, શ્રી ભરત તે વિમાનમાં આરુઢ થયા અને કૌતુકમંગલ નામના નગરમાં ગયા. શ્રી ભરતે પોતાના મામા દ્રોણમેઘની પાસે જઈને વિશલ્યાની યાચના કરી અને દ્રોણમેઘે પણ શ્રી લક્ષ્મણજીને સાથે વિશલ્યાનો વિવાહ કરીને હજાર સ્ત્રીઓની સાથે વિશલ્યાને આપી.

શ્રી ભરતને અયોધ્યામાં મૂકીને ઉત્સુક એવા ભામંડલ સપરિવાર વિશલ્યાને સાથે લઈને પરિવાર સહિત ત્યાં આવી પહોંચ્યા. જલતા દીપકોવાળા વિમાનમાં બેઠેલાં ભામંડલ, સૂર્યોદયના ભ્રમથી ભય પામેલા પોતાના દ્વારા ક્ષણવારમાં દેખાયા. અર્થાત્ સૂર્યોદયનો ભ્રમ થવાથી સૌ ભય પામ્યા. કારણકે જો સૂર્યોદય પહેલા ભામંડલ વિશલ્યાના સ્નાનજળને લઈને આવી ન પહોંચે, તો શ્રી લક્ષ્મણજી મરી

જ જાય એવી સૌને ખાત્રી છે. પછી પણ સૂર્યોદયને હજુ તો વાર હતી. સૂર્યોદયનો માત્ર ભ્રમ જ થયો હતો અને તે જલતા દીપકોવાળા વિમાનથી ! ત્યારબાદ એ વિમાનમાં આવેલા શ્રી ભામંડલે વિશલ્યાને લક્ષ્મણજીની પાસે મૂકી.

**અમોઘવિજયા મહાશક્તિ ચાલી ગઈ**

હવે વિશલ્યાએ પોતાના હસ્તથી જેવો શ્રી લક્ષ્મણજીને સ્પર્શ કર્યો, કે તે જ ક્ષણે લાકડીથી મોટી સાપણીની જેમ, લક્ષ્મણજીમાંથી તે અમોઘ વિજયા મહાશક્તિ બહાર નીકળી ગઈ. તે વખતે બાજ પક્ષી જેમ ચકલીને પકડે તેમ આકાશમાં ઉછળતી તે શક્તિને, શ્રી હનુમાનજીએ ઉછળીને મજબૂતપણે પકડી લીધી. તે વખતે તે મહાશક્તિએ પણ કહ્યું કે, "હું પ્રજ્ઞપ્તિ ની બહેન છું. ધરણેન્દ્રે મને શ્રી રાવણને આપી હતી. દેવતારૂપ એવી મારો આમાં કાંઈ પણ દોષ નથી. વિશલ્યાના પૂર્વ ભવના તપ તેજને સહવાને અસમર્થ એવી આ હું જઈશ. મને છોડ, કારણકે કિંકરભાવથી હું નિરપરાધિની છું." મહાશક્તિના આ પ્રમાણે કહેવાથી પરાક્રમી એવા શ્રી હનુમાને, તે શક્તિને છોડી દીધી અને મૂકાંતાની સાથે જ તે શક્તિ લજ્જિતાની જેમ અદૃશ્ય થઈ ગઈ.

વિશલ્યાએ પણ શ્રી લક્ષ્મણજીને હાથથી ફરી સ્પર્શ કર્યો અને ધીમે ધીમે ગોશીર્ષ ચંદનથી વિલેપન કર્યું. એથી શ્રી લક્ષ્મણજીનો ઘા રૂઝાઈ ગયો. તરત જ શ્રી લક્ષ્મણજી ઉંઘીને ઉઠ્યા હોય તેમ ઉઠ્યા અને અશ્રૂજળને વર્ષાવતા શ્રી રામચંદ્રજી આનંદથી શ્રી લક્ષ્મણજીને ભેટ્યા.

પુણ્યવાન આત્માઓને આ રીતે પણ બચાવની સામગ્રી મળી રહે છે અને પાપોદયવાળાને માટે પણ આવા તેમને નુકશાનકારી કારણો મળી જાય છે.

**પૌદ્ગલિક ઈરાદો એ દુઃખ પમાડનારો ઈરાદો છે**

આ પછીથી શ્રી રામચંદ્રજીએ શ્રી લક્ષ્મણજીને વિશલ્યાના સર્વ વૃત્તાંતને કહ્યો. શ્રી રાવણની મહાશક્તિથી શ્રી લક્ષ્મણજી મૂર્છિત

થઈ ગયા હતા. એટલે એમને તો કાંઈ જ ખબર નહિ હતી. વિશલ્યા આદિને જોઈને તેમને આશ્ચર્ય જ થાય ને ? વિશલ્યાનો સઘળોય વૃત્તાંત તેમને કોઈ જણાવે ત્યારે જ ખબર પડે ને કે પોતાને જીવાડવામાં નિમિત્તભૂત થનાર તો પૂર્વભવની આ તપસ્વિની છે. જેનું પુણ્ય જીવતું જાગતું હોય. એને આવું નિમિત્ત મળી જાય અને એની આપત્તિ ખસી જાય. આવા વૃત્તાંતોનું શ્રવણ કરીને એવો પ્રભાવ પ્રાપ્ત કરવાને માટે તપ કરવાનો વિચાર ન કરતા. પરંતુ મુક્તિની સાધના માટે તપ વગેરે કરવાનો જરૂર વિચાર કરજો ! મુક્તિપ્રાપક ધર્માનુષ્ઠાનોનું યથાયોગ્ય રીતે સેવન થાય, તો મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ઉત્તમ સાધન સામગ્રી એ ધર્મસેવનના પ્રતાપે મળે છે. ઉત્તમ આત્માઓને પણ દુઃખ આવે તો સમજવું કે કાંઈક પાપોદય આવ્યો. પાપોદય વિના દુઃખ આવે નહિ અને પુણ્યોદય વિના દુન્યવી સુખ મળે નહિ. તેમજ આત્મા જ્યારે સર્વ શુભાશુભ કર્મથી રહિત થઈ જાય ત્યારે દુઃખ સર્વથા જાય અને શાશ્વત સંપૂર્ણ સુખવાળી અવસ્થા પ્રાપ્ત થાય. એવી અવસ્થા પ્રાપ્ત કરવાને માટે મહેનત કરવી જોઈએ. આ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ, એ અવસ્થાને પ્રાપ્ત કરાવનારો છે. આવા ધર્મને પૌદ્ગલિક ધ્યેયથી કરવો એ કોઈપણ રીતે વખાણવા જોગ નથી. પૌદ્ગલિક ઈરાદો એ દુઃખને પમાડનાર છે. એ ઈરાદાને ત્યજવો જોઈએ.



# ઉન્માદ, હિતકર વાતને પણ રુચવા દેતો નથી

## ૪

શ્રી લક્ષ્મણજીએ સ્વસ્થ થયા પછી શ્રીરામચન્દ્રજીની આજ્ઞાથી વિશલ્યા આદિ એક હજાર કન્યાઓ સાથે પાણીગ્રહણ કર્યું. આ રીતે શ્રી રામચન્દ્રજીની સેના આનંદ માણી રહી છે. ત્યારે શ્રીરાવણ આ સમાચારોથી મૂંઝાયા છે, મન્ત્રીશ્વરોની સલાહ લે છે. પણ તેઓની વિવેકપૂર્વક અપાયેલી સલાહ પણ તેમને રુચતી નથી.

અત્યારે શ્રી રાવણ ઉન્માદમાં છે. વિનાશકાળ આવી રહ્યો છે. હિતકર વાત ક્યાંથી રુચે ?

શ્રી રાવણ દૂત મોકલીને શ્રી રામચન્દ્રજીને જે સન્દેશ મોકલાવે છે તેમાં પણ તેઓની વિષયાન્ધતા પ્રગટ થાય છે. લક્ષ્મણજીનો દૂતને મળેલો જવાબ અને કપિવરોએ કરેલો તિરસ્કાર એ બધું રાવણને ચિંતિત બનાવે છે. ફરી પણ મન્ત્રીશ્વરો શ્રીમતી સીતાને છોડવાની સલાહ આપે છે પણ છેવટે રાવણ બહુરુપા વિદ્યા સાધવાનો નિર્ણય કરે છે. તે વાત આ પ્રકરણમાં વર્ણવાઈ છે.

-શ્રી

## ઉન્માદ, હિતકર વાતને પણ રુચવા દેતો નથી

- વિશલ્યા આદિ સાથે લગ્ન અને મહોત્સવ
- આફતો ઉપર આફતો આવે પણ મોહાધીનોને વિવેક આવવો મુશ્કેલ
- અર્થ- કામની આસક્તિ ત્યજીને વિવકી બનવું જોઈએ
- દુર્દશા થવાની હોય ત્યારે સાચું સૂઝે નહિ
- મંત્રીવરોની વ્યાજબી સલાહની અવજ્ઞા
- શ્રી રાવણની માંગણીમાં વિષયાન્ધતા
- શ્રી લક્ષ્મણજી શ્રી રાવણના દૂતને જવાબ આપે છે
- ધર્મ ગયા બાદ પૌદ્ગલિક આબાદી એ ભયંકર બરબાદી છે
- તારક તીર્થ પ્રત્યે જેને ભક્તિ નથી તે જૈન નથી
- મંત્રીવરોએ ફરીથી પણ શ્રીમતી સીતાજીને છોડવાની આપેલી સલાહ
- આજના શેઠીયાઓને મોટે ભાગે શું ગમે છે ?
- પૌદ્ગલિક લાલસાને કાપવાના પ્રયત્નો કરી જુઓ



# ૪

## ઉન્માદ, હિતકર વાતને પણ રુચવા દેતો નથી

### વિશલ્યા આદિ સાથે લગ્ન અને મહોત્સવ

ત્યારબાદ શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીને વિશલ્યાના સર્વ વૃત્તાંતને કહ્યા બાદ તેના સ્નાનજળથી તરત જ પોતાઓને અને બીજાઓને અભિસિંચન કર્યું. પછી શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી તે જ વખતે એક હજાર કન્યાઓ સહિત વિશલ્યાને શ્રી લક્ષ્મણજી યથાવિધિ પરણ્યા. આ રીતે શ્રી લક્ષ્મણજી સજીવન થયાનો અને તેમના લગ્નનો વિદ્યાધર રાજાઓએ ઉત્સાહપૂર્વક મહોત્સવ કર્યો. એ મહોત્સવ જગતના આશ્ચર્યનું કારણ હતો. અર્થાત્ જોનારાઓને આશ્ચર્ય ઉત્પન્ન કરે એવો તે મહોત્સવ હતો.

### આફતો ઉપર આફતો આવે પણ મોહાધીનોને વિવેક આવવો મુશ્કેલ

આમ શ્રી રામચંદ્રજીની સેનામાં તો આનંદ વ્યાપી રહ્યો છે અને ઉત્સવ ઉજવાઈ રહ્યો છે પણ શ્રી રાવણ તો માને છે કે અમોઘવિજયા શક્તિથી શ્રી લક્ષ્મણજી મરશે અને એની પાછળ શ્રી રામચંદ્રજી પણ મરશે. શ્રી રાવણ એથી હર્ષ પામે છે. એટલામાં બાતમીદારો દ્વારા ખબર મળે છે કે શ્રી લક્ષ્મણજી સજીવન થયા છે. શ્રી લક્ષ્મણજી મર્યા એમ માનવાથી જેને હર્ષ થાય તેને એ જીવ્યા જાણીને શોક થાય ને ? શ્રી રાવણને તો ચિંતા વધી. ધારણા ધૂળમાં મળી ગઈ. ઇન્દ્રજિત, કુંભકર્ણ વગેરે પકડાયા છે. દુશ્મનની છાવણીમાં કેદી બન્યા

છે. શ્રી રામચંદ્રજીનું પરાક્રમ પણ આગલે દિવસે જોયું છે. શ્રી રામચંદ્રજીએ પાંચ પાંચવાર શ્રી રાવણના રથના ભાંગીને ભૂક્કા કરી નાંખ્યા હતા. એમાંય વળી શ્રી લક્ષ્મણજી જીવ્યાના ખબર મળ્યા. આ દશામાં મૂંઝવણ થાય એમાં નવાઈ પામવા જેવું કાંઈ છે ?

**સભા:** નહિ જ.

**પૂજ્ય શ્રી** : ખરેખર, મોહમસ્તતા એ મહાભયંકર છે. આફતો ઉપર આફતો આવે, પણ મોહાધીનોને વિવેક આવવો મુશ્કેલ. આવા વખતે મૂંઝવણ થવી સ્વાભાવિક છે. છતાંપણ વિવેક આવે તો ગમે તેવી મુશ્કેલી વખતે મૂંઝવણ ન થાય. આજે વિવેકની ખામી છે, માટે દુનિયાના સુખી ગણાતાઓની હાલત પણ ભૂંડી છે. એની દોડધામ, ચિંતા, મૂંઝવણ, એ જ જાણે કે જ્ઞાની જાણે. વિવેક હોય તો દુનિયાના સુખી કે દુ:ખીની આ હાલત હોય નહિ.

"શ્રી લક્ષ્મણજી જીવિત છે" એવા ખબર બાતમીદારો દ્વારા જાણીને શ્રી રાવણે પોતાના મંત્રીવરોની સાથે મંત્રણા કરવા માંડી. મંત્રણા કરતાં શ્રી રાવણે કહ્યું કે,

*अभवन्मम भावोऽयं, सौमित्रिः शक्तिताडितः ।*
*प्रातर्मरिष्यति ततो, रामोऽपि स्नेहपीडितः ॥१॥*
*यास्यन्ति कपयो नंष्ट्वा, ते च मद्बंधुसूनवः ।*
*कुंभकर्णेन्द्रजिन्मुख्याः, स्वयमेष्यंति मामिह ॥२॥*
*अधुना दैववैगुण्याल्लक्ष्मणः सोऽपि जीवितः ।*
*मया मोचयितव्यास्ते, कुंभकर्णादयः कथम् ? ॥३॥*

"અમોઘવિજયા શક્તિથી હણાયેલા શ્રી લક્ષ્મણજી પ્રાતઃકાળે મરશે અને તે પછી શ્રી લક્ષ્મણજીના સ્નેહથી પીડિત શ્રી રામચંદ્રજી પણ મરણ પામશે. એટલે કે શ્રી લક્ષ્મણજી અને શ્રી રામચંદ્રજી મરણ પામ્યા બાદ વાનરો નાસી જશે તેમજ મારા બંધુ કુંભકર્ણ અને ઈન્દ્રજિત વગેરે મારા પુત્રો સ્વયં મારી પાસે આવી જશે."

શ્રી રાવણનો એવો ભાવ હતો. પોતાના તે ભાવને શ્રી રાવણે મંત્રીવરોને જણાવ્યો. પછી કહ્યું કે, "હમણાં ભાગ્યના વિપરીતભાવથી તે લક્ષ્મણ પણ સજીવન થયો છે. અર્થાત્ મારા બધા મનોરથ ભાંગી ગયા છે. તો તે કુંભકર્ણ વગેરેને મારે છોડાવવા શી રીતે ?"

## અર્થ- કામની આસક્તિ ત્યજીને વિવેકી બનવું જોઈએ

આવા યુદ્ધમાં સારા પરિણામ આવે એમ લાગે છે ? જ્યાં દુશ્મનભાવ થયો, ત્યાં પરિણામ ખરાબ થયા વિના રહે નહિ. સ્વાર્થી અને અર્થ કામમાં મુગ્ધ બનેલો આત્મા દુશ્મન માટે બૂરી ભાવના કરે એમાં નવાઈ નથી. "શ્રી લક્ષ્મણજી મર્યા હોત તો બેડો પાર થાત. પણ એ તો જીવ્યા એટલે આ મૂંઝવણ થઈને ?" શ્રી રાવણ એમ જ માને છે.

આવી ભાવનાથી બચવું હોય તેણે એવા સંયોગોથી બચવાનો પ્રયત્ન કરવો જોઈએ અને એવા સંયોગોથી બચવું હોય તેણે અર્થકામની આસક્તિ તજી વિવેકી બનવું જોઈએ. સુવિવેક આવ્યા વિના આત્માની બરબાદીના રસ્તાથી પાછા ફરાશે નહી. આ જાણવા, વાંચવા ને સાંભળવાનો હેતુ એ આસક્તિ ઉપર કાપ મૂકી વિવેક કેળવવાનો હોવો જોઈએ.

હવે મંત્રીવરો શ્રી રાવણને સલાહ આપે છે. શ્રીમતી સીતાજીનો છૂટકારો કર્યા વિના, કુંભકર્ણ આદિ વીરોનો છૂટકારો થવાનો નથી. એમ મંત્રીવરો શ્રી રાવણને જણાવે છે. ઉલ્ટું અકલ્યાણ થશે એમ પણ મંત્રીવરો કહે છે. વળી કહે છે કે, "હે સ્વામિન્ !' આટલું બન્યા પછી પણ આપ આપના કુળની રક્ષા કરો! હવે શ્રી રામને અનુસરવા સિવાય બીજો ઉપાય જ નથી. ઉપાય માત્ર એટલો જ છે કે શ્રી રામને વિનંતી કરો ! અર્થાત્ મહાસતી શ્રીમતી સીતાદેવીને મુક્ત કરવા સિવાય કુળરક્ષા કરવાનો બીજો ઉપાય નથી. માટે શ્રીમતી સીતાદેવીને મુક્ત કરીને કુળની રક્ષા કરો!" મંત્રીવરો તો આવી સલાહ આપે છે. મંત્રીવરો ડાહ્યા છે. અત્યાર સુધી બોલવાનો અવસર નહોતો. આ તો શ્રી રાવણે પૂછ્યું એટલે ઝટ કહી દીધું.

## દુર્દશા થવાની હોય ત્યારે સાચું સૂઝે નહિ

પણ શ્રી રાવણ એવી સલાહ માને ? ભાવિ વિપરીત હોય ત્યાં સારી, હિતકારી સલાહ પણ ન રુચે. ઉલ્ટી ઊંધી જ અસર થાય. મિત્ર, દુશ્મનરૂપ લાગે. ન્યાયી, કાયર ગણાય. દુર્દશા હોય ત્યારે સાચું સૂઝે નહિ. પણ સાચું સંભળાય પણ નહિ. અત્યારે પણ શું બને છે ? આપણે જે શબ્દો ઉચ્ચાર્યા ન હોય, તે આપણા નામે જાહેર કરે. કૂડકપટ કરીને પણ પોતાની જીત મનાવવાના પ્રયત્નો ઓછા થાય છે ?

પોતાની ભૂલો છૂપાવવા મહાપુરુષોને પણ હલકા ચીતરે, ખોટી વ્યાખ્યાઓ કરીને લોકને ભમાવે. એનું મૂળ તેવા પાપાત્માઓના હૈયામાં રહેલો ખોટો ઘમંડ તેમજ તેમની કીર્તિની બૂરી લાલસા છે. પણ તેઓએ અને બીજાઓએ સમજી લેવું કે ખોટો ઘમંડ અને કીર્તિની બૂરી લાલસા એવા આત્માઓના જ અનિષ્ટ ભાવિને જણાવનાર છે. નહિતર સીધી હિતકારી સલાહ પણ તેમને કડવી ઝેર જેવી ન લાગે.

**મંત્રીવરોની વ્યાજબી સલાહની અવજ્ઞા**

શ્રી રાવણને મંત્રીવરોએ વ્યાજબી સલાહ આપી. એટલે મંત્રીવરોની પણ શ્રી રાવણે અવજ્ઞા કરી. પછી પોતાના સામંત નામના દૂતને શ્રી રાવણે સામ, દામ અને દંડપૂર્વક અનુશાસન કરીને આજ્ઞા કરી કે, "રામની પાસે જા !" મંત્રીવરોને સલાહ પૂછી ખરી, પણ માની નહિ. કારણ કે હજુ બૂરી દશા બેઠી છે.

ઘમંડી માણસ જ્યાં સુધી સાવ પટકાય નહિ, ત્યાં સુધી તે પ્રાય: ઉન્માર્ગને તજે નહિ. કેટલાક તો એવા કે ખવાય નહિ તો ફોડી નાખવું. શ્રી રાવણ વિષે પણ જેમ તેમ બોલનારે પોતાની હૃદયદશા વિચારી લેવી. આ શ્રી રાવણનો બચાવ નથી. શ્રી રાવણે કર્યું તે સારું કર્યું એમ નહિ, પણ વાત એ છે કે આજના શ્રી રાવણની ટીકા કરનારા જો એવી સામગ્રીવાળા હોય તો પોતે શું કરે? તે તેમણે વિચારી લેવું જોઈએ અને પોતાની હૃદયદશાને સુધારવા પ્રયત્નશીલ બનવું જોઈએ. બાકી અત્યારે તો શ્રી રાવણ મોહ અને ઘમંડમાં મૂંઝાઈ રહ્યા છે. એટલે જ આવી રીતે વર્તે છે.

શ્રી રાવણે મોકલેલો સામંત નામનો દૂત, દ્વારપાળ દ્વારા પોતાની જાણ કરી અને અનુમતિ મેળવીને તે શ્રી રામચંદ્રજીની પાસે આવ્યો. સુગ્રીવ આદિથી વીંટળાએલા શ્રી રામચંદ્રજીને તેણે નમસ્કાર કર્યા. નમસ્કાર કર્યા બાદ ધીર વાણીથી તે દૂતે કહ્યું કે,

"શ્રી રાવણે તમને એ પ્રમાણે કહેવડાવ્યું છે કે, -મારા બંધુવર્ગને તમે છોડી મૂકો. સીતા મને આપવાને સંમત થાઓ અને મારા અડધા રાજ્યને ગ્રહણ કરો ! જો એમ કરશો તો હું તમને ત્રણ હજાર કન્યાઓ આપીશ એટલાથી તમે સંતુષ્ટ થાવ અને જો એટલાથી સંતોષ પામીને તમે તેમ નહિ કરો, એટલે કે અડધું રાજ્ય ને ત્રણ હજાર કન્યાઓ આપતાં પણ મારા બંધુવર્ગને નહિ છોડો અને સીતા મને

આપવાને સંમત નહિ થાઓ, તો તમારું આ સર્વ અને જીવિત ટકશે નહિ !" દૂતે આ પ્રમાણે શ્રી રાવણની માંગણી -ઇચ્છા જણાવી અને હવે એનો શો ઉત્તર મળે છે તે સાંભળવાને તે થોભ્યો.

### શ્રી રાવણની માંગણીમાં વિષયાન્ધતા

શું આ માંગણી વ્યાજબી છે ? નહિ જ. પણ અર્થી એ ન જુએ. વિષયાન્ધ સારું-ખોટું ન તપાસે. એ જોવા જેવી એનામાં બુદ્ધિ ન રહે. જે શ્રી રામચંદ્રજીએ પોતાના પિતાના વચનના પાલન ખાતર રાજ્યાદિનો ત્યાગ કરી વનવાસ સ્વીકાર્યો. તે શ્રી રામચંદ્રજી રાજ્ય અને ત્રણ હજાર કન્યાઓના લોભે શ્રીમતી સીતાજીના શીલને ખંડિત થવા દે ? ન જ થવા દે. પણ એ વિચાર અત્યારે વિષયાન્ધ દશાને પામેલા શ્રી રાવણને ક્યાંથી આવે ? બુદ્ધિ ઠેકાણે હોય તો એ બધું વાસ્તવિકપણે વિચારી શકે ને ?

એના જવાબમાં શ્રી રામચંદ્રજી શું કહે છે એ જોઈએ. શ્રી રામચંદ્રજી શ્રી રાવણની માંગણીનો ઇન્કાર કરતાં કહે છે કે, "રાજ્યસંપત્તિનુ મારે કામ નથી. તેમજ અન્ય સ્ત્રી વર્ગના મોટા પણ ભોગનું મારે પ્રયોજન નથી. અર્થાત્ મારે નથી તો રાજ્ય જોઈતું કે નથી તો ત્રણ હજાર કન્યાઓ જોઈતી." ત્યારે જોઈએ છે શું ? એક જ. "શ્રી રાવણ જો સીતાની અર્ચના કરીને તેને મોકલી આપશે, તો હું તેના ભાઈને અને પુત્રોને છોડીશ. નહિતર નહિ છોડું !" આ બે માંગણીઓમાં કોની માંગણી વ્યાજબી છે. ? શ્રી રામચંદ્રજીની માંગણીમાં શ્રીમતી સીતાજીની માંગણી વિના બીજી કશીય શરત છે ? નહિ જ. એક પરસ્ત્રીની માંગણી કરે છે અને બીજા સ્વસ્ત્રીની માંગણી કરે છે, એ આ બેમાં અંતર છે !

તે સામંત નામના દૂતે ફરીથી પણ શ્રી રામચંદ્રજીને કહ્યું કે, "હે રામ! આમ કરવું તે તમારે માટે યોગ્ય નથી. એક સ્ત્રી માત્રને માટે પોતાની જાતને પ્રાણના સંશયમાં નાખવી એ તમારા માટે ઉચિત નથી. શ્રી રાવણથી હણાયેલા શ્રી લક્ષ્મણ જો કે એકવાર જીવ્યા છે. પણ હવે આજે તે, તમે અને આ વાનરો કેમ કરીને જીવશે? આ વિશ્વને પણ હણવાને શ્રી રાવણ એકલા સમર્થ છે. માટે તેમનું વચન સર્વ પ્રકારે માન્ય કરવા જેવું છે. કારણકે તમે સ્વયં પરિણામને વિચારો !"

દૂત આ પ્રમાણે કહે એમાં નવાઈ નથી. દૂત પોતાના સ્વામીના પરાક્રમની પ્રશંસા કરી સામાને ડરાવવા મથે. વળી દૂત અવધ્ય ગણાય, એટલે દૂતને ગમે તેમ બોલવામાં મરણની ભીતિ પણ રાખવાની હોય નહિ.

### શ્રી લક્ષ્મણજી શ્રી રાવણના દૂતને જવાબ આપે છે

દૂતે જ્યારે એ પ્રમાણે કહ્યું એટલે શ્રી લક્ષ્મણજીથી ચૂપ રહેવાયું નહિ. દૂતની તે વાણીથી ક્રોધિત થએલા શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે. "હે દૂતાધમ! હજુ પણ શ્રી રાવણ પોતાની શક્તિને અને પરની શક્તિને જાણતો નથી. તેનો બંધુ પરિવાર હણાઈ ગયો છે અને માત્ર તેની સ્ત્રીઓ જ બાકી રહી છે. છતાંપણ એ પોતાના પુરુષાર્થને આ રીતે નચાવ્યા કરે છે. એ તેની કેવી ધૃષ્ટતા છે ? સઘળી શાખાઓ જેની છેદાઈ ગઈ છે અને એક મૂળ જેવું મુશલ જેનું બાકી છે, એવા વૃક્ષની જેમ એકાંગી બની ગયેલ તે શ્રી રાવણ પણ કેટલીવાર સ્થિર રહેશે ? માટે તું જા અને તે શ્રી રાવણને યુદ્ધ માટે તેડી લાવ. કારણકે તેને હણવાને માટે મારી ભુજા યમની જેમ સજ્જ થયેલી છે."

### ધર્મ ગયા બાદ પૌદ્ગલિક આબાદી એ ભયંકર બરબાદી છે

શ્રી લક્ષ્મણજીના આવા આક્ષેપ સામે તે દૂત બોલવા જતો હતો, પરંતુ એટલામાં તો વાનરોએ ઉઠી તે દૂતને ડોકમાંથી પકડી બહાર કાઢ્યો. તે દૂત શ્રી રાવણની પાસે પાછો ગયો અને શ્રી રામચંદ્રજી તથા શ્રી લક્ષ્મણજીએ જે કહ્યું હતું તે સઘળું તેણે શ્રી રાવણને કહી સંભળાવ્યું. શ્રી રાવણે કદાચ એમ માન્યું હશે કે દૂતનાં વચનોથી, રાજ્યના લોભથી કે ત્રણ હજાર કન્યાઓની લાલચથી શ્રી રામચંદ્રજી પીગળી જશે.

પણ શ્રી રાવણની તે માન્યતા ખોટી જ હતી. અહીં એ વિચાર ન થાય કે 'કાંઈ નહિ, એક બૈરી ગઈ તો ભલે ગઈ પણ એના બદલામાં ત્રણ ખંડના માલિકનું અડધું રાજ્ય મળ્યું અને એકને બદલે ત્રણ હજાર કન્યાઓ મળી.' આ ભોગનો સવાલ ન હતો, પણ શીલનો સવાલ હતો. ક્ષત્રિય માથું આપે પણ સ્ત્રીને અને શરણાગતને આપે નહિ. તેમ ધર્મી

અવસરે બધું છોડે પણ ધર્મ તજે નહિ. ધર્મ ગયા બાદ પૌદ્ગલિક આબાદી એ તો ભયંકર બરબાદી છે. શીલ ગયું પછી ગમે તેવું દુન્યવી સુખ મળ્યું, પણ તેની કિંમત કશી નથી. શીલની કિંમત સમજનારાઓ, શીલ કરતાં ગમે તેટલી સંપત્તિની કે જીવનની પણ કિંમત વધારે આંકતા નથી.

### તારક તીર્થ પ્રત્યે જેને ભક્તિ નથી તે જૈન નથી

**સભા** : એક સિદ્ધગિરિ જશે તો બીજા ઘણા ઉભા કરીશું, એમ આજનાઓ કહે છે.

**પૂજ્યશ્રી** : કારણકે - એમને શ્રી સિદ્ધગિરિજીની કિંમત નથી. જો શ્રી સિદ્ધગિરિજીની કિંમત હોય તો આમ બોલાય નહી. "કાંકરે કાંકરે અનંતા સિદ્ધા" એવી ભૂમિ શ્રી સિદ્ધગિરિ ઉભા કરવાને જોઈશે ને ? નવા સિદ્ધગિરિ ઉભા કરવાની વાતો કરનારા તે ક્યાંથી લાવશે ? શ્રી સિદ્ધગિરિજી માટેની લડત એ ત્યાંના સોના-રુપા માટેની નથી પરંતુ ધર્મ માટેની છે. એમાં હેતુ ધર્મરક્ષાનો છે. આત્માને તરવાનું એ પણ એક અનુપમ સાધન છે. પવિત્ર ક્ષેત્રોના પ્રતાપે આત્મામાં પવિત્ર ભાવનાઓનો સંચાર થવા પામે છે. એ સમજો અને નક્કી કરો કે - તારક તીર્થ પ્રત્યે જેને ભક્તિ નથી. તે જૈન નથી.

અહીં પણ સવાલ મહાસતી સીતાજીના શીલનો છે. રાજ્ય કે સ્ત્રી માટે શું શ્રી રામચંદ્રજીનું યુદ્ધ છે ? જો માત્ર રાજ્ય કે ભોગને માટે આ યુદ્ધ હોત અને આજના કેટલાકોના જેવી શ્રી રામચંદ્રજીની બુદ્ધિ હોત, તો તેઓ શ્રી રાવણની માંગણી સ્વીકારત પણ એમ બન્યું નહિ કારણકે સીતાજીના શીલનો એ મુખ્ય સવાલ હતો.

### મંત્રીવરોએ ફરીથી પણ શ્રીમતી સીતાજીને છોડવાની આપેલી સલાહ

સામન્ત નામના દૂતે શ્રી રાવણ પાસે જઈને બધી હકીકત કહી. શ્રી રામચંદ્રજીએ અને શ્રી લક્ષ્મણજીએ જે જવાબ આપ્યો હતો તે જણાવ્યો એટલે શ્રી રાવણ ફરીથી મંત્રિવરોની સલાહ માગે છે અને પૂછે છે કે, "કહો, હવે હાલમાં શું કરવા યોગ્ય છે ?"

સલાહ માંગવી ખરી પણ માનવી નહિ. ત્યાં શું થાય ? એ

રીતે દુષ્ટ વાસના જેને કાઢવી જ ન હોય તેને માટે સાચી હિતકર સલાહ પણ નકામી છે.

શ્રી રાવણના મંત્રીવરોએ ફરીથી પણ શ્રી રાવણને તે જ સલાહ આપી છે. મંત્રિવરોએ એમ પણ કહ્યું કે, "સીતાને અર્પણ કરવા તે જ અત્યારે ઉચિત છે. હે સ્વામિન્ ! તમે વ્યતિરેકનું ફળ તો જોયું. હવે અન્વયના ફળને જુઓ ! અર્થાત્ શ્રીમતી સીતાજીને નહિ આપવામાં જે અનર્થરૂપ ફળ આવ્યું તે તો તમે જોયું. હવે શ્રીમતી સીતાને અર્પણ કરવારૂપ અન્વયના ફળને જુઓ ! સીતાને અર્પણ નહિ કરવાથી જ આ મૂંઝવણ ઉભી થઈ છે. આપના અનેક પુત્રો હણાયા. બંધુ કુંભકર્ણ અને કુમાર ઈન્દ્રજિત આદિ પકડાયા, હજારો રાક્ષસોનો ઘાણ નીકળ્યો. એ બધું સીતાને અર્પણ ન કર્યા તેથી થયું. હવે શ્રીમતી સીતાને અર્પણ કરી જુઓ ! જુઓ કે, "સીતાને શ્રી રામચંદ્રજીને અર્પણ કરવાથી કેવું પરિણામ આવે છે ?" સર્વ કાર્યની પરીક્ષા અન્વય અને વ્યતિરેકથી થાય છે, અર્થાત્ અન્વય અને વ્યતિરેક બંને થાય તો કોનાથી લાભ અને કોનાથી નુકસાન તેની ખબર પડે. હે દશાનન ! તો પછી આપ એક વ્યતિરેકમાં જ કેમ બેઠા છો ? "અર્થાત્ છોડી દેવારૂપ અન્વયને તો કરી જુઓ !" શ્રી રાવણને તેમના મંત્રીવરોએ ફરીથી પણ આ મુજબ સલાહ આપી.

તમને કોઈ સાચી સલાહ આપે તેવા રાખ્યા છે ? પ્રતિકૂળ સંયોગોમાં મૂંઝાઈ રહ્યા હો, ત્યારે તમારા કાનમાં આવીને કોઈ એમ કહે એવું છે કે, "આ દશા આવી તે તમારા પાપોદયને જણાવનારી છે. રડતાં કે હસતાં એ ભોગવવું તો પડશે જ. પાપથી નિપજેલા પરિણામની સામે થવાને માટે વધારે પાપમાં ખરડાવાના વિચાર ન કરો ! ગયેલી લક્ષ્મી મેળવવા કૂડકપટ આદિ કરવાના વિચાર તજો ને પ્રાપ્ત થએલી પરિસ્થિતિને સમભાવે સહો !"

આવા વખતે એવું કહેનાર પણ જોઈએ કે : "જુઓ, લક્ષ્મી હતી ત્યારે ભોગમાં ઉદાર બન્યા અને ધર્મમાં કૃપણ બન્યા. લક્ષ્મી દ્વારા જે સાધવાજોગું તે સાધ્યું નહિ એનો પશ્ચાત્તાપ કરો અને હવે છે

એમાંથી સદુપયોગ કરો !" આવી વાત કાનમાં આવી નિર્ભીકતાથી કહે એવા ધર્મમિત્રો તમે રાખ્યા છે ?

**આજના શેઠીયાઓને મોટે ભાગે શું ગમે છે ?**

પણ આજના શેઠિયાઓને તો મોટેભાગે હાજી-હા કરનારા અને સલામો ભરનારા જોઈએ છે. "શેઠ, સાહેબ" એવા એવા શબ્દો એમને એવા ગમી ગયા હોય છે કે એમને બીજા શબ્દો ગમતા નથી. તમે જે કાંઈ કરો છો તે બરાબર જ કરો છો. તમારી બુદ્ધિ ઠરેલ, તમારી સમજ ઘણી, તમારી સામે ટકે કોણ ? એવું એવું કહેનારાઓ આજના શેઠીયાઓને રૂચે છે. આજના કેટલાક ધનના અને કામના ગુલામો, શેઠીયાઓ દેવ-ગુરુ ધર્મને ભાંડે તો ય એની "હા" માં "હા" મેળવે તેવા ઘણા છે. આ સ્થિતિમાં અર્થ અને કામની  સામગ્રીમાં મૂંઝાએલાને, એ મૂંઝવણના યોગે આવનાર વિપરીત પરિણામનો ખ્યાલ આપનાર કેટલા ? કહો કે ઘણા જ થોડા.

તમે જ્યારે અર્થ અને કામની  સામગ્રીમાં ભાનભૂલા બન્યા હો, પૌદ્ગલિક સાધનોમાં મૂંઝાયા હો, મળેલી સામગ્રી કેવળ પુદ્ગલ સેવામાં ખર્ચી રહ્યા હો, ત્યારે એવી સલાહ આપનાર છે કે, "આ નાશનો રસ્તો છે. જે  સામગ્રીના યોગે મોક્ષમાર્ગની ઉત્તમ પ્રકારે આરાધના કરી શકાય. તે  સામગ્રીનો દુરુપયોગ કરીને તમે દુર્ગતિ તરફ ઘસડાઈ રહ્યા છો. મળ્યું છે તો મળ્યાનો સદુપયોગ કરો. જેનાથી મળ્યું તેનો દ્રોહ ન કરો." આવી સલાહ આપનાર કોઈ રાખ્યા છે ?

**પૌદ્ગલિક લાલસાને**
**કાપવાના પ્રયત્નો કરી જુઓ**

શ્રી રાવણના મંત્રીવરોએ જેમ કહ્યું, તેમ સુસાધુઓ પણ તમને કહે છે કે, "સંસારના જીવનનો તો સ્વાદ ચાખ્યો, હવે સંયમ જીવનનો સ્વાદ તો ચાખી જુઓ ! રાગનો અનુભવ તો કર્યો, પણ ત્યાગનો અનુભવ તો કરી જુઓ ! પૌદ્ગલિક લાલસા ભૂંડી છે, દુઃખદાયી છે, એમ લાગતું હોય તો એ લાલસાને કાપવાના પ્રયત્નો કરી જુઓ ! શ્રી જિનેશ્વરદેવના સેવકને પૌદ્ગલિક લાલસા દુઃખદાયી જ લાગે. પૌદ્ગલિક સામગ્રીને એ તજી ન શકે. એ છોડી સાધુ ન થઈ શકે, તો યે એના

હૈયામાં પુદ્ગલનો સંગ ડંખ્યા કરે. પુદ્ગલનો સંગ ક્યારે છૂટે ? એમ થયા કરે. વહેલો મોડો પણ એવા આત્માનો નિસ્તાર જરૂર થાય."

આ ઉપરાંત શ્રી રાવણને સલાહ આપતાં મંત્રિવરોએ એમ પણ કહ્યું છે કે,

*અક્ષતા બહવોઽદ્યાપિ, બંધવઃ સૂનવશ્ચ તે ।*
*સીતાર્પણાદ્વિમુક્તૈસ્તૈઃ, સમમેધસ્વ સંપદા ।।*

"જો કે યુદ્ધમાં ઘણાંઓનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. છતાંપણ હજુ આપના ઘણા બંધુઓ અને પુત્રો સક્ષમ છે." એમ જણાવીને તેઓ કહે છે કે શ્રીમતી સીતાને અર્પણ કરીને તે બધાને છોડાવો અને તેમની સાથે સંપત્તિથી વૃદ્ધિને પામો." મંત્રિવરોની આ વ્યાજબી સલાહ હજુયે શ્રી રાવણને ગળે ઉતરતી નથી. શ્રી રાવણ શ્રીમતી સીતાજીને છોડવાને ઇચ્છતા નથી અને મંત્રિવરો એ વિના કુળરક્ષાનો બીજો ઉપાય જોતાં નથી. મંત્રિવરોએ શ્રીમતી સીતાજીને અર્પણ કરવાની જયારે હિતકારી વાત કહી, એથી શ્રી રાવણ મર્મમાં જાણે અધિક હણાયા અને અંતરમાં દુભાયા અને એથી ચિરકાળ સુધી સ્વયં ચિન્તન કરવા લાગ્યા. આ પછીથી શ્રી રાવણે બહુરૂપા નામની વિદ્યાની સાધના કરવાનો હૈયામાં નિશ્ચય કર્યો.



# વિષયાધીન પણ રાવણ પ્રભુભક્તિમાં એકાકાર

## ૫

મન્ત્રીશ્વરોની સલાહ અવગણીને સ્વયં બહુરુપાવિદ્યા સાધવાના નિર્ણયપૂર્વક કષાય શાંત બનાવીને શ્રી શાંતિનાથ પ્રભુના મંદિરે રાવણ ગયા. પ્રભુની વિલેપનાદિ ભક્તિ કરીને ભગવાનની સ્તવનામાં લીન બન્યાં છે.

આટલો દુરાગ્રહ, અભિમાન, વિષયાધીનતા અને બંધુઓ આદિ બંધનગ્રસ્ત હોવાની ચિંતા છતાં પણ પ્રભુભક્તિ કેવી અદ્‌ભૂત ? આ આખા પ્રકરણમાં **"વીતરાગ સેવા વીતરાગતા માટે જ."** એ વાતને પ્રગટ કરનાર મહત્ત્વપૂર્ણ વાતોનું પ્રતિપાદન પ્રવચનકાર મહર્ષિના શબ્દોમાં શાસ્ત્ર મર્મરુપે રજુ થયું છે, તે આ પ્રકરણને સમૃદ્ધ બનાવે છે.

સાથે સાથે પ્રચારિત થતાં ખોટા સાહિત્યની સામે સાચા સાહિત્યના પ્રકાશનની આવશ્યકતા ઉપર દૃષ્ટાંતપૂર્વક ભાર પૂજ્યશ્રીએ મૂક્યો છે તે ખૂબ વિચાર માંગે તેવી વાત હોવાથી જાણવા જેવી છે.

-શ્રી

## વિષયાધીન પણ રાવણ પ્રભુભક્તિમાં એકાકાર

- શ્રી રાવણ શ્રી શાંતિનાથ ભગવાનના ગૃહચૈત્યમાં
- શ્રી વીતરાગની સેવા દ્વારા વીતરાગતા જ પામવાની ભાવના હોવી જોઈએ
- અનર્થકારી સમજાય તો છોડાવવા સહેલા
- મોક્ષના હેતુઓને સંસારના હેતુઓ ન બનાવો
- ખરાબ અને ખોટા સાહિત્યની સામે સારું અને સાચું સાહિત્ય બહાર મૂકવું જોઈએ
- અહીંનો રાગ તો રાગની જડ ઉપર છીણી ફેરવનારો છે.
- શ્રી રાવણે શ્રી શાન્તિનાથ ભગવાનની કરેલી સુંદર સ્તવના
- શ્રી જિનેશ્વરદેવ જગતત્રાતા કેમ ?
- વિરાધનાની વાત કરે તે રક્ષક નહિ પણ ભક્ષક કહેવાય
- શ્રી જિનેશ્વરદેવની અનુપમ પુણ્યપ્રકૃતિ
- મોક્ષમાર્ગની આરાધના મોક્ષ માટે
- પૂજક લાલચુ ન હોવો જોઈએ
- શ્રી વીતરાગને જોનાર આંખો અને શ્રી વીતરાગને ધારનાર હૃદય ધન્ય છે.
- ક્રિયાઓના ભાવને સમજતા શીખો
- વૈરાગ્યના અર્થી બનો પણ વૈરાગ્યના વૈરી ન બનો
- શ્રી જિનેશ્વરદેવાદિની સેવામાં જે વપરાય તે જ વસ્તુતઃ સાર્થક છે
- શ્રી જિનેશ્વરદેવની ભવે ભવે ભક્તિ મળો એવી માંગણી
- આઠ દિવસ જૈન ધર્મમાં રક્ત રહેવાનો પડહ
- શાન્ત અને ધ્યાનપરાયણ શ્રી રાવણને ગ્રહણ કરવાની શ્રી રામચંદ્રજીની 'ના'
- શ્રી રાવણની ધ્યાનપરાયણતા

## ૫

## વિષયાધીન પણ રાવણ પ્રભુભક્તિમાં એકાકાર

**શ્રી રાવણ શ્રી શાંતિનાથ ભગવાનના ગૃહચૈત્યમાં**

આ પ્રમાણે બહુરૂપા વિદ્યાને સાધવાનો હૃદયમાં નિર્ણય કરીને અને શાન્તકષાયી થઈને શ્રી રાવણ, ભગવાન શ્રી શાન્તિનાથ ભગવાનનાં ચૈત્યમાં ગયા. શ્રી જિનેશ્વરદેવની સન્મુખ જવું છે, માટે કષાયને શાંત કરી દીધા. ભક્તિથી વિકસીત મુખવાળા શ્રી રાવણે, દૂધના કુંભો વડે ઈન્દ્રની જેમ, શ્રી શાન્તિનાથ ભગવાનનું સ્વયં સ્નાત્ર કર્યું, પછી ગોશિર્ષ ચન્દન વડે પ્રભુમૂર્તિનું વિલેપન કર્યું અને દેવતાઈ પુષ્પોથી પ્રભુની પૂજા કરી. ત્યારબાદ શ્રીશાન્તિનાથ ભગવાનની સ્તવના કરી.

આટલા દરાગ્રુહમાં ચઢેલા, આટલા અભિમાનથી ઉન્મત્ત બનેલા, આટલા વિષયાધીન અને શ્રીમતી સીતાજીને નહિ જ છોડવાની ભાવનાવાળા એવા પણ શ્રી રાવણ, પ્રભુભક્તિ કેવી રીતે કરે છે ? એ ખૂબ વિચારવા જેવું છે. આ દશામાં પણ શ્રી રાવણ પ્રભુની સેવા ભક્તિ-સ્તવના ઘણા જ શાંત ચિત્તે કરે છે.

વિચારી જુઓ કે, ભગવાનની સેવા, પૂજા, ભક્તિ, સ્તુતિ, તમે કેટલા શાંત ચિત્તથી કરો છો ? પ્રભુપૂજા કરવા જાય તોય ઘડીયાળ કાંડે, નજર ઘડી ઘડી ઘડીયાળ તરફ જાય. રખે પૂજામાં પાંચ મીનીટ વધુ ન જાય અને બજારમાં મોડા થઈ જવાય નહિ, એ ચિન્તા. ગુરુવાણીનું શ્રવણ કરતાં પણ નજર ઘડીયાળ તરફ ગયા વિના રહે નહિ, એ દશામાં

પૂરતો રસ ક્યાંથી આવે ? હૈયું ભક્તિમાં અને શ્રી જિનવાણીના શ્રવણમાં ઓતપ્રોત થાય શી રીતે ?

### શ્રી વીતરાગની સેવા દ્વારા વીતરાગતા જ પામવાની ભાવના હોવી જોઈએ

શ્રી રાવણ કેવા સંયોગો વચ્ચે શ્રી જિનચૈત્યમાં ગયા છે ? એ વખતે ભગવાનની સ્તુતિમાં કઈ માંગણી આવે ? વિચારો કે દેવ પાસે શું મંગાય ? શ્રી રાવણ એ દશામાં પણ બીજી કોઈ વિપરીત માંગણી કરતા નથી. માત્ર સ્તુતિ કરે છે. કેમકે એમને ભક્તિ કરવી છે. સટ્ટો ચાલતો હોય, વેપાર કર્યો હોય, બજારના ઉછાળામાં પાઘડી ફેરવાઈ જશે એવું લાગતું હોય. એ વખતે શ્રી જિનમંદિરમાં શી ભાવના આવે છે ? એ વિચારજો ! શ્રી રાવણની અત્યારે કઈ સ્થિતિ છે ? પોતાના બંધુ-પુત્ર આદિ સ્વજનવર્ગ વગેરે દુશ્મનની છાવણીમાં કેદ છે, પોતાના ભયંકર પરાજયનો સમય છે. આવા વખતે શ્રી જિનેશ્વરદેવની પાસે બીજી માંગણી ન કરાય, એ સામાન્ય વાત છે ? નહિ જ, શ્રી વીતરાગ પાસે રાગ વધારવાની સામગ્રી મંગાય ? નહિ જ ! રાગને પોષવાનાં કારણો મંગાય ? નહિ જ. શ્રી વીતરાગની સેવા દ્વારા વીતરાગતા પામવાની જ ભાવના હોવી જોઈએ. ખરેખર વીતરાગતા પામવાની સાચી ભાવના નથી, એટલે જ આજના ઝઘડાઓ છે !

### અનર્થકારી સમજાય તો છોડાવવા સહેલા

શ્રી રાવણે કરેલી સ્તુતિના આઠ શ્લોકો આમાં છે. શ્રી વીતરાગનું સ્વરૂપ, ભક્તિ, ફળ આદિ પણ જણાવેલ છે. એ બધું બોલે છે. પણ એમાં વિપરીત માંગણી નથી. એ સ્તુતિ જોતાં જણાય છે કે પ્રભુ ઉપરના પ્રેમથી એ હૈયું ઓતપ્રોત છે. તમે લક્ષ્મી કદાચ ન તજી શકો એ બને, ભોગનો સર્વથા ત્યાગ ન કરી શકો એમ બને, પણ જો શ્રી જિનમંદિર અને ઉપાશ્રયમાં અર્થકામની લાલસાથી વેગળા રહો તથા સમજો કે લાલસા કાપવાનાં આ સ્થાન છે, તો પણ ઓછું નથી. એટલું

સમજી જાવ તો ય અર્થ-કામની લાલસા ઉપર કાપ પડશે. વસ્તુ અનર્થકારી છે એમ બરાબર સમજાય પછી એનાથી છોડાવવા એ સહેલું છે.

**સભા** : શાસનદેવની સેવા એ માટે થાય કે નહિ ?

**પૂજ્યશ્રી** : જેટલું જેટલું મોક્ષ માટે થાય, મોક્ષમાર્ગની આરાધના માટે થાય, મોક્ષમાર્ગની આરાધનામાં આવતાં વિઘ્નોને ટાળવાને માટે થાય અને તેમાં શ્રી જિનાશાસનનો વિધિ જળવાય તો એ કરણીય. એ સમજો તો આવા પ્રશ્ન નહિ ઉઠે. સંસારની સાધના માટે કાંઈપણ કરવું એ કરણીય નથી. શ્રી જિનેશ્વર દેવ સંસારની વાસના કાપવાનું ફરમાવે અને શ્રી જિનેશ્વર દેવનો સેવક સંસારની વાસના વધારવા પૂજાદિ કરે ? એને સારું અને કરણીય તો તે કહે કે જે શ્રી જિનશાસનના રહસ્યને પામ્યો ન હોય. શાસનદેવ એ પણ પ્રભુના શાસનનો સેવક છે. સાધર્મિક તરીકે એનું બહુમાન સન્માન કરવાનું છે. સંસારની વાસના વધારવાને માટે શાસનદેવની સેવા કરવી એ ઉચિત નથી. શાસનદેવની સેવા એ માટે જરૂર થઈ શકે કે મોક્ષમાર્ગની આરાધનામાં આવેલ વિઘ્ન ટળે. મોક્ષમાર્ગની આરાધના સુલભ બને. આજે અર્થકામના રસિકો તો પ્રભુને ખમાસમણાં અધૂરાં દે છે, પણ ત્યાં દેવ દેવીની આગળ પૂરા દેવાય છે ! નાળિયેર ભગવાન પાસે ન મૂકે, પણ ત્યાં મૂકે ! ઘી ભગવાન આગળના દીવામાં નહિ અને ત્યાં ખરું ! આજે ઘણાઓની આ દશા છે. આ સ્થિતિ નજરે પણ જોએલી છે.

**સભા** : એવાને દેવ ન ઓળખે ?

**પૂજ્યશ્રી** : ઓળખે છે માટે તો ફળતા નથી. પોતે જે પ્રભુના સેવક છે. જે તારકના યોગે મંદિરમાં પોતાની સ્થાપના થઈ છે, તેનું પેલો અપમાન કરે અને પોતાને માને, એને એ ફળે શાનો ? કદિ ન ફળે, ઉલ્ટો એનાથી આઘો જાય. શ્રી વીતરાગ પરમાત્માને તો આજના કેટલાક અર્થકામમાં લુબ્ધ બનેલા જૈનોએ કિંમત વિનાની ચીજ ગણી

નાંખી છે. એ મહા દુઃખનો વિષય છે અને માટે જ એવાઓ જ્યાં ત્યાં ભટકાયા કરે છે !

### મોક્ષના હેતુઓને સંસારના હેતુઓ ન બનાવો

**સભા** : 'રક્ષન્તુ વો *નિત્યં*' એમ આવે છે ને ?

**પૂજ્યશ્રી** : મોક્ષમાર્ગની આરાધના કરવામાં, ધર્મક્રિયામાં અથવા તો એવા જ કોઈ કાર્ય માટે, એ ધ્યાનમાં રાખો.

**સભા**: રોગોપસર્ગ વગેરે દૂર કરવાની માંગણી આવે છે ને ?

**પૂજ્યશ્રી** : એ પણ ધર્મના હેતુ માટે જ. આ ન ભૂલાય. એવી દરેક વાત ધર્મસાધનાની પ્રધાનતાને અંગે હોય. એ વાત બરાબર યાદ રાખો કે, આ જૈનશાસન છે. જૈનશાસનની સઘળી ક્રિયાઓ મોક્ષની આરાધનાને માટે છે. મોક્ષના હેતુઓને સંસારના હેતુઓ ન બનાવો. નૈમિત્તિક સ્તોત્રોને તમે નિત્યનાં બનાવી દીધાં છે. એ બધા ઉપરથી આજકાલની અર્થકામલોલુપતા માપી શકાય તેમ છે. એ દશાના યોગે મહિમાવતી વસ્તુ પણ મહિમાહીન બની જાય ! માટે જેનો ઉપયોગ જે રીતે અને જ્યારે કરવાનો હોય, ત્યારે અને તે રીતે કરવો જોઈએ.

**સભા** : સંસારની માંગણી કરનારું બોલાય ?

**પૂજ્યશ્રી** : તમે જ વિચારી જુઓ, તમારે એ જોઈએ છે, કે એ બધાથી મુક્ત દશા જોઈએ છે ? મુક્ત દશા જોઈતી હોય તે આ માગે ? કેટલાક છન્દો તો પતિતોના રચેલા પણ છે. એમાં તેવી તેવી રચના કરીને, પતિતો, અજ્ઞાન જીવોને મૂંઝવી સ્વાર્થ સાધતા હતા. જેમ અત્યારે પતિતોનો રાફડો ફાટ્યો છે. એટલેકે, સાધુવેષમાં છતાં ભયંકર શિથીલાચાર સેવનારા પણ વધ્યા છે. તેમ પૂર્વે પણ શાસનમાં પતિતો થયેલા એમણે કેટલાક છંદો જોડી કાઢ્યા. એવી ચીજો મૂર્ખાઓને તો ગમે એટલે મોંઢે કરે, આજે પણ એવું બહુ ચાલી પડ્યું છે. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામીજીના નામે, એમની ભક્તિથી, એવું મળે એની ના નથી. પણ એ માટે, શ્રી ગૌતમસ્વામીજીનું નામ લેવું અને એ નામ લેવા

દ્વારા પણ પુદ્ગલરસિકતા વધારવી, એ યોગ્ય નથી. એકવાર પ્રયત્નપૂર્વક તમે વસ્તુસ્વરૂપને સમજી લો, પછી આ જાતની મૂંઝવણો નહિ થાય અને શુદ્ધ ધ્યેય નિશ્ચિત થઈ જશે.

**ખરાબ અને ખોટા સાહિત્યની સામે સારું અને સાચું સાહિત્ય બહાર મૂકવું જોઈએ :**

સાચું નાણું હોય ત્યાં ખોટું નાણું પણ ચાલુ થાય જ. હજાર સિક્કાઓમાં બે પાંચ-દશ ખોટા પણ ઘૂસી જાય. અત્યારે પ્રગટ થતું ખરાબ સાહિત્ય હાલ જેટલી હાનિ નહિ કરે, તેટલી ભવિષ્યમાં કરશે, માટે શાસનના સેવકોની ફરજ છે કે, ખોટા સાહિત્યની સામે સાચું સાહિત્ય, ખરાબની સામે સારું સાહિત્ય બહાર મૂક્વું જ. 'કરશે તે ભોગવશે'ના નામે એવા સાહિત્ય તરફ આંખ મિંચામણાં નહિ કરવાં જોઈએ. સારું અને સાચું સાહિત્ય એવી ઢબથી બહાર મૂકાવું જોઈએ, કે જેથી વર્તમાનમાં ખરાબ સાહિત્યથી થયેલી અસર ઉડી જાય. ખરાબ સાહિત્ય બહાર મૂકનારા કંપી જાય અને ભવિષ્યના વાંચનારા પણ જાણે કે, 'એ કાળમાં ખરાબ સાહિત્ય બહાર મૂકનારાઓની જડતી લેનારા વિદ્વાનો જીવતા-જાગતા હતા જ.'

ન્યાયાચાર્ય વાચકશેખર શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ નવીન ન્યાયના સાહિત્યની જરૂર જોઈ, ત્યારે તે સાહિત્ય પણ સર્જ્યું અને એ ઢબથી પણ પોતે ઇતર દર્શનોનું ખંડન કર્યું. શક્તિસંપન્ન આત્માઓની ફરજ છે કે, જે સમયે જે ઢબથી કામ લેવું ઘટે, તે સમયે, તે ઢબથી કામ લેવું અને રક્ષા તથા પ્રભાવના કરવી. જો એમ કરવામાં ન આવે તો જગતમાં શ્રી જૈનશાસનની લઘુતા થાય અને ભવિષ્યમાં એમ થાય કે, 'એ કાળે શ્રી જૈનશાસનમાં કોઈ વિદ્વાનો નહોતા.' અથવા તો કેટલાક એમ પણ માને છે કે, 'એ કાળનું સાહિત્ય બરાબર છે.' પરિણામે ઉન્માર્ગ વધે. પ્રભાવકો આ રીતે થયા છે. મૌખિકવાદ ચાલતો હોય ત્યારે એ રીતે કામ લેવાતું, જ્યારે જેની જરૂર પડી ત્યારે તેનો સ્વીકાર થયો.

ચૈત્યવાસની પૂંઠે સુવિહિતશિરોમણિ આચાર્ય ભગવાન શ્રીમદ્ હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ વગેરે એવા પડ્યા. એવા પડ્યા કે, ચૈત્યવાસની જડ ન રહેવા દીધી. ચૈત્યવાસને ઉખેડીને ફેંકી દીધો. યતિઓ ચૈત્યોના માલિક બની બેઠા હતા અને એનો માલ ખાઈ જતા હતા. એ વખતના સુવિહીત આચાર્ય મહારાજાઓએ એવા મંદિરોના દર્શન પણ બંધ કરાવ્યા હતાં. આખરે ઘણા ઠેકાણે આવી ગયા. કેટલાક તો એની મેળે માર્ગમાં પણ આવી ગયા.

સોળમી સદીમાં મૂર્તિનિન્દકો પાક્યા. એના ખંડન માટે પણ વાચકશેખર શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ બાકી નથી રાખ્યું. ત્યાં જરૂરી તમામ શબ્દશ્રેણિ ગોઠવી છે. શ્રી 'પ્રતિમાશતક' ગ્રન્થ તમે વાંચ્યો છે ? શ્રી જિનમૂર્તિની સિદ્ધિને માટેના થોકબંધ પ્રમાણો એમાં રજૂ કર્યાં છે. જેથી બીજાઓને ગોતવા જવું ન પડે. સંસ્કૃતમાં તેમ ગુજરાતી ભાષામાં પણ એ રજૂ કર્યું. કેમકે ગૃહસ્થોમાં પણ એ તકરાર હતી. આટલાં વર્ષો થયાં તોયે હજી એ સાધન ઉપયોગી છે અને આજે થાય છે. મૂર્તિનિન્દકોની જબાન તોડનારા સમર્થ તે કાળમાં પણ હતા ! એ સાહિત્યના યોગે વર્તમાનમાં પણ ઘણા ઉત્તમ આત્માઓ ઉન્માર્ગ તજી સન્માર્ગમાં આવી સન્માર્ગમાં સ્થિર થયા છે.

### અહીનો રાગ તો રાગની જડ ઉપર છીણી ફેરવનારો છે.

આજે કેટલાકો કહે છે કે - "ભલે લખે, ભલે વિરોધ કરે, આપણે શું ? પણ એ લખાય તે છપાય કે નહીં ? કબાટમાં ગોઠવાય કે નહીં ? લોક એ વાંચે અને એની સામે સાચું સાહિત્ય ન હોય તો પરિણામ કેવું આવું ? ચોપડીમાં લેખક આદિ તરીકે નામ કેવાં હોય ? મુનિ, આચાર્ય, પંડિત એવાં એવાં ! વાંચનારને એ ખબર નથી કે - "એ સાચું લખનારા છે કે ખોટું લખનારાં !" માટે સામે સાચું સાહિત્ય બહાર મૂકવું જોઈએ. એ તો આજે આપણે જાણીએ છીએ કે આચાર્ય

છે પણ નામના છે, મુનિ લખે છે પણ રેલવિહારી છે અને સ્વચ્છન્દાચારી છે ! પરંતુ ભવિષ્યનાં વાંચકો એ જાણે ? આજે ખોટા સાહિત્યની સામે સાચું સાહિત્ય મૂક્યું હોય, તો ભવિષ્યમાં વાંચનાર ખોટાને ખોટા તરીકે અને સાચાને સાચા તરીકે પીછાની શકે. સાહિત્યની સામે સાહિત્ય મૂકવું જોઈએ. આપણે રાગી તો છીએ. શરીર માટે રાગ કરાય અને અહીં નહીં ? અહીંનો રાગ તો રાગની જડ ઉપર છીણી ફેરવનારો છે. એ રાગ કેળવાય તો ધર્મરક્ષા થાય, શાસન પ્રભાવના થાય અને ક્રમે ક્રમે મોક્ષની નજદિક જવાય. મોક્ષમાર્ગ ઉપર રાગ હોય, શ્રી જિનાજ્ઞા ઉપર રાગ હોય, તો મોક્ષમાર્ગની આરાધના સામેના ચેડાં દૂર કરવાની બુદ્ધિ આપોઆપ ઉત્પન્ન થાય. છતી શક્તિએ અને છતાં સંયોગે એ ન થાય, તો સમજવું કે શાસન પ્રત્યેના રાગમાં જ ખામી છે.

### શ્રી રાવણે શ્રી શાન્તિનાથ ભગવાનની કરેલી સુંદર સ્તવના

આપણે જોઈ ગયા કે શ્રી રાવણ પોતાના કષાયોને શાંત કરીને શ્રી જિનેશ્વરદેવ શ્રી શાન્તિનાથ ભગવાનના ચૈત્યમાં ગયા છે. ત્યાં જઈને દૂધના કુંભોથી શ્રી રાવણે ઈન્દ્રની જેમ શ્રી શાંતિનાથ ભગવાનનું સ્નાત્ર ભક્તિપૂર્વક કર્યું છે. ત્યારબાદ ગોશીર્ષ ચન્દનથી અંગરાગ અને દેવતાઈ પુષ્પોથી પૂજા કરીને શ્રી રાવણ શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે છે. શ્રી રાવણ તે વખતે કયા સંયોગોમાં છે ? તે આપણે જોઈ ગયા છીએ. એવા સંયોગો વચ્ચે પણ શ્રી જિનેશ્વરદેવની પાસે કોઈપણ પ્રકારે વિપરીત માંગણી શ્રી રાવણ કરતા નથી. એ તેમની અજબની સત્ત્વશીલતા ને ધાર્મિકતા છે.

એ સ્તુતિ રજૂ કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

देवाधिदेवाय जग,-त्ताथिने परमात्मने ।
श्रीमते शान्तिनाथाय, षोडशायार्हते नमः ॥१॥
श्री शांतिनाथभगवन् !, भवांभोनिधितारण ! ।
सर्वार्थसिद्धमंत्राय, त्वन्नाम्नेऽपि नमो नमः ॥२॥
ये तवाष्टविधां पूजां, कुर्वन्ति परमेश्वर !
अष्टापि सिद्धयस्तेषां, करस्था अणिमादयः ॥३॥
धन्यान्यक्षीणि यानि त्वां, पश्यंति प्रतिवासरम् ।
तेभ्योऽपि धन्यं हृदयं, तद्दृष्टो येन धार्यसे ॥४॥
देव ! त्वत्पादसंस्पर्शा,-दपि स्यान्निर्मलो जनः ।
अयोऽपि हेमीभवति, स्पर्शवेधिरसान्न किम् ? ॥५॥
त्वत्पादाब्जप्रणामेन, नित्यं भूलुंठनैः प्रभो ! ।
श्रृंगारतिलकीभूयान्, मम भाले किणावलिः ॥६॥
पदार्थैः पुष्पगंधाद्यै,-रुपहारीकृतैस्तव ।
प्रभो ! भवतु मद्राज्य-संपद्वल्लेः सदा फलम् ॥७॥
भूयो भूयः प्रार्थये त्वा,-मिदमेव जगद्विभो ! ।
भगवन् ! भूयसी भूयात्, त्वयि भक्तिर्भवे भवे ॥८॥

### શ્રી જિનેશ્વરદેવ જગતત્રાતા કેમ ?

તમે ભાવપૂજામાં લોચા ન વાળો માટે ધીમે ધીમે આ એક એક શ્લોકના ભાવને વિચારીએ. શ્રી વિતરાગ પરમાત્માની સ્તુતિ પણ શ્રી વીતરાગને છાજતી રીતે થાય, આપત્કાલમાં પણ એ ભાવના ટકી રહેવી અને બીજી ભાવના ન ઉઠવી એ સહજ નથી. છતાં જેને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા જચી છે, શ્રી જિનેશ્વરદેવનું સ્વરૂપ સમજાયું છે. સ્વપર ભેદનું ભાન થયું છે. તે આત્માને માટે આ દુર્લભ પણ નથી. સામાન્ય આત્મા માટે આ સ્થિતિ દુર્લભ છે. "દેવાધિદેવ, જગતનું રક્ષણ કરનાર અને સોળમા અર્હન્ એવા શ્રીમાન્ શાન્તિનાથ પરમાત્માને મારા નમસ્કાર હો !" એ પહેલા શ્લોકનો ભાવ છે. પ્રભુ વીતરાગ છે. તીર્થંકર

છે, માટે દેવાધિદેવ છે. પ્રભુ જગતના ભક્ષક નથી પણ રક્ષક જ છે. પ્રભુએ જે જે વાત કરી તે જગતની રક્ષાને માટે કરી. માટે શ્રી જિનેશ્વરદેવ એ જગતત્રાતા છે. યાદ રાખો કે પ્રભુનું આ વર્ણન અર્હન્ થયા પછીનું છે. અરિહંત થયા પછી પ્રભુએ શું કર્યું, કે જેથી એ તારકને જગતના રક્ષક કહી શકાય ? એ તારકે ષટ્કાયના જીવોની રક્ષાનો ઉપદેશ આપ્યો. પૃથ્વીકાયથી માંડીને ત્રસકાય સુધીના જીવ માત્રની રક્ષાનો જ ઉપદેશ આપ્યો. શ્રાવકકુળમાં જન્મેલો છ કાયની વિરાધના કરતો હોય, તો તે શ્રી જિનેશ્વરદેવે કહેલી નથી. શ્રાવકોની હિંસાદિક ક્રિયા શ્રી જિનેશ્વરદેવથી વિહિત નથી. એ ગૃહસ્થધર્મ નથી.

ઘરમાં તમે પાણિયારું બનાવો, રસોડું બનાવો, તીજોરી રાખો, દિવાનખાનું કે વિલાસભુવન રાખો, બંગલા બંધાવો, એ વગેરે ગૃહસ્થધર્મ નથી પણ ગૃહસ્થકર્મ છે. શ્રી જિનમંદિર બનાવો, પૌષધશાળા રાખો, સમ્યગ્જ્ઞાનના સાધનો રાખો, સામાયિક તથા સંયમના ઉપકરણો રાખો, એ વગેરે ગૃહસ્થધર્મ છે. કર્મ સંસારમાં ડૂબાડે અને ધર્મ સંસારથી તારે. પોતાને ન ચાલે માટે ગૃહસ્થ અમુક ક્રિયા કરે તે તે જાણે, પણ એને ભગવાનની તેમ કરવાની આજ્ઞા છે, એમ ન કહેવાય. પોતાનું શરીર સારું રાખવા માટે કોઈને કૂદવાનું ગમે તો તે જાણે, પણ તે ક્રિયાને ધર્મરૂપ ન કહેવાય.

### વિરાધનાની વાત કરે તે
### રક્ષક નહિ પણ ભક્ષક કહેવાય

**સભા** : કેટલાકો કહે છે કે ભગવાન શ્રી મહાવીરદેવના પિતાએ પણ અખાડા ખેલ્યા હતા.

**પૂજ્યશ્રી** : અને તે ધર્મ માનીને ? એમણે સંસારની કરણીને ધર્મરૂપ કરી ? નહિ જ. સંસારને તો શ્રી જિનેશ્વરદેવોએ સાવદ્ય ગણ્યો છે માટે તો સંસારનો ત્યાગ કરી સાવદ્યના ત્યાગનું પચ્ચખ્ખાણ કર્યું, કોઈ રોતો-કકળતો આવે છતાંય વિરાધનાની એમણે હા ન પાડી, માટે

એ ધર્મના રક્ષક-જગતના રક્ષક ! જે વિરાધનાની વાત કરે તે ભક્ષક. જગતત્રાતાનું બિરુદ એ કોઈ સામાન્ય બિરુદ નથી. સંસારની ક્રિયા હિંસા વિનાની હોય નહિ. આવી ક્રિયાઓ પ્રભુના નામે, ધર્મના નામે કરનારા સ્વપર હિતના ઘાતકો છે.

જીવોની ઉત્પત્તિ અને સંહારની ક્રિયા કરનારા એ ભગવાન નહિ. એવું કરે તે ભગવાન નહિ, જો કે એવી વાતોમાં અજ્ઞાનતા છે અને વાસ્તવિકતા નથી. આ પ્રભુએ છ કાયની રક્ષાનો જ પ્રાણિમાત્રને ઉપદેશ આપ્યો છે, માટે એ જગતના રક્ષક. નાના-મોટાનો ભેદ છે માટે નાના-મોટા કહે, પણ કોઈ જીવને મારવાની સલાહ ન આપે. આપણાથી જે જીવોની વિરાધના થઈ જતી હોય તે આપણો દોષ. વિરાધનાથી બચવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઈએ. સર્વથા વિરાધના ન જ થાય એમ બને નહિ. પણ યતનાપૂર્વક વર્તતા શીખવું જોઈએ. શ્રી જિનેશ્વરદેવ જગતત્રાતા છે. કોઈપણ જીવની વિરાધના કરવાની શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા નથી, એ સમજાય તો શ્રી જિનેશ્વરદેવના અનુયાયીનું વર્તન ફરી જાય. 'સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દરિશન શુદ્ધતા તેહ પામે.' એ જાણો છો ને ? તમારે દર્શનશુદ્ધિનો ખપ છે કે નહિ ? જો હા, તો એ માટે સ્વામીને ઓળખવાનો પ્રયત્ન કર્યો ? ત્યાં ઉઠાં ભણાવો તે ન ચાલે.

### શ્રી જિનેશ્વરદેવની અનુપમ પુણ્યપ્રકૃતિ

જ્યાં જે વિશેષણ વ્યાજબી હોય ત્યાં તે વિશેષણ લગાડાય. આજે મોટાભાગે બધે "શ્રી" લગાડાય છે. અહીં તે કાયદો નથી. અહીં તો "શ્રી જિન" અમુક ગુણસંપન્નને જ કહેવાય, શ્રુતકેવળી અમુક જ્ઞાનીને જ કહેવાય અને દરેક કાળમાં શ્રી જિનેશ્વરદેવ તો આ ક્ષેત્રમાં ચોવીસ જ. સામાન્ય જિન અને શ્રી જિનેશ્વરદેવ, એ વચ્ચેનો પણ ભેદ જણાવ્યો. જ્ઞાનાદિ સરખું છતાં ભેદ ખરો.

શ્રી જિનેશ્વરદેવ તો તે તારકો જ કહેવાય, કે જે ત્રીજે ભવે શ્રી

તીર્થંકર-નામકર્મને નિકાચીને આવેલા હોય. દેવતાઓ સમવસરણ શ્રી જિનેશ્વરદેવને માટે રચે. સામાન્ય કેવળી (જિન) માટે બહુ તો દેવતાઓ સુવર્ણકમળ રચે. પ્રતિહાર્ય શ્રી જિનેશ્વરદેવના જ. જિન થયા પછીથી ઉદાસીનભાવ આવે છે. એ અવસ્થામાં ઇચ્છાપૂર્વક દેવાપણું નથી. પૂર્વે જે ભાવના હતી તેના યોગે બંધાએલા નિકાચીત તીર્થંકર-નામકર્મના ઉદયથી જ ભગવાન દેશના દે. શ્રી જિનેશ્વરદેવ તો 'સવિ જીવ કરૂં શાસનરસી' એ ભાવના ખીલવીને, એના યોગે શ્રી તીર્થંકર-નામકર્મની નિકાચના કરીને આવ્યાં છે. શ્રી જિનેશ્વરદેવની પુણ્યપ્રકૃતિ એવી લોકોત્તર કે ગર્ભમાં આવે ત્યારથી જ દેવો દોડાદોડ કરે, નરકમાં તે વખતે અજવાળાં થાય. શ્રી તીર્થંકરદેવ તીર્થના સ્થાપક, માટે સમવસરણ.

શ્રી ગૌતમ મહારાજા ઉપર બહુ ભક્તિ હોય તો પણ શ્રી ગણધરદેવ, "પૂજ્ય જિન" એવું એવું બધું વિવેકી આત્માઓ કહે. પણ એમને "શ્રી જિનેશ્વરદેવ" ન કહેવાય. કહીએ તો મિથ્યાત્વ લાગે અને સમ્યક્ત્વ ભાંગે. શ્રી જિનેશ્વરદેવ એ વિશેષણ તો તે તારકોને જ લગાડાય. શ્રી શાંતિનાથ ભગવાન તો વર્તમાન ચોવીસીના સોળમાં શ્રી તીર્થંકરદેવ છે.

### મોક્ષમાર્ગની આરાધના મોક્ષ માટે

"સંસારસમુદ્રથી-ભવજલધિથી તારનારા એવા હે શ્રી શાન્તિનાથ ભગવાન ! સર્વાર્થ માટે સિદ્ધમંત્ર સમા આપના નામને પણ મારા નમસ્કાર હો ! નમસ્કાર હો !" એ શ્રી રાવણે શ્રી શાંતિનાથ ભગવાનની કરેલી સ્તુતિના બીજા શ્લોકનો ભાવાર્થ છે. શ્રી રાવણ એમ કહે છે કે, 'હે ભગવાન્ ! તને અને તારી મૂર્તિને તો નમસ્કાર છે જ, પણ તારા નામને પણ નમસ્કાર છે ! કેમ? કારણકે તું ભવસાગરથી તારનાર છે. તારા નામનું યથાસ્થિત સ્મરણ પણ સંસારસમુદ્રથી તારે છે. સર્વાર્થના સિદ્ધમંત્રરૂપ તારું નામ છે, માટે તારા નામને પણ નમસ્કાર છે ! ભગવાનની મૂર્તિ કે ભગવાનનું નામ તારક ન હોત તો નમવાની જરૂર

નહોતી. પણ નામ તારક છે. નામ તારક શાથી ? પ્રભુ તારક માટે ! પ્રભુ તારક કેમ ? એ તો શ્રી વીતરાગ છે.

શ્રી જિનેશ્વરદેવોએ તરવાનો માર્ગ દર્શાવ્યો. તારક શાસનની સ્થાપના કરી, માટે એ તારક છે. તરવાનું આપણે જાતે. મહેનત આપણે કરવાની, પણ માર્ગ શ્રી જિનેશ્વરદેવે દર્શાવ્યો. માર્ગ ન જાણતાં હોઈએ તો શું થાય ? મહેનત માથે પડે. માર્ગ બતાવે એ મહા ઉપકારી શ્રી જિનેશ્વરદેવ. મોક્ષમાર્ગ દર્શાવવા દ્વારા મહા ઉપકારી છે. સંસારસાગરથી તારનારા છે. સંસારસાગરથી તારનારા પરમાત્માની મૂર્તિ પાસે, ભગવાન પાસે, સંસારમાં ખૂંચવાનું મંગાય ? નહિ જ ! દુર્લભબોધિ બનવાના માર્ગોથી પાછા હઠો અને માર્ગની આરાધના મોક્ષને માટે કરતા બનો ! શ્રી વીતરાગ પાસે રાગની, રાગનાં સાધનોની ભીખ ન માંગો ! ઈરાદો આખો ફરી જાય છે. સંસારથી જે છોડાવે, તેનો જ ઉપયોગ સંસાર વધારવામાં કરાય, તો એ કારમો હેતુદ્રોહ ગણાય અને એ કરણીય ન ગણાય. પણ ત્યાજ્ય ગણાય.

## પૂજક લાલચુ ન હોવો જોઈએ

શ્રી રાવણ શ્રી જિનેશ્વરદેવની પૂજાના ફળસ્વરૂપ કહે છે. "હે પરમેશ્વર ! જે આત્માઓ આપની અષ્ટ પ્રકારની પૂજા કરે છે. તે આત્માઓને અણિમાં આદિ આઠે પણ સિદ્ધિઓ હાથમાં રહેનારી થાય છે." સ્તુતિમાંના ત્રીજા શ્લોકનો આ ભાવ છે. શ્રી જિનેશ્વરદેવની અષ્ટપ્રકારી પૂજાને વાસ્તવિકપણે કરનારને આઠે સિદ્ધિઓ પ્રાપ્ત થાય એમાં નવાઈ પામવા જેવું નથી. પણ પૂજા કરનાર એ અષ્ટસિદ્ધિનો લાલચુ નહિ હોવો જોઈએ. લાલચ ન હોય અને વાસ્તવિક રીતે યથાવિધિ પૂજા કરાય, તો આ લોકની સિદ્ધિઓ તો શું પણ મુક્તિ સુખેય મળે.

આજે પૂજા કરનાર વિધિનો ખ્યાલ કેટલો રાખે છે ? પ્રભુની પૂજા કરતી વેળા હૈયામાં બીજી હાયવોય ન જોઈએ. દ્રવ્યપૂજા એ

ભાવપૂજાનું મોટું કારણ છે. એ વાત પણ આજે ઘણા ભૂલી ગયા છે. દ્રવ્યપૂજા કરનારમાં પણ ભાવપૂજા કરનાર કેટલા ? દ્રવ્યપૂજામાં હૃદયની એકતાનતા થાય, પછી ભાવપૂજામાં કોઈ ઓર આહ્લાદ આવે. આજે તો દ્રવ્યપૂજામાં પણ કેટલોય અવિવેક થાય છે. મોજશોખ આદિને માટે મોટી રકમો ખર્ચનારા કેટલા અને દ્રવ્યપૂજા માટે ઘરનાં દ્રવ્યો વાપરનારાં કેટલાં ? શક્તિસંપન્નો પણ એવી ઉપેક્ષા કરે એ ઠીક છે ? શક્તિસંપન્નો જો રીતસર બધાં દ્રવ્યો ઘરનાં વાપરે તો, પાશેર દૂધમાં પાંચ ભગવાનને અભિષેક પતાવવાની પામર મનોદશા ન રહે !

જૂઓ, શ્રી રાવણ આગળ શું બોલે છે તે "હે, ભગવન્ ! તે આંખો ધન્ય છે કે જે આંખો દરરોજ આપને જૂએ છે અને તે આંખો કરતાં પણ તે હૃદય ધન્ય છે કે જે હૃદય વડે તે આંખોથી જોવાએલા આપ ધારણ કરાઓ છો !" સ્તુતિના ચોથા શ્લોકનો આ ભાવ છે. 'શ્રી જિનેશ્વરદેવનાં દરરોજ જે આંખોથી દર્શન થાય, તે આંખો ધન્ય છે' એવા ઉદ્‌ગારો ક્યારે નીકળે ? શ્રી જિનેશ્વરદેવનાં દર્શન થતાંની સાથે જ હૃદયમાં અપૂર્વ ઉલ્લાસ જાગવો જોઈએ. સંસારરૂપ દાવાનળમાં શેકાતા આત્માઓ, શ્રી જિનમૂર્તિનાં દર્શન કરે અને એમનો આત્મા ઠરે, એમ થાય કે તારક મળ્યા. પણ સંસાર દાવાનળરૂપ લાગ્યા વિના, શ્રી જિનમૂર્તિનાં દર્શન કરતાં એ પ્રકારનો થવો જોઈતો આનંદ થાય શી રીતે? માટે સમજી લો કે સંસારથી તરવાની ભાવના હોય, એને શ્રી જિનેશ્વરદેવના દર્શન અનુપમ આહ્લાદ ઉત્પન્ન કરનારાં નિવડે છે.

**શ્રી વીતરાગને જોનાર આંખો અને શ્રી વીતરાગને ધારનાર હૃદય ધન્ય છે.**

શ્રી જિનેશ્વરદેવને આંખોથી જુએ, પછી હૈયામાં ધારણ કરે, તો જોઈએ શું ? શ્રી જિનેશ્વરદેવને આંખોથી જોઈ હૈયામાં ધારણ કરવા જોઈએ. હૈયામાં ધારે તો આંખોથી જોયા એ સફળ. શ્રી જિનેશ્વરદેવને હૈયામાં ધારણ કરવા એટલે શું ? શ્રી જિનેશ્વરદેવ જેના હૈયામાં વસે

તેના હૈયામાંની કારમી આસક્તિ નાશ પામે અને ઉપાદેયને પ્રાપ્ત કરવાની, આચરવાની ભાવના થાય. જેના હૈયામાં વીતરાગ ધારણ કરાય તે વીતરાગતાનો અર્થી બને. શ્રી વીતરાગ પરમાત્મા જેની આંખોથી જોવાય એ પુણ્યશાળી અને શ્રી વીતરાગ પરમાત્માને જોઈને જે હૈયામાં ધારણ કરે તો તે મહાપુણ્યશાળી. જેના હૈયામાં વીતરાગ નહિ તે જૈન નહિ. ખરેખર, એ સાચા જૈનની આંખો અને એ હૃદય ધન્ય જ છે, કે જે આંખોથી શ્રી વીતરાગ પરમાત્મા જોવાય છે અને જે હૃદયમાં શ્રી વીતરાગ પરમાત્માને ધારણ કરાય છે.

### ક્રિયાઓના ભાવને સમજતા શીખો

શ્રી રાવણે શ્રી શાન્તિનાથ ભગવાનની કરેલી સ્તુતિના પાંચમા શ્લોકનો ભાવ એ છે કે "હે દેવ ! આપના પાદના ચરણસ્પર્શથી પણ લોક નિર્મળ થાય છે શું સ્પર્શવેધી રસથી લોઢું પણ સોનું થતું નથી ? અર્થાત્ થાય છે." શ્રી વીતરાગ પરમાત્માના પાદનો સ્પર્શ કરે, પણ રાગ ન છોડે એને શ્રી વીતરાગ શું કરે ? સ્પર્શ શ્રી વીતરાગદેવનો કરે અને મિત્રાચારી રાગની કરે તો એને શુદ્ધ કરવા ધારે તો પણ શુદ્ધ કરે શી રીતે ? હૃદયશુદ્ધિ હોય તો સ્પર્શ કામ કરે. પ્રભુના સ્પર્શથી નિર્મળતા આવે, પણ મેળવવી હોય તો ને ? પહેલેથી જ હૈયાને પેક કરીને આવે તો શું થાય ? એને નિર્મળતા પ્રાપ્ત થાય ? નહિ જ. સ્પર્શથી નિર્મળતા થાય, પણ ઈચ્છા જ જુદી હોય તો શું થાય ? પછી કહો કે 'વર્ષોથી સ્પર્શ કરીએ છીએ પણ કાંઈ વળ્યું નહિ.' એ ચાલે ? નહિ જ. વર્ષોથી સ્પર્શ કઈ રીતે કર્યો એ કદિ વિચાર્યું છે ?

**"એકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ,**
**ઋષભ કહે ભવક્રોડનાં, કર્મ ખપાવે તેહ."**

ડગલે ડગલે કર્મ ખપે, પણ એ ડગલું કેવું ? એ ડગલા પાછળ હૃદયનો ઉલ્લાસ કેવો ? સાંજે ગાડીમાં બેસે, સવારે ઉતરે, આ ઉપર ચઢે, ઝટ ઉતરે, ખાય કે તરત ગાડી પકડે એણે તીર્થનું ચિંતવન કર્યું

કહેવાય ? ઠીક છે. ન જનાર કરતાં એ હજાર દરજ્જે સારા. એમ જતાં કો'ક દિવસ એ વાતાવરણની છાયા પડશે. પણ જનારને જવાની રીતનું ભાન કરાવવું જોઈએ ને ? તીર્થયાત્રા આંટારૂપ ન બની જવી જોઈએ. સ્પર્શવેધી રસથી લોઢું સોનું બને, પણ લોઢા જેવા તો બનવું જોઈએ ને ? માટી જેવા રહેવાય તો સોનું બનાય ? નહિ જ. જેટલી યોગ્યતા હોય તેટલી શ્રી જિનેશ્વરદેવના પાદસ્પર્શના પુણ્યપ્રતાપે નિર્મળતા વધારે થાય. બાળક પૂજા કરવા જાય એને વૈરાગ્ય ન થાય, તો મા-બાપને દુ:ખ થવું જોઈએ. હિતસ્વી મા-બાપ રોજ પૂછે કે, શ્રી વીતરાગ પાસે ગયો હતો, છતાં વૈરાગ્ય કેમ ન થયો ? આવું રોજ પૂછવું જોઈએ એમ લાગે છે ? તમને આટલી ઉંમર સુધી વૈરાગ્ય ન થયો એનું દુ:ખ થાય છે ? જો તમને વૈરાગ્ય ન થયો એનું દુ:ખ થાય, તો બાળકને વૈરાગ્ય ન થાય એનું પણ દુ:ખ થાય. પરંતુ જીંદગીભર પૂજા કરવા છતાં તમને આ ભાવના ન આવી હોય ત્યાં શું થાય ? માટે કહું છું કે, ક્રિયાઓના ભાવને સમજતાં શીખો.

### વૈરાગ્યના અર્થી બનો પણ વૈરાગ્યના વૈરી ન બનો

**સભા** : આજે તો પૂજા કરતાં ધમાધમ વધારે થાય છે. બાળકને પૂજા કરવા મોકલે છે, પણ તે કાંઈ વૈરાગ્ય માટે નહિ ! જો કદાચ વૈરાગ્ય થઈ જાય, તો ઉલ્ટું પૂજા કરવાનું પણ બંધ કરાવાય.

**પૂજ્યશ્રી** : એ કારમી અજ્ઞાનતા છે. જૈન માતાપિતા તો બાળકને વૈરાગ્ય થાય એથી ખુશ થાય. મા-બાપને એમ થવું જોઈએ કે, 'અમારે ઘેર જન્મેલા બાળક શ્રી જિનધર્મને પામી જાઓ !' શ્રી જિનપૂજા આદિ કરણીઓ કરવાની શા માટે ? એથી દર્શનશુદ્ધિ થાય અને સમ્યક્ચારિત્રની નિકટ પહોંચી, મોક્ષ પમાય એ માટે ! શ્રી આર્દ્રકુમારનો એકવારનાં મૂર્તિનાં દર્શનથી સંસાર ગયો. પૂર્વના સંસ્કાર જાગૃત થાય, એવા તમે સંસ્કાર પાડો. પૂજા એવી કરો કે વૈરાગ્ય આવે.

સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયોના ભાવાર્થમાં એવા એકતાન બનો કે એ બોલતાં ને સાંભળતા વૈરાગ્ય આવે. ન કેમ આવે ? ખેંચાઈને આવે. પણ અર્થી બનવું જોઈએ. આજે કેટલાક જે વૈરાગ્યના અર્થી હોવા જોઈએ, તે વૈરાગ્યના વૈરી બન્યા છે. અને એથી જ આજે ત્યાગમાર્ગની સામે હલ્લો છે.

સ્પર્શવેધી રસ કાટવાળા લોઢાને સોનું બનાવી શકતો નથી. સોનું બનાવવું હોય તો કાટને કાઢવો જોઈએ. એ જ રીતે શ્રી વીતરાગ પરમાત્માના પાદસ્પર્શથી જેણે નિર્મળ બનવું હોય, તેણે પોતાની અયોગ્યતારૂપ જે કાટ હોય, તેને પહેલાં દૂર કરવો જોઈએ. આત્મામાં યોગ્યતા હોય તો શ્રી જિનેશ્વરદેવના પાદસ્પર્શથી આત્મા જરૂર નિર્મળ થાય. માટે એ યોગ્યતા કેળવવાની જરૂર છે.

શ્રી રાવણે શ્રી શાંતિનાથ ભગવાનની કરેલી સ્તુતિના છઠ્ઠા શ્લોકનો ભાવ એ છે કે, "હે પ્રભો ! આપના ચરણકમળના પ્રણામ સમયે થતાં ભૂમિના સ્પર્શથી ભાલ ઉપર લાગતી રજકણ મારા માટે શ્રૃંગારના તિલકરૂપ થાઓ !" વિચારો કે, એ નમસ્કાર કેવો અને એ નમસ્કાર પાછળ ભાવ કેવો ? આજે પૂરાં, અડધાં પણ નહિ, એવાં ખમાસમણાં દેનારને, એની વાસ્તવિક કલ્પના ક્યાંથી આવે ? શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર કરતાં ભાલ ઉપર કદિ ક્ષતઘા થયો ? શ્રી રાવણ તો કહે છે કે, "એવી રજકણ મારા ભાલ ઉપર શ્રૃંગારના તિલકરૂપ થાઓ !' ભગવાનની ભૂમિનું પણ ભાલ દ્વારા સ્પર્શન કરું છું. એમાં શરમ જેવું નથી હોં ! પણ આજનાઓની વાત ન્યારી છે.

### શ્રી જિનેશ્વરદેવાદિની સેવામાં
### જે વપરાય તે જ વસ્તુતઃ સાર્થક છે

સ્તુતિના સાતમા શ્લોકનો ભાવ એ છે કે, "હે પ્રભો ! આપને ભેટરૂપ કરેલ પુષ્પ અને ગંધ આદિ પદાર્થો દ્વારા, મારી રાજ્ય સંપદારૂપ વેલડીનું સદા ફળ હો !" રાજ્ય સંપદારૂપ વેલડીનું વાસ્તવિક ફળ, શ્રી

જિનેશ્વરદેવને પુષ્પ અને ગંધ આદિ પદાર્થો ભેટ ધરાય તે છે. શ્રી જિનેશ્વરદેવાદિની સેવામાં જે વપરાય, તે જ વસ્તુતઃ સાર્થક ગણાય. આવું શ્રી રાવણ માને છે. જે આવું માને તે ભગવાનની પાસે રાજ્ઋદ્ધિ આદિ માંગે ? નહિ જ. પૂર્વના પુણ્યયોગે તમને મળેલી પૌદ્ગલિક સામગ્રી પણ, જો તમારામાં આ ભાવના હોય તો, શ્રી જિનેશ્વરદેવ આદિની સેવામાં, સુંદરમાં સુંદર રીતે એ ખર્ચી શકાય.

### શ્રી જિનેશ્વરદેવની ભવે ભવે ભક્તિ મળો એવી માંગણી

હવે શ્રી રાવણ છેલ્લી માંગણી કરે છે. એ માંગણી એવી છે કે શ્રી વીતરાગ પરમાત્માનો દરેક સેવક એ માંગણી કરે. સાધુ ને શ્રાવક દરેક રોજ એ માંગણી કરે છે. શ્રી રાવણે શ્રી શાંતિનાથ ભગવાનની કરેલી સ્તુતિના આઠમા શ્લોકનો ભાવ એ છે કે, "હે જગદ્વિભુ ભગવાન ! હું વારંવાર આપની પાસે એ જ પ્રાર્થું છું કે, આપના ઉપર મને ભવે ભવે ઘણી ભક્તિ હો !" બધાનો સાર આમાં છે, ભવોભવ શ્રી જિનેશ્વરદેવની ભક્તિ મળે પછી દશા ગમે તે ભલેને હોય ! ભવોભવ જેને શ્રી જિનેશ્વરદેવની ભક્તિ મળે એ પરમ પુણ્યશાળી છે. આપણે પણ એ જ ઇચ્છિએ છીએ કે, જ્યાં સુધી મોક્ષ ન મળે, ત્યાં સુધી ભવોભવમાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ મળો !

### આઠ દિવસ જૈન ધર્મમાં રક્ત રહેવાનો પડહ

આ રીતે હવે શ્રી રાવણે સામે રત્નશીલા ઉપર બેસીને અને અક્ષમાળાને ધારણ કરીને, બહુરૂપા વિદ્યાને સાધવાનું કાર્ય શરૂ કર્યું. આ વખતે મંદોદરીએ યમદંડ નામના દ્વારપાળને કહ્યું કે, 'લંકામાં એવો પડહ વગડાવ કે આઠ દિવસ સુધી સઘળાંય નગરલોક શ્રી જિનધર્મની આરાધનામાં રક્ત રહે અને જે કોઈ એમ નહિ કરે, તેનો દેહાંત દંડ કરવામાં આવશે.'

પૂર્વના બનાવો ઉપરથી સમજી શકાય તેમ છે કે મન્દોદરી સતી

છે, પણ પોતાના પતિ પ્રત્યેના મોહને આધીન થયેલી છે. અન્યથા શ્રીમતી સીતાજી જેવા સતીને, પરપુરુષની સાથે ક્રીડા કરવાની વિનંતી કરવા તે જાત નહિ અને જો શ્રીમતી સીતાજી માને તો એ શીલભ્રષ્ટતાના બદલામાં, તેમની દાસી જેવી બની રહેવાને તે તૈયાર થાત નહિ ! મોહાધીનતા એ આવી કારમી વસ્તુ છે. મન્દોદરી અત્યારે એ જ ઇચ્છે છે કે, કોઈપણ રીતે પોતાના સ્વામીનો વિજય થાય પોતાના સ્વામી શ્રી રાવણને બહુરૂપી વિદ્યા જલ્દી સિદ્ધ થાય એ માટે, મન્દોદરી આ પડહ વગડાવવાની આજ્ઞા કરે છે અને પોતાની તે આજ્ઞાનો ભંગ કરનારને દેહાંતદંડની શિક્ષા થશે, એમ પણ તે પડહ દ્વારા જ જણાવી દે છે.

મંદોદરીની આજ્ઞાથી, તે **યમદંડ નામના દ્વાર**પાળે, લંકાપુરીમાં તે મુજબ ઉદ્‌ઘોષણા કરી. એ વાત**ને ચરપુરુષોએ** આવીને સુગ્રીવને જણાવી. સુગ્રીવને લાગ્યું કે શ્રી રાવણને કબજે કરવાની આ ઘણી જ સરસ તક છે. આથી સુગ્રીવે શ્રી રામચંદ્રજીને એમ કહ્યું કે,

XXXXXXXX ना यावद् बहु रुपिणीम् ।
*विद्यां साधयति स्वामिं-स્તावत्साध्यो दशाननः ॥१॥*

"હે સ્વામિન્ ! શ્રી રાવણ બહુરૂપિણી વિદ્યાને જેટલામાં સાધી ન લે, તેટલામાં તે સાધ્ય છે.'

સુગ્રીવ શ્રી રામચંદ્રજીને આ પ્રકારનું કહે તેમાં એ પણ કારણ હોય કે જો શ્રી રાવણ બહુરૂપિણી વિદ્યાને સાધી લે તો પછી જીત મુશ્કેલ બને એમ સુગ્રીવને લાગ્યું હોય. માણસ એક અને રૂપ અનેક, એ સ્થિતિમાં એક માણસને ય પરાજિત કરવો એ કાંઈ સહજ વાત નથી ! પછી મુશ્કેલીનો પાર ન રહે, એટલે સુગ્રીવને આવો વિચાર થવો તે અસ્વાભાવિક તો ન જ ગણાય.

## શાન્ત અને ધ્યાનપરાયણ શ્રી રાવણને ગ્રહણ કરવાની શ્રી રામચંદ્રજીની ના

પણ જોવાનું એ છે કે શ્રી રામચંદ્રજી શો જવાબ દે છે ? અને શ્રી રામચંદ્રજી સુગ્રીવને એ વાતમાં સંમત થાય છે કે નહિ ? ઉત્તમ પુરુષોની ઉત્તમતા, ન્યાયપરાયણતા ક્યારે પણ ખસતી નથી. આકરી કસોટીના પ્રસંગોમાં પણ ઉત્તમ આત્માઓ, નીતિને તજવાનું પસંદ કરતા નથી. પ્રલોભનોથી લલચાઈને અગર પોતાને આફતો વેઠવી પડશે, એથી ગભરાઈને, ઉત્તમ આત્માઓ પોતાની ઉત્તમતાને વેગળી મૂકનારા હોતા નથી. અનીતિની ભાવના એ આત્માઓમાં ઉત્પન્ન થઈને એમને ચળ-વિચળ કરતી નથી. આ વસ્તુ અહીં પ્રત્યક્ષ થાય છે.

આ પ્રસંગને અંગે કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે :-

*"સ્મિત્વા પદ્મોऽપ્યુવાચૈવં, શાન્તં ધ્યાનપરાયણમ્ ।*
*કથં દશાસ્યં ગૃહ્ણામિ, ન હ્યહં સ ઇવ ચ્છલી ॥૧॥"*

"શ્રી રાવણ બહુરૂપિણી વિદ્યાને જેટલામાં સાધી ન લે તેટલામાં તે સાધ્ય છે. એવું સુગ્રીવનું કથન સાંભળીને શ્રી રામચંદ્રજીએ પણ સ્મિત કરીને એમ કહ્યું કે, 'શાન્ત અને ધ્યાનપરાયણ એવા શ્રી રાવણને હું કેમ ગ્રહણ કરું ? કારણકે હું તેના જેવો છળવાળો નથી જ."

આ સ્થિતિમાં પણ શ્રી રામચંદ્રજી છળ કરવાને તૈયાર થતા નથી. શ્રી રાવણને શાન્ત અને ધ્યાનપરાયણ દશામાં ગ્રહણ કરવાની, તેઓની લેશ પણ ભાવના થતી નથી. આ વસ્તુ જેમ તેમની શૂરવીરતાને સૂચવે છે, તેમ તેમના આત્માની ઉત્તમતાને પણ સૂચવે છે.

## શ્રી રાવણની ધ્યાનપરાયણતા

શ્રી રામચંદ્રજીએ તો ના પાડી, એટલે સુગ્રીવથી કાંઈ બોલાયું નહિ, પણ અંગદાદિથી રહેવાયું નહિ. કેટલાક માણસો એવા હોય છે કે આવા પ્રસંગે એમને એમ થાય કે એ તો મોટા માણસ તો ના પાડે, પણ

આવી તક ગુમાવાય નહિ. એમ કરવા જતાં કેટલીક વાર સેવકોની ભૂલ સ્વામીની બદનામીનું કારણ પણ બની જાય છે. અહીં અંગદ વગેરે શ્રી રાવણને વિદ્યાસાધનામાંથી ભ્રષ્ટ કરવાને માટે શ્રી રામચંદ્રજીને જણાવ્યા વિના ગૂપચૂપ શ્રી શાંતિનાથ ભગવાનના ચૈત્યમાં રહેલા શ્રી રાવણની પાસે ગયા. ત્યાં જઈને તે અંગદ આદિએ ઉચ્છૃંખલ બનીને વિવિધ પ્રકારના ઉપસર્ગો કર્યા. પણ આ કંપે ? શ્રી રાવણ પોતાના ધ્યાનથી લેશ પણ ચલાયમાન થયા નહિ. શ્રી રાવણ સંસારની સાધના કરવા બેઠા હતા, છતાં ત્યાં પણ સ્થિરતા કેટલી ? કેવળજ્ઞાનની સાધનામાં તત્પર બનેલા મુનિવર, જેમ ઉપસર્ગોથી કંપે નહિ, ચલિત થાય નહિ, તેમ શ્રી રાવણ પણ અંગદાદિએ ઉચ્છૃંખલપણે કરેલા ઉપસર્ગોથી જરાપણ ધ્યાનથી ચલિત થયા નહિ. આ દશા ધર્મસાધનામાં આવી જાય તો ?

# અવશ્યંભાવિને અન્યથા કોણ કરે ?

## ૬

શાન્તકષાયી શ્રી રાવણ શ્રી શાંતિનાથ દાદાના દરબારમાં ધ્યાન લગાવીને બેઠા છે, તે તકનો ગેરલાભ ઉઠાવવા માટે તૈયાર થયેલા અંગદ આદિને શ્રીરામચન્દ્રજીએ નિષેધ કર્યો છતાં, છલાન્વેષી એ લોકોએ તોફાન મચાવ્યું. શ્રીમતી મન્દોદરી મહાસતીને કેશોથી પકડી રાવણનાં દેખતાં ખેંચી, છતાંય શ્રી રાવણ ધ્યાનથી ચલાયમાન ન થયા. બહુરુપા વિદ્યા સિદ્ધ થઈ. એણે "શું કરવું છે તે ફરમાવો" એવી વિનંતી કરી પણ રાવણે અવસરે આવવા કહ્યું.

પછી સીતાદેવીને બળાત્કારે પણ પોતાની ઇચ્છા પૂર્ણ કરવાનું કહ્યું, તેથી સીતાદેવીએ શ્રીરામ-લક્ષ્મણ ઉપરના ઉપદ્રવને જાણી, અણશનની વાત ઉચ્ચારી તેથી રાવણ સમજી ગયા કે હવે આ કોઈ રીતે મારી બને નહીં. છતાંય અહમ્ નડ્યો. યુદ્ધ માટે ફરી પ્રયાણ કર્યું. બિભીષણની સલાહ અવગણી છેવટે અવશ્યંભાવીને અન્યથા કોણ કરે ? શ્રી લક્ષ્મણજી ના હાથે શ્રી રાવણનો વધ થઈને જ રહ્યો. આ વિગત આ પ્રકરણમાં વર્ણવાઈ છે.

-શ્રી

# અવંશ્યંભાવિ ને અન્યથા કોણ કરે ?

- મન્દોદરીને કેશોથી પકડીને ખેંચવું
- સ્વ-પર કલ્યાણમાં રક્ત રહેવું
- બળાત્કાર કરીને પણ રમવાનું શ્રી રાવણે શ્રી સીતાજીને કહ્યું
- જીવન અને શીલ બંનેના રક્ષક શ્રીમતી સીતાજી
- શ્રીમતી સીતાજી મૂર્ચ્છાધીન અને અનશનનો અભિગ્રહ
- શ્રી રાવણની વૃત્તિમાં આવેલું પરિવર્તન
- દુનિયા સારા ખોટાને જોતી નથી
- ધર્મની આરાધનામાં ઢીલ નહિ કરવી
- અપશુકનોનું વારણ અને શ્રી રાવણનું યુદ્ધ માટે પ્રયાણ
- શ્રી રાવણે મૂકેલું ચક્ર શ્રી લક્ષ્મણજીના હાથમાં
- શ્રી બિભીષણની ઉચિત સલાહ સામે પણ રોષ અને શ્રી રાવણનો વધ
- ઉપસંહાર અને સદુપદેશ

# ૬

## અવશ્યંભાવિને અન્યથા કોણ કરે ?



### મન્દોદરીને કેશોથી પકડીને ખેંચવું

શ્રી રાવણ તો જાણે નક્કી કરીને બેઠા છે કે, '*कार्यं साधयामि देहं पातयामि वा ।*' 'કાં તો કાર્ય સાધવું અને કાં તો પ્રાણ આપવા' દુનિયાની સિદ્ધિ માટેની વિદ્યાની સાધનામાં જો આટલી સ્થિરતા જોઈએ, તો આત્માની અનંતી શક્તિને પેદા કરવાને માટે કેટલી સ્થિરતા જોઈએ ? દુનિયાદારીમાં જેવું અર્થિપણું છે, તેવું જો મોક્ષની સાધનામાં આવી જાય, તો આત્માની, આરાધનામાં અપૂર્વ સ્થિરતા આવે.

અંગદાદિએ ઉચ્છૃંખલપણે ઉપસર્ગો કરવા છતાં પણ જ્યારે શ્રી રાવણ ધ્યાનમાંથી ચલાયમાન ન થયા, એટલે-

*"अथांगदो जगादैवं रामाद् भीतेन किं त्वया ।*
*इदं पाखंडमारब्ध-मप्राप्तशरणेन भोः ? ।।१।।"*
*"त्वया परोक्षे मद्भर्तु- र्हृता आर्या महासती ।*
*मन्दोदरीं तु ते पत्नीं, पश्यतोऽपि हराम्यहम् ।।२।।"*

અંગદે શ્રી રાવણને એમ કહ્યું કે, 'અરે ! શું શ્રી રામચંદ્રજીથી ભયને

પામીને, અપ્રાપ્તશરણ એવા તે, આ પાખંડ આદર્યુ છે ? મારા સ્વામીની મહાસતી પત્નીને તે પરોક્ષમાં હરણ કરી હતી. પણ હું તો દેખતો હોવા છતાં પણ તારી પત્ની મંદોદરીનું હરણ કરું છું.' આ પ્રમાણે કહીને અમંદ રોષવાળા અંગદે મન્દોદરીને કેશોથી પકડીને ખેંચી. તે વખતે મન્દોદરી અનાથની જેમ કુરરીના જેવા કરુણ સ્વરે રડતી હતી.

અંગદ આમ બોલે છે, મન્દોદરીને કેશોથી ખેંચે છે અને મન્દોદરી કરુણ સ્વરે રડે છે. તે છતાંય ધ્યાનમાં સંલીન એવા શ્રી રાવણ પોતાની આંખનું પોપચું પણ ફરકાવતાં નથી. એ તરફ જોતાં જ નથી અને વિદ્યાસાધનામાં મગ્ન રહે છે. સંસારની સાધનામાંથી પણ જો શક્તિશાળી સાધક ન ચળે, તો મુક્તિની સાધનામાંથી શક્તિશાળી ધર્માત્મા કેમ જ ચળે ? વિરોધ અને ઉપસર્ગના ભયે, શ્રી જિનાજ્ઞા મુજબની પ્રવૃત્તિને સત્ત્વશાળી આત્મા ન જ છોડે ! શ્રી રાવણ જો આ વખતે જરાક ચલિત થાત, તો વિદ્યા સાધત નહિ અને અંગદ ફાવી જાત. પણ કરુણ સ્વરે અનાથની જેમ રડતી અને દુશ્મનના માણસ દ્વારા કેશોથી પકડાઈને ખેંચાતી એવી, પોતાની પટ્ટરાણી મન્દોદરીની તરફ પણ ધ્યાનમાં સંલીન. એવા શ્રી રાવણ તો જોતાય નથી.

શ્રી રાવણ આ પ્રમાણે વિદ્યાસાધનામાં અચળ રહ્યા, એટલે તે બહુરૂપિણી નામની વિદ્યા નભસ્તલને પ્રકાશિત કરતી પ્રગટ થઈ. પછી તે વિદ્યાએ શ્રી રાવણને એમ કહ્યું કે, 'હે શ્રી રાવણ ! હું તને સિદ્ધ થઈ છું, તો બોલ હું શું કરું ? તારા વશમાં હું વિશ્વને કરી દઉં, તો પછી રામ-લક્ષ્મણ એ કોણ માત્ર છે ?'

### સ્વ-પર કલ્યાણમાં રક્ત રહેવું

વિદ્યાના અધિષ્ઠાતા દેવોમાં પણ આવા અભિમાની હોય છે, પણ પુણ્યવાન પુરુષો સામે દેવોનું ય કાંઈ ચાલતું નથી. શ્રી કુલભૂષણ અને શ્રી દેશભૂષણ મુનિવરોને ઉપસર્ગ કરનાર દેવને પણ શ્રી રામચંદ્રજીના પુણ્યતેજના યોગે ભાગી જવું પડ્યું હતું. વિશલ્યાના યોગે પ્રજ્ઞપ્તિની ભગિની અમોઘવિજયા શક્તિને

ભાગી જવું પડ્યું હતું. પુણ્યોદય બળવાન હોય તો, દેવો પણ કાંઈ કરી શકતા નથી. છતાં અભિમાનીને એ ન દેખાય, તે સ્વાભાવિક છે. દુનિયામાં પણ એવા મિથ્યાભિમાનીઓ ક્યાં ઓછા હોય છે. પોતાના મિથ્યાભિમાનમાં પાગલ બનીને, જેની તેની સામે ધુરકીયાં કરનારા પરના ગુણને દોષરુપે જોવાની અક્કલ ધરાવનારા અને ઈર્ષ્યાથી પરાઈ જુઠ્ઠી નિંદા કરનારા આજે પણ ઓછાં નથી. પણ એવાઓની દયા ખાઈને સ્વ-પર હિતને આપણે ન ચૂકવું એ આપણો ધર્મ છે. જેઓએ ધર્મની સામે એકાંતે સ્વપરહિતઘાતક જેહાદ પોકારી છે, તેવા પાપાત્માઓ તો વસ્તુતઃ અકિંચિત્કર અને દયાપાત્ર જ છે.

બહુરૂપિણી વિદ્યાએ જ્યારે પ્રગટ થઈને એ પ્રમાણે કહ્યું, એટલે એના ઉત્તરમાં શ્રી રાવણે એમ કહ્યું કે, 'તારા વડે સર્વ નિષ્પન્ન થાય તેમ છે. પણ હમણાં તું તારા સ્થાને જા, અને જ્યારે હું તારું સ્મરણ કરું ત્યારે તું આવજે.' આ પ્રમાણે કહીને શ્રી રાવણે વિદાય કરેલી બહુરૂપિણી વિદ્યાદેવી અંતર્ધ્યાન થઈ ગઈ, અને તે -અંગદ આદિ વાનરો પણ પવનની જેમ ઉડીને પોતાની છાવણીમાં ચાલ્યા ગયા.

અહીં એ વાત યાદ રાખવી જોઈએ કે, શ્રી રાવણ વિદ્યાની સાધનામાં એવા લીન બની ગયા હતા કે એમને અંગદ અને મંદોદરીના વૃત્તાંતની ખબર જ નહિ હતી. નહિતર અંગદાદિને એમ ઉડીને ચાલ્યા જવું એ ય ભારે પડત. બહુરૂપિણી વિદ્યા અને અંગદ આદિ વાનરોના ગયા બાદ, શ્રી રાવણે મંદોદરી અને અંગદના વૃત્તાંતને સાંભળ્યો, અને એથી તરત જ અહંકારગર્ભિત હુંકાર કર્યો, અર્થાત્ એમ બતાવ્યું કે, 'અંગદ એવું કરી ગયો છે, પણ હવે હું એની ખબર લઈ નાખીશ.'

**બળાત્કાર કરીને પણ રમવાનું શ્રી રાવણે શ્રી સીતાજીને કહ્યું**

આ પછી જે બન્યું તેનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે

*"स्नात्वा भुक्त्वा च लंकेशोऽगाद्देवरमणे वने ।*
*ऊचे सीतां च सुचिरं, मया तेऽनुनयः कृतः ॥१॥*

*उज्झित्वा नियमभंग-भीरुत्वमधुना पुनः ।*
*रमयिष्ये प्रसह्य त्वां, हत्वा त्वत्पतिदेवरौ ॥२॥"*

શ્રી રાવણે સ્નાન કર્યું, સ્નાન કરીને ભોજન કર્યું અને ભોજન કરીને શ્રી રાવણ દેવરમણ નામના ઉદ્યાનમાં ગયા કે જ્યાં શ્રીમતી સીતાજીને રાખેલાં છે. ત્યાં જઈને શ્રી રાવણે શ્રીમતી સીતાજીને કહ્યું કે 'મેં ઘણાં લાંબા કાળ સુધી તારો અનુનય કર્યો ! અર્થાત્ અત્યાર સુધી મેં તને ઘણી ઘણી રીતે સમજાવી, ઘણી ઘણી રીતે મનાવી અને ઘણી ઘણી રીતે વિનવી પણ તેં મારું કહ્યું માન્યું નહિ. મારી ઈચ્છાને તેં આટલા અનુનય છતાં પણ પૂરી કરી નહિ. તો હવે નિયમભંગના ભીરૂપણાને છોડીને અને તારા પતિ તથા દીયરને હણીને હું તારી સાથે બળાત્કારે ક્રીડા કરીશ. અર્થાત્ આજ સુધી મેં નિયમ ભંગ કર્યો નથી, પણ હવે જ્યારે તું માનતી જ નથી, તો નિયમ ભંગની ભીરૂતા ત્યજીને અને શ્રી રામ-શ્રી લક્ષ્મણને હણીને હું તારી ઈચ્છા વિરુદ્ધ તારી સાથે રમીશ.'

**સભા** : શ્રી રાવણ જેવા આમ કહે છે તો શ્રીમતી સીતાજીને ભોગવવાને માટે શું શ્રી રાવણ પોતાના નિયમનો પણ ભંગ કરવાને તૈયાર થઈ ગયા ?

**પૂજ્યશ્રી** : આ વસ્તુનો પૂરતા ખુલાસા વિના નિર્ણય ન થઈ શકે. વિનાશકાળે વિપરીત બુદ્ધિ સૂઝે એમ પણ બને. શ્રી રાવણ મરીને નરકે જવાના છે, એટલે આવી બુદ્ધિ થઈ હોય તો ના ન કહેવાય. છતાં એક બીજી વસ્તુ ય વિચારવા જેવી છે : શ્રી રાવણે કદાચ ભેદનીતિ વાપરી હોય તો પણ એ બનવાજોગ નથી જ એમ ન કહેવાય. સામ, દામ, દંડ અને ભેદ, એમ નીતિના ચાર પ્રકાર ગણાય છે. સામનીતિ, દામનીતિ, અને દંડનીતિ એ ત્રણેયનો ઉપયોગ તો થઈ ગયો છે. એટલે બાકી ભેદનીતિ છે. શ્રી રાવણની વિનવણી સામનીતિમાં ગણી શકાય. પોતાની ઋદ્ધિ બતાવી તથા મંદોદરી જેવી પટ્ટરાણી અને બીજી રાણીઓ શ્રીમતી સીતાદેવીની આજ્ઞામાં રહે, એવું જે કહેવડાવ્યું, એ વગેરેને દામનીતિમાં ગણી શકાય. તે પછી રાત્રિના ભયંકર ઉપસર્ગ વગેરેને દંડનીતિમાં ગણી શકાય અને આ નિયમભંગના ભીરુપણાને છોડી

બળાત્કારે રમવાની વાતને ભેદનીતિમાં ગણી સામ દામ અને દંડ- એ ત્રણ નીતિ નિષ્ફળ નીવડી માટે ભેદનીતિનો શ્રી રાવણે ઉપયોગ કર્યો હોય એમ પણ બને.

કારણકે શ્રી રાવણે કદાચ એમ માન્યું હોય કે, "આ રીતે કહેવાથી શ્રીમતી સીતાજી માની જશે અને 'જ્યારે બળાત્કારે પણ આધીન થવું પડશે, તો ઐચ્છિક આધીનતાને સ્વીકારી, પતિ અને દીયરને મરણમાંથી ઉગારી લેવા તે શું ખોટું?' એવો વિચાર કરી, મારી વાત સ્વીકારશે" એટલે જો એમ માને, તો નિયમભંગ કરવો પડે નહિ અને કામ થઈ જાય. શ્રી રાવણ નિયમભંગ કરવાના ઈરાદાવાળા નહોતા જ અને ભેદનીતિથી બળાત્કારનું કહ્યું હતું, એવો ઉલ્લેખ અહીં નથી. છતાં એવી કલ્પના કરી શકાય તેવો આ પ્રસંગ છે. કારણકે તે પછી શ્રીમતી સીતાજી મૂર્ચ્છિત થવા છતાંય શ્રી રાવણે શ્રીમતી સીતાજીને સ્પર્શ સરખો ય કર્યો નથી એ વખતે સ્પર્શ કરે તો ત્યાં શ્રી રાવણને તેમ કરતાં રોકનાર કોઈ જ નહિ હતું. પણ શ્રી રાવણે તેમ કર્યું નથી. બાકી નિયમભંગ કરવાનો હાર્દિક નિર્ણય શ્રી રાવણે કર્યો જ હોય અને તેથી જ બળાત્કારનું કહ્યું હોય તો જ્ઞાની જાણે આમાં નિશ્ચયાત્મક કાંઈ કહી શકાય નહિ.

### જીવન અને શીલ બંનેના રક્ષક શ્રીમતી સીતાજી

શ્રી રાવણે જ્યારે શ્રીમતી સીતાજીને એમ કહ્યું કે, 'ઘણાં લાંબા કાળ સુધી મેં તારો અનુનય કર્યો છે, પણ હવે તારા પતિ તથા દીયરને હણીને અને નિયમ ભંગના ભીરૂપણાને તજી દઈને બળાત્કારે તારી સાથે હું રમીશ.' ત્યારે શ્રી રાવણના એ વચનોની શ્રીમતી સીતાજીના હૃદય ઉપર કારમી અસર થાય તે તદ્દન સંભવિત છે. શ્રી રાવણ પોતાના નિયમનો ભંગ કરવામાં ભીરૂ હતા. માટે જ શ્રીમતી સીતાજી પોતાના જીવન અને શીલ, એમ બંનેનો સાથે બચાવ કરી શક્યાં હતાં. શ્રી રાવણને જો તેવો નિયમ ન હોત અથવા તો એ નિયમપાલનની અડગતા ન હોત, તો કાં તો શીલ અને કાં તો જીવન, બેમાંથી એકનું બલિદાન આપવાની શ્રીમતી સીતાજીને ફરજ

પડી હોત અને એવો પ્રસંગ જો આવી જ લાગ્યો હોત, તો શ્રીમતી સીતાજી જેવા સતી શીલનો ત્યાગ નહિ કરતાં, જીવનનો ભોગ આપીને પણ, શીલની રક્ષા કરવાને માટે તત્પર જ રહેત, એ શંકા વિનાની વાત છે.

### શ્રીમતી સીતાજી મૂર્છાધીન
### અને અનશનનો અભિગ્રહ

શ્રી રાવણ 'બળાત્કાર કરીશ' એમ કહે, એ વાત શ્રીમતી સીતાજીને સાચી લાગે કારણકે પોતે બધી વિનવણીઓને ઠોકરે મારી છે એમ શ્રીમતી સીતાજી જાણે છે. શ્રીમતી સીતાજી એ પણ જાણે છે કે પોતાની ખાતર જ શ્રી રાવણે આ ઘોર સંગ્રામ આદર્યો છે, પોતાની ખાતર જ પોતાના ભાઈ શ્રી બિભીષણનો શ્રી રાવણે તિરસ્કાર કર્યો છે અને પોતાની ખાતર જ શ્રી રાવણે સ્વજનોનો નાશ પણ થવા દીધો છે. આટલું કરનાર ઓછો વિષયાધીન બન્યો હશે ? અને એવી કારમી વિષયાધીનતાના યોગે, કદાચ નિયમભંગ કરે તો તેમાં પણ કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી ! આ પ્રકારના વિચારો શ્રીમતી સીતાજીને આવે એ બહુ જ શક્ય છે. વળી પોતાના પતિને અને દીયરને હણવાનું પણ શ્રી રાવણે કહ્યું, એથી શ્રીમતી સીતાજીને આઘાત થાય. હૈયામાં આઘાત મોટો થાય અને છૂપો રહે એ પણ ન બને. શ્રી રાવણની આ પ્રકારની કઠોર અને નઠોર વાણી શ્રીમતી સીતાજીને વિષતુલ્ય લાગી. આવી શ્રી રાવણની વિષતુલ્ય વાણીથી શ્રીમતી સીતાજી તત્ક્ષણ મૂર્છાવશ બની જઈને, જમીન ઉપર પટકાઈ પડ્યા. એ પટકાયાં એટલે જાણે શ્રી રાવણની શ્રીમતી સીતાજી માટેની આશા પટકાઈ. આથી જ અહીં ગ્રન્થકાર પરમર્ષિએ '*દશાસ્યસ્ય તસ્યાશ્માશેવ*' એમ કહ્યું છે. આ પછી જ્યારે શ્રીમતી સીતાજી કથંચિત્ સંજ્ઞાને પામ્યાં, ત્યારે શ્રીમતી સીતાજીએ એવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે,

"*મૃત્યુશ્ચેદ્રામસૌમિત્ર્યોસ્તદાસ્ત્વનશનં મમ।*"

એટલે કે 'શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીનું મૃત્યુ થાય તો ત્યારથી મારે અનશન હો.'

### શ્રી રાવણની વૃત્તિમાં આવેલું પરિવર્તન

શ્રીમતી સીતાજીના આવા અભિગ્રહની વાત જાણ્યા બાદ શ્રી રાવણને પૂરેપૂરી ખાત્રી થઈ ગઈ કે શ્રીમતી સીતાજી માટેની આશા સફળ થાય તેમ છે જ નહિ, અર્થાત્ કોઈ પણ રીતે શ્રીમતી સીતાજી મળે એ તો શક્ય જ નથી. શ્રીમતી સીતાજીએ ગ્રહણ કરેલા અભિગ્રહના પરિણામે શ્રી રાવણની મનોવૃત્તિમાં જબ્બર પરિવર્તન થયું. એ દર્શાવતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આ સ્થળે ફરમાવે છે કે,

*"तच्छ्रुत्वा रावणो दध्यौ, रामे स्नेहो निसर्गजः,*
*अस्यास्तदस्यां मे रागः, स्थले कमलरोपणम्।।*
*कृतं युक्तं मया तन्ना-वज्ञातो यद्बिभीषणः ।*
*नामात्या मानिताः स्वं च, कुलमेतत्कलंकितम् ।।२।।"*

એટલે કે શ્રીમતી સીતાજીએ જે અભિગ્રહને ગ્રહણ કર્યો, તેનું શ્રવણ કરીને શ્રી રાવણે વિચાર કર્યો કે, રામમાં આનો એટલે શ્રીમતી સીતાને જે સ્નેહ છે તે નૈસર્ગિક છે. એથી એના હૃદયમાં મારા પ્રત્યે રાગ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો, એ તો સ્થળમાં કમળને રોપવાનો પ્રયત્ન કરવા જેવું છે. જળકમળ, જળમાં જ ઉત્પન્ન થાય, પણ કાંઈ સ્થળમાં ઉત્પન્ન થાય ? નહિ જ. ત્યારે જેમ સ્થળમાં કમળનું આરોપણ અસંભવિત છે, તેમ શ્રીમતી સીતાજીમાં શ્રી રાવણના પ્રત્યે રાગ જન્મે એ અસંભવિત છે. જ્યાં આમ લાગ્યું એટલે શ્રી રાવણને એમ પણ થયું કે 'મેં આ યોગ્ય કર્યું નથી કે જે શ્રી બિભીષણની અવજ્ઞા કરી, અમાત્યોને માન્યા નહિ અને આ કુળને કલંકિત કર્યું !' આખરે પણ શ્રી રાવણને પોતે જે કર્યું તે ખોટું કર્યું એમ લાગ્યું. પણ તેનું શુભ પરિણામ આવ્યું નહિ.

આવા સુંદર માનસિક પરિવર્તન વખતે, જો માનનું ભૂત ન ચઢી બેસે તો તો હજુ પણ બગડેલી બાજી સુધારી લેવાની તક હતી, પણ ભાવિ વિપરીત છે ને ? આ શલાકા પુરુષ છે, પણ પૂર્વે નિયાણું કરીને આવેલા છે. અહીંથી મરીને નરકે જવાના છે. જો કે શ્રી રાવણનો આત્મા ઉત્તમ છે. એટલે ભવિષ્યમાં તો એ શ્રી તીર્થંકર થનાર છે, પણ અત્યારે ? ગતિ તેવી મતિ સૂઝે ને ? શ્રી બિભીષણની અવજ્ઞા કરી તે ઠીક ન કર્યું. અમાત્યોની સલાહ માની નહિ તે ઠીક ન કર્યું અને કુળને કલંકિત કર્યું.

એ ઠીક ન કર્યું, એવો વિચાર તો શ્રી રાવણને થયો, પણ સાથે સાથે જ ભૂલ સુધારતાં પહેલાં પોતાની પરાક્રમશીલતા દેખાડવાનો વિચાર થયો.

*"मुंचाम्येतामद्य चेत्त-न्न विवेकपदे पतेत् ।*
*रामाक्रांतेन मुक्तेय-मिति स्यात्प्रत्युतायशः ॥१॥"*
*"बद्ध्वेह रामसौमित्री, समानेष्ये ततस्तयोः ।*
*अर्पयिष्याम्यमूं धर्म्यं, यशस्यं च हि तद्भवेत् ॥२॥"*

"ભૂલ જણાયા પછી અભિમાનના યોગે શ્રી રાવણને એમ થાય છે કે, 'ધારો કે હું હમણાં શ્રીમતી સીતાને છોડી તો દઉં, પણ એમ કરવું વિવેકી પગલું ભર્યું એમ નહિ ગણાય. ઉલ્ટો એવો અપયશ થશે કે રામથી પરાભવ પામીને શ્રીમતી સીતાને મેં છોડી દીધી. માટે રામ અને લક્ષ્મણને બાંધીને પહેલાં હું લાવીશ. અને તે પછી તેમને હું આ સીતા અર્પણ કરીશ. ખરેખર એમ કરવું એ જ યુક્તિયુક્ત અને પ્રશંસાપાત્ર થશે.

## દુનિયા સારા ખોટાને જોતી નથી

શ્રી રાવણ હવે દુનિયાનાં વચનો તરફ આમ ઝોક ખાય છે. દુનિયા ગાંડી ગણાય છે. દુનિયાના વચન ઉપર વિશ્વાસ રાખનારને, ડાહ્યાઓ બેવકૂફ કહે છે, કારણકે દુનિયા તો હવા જુએ : જેમની દાંડી પીટાય તેમની પીટે. કહેવાય છે કે દુનિયા ઉગતા સૂર્યને પૂજનારી છે. અર્થાત્ એ સારા ખોટાને જોતી નથી. પણ જેને સત્તા અને સમૃદ્ધિમાં ચઢિયાતી દેખે, તેની તરફ તે ઢળે છે અને એકબીજાના ઝોકમાં તણાય છે. આથી જ દુનિયા, આ સંબંધમાં શું બોલશે ? અને શું માનશે ? તેનો વિચાર કરી, તે ભીતિ માત્રથી ભૂલ સમજાયા બાદ પણ ભૂલને વળગી રહેવું એ શ્રેયસ્કર નથી.

## ધર્મની આરાધનામાં ઢીલ નહિ કરવી

શ્રી રાવણે શ્રીમતી સીતાજીને છોડવામાં જેવો વિચાર કર્યો, તેવો વિચાર ધર્મની આરાધના કરવાની ઇચ્છાવાળા પણ કેટલાક કરે છે. અને એથી શ્રી રાવણ જેમ અનિષ્ટથી બચી શક્યા નહિ તેમ આરાધનાની ઇચ્છાવાળા પણ તેઓ, પોતાની ઇચ્છાને સફળ કરી

શક્તા નથી. 'હું અમુક કરી લઉં પછી આરાધનામાં જોડાઉં.' એવા વિચારવાળાઓ, ઘણીવાર આરાધનાથી વંચિત રહી જાય છે. આરાધનાને આદરવાને ઇચ્છતા આત્માઓએ તો સડેલી ચીજને કાતરથી કાપવાની નીતિ ગ્રહણ કરવી જોઈએ. સંસાર છે એટલે ઉપાધિ તો આવે. જ્યાં સુધી ઉપાધિ છોડીએ નહિ ત્યાં સુધી એ છૂટવાની છે ? નહિ જ. એટલે આત્માએ ધર્મની આરાધનામાં ઢીલ કદી નહિ કરવી જોઈએ, પણ હૃદયમાં ઉત્પન્ન થયેલા ઉલ્લાસને વધાવી લેવો જોઈએ.

### અપશુકનોનું વારણ અને શ્રી રાવણનું યુદ્ધ માટે પ્રયાણ

અહીં શ્રી રાવણે નિશ્ચય કર્યો કે, 'પહેલાં શ્રી રામને અને શ્રી લક્ષ્મણને બાંધીને અહીં લાવું અને પછી તેમને સીતાને અર્પણ કરું.' આ પ્રકારનો નિશ્ચય કરીને શ્રી રાવણે તે રાત્રિ પસાર કરી. બીજે દિવસે અપશુકનોને વારવા છતાં પણ દુર્મદ એવા શ્રી રાવણ યુદ્ધમાં ચાલ્યા. ફરીથી શ્રી રામચંદ્રજીના અને શ્રી રાવણના સૈન્યનું યુદ્ધ પ્રવર્ત્યું. અતિ ઉદ્ભટ એવા સુભટોની ભુજાઓના આસ્ફોટથી દિગ્ગજને ત્રાસિત કરનારું તે યુદ્ધ હતું. આજે તો પવન જેમ રૂને ઉડાડી મૂકે, તેમ સઘળા રાક્ષસોને દૂર ફેંકી શ્રી લક્ષ્મણજીએ શ્રી રાવણને બાણોથી હણ્યાં.

શ્રી લક્ષ્મણજીનું આવું પરાક્રમ જોઈને શ્રી રાવણ શંકામાં પડી ગયા, અને એથી શ્રી રાવણે વિશ્વને માટે ભયંકર એવી તે, બહુરૂપા નામની વિદ્યાને યાદ કરી. સ્મૃતિમાત્રથી જ તે વિદ્યા ઉપસ્થિત થયે છતે, તરત જ શ્રી રાવણે પોતાનાં અનેક ભૈરવરૂપોને કર્યા. આથી ભૂમિ ઉપર, આકાશમાં, આગળ, પાછળ, બંને પડખે પણ શ્રી લક્ષ્મણજીએ વિવિધ આયુધને વર્ષાવતાં એવા શ્રી રાવણોને જ જોયા. ગરૂડ ઉપર બેઠેલા શ્રી લક્ષ્મણજીએ પણ એકલા હોવા છતાંય શ્રી રાવણના રૂપની જેમ ઇચ્છા મુજબ પ્રાપ્ત થતાં, બાણોથી તે શ્રી રાવણોને હણ્યા. ત્યાં શ્રી રાવણ અનેક તો, અહીં બાણ અનેક, એમ યુદ્ધ ચાલ્યું.

**શ્રી રાવણે મૂકેલું ચક્ર શ્રી લક્ષ્મણજીના હાથમાં**

આ રીતે જ્યારે અનેક રૂપોને ધરવા છતાં પણ શ્રી રાવણ શ્રી લક્ષ્મણજીનાં તે ઈચ્છાનુસાર પ્રાપ્ત થતાં બાણોથી વિધુર બન્યા. અને વિધુર બનેલા શ્રી રાવણે અર્ધચક્રિપણાના ચિન્હરૂપ જાજ્વલ્યમાન ચક્રને યાદ કર્યું અને રોષથી રાતાં નેત્રવાળા બનેલા શ્રી રાવણે એ છેલ્લા શસ્ત્રરૂપ ચક્રને આકાશમાં ભમાવીને શ્રી લક્ષ્મણજીને હણવાને માટે છોડ્યું. પણ શ્રી લક્ષ્મણજી તો વાસુદેવ છે. એટલે તેમને એ ચક્ર હરકત કરે જ નહિ. ઉલ્ટું શ્રી રાવણે પોતે જ આ તો દુશ્મનના હાથમાં પોતાને હણનારું હથિયાર સોંપ્યું. ચક્રે જઈને શ્રી લક્ષ્મણજીની પ્રદક્ષિણા કરી. અને તે પછી ચક્ર ઉદયગિરિના શિખર ઉપર સૂર્યની જેમ શ્રી લક્ષ્મણજીના જમણા હાથમાં આવીને રહ્યું.

**શ્રી બિભીષણની ઉચિત સલાહ સામે પણ રોષ અને શ્રી રાવણનો વધ**

પોતાનું અંતિમ શસ્ત્ર પણ જ્યારે આ રીતે નિષ્ફળ ગયું અને દુશ્મનને પ્રદક્ષિણા દઈ દુશ્મનના હાથમાં જઈ રહ્યું. એટલે શ્રી રાવણ વિષાદને પામ્યા. વિષાદને પામેલા શ્રી રાવણે એ વખતે વિચાર્યું કે. 'મુનિનું વચન સત્ય થયું : તેમજ તે શ્રી બિભીષણ આદિનો, જે વિચારણાપૂર્વકનો નિર્ણય કરેલો તે પણ સત્ય ઠર્યો.'

આ રીતે પોતાના ભાઈને વિષાદવાળા જોઈને. ફરીથી પણ શ્રી બિભીષણે કહ્યું કે. 'હે ભાઈ ! જો તમે જીવવાને ઈચ્છતા હો તો હજુ પણ શ્રીમતી સીતાને છોડી દો !' શ્રી બિભીષણના આવા વખતસરના અને વ્યાજબી કથનથી પણ શ્રી રાવણને ક્રોધ આવ્યો કારણ કે દુર્ગતિમાં જવાનો સમય છેક નજદિક આવી પહોંચ્યો છે.

આથી ક્રોધિત થઈને શ્રી રાવણે શ્રી બિભીષણને કહ્યું કે, 'એકલું ચક્ર જ શું મારું શસ્ત્ર છે ? અર્થાત્ મારી પાસે બીજાંય શસ્ત્રો છે, ચક્રવાળા પણ આ દુશ્મનને હું જલ્દી મુષ્ટિથી હણીશ.'

આ પ્રમાણે ગર્વથી બોલતાં એ રાક્ષસપતિ શ્રી રાવણની છાતીને શ્રી લક્ષ્મણજીએ તેજ ચક્ર વડે કોળાના ફળની જેમ ફાડી નાંખી. ત્યારે જેઠ વદી અગિયારસના દિવસે પાછલે પહોરે પ્રતિવાસુદેવ શ્રી રાવણ, વાસુદેવ શ્રી લક્ષ્મણજીનાં હાથે મૃત્યુને પામીને ચોથી નરકે ગયા. એ વખતે જય જય શબ્દ કરતાં દેવતાઓએ શ્રી લક્ષ્મણજી ઉપર એકદમ પુષ્પની વૃષ્ટિ કરી અને જેના યોગે પ્રચંડ હર્ષથી ઉત્પન્ન થયેલા કિલકિલ એવા નાદથી ભૂમિ અને અંતરીક્ષ પૂર્ણ થયું છે તેવું વાનરોનું તાંડવનૃત્ય થયું.

**ઉપસંહાર અને સદુપદેશ**

આ રીતના વર્ણનથી આ સાતમો સર્ગ પૂરો થાય છે. પૂર્ણ થતા આ સર્ગનો અંતિમ પ્રસંગ પણ ઘણો જ કારમો છે. વિષયાધીનતાના દોષને સમજી શકનાર શ્રી રાવણે પ્રથમ વિષયાધીનતાનું નાટક ભજવ્યું અને એમ કરવામાં ભૂલ થઈ છે એનો ખ્યાલ આવ્યા પછી કષાયનો બીજો પ્રકાર જે અભિમાન, તેને આધીન થયા. પાપાનુબંધી પુણ્ય આ રીતે મોટા આત્માને પણ પાયમાલ કર્યા વિના નથી રહેતું એનું આ અજબ ઉદાહરણ છે. પાપાનુબંધી પુણ્યના પ્રતાપે પુણ્યથી મળેલા પરાક્રમ આદિના મદે ચઢીને, જીવનની છેલ્લી પળ સુધી પણ સમાધિને બદલે સંપૂર્ણ અસમાધિ મળે એવી જ પ્રવૃત્તિનો ઉપાસક આત્મા બની જાય છે. એ વાત આ પ્રસંગ પરથી પણ બરાબર સમજી શકાય તેમ છે. પાપાનુબંધી પુણ્યના પ્રતાપે થતી દુર્દશાના યોગે આત્મા નરક જેવી ભયંકરમાં ભયંકર દુર્ગતિમાં લઈ જનારાં પાપકર્મો તરફ જ ધસ્યે જાય છે અને એ ધસારામાં ભાનભૂલો બની, સઘળી સાહાબી આદિને છોડી, દુર્ગતિમાં ચાલ્યો જાય છે. તેમજ પોતાની પાછળ પોતાની કારમી કલંકકથાને મૂકતો જાય છે.

ખરેખર, શ્રી રાવણ જેવાની પણ એવા ખરાબ જાતના પુણ્યના પ્રતાપે એવી જ દુર્દશા થઈ. આવી દુર્દશાના પ્રસંગો સાંભળીને વિવેકી આત્માઓએ સંસારની અસારતા આદિનો વિચાર કરવાપૂર્વક

પ્રભુપ્રણીત અનુષ્ઠાનોને વિષમય કે ગરલમય બનાવવાના પાપથી અવશ્ય બચી જવું જોઈએ અને એ તારક અનુષ્ઠાનોને લોકહેરી આદિથી નહિ આચરતાં, એક મોક્ષના જ ઉદ્દેશથી આરાધી અમૃતમય બનાવાવનો જ અજોડ ઉદ્યમ આદરવો જોઈએ. અનુષ્ઠાનોને અમૃતમય બનાવવાનો વાસ્તવિક પ્રયત્ન કરવાના યોગે આવી કારમી દશાથી સર્વથા બચી જવાય છે અને મુક્તિ સુલભ બનવા સાથે બાકીનો સંસાર પણ અપૂર્વ સમાધિમય બની જાય છે.



# સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રન્થ

## ૭

રામાયણ એવો ગ્રંથ છે કે જેમાં આવતી એક એક ઘટનાઓ વિવેકી જીવોના સંસાર રાગને કાપનારી બને અને સંયમરાગને પોષનારી બને.

શ્રી રાવણના વધની ઘટના કરમની કારમી કહાની જેવી જ છે ને ? એથી જ શ્રી જૈનશાસનમાં ચારે-અનુયોગોમાં અપેક્ષાએ ધર્મકથાનુયોગનું વિશિષ્ટ આલંબન છે.

આ પ્રકરણમાં પરમગુરુદેવશ્રીએ વક્તા-શ્રોતાનું સ્વરુપ બતાવીને, ધર્મોપદેશકની જવાબદારીઓનું પ્રતિપાદન કર્યું છે.

શ્રી રાવણની હત્યા થતાં જ રાક્ષસવીરો શ્રી રામચન્દ્રજીના શરણે આવે છે. શ્રી બિભીષણ શોકાતુર બનીને આત્મઘાત કરવા તૈયાર થાય છે. શ્રી રામચન્દ્રજી સમજાવીને રોકે છે. શોક પણ કેમ કરવા જેવો નથી એ સમજાવે છે. છેવટે રાવણના અગ્નિસંસ્કાર પછી રાજ્યગ્રહણ કરવાનો આગ્રહ શ્રી રામચન્દ્રજી કરે છે જે તેઓની ઉત્તમતાનો શ્રેષ્ઠ નમૂનો છે. તો શ્રી કુંભકર્ણાદિ પણ ક્યાં ઉણા ઉતરે એવા છે એ વિગેરે વાતો હવે વાંચીએ.

-શ્રી

## સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રન્થ

- ચરિતાનુયોગનું વિશિષ્ટ સ્થાન
- ચારે અનુયોગો ઉપયોગી છે
- શ્રી જૈનશાસનનાં ચરિત્રોમાં પ્રધાન વસ્તુ કઈ હોય ?
- ચારેય અનુયોગો એકબીજાના પૂરક છે
- જૈન શાસનમાં વક્તા અને શ્રોતા કેવા હોય ?
- વિપરીત ધ્યેયથી હિતકરને બદલે હાનિકર
- આત્માના ગુણો ખીલવવાનાં સ્થાનો
- ધર્મોપદેશક કોને કોને શું કહે ?
- સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રન્થ
- શ્રી રામચંદ્રજીના શરણે રાક્ષસો
- દાના દુશ્મન પર વિશ્વાસ મૂકી શકાય
- શ્રી બિભીષણનો આત્મઘાતનો પ્રયત્ન
- શ્રી રાવણના શબનો અગ્નિસંસ્કાર
- શ્રી રામચંદ્રજીની ઉદારતા અને શ્રી રાવણની ઉત્તમતા
- આવી ઈચ્છા વ્યક્ત કરવી, એ શું સામાન્ય વાત છે ?
- ધર્મીના ગુસ્સાનું રહસ્ય કોણ સમજે ?
- પ્રતિકૂળ ગણાય તેવો વર્તાવ થઈ શકે પણ પ્રતિકૂળ ચિંતન ન થઈ શકે
- શાસનને સમર્પિત બનેલો મુનિ કેવો હોય ?
- જો હૈયામાં શાસન વસી જાય તો
- ભાગ માટે બાપ સાથે લડનારાઓ આ ઉદારતાને નહિ સમજી શકે
- ઉત્તમ આત્માઓની સુંદર કુલપરંપરા
- જન્મ પછી મરણ એકાંતે નિશ્ચિત છે

# ૭

## સંસાર રાગ ને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રન્થ

### ચરિતાનુયોગનું વિશિષ્ટ સ્થાન

શ્રી જિનેશ્વરદેવોનાં શાસનમાં, ચરિતાનુયોગનું સ્થાન પણ ઘણું જ ઊંચું છે. કેટલીકવાર ચરિતાનુયોગ, બીજા અનુયોગો કરતાં, બાળજીવોને માટે ઘણો જ ઉપકારક નીવડે છે. દ્રવ્યાનુયોગ આદિ બીજા અનુયોગો પરમ ઉપકારક છે. કલ્યાણના અર્થીઓએ બીજા અનુયોગોનું પણ જ્ઞાન સંપાદન કરીને તેનું ચિંતવન-મનન આદિ કરવું જ જોઈએ. પરંતુ ચરિતાનુયોગ કેટલીકવાર શ્રોતાઓના અને વાચકોના પણ હૃદયમાં ઘણી જ જબ્બર અસર ઉત્પન્ન કરી શકે છે. ચરિતાનુયોગના શ્રવણથી કેટલીકવાર બાળજીવોને અનુપમકોટિની પ્રેરણા મળી જાય છે. આથી બીજા અનુયોગોની જેમ, શ્રી જૈનશાસનમાં ચરિતાનુયોગ પણ વિશિષ્ટ સ્થાન ભોગવે છે.

### ચારે અનુયોગો ઉપયોગી છે :

આજે કેટલાકો એવા વિચારના બનતા જાય છે કે, 'ચરિત્રોમાં શું સાંભળવું ? તત્ત્વ વિચારો ! કર્મની પ્રકૃતિને ગણો !' આ જાતના વિચારો અસ્થાને છે. આ જાતના વિચારોનો ફેલાવો ઘણીવાર બીજા આત્માઓને લાભ નથી કરતો, પણ હાનિ કરી બેસે છે. અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા તત્ત્વોની વિચારણા કરવી, કર્મની પ્રકૃતિઓની ગણના કરવી, એ ઘણું જ સુંદર છે. પણ તત્ત્વનો વિચારક અને

કર્મપ્રકૃતિઓનો ગણનારો, ચરિતાનુયોગનો નિષેધ કરે ચરિતાનુયોગના વાંચન-શ્રવણ આદિથી લાભ નથી એમ માને. અને કહે, તથા ચરિતાનુયોગ જાણે નકામો હોય તેવો દેખાવ અને પ્રચાર કરે. એ કોઈ પણ રીતે સ્વ અને પર બંનેને માટે હિતાવહ નથી.

શ્રી જૈનશાસનના ચારેય અનુયોગો, સૌ સૌના સ્થાને ઉપયોગી જ છે. અનંત ઉપકારીઓએ ફરમાવેલી વસ્તુઓમાં એક પણ વસ્તુ એવી નથી કે જે નિરુપયોગી હોય. ઘણીવાર કહેવાયું છે કે કોઈપણ મહત્ત્વની વસ્તુને ટક્કર ન મારો ! જે વખતે જેની પ્રધાનતા હોય તેનું વર્ણન થાય, પણ એક વસ્તુની પ્રધાનતા સ્થાપવાની ઘેલછામાં, બીજી ઉત્તમ વસ્તુની હીનતા ન કરાય.

'દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ' આ ચાર અનુયોગોમાં 'દ્રવ્યાનુયોગ કામનો છે. ગણિતાનુયોગ કામનો છે, ચરણકરણાનુયોગ કામનો છે અને ધર્મકથાનુયોગ નિરર્થક છે.' એમ ન માનો. ચારેય અનુયોગો જરૂરી છે. ચારેય અનુયોગો ઉપકારક છે. ચારેય અનુયોગો મોક્ષમાર્ગની આરાધનામાં જોડનારા છે. સ્થિર રાખનારા છે, અને આરાધનામાં આગળ વધારી, આત્માને શુભધ્યાનમાં એકાકાર બનાવીને કૈવલ્યલક્ષ્મીને પમાડનારા છે.

'આપણને તો દ્રવ્યાનુયોગમાં રસ આવે. ચરિતાનુયોગમાં કાંઈ નથી. એવાં જોડકણાંમાં તો અજ્ઞાનીઓ રાચે' આવું આવું જે બોલાઈ રહ્યું છે એની સામે સાવચેતીનો સૂર કાઢવાની જરૂર છે. વાસ્તવિક રીતે તો, એવું એવું બોલનારાઓ અજ્ઞાન છે. શ્રી જિનેશ્વરદેવના શાસનથી ઓતપ્રોત બનેલો આત્મા કદિપણ એવું માનેય નહિ અને બોલેય નહિ.

મોક્ષની સાધના, રત્નત્રયીની આરાધના, જુદી જુદી રીતે પોતપોતાની યોગ્યતા અને શક્તિ મુજબ થઈ શકે છે. પણ એક પ્રકારે રત્નત્રયીની આરાધના કરનારે, બીજા પ્રકારે થતી રત્નત્રયીની આરાધનાનો નિષેધ નહિ કરવો જોઈએ. એ જ રીતે ચરિતાનુયોગનું

શ્રવણ, વાંચન, મનન અને પરિશીલન વગેરે બીનજરૂરી અથવા તો નિરર્થક નથી પણ એય આવશ્યક જ છે. આ વસ્તુ તત્ત્વવિચારણાના નામે ચરિતાનુયોગને ઉડાવવા મથનારાઓએ સમજી લેવી જોઈએ.

### શ્રી જૈનશાસનનાં ચરિત્રોમાં પ્રધાન વસ્તુ કઈ હોય ?

શ્રી જૈનશાસનના ચરિત્રો એટલે શું ? શ્રી જૈનશાસનના ચારિત્રોમાં પ્રધાન વસ્તુ કઈ હોય ? શ્રી જૈનશાસનનાં ચરિત્રોમાં પ્રધાન વસ્તુ આરાધના તથા વિરાધના હોય છે. આરાધના અને વિરાધના કરવાના યોગે મળતા સારા અને નરસા પરિણામનો તેમાંથી ખ્યાલ મળે છે. પુણ્યવાન આત્માઓએ કેવા પ્રકારે આરાધના કરી, આરાધનામાં આવતાં વિઘ્નોમાં કેવી નિશ્ચલતા રાખી, વિઘ્નોની સામે અડગ રહીને કેવી સિદ્ધિ મેળવી ? અને એથી પરિણામે તે આત્માઓ કેવી ઉચ્ચદશાને પામ્યા ? તેમજ અભવી કે દુર્ભવી આત્માઓએ કેવી વિરાધના કરી ? અને એથી પરિણામે કેવી અધમદશાને પામ્યા ? આ વગેરે હકીકતો, શ્રી જૈનશાસનના ચરિતાનુયોગમાં હોય છે. યોગ્ય આત્માઓ તેવાં ચરિત્રોનાં વાંચન અને શ્રવણ આદિ દ્વારા, ઘણી અનુપમ કોટિની પ્રેરણાને મેળવવા ધારે તો મેળવી શકે છે અને એની સાથે સાથે જ તત્ત્વચિંતા પણ કરી શકે છે.

### ચારેય અનુયોગો એકબીજાના પૂરક છે

વસ્તુતઃ ચારેય અનુયોગો એકબીજાની સાથે સંકળાયેલા છે. માત્ર દ્રવ્યાનુયોગથી ચાલતું હોત, તો ઉપકારીઓ બાકીના ત્રણ અનુયોગો ન દર્શાવત. પણ જ્ઞાનીઓએ જોયું કે, ચારેય અનુયોગો કલ્યાણસાધનામાં આવશ્યક છે, માટે ચારેય દર્શાવ્યા, આથી ચારેયમાંથી એકેય નિષેધવા લાયક નથી.

"અમુક આત્માએ અમુક વિકટ સ્થિતિમાં પણ આરાધના કરી, અમુક આત્માએ ઘોર ઉપસર્ગોથી પણ ડર્યા વિના આરાધના કરી,

અમુક આત્મા દુનિયાની વિપુલ સાહ્યબીમાં રમતો હતો પણ માત્ર સામાન્ય પ્રસંગમાંથી વૈરાગ્ય પામ્યો અને સંયમી બન્યો. અમુક આત્મા સંયમ ન લઈ શક્યો છતાંય તેનું હૃદય શાસનમય બની રહ્યું." આવા આવા પ્રસંગોનું શ્રવણ કરતાં યોગ્ય આત્માઓ તો તેમાંથી ઘણા જ ઉંચા પ્રકારની પ્રેરણા મેળવી શકે તેમ છે. એના શ્રવણ આદિ દ્વારા આત્મામાં આરાધનાનો સુંદર ઉલ્લાસ ઉત્પન્ન થઈ જાય તેમ છે. એ જ રીતે વિરાધનાના પ્રસંગો આદિના શ્રવણથી પણ આત્મા સહેજે વિશેષ જાગૃત બની વિરાધનાથી કંપતો થકો, વિરાધનાથી બચવા પ્રયત્નશીલ બની શકે છે.

શ્રી જૈનશાસનના આરાધક આત્માઓનાં ચરિત્રો એટલે જીવનમાં આરાધના કેમ થઈ શકે તેનાં દર્શકો. એવાં ચરિત્રો આરાધનાનો જીવનમાં સાક્ષાત્કાર થયેલા દર્શાવે અને એ જ રીતે વિરાધનાના પ્રસંગો વિરાધનાનું ભાન કરાવે. ચરિત્રોનો પ્રધાન હેતુ એ કે, તેના વાંચનાર તથા સાંભળનાર વગેરે પ્રેરણા પામીને આરાધનામાં જોડાય અને વિરાધનામાં ન પડાય તેની કાળજીવાળા બન્યા રહે.

### જૈનશાસનમાં વક્તા અને શ્રોતા કેવા હોય ?

શ્રી જિનેશ્વરદેવના શાસનનાં તત્ત્વોના જાણ અને સ્વપરહિત પરાયણ એવા મહાપુરુષોએ આલેખેલું ચરિત્ર હોય, સંભળાવનાર પણ શ્રી જિનશાસનના રહસ્યનો જ્ઞાતા અને કેવળ પરમાર્થ દૃષ્ટિવાળો હોય તેમજ તેની સાથે શ્રોતા વાસ્તવિક કલ્યાણનો અર્થી હોય, તો એ કથાવાંચનથી પણ પરમ લાભ થયા વિના રહે નહિ. જ્ઞાનીઓ કહે છે કે, 'શ્રદ્ધાળુ શ્રોતા અને શાસનને સમર્પિત વક્તાનો યોગ દુર્લભ છે.' શ્રી જૈનશાસનના રહસ્યોનો જાણ વક્તા, ધારે તો કથામાં પણ તત્ત્વોની રેલમછેલ રેલાવી શકે. ઉપકારીઓએ ચરિત્રો દ્વારા પણ તત્ત્વોનું વર્ણન કરવામાં કમીના રાખી નથી. શ્રી જૈનશાસનનાં ચરિત્રોનું, જો યોગ્ય

રીતે વાંચન થાય અથવા તો શ્રવણ થાય, તો આરાધનાની અભિલાષા તથા વિરાધનાની કંપારી ઉછાળો ન મારે. એ બને નહિ. પણ વક્તા અને શ્રોતા બંનેયમાં શાસ્ત્રોએ ફરમાવેલી લાયકાત જોઈએ.

### વિપરીત ધ્યેયથી હિતકરને બદલે હાનિકર

વક્તા કથા વાંચે, અને એનું ધ્યેય એ જ હોય કે, 'શ્રોતાઓને સન્માર્ગમાં સુદૃઢ બનાવવા છે.' શ્રોતાનું ધ્યેય પણ શ્રવણ દ્વારા મોક્ષમાર્ગની આરાધના તરફ જ ઢળવાનું હોવું જોઈએ. આ રીતે કથાનું વાંચન અને શ્રવણ થાય, તો વક્તા-શ્રોતા બંનેયનું કલ્યાણ થયા વિના રહે નહિ. આને બદલે વક્તા જો પરમાર્થદૃષ્ટિથી પરાઙ્મુખ હોય અને શ્રોતા પૌદ્ગલિક વૃત્તિથી જ ભરેલો હોય, તો સારામાં સારી કથા પણ તે બંનેયને માટે હિતકર નીવડવાને બદલે હાનિકર નિવડે ! કથા વાંચનાર ધર્મોપદેશકની જવાબદારી ઓછી નથી. ધર્મોપદેશકે દરેક પ્રસંગ એવી રીતે કેળવીને શ્રોતાને સંભળાવવો જોઈએ, કે જેથી શ્રોતા અયોગ્ય ન હોય તો, કશો અનર્થ થવા પામે નહિ અને યોગ્ય શ્રોતાઓને હૃદયમાં મોક્ષમાર્ગની આરાધના કરવાની ભાવનાનો ઉછાળો આવ્યા વિના રહે નહિ.

### આત્માના ગુણો ખીલવવાનાં સ્થાનો

આજે જે સ્થિતિ પ્રવર્તી રહી છે, તેમાં તો વક્તા અને શ્રોતા બંનેને અંગે ઘણું કહેવા જેવું છે. વક્તાઓ પોતાની જવાબદારી ભૂલે અને શ્રોતાઓ કેવળ પૌદ્ગલિક દૃષ્ટિવાળા હોય, એટલે મોટો અનર્થ ઉત્પન્ન થયા વિના રહે નહિ. આવા વક્તાઓ અને આવા શ્રોતાઓ આજે વધતા જાય છે. તમારે એથી બચવા માટે એક વાત નિશ્ચિત કરી લેવી જોઈએ કે 'તમે ધર્મસ્થાનોમાં આવો છો તે પૌદ્ગલિક રિદ્ધિસિદ્ધિ મેળવવા માટે નથી આવતા, દુનિયાદારીમાં લાલ-પીળા થઈને મોજથી મોટરો દોડાવી શકાય એવી સાહાબી મેળવવા માટે નથી આવતા, બૈરા-છોકરાં મેળવવા માટે નથી આવતા, ધર્મી કહેવડાવવા માટે એટલે કે ધર્મીપણાની કૃત્રિમ નામના મેળવવાની લાલચે નથી આવતા, ગુરુમહારાજનું માન

સાચવવા કે તમારું સ્થાન સાચવવા નથી આવતા. પણ ધર્મસ્થાનોમાં તમે આવો છો તે કેવળ તમારા આત્માના ગુણોને ખીલવવા માટે જ આવો છો. સંસારથી મૂકાવું છે અને મોક્ષસુખ જોઈએ છે, એ માટે તમે આવો છો. સંસાર તમને ઝેર જેવો લાગે છે માટે આવો છો. સંસારની કોઈપણ વસ્તુનો તમારી સાથે યોગ ન રહે એવી સ્થિતિ મેળવવા માટે આવો છો.' તમારી જો આ દશા હોય, તો ધર્મોપદેશક કદાચ પોતાની જવાબદારી ભૂલે, તો ય તમે લઘુકર્મી ધર્મોપદેશકને ઉન્માર્ગે જતાં બચાવી શકો.

### ધર્મોપદેશક કોને કોને શું કહે ?

'મારે મારા આત્માના દબાઈ ગયેલા ગુણોને ખીલવવા છે.' એ અહીં તમારું ધ્યેય હોવું જોઈએ. પરના યોગે હું અનંતકાળથી આ સંસારમાં રૂલી રહ્યો છું, માટે ધર્મસ્થાનમાં જાઉં છું તે પરથી સ્વ ને મૂકાવવા. પરથી છૂટવાના સ્થાનમાં પરથી લેપાવાની અભિલાષા ન રાખો. તેવી અભિલાષા આવી જાય તો આત્માને ઠપકો આપો. દુનિયાદારીના સુખો પણ દુઃખરૂપ લાગે, એમ સમ્યગ્દૃષ્ટિને માટે શાસ્ત્રોમાં કહ્યું છે ને ? તેવું કેમ કહ્યું ? વસ્તુતઃ તે સુખો નથી પણ દુઃખો છે. માટે જ ને ? આ સ્થાનોમાં વૈરાગ્યની ભાવના ખીલવવી જોઈએ. જૈનશાસનનો વક્તા એ જ કહે અને શ્રોતા એ જ વિચારે. ધર્મસ્થાનોમાં વાતો વૈરાગ્યની હોય, પણ દુનિયાદારીમાં મોજ કરવાની વાતો ન હોય. ઋદ્ધિવાળાનું વર્ણન આવે, એટલે વક્તા જો એમ કહે કે, 'જોયું ? પૂર્વે કેવા ઋદ્ધિવાળા હતા ? તમે કેવા કંગાળ છો ? તેમના જેવા ઋદ્ધિવાળા બનો.' તો તો કહેવું પડે કે, 'એ ધર્મોપદેશક પોતાની જાતને, આ પાટને અને ભગવાનના શાસનને લજવનારો છે !' ધર્મોપદેશક તો ઋદ્ધિસંપન્નને ય ત્યાગ કરવાનું કહે અને કંગાળને ય તૃષ્ણા છોડવાનું કહે. જેની પાસે હોય તેને અને ન હોય તેને પૌદ્ગલિક વસ્તુમાત્રની તૃષ્ણાનો ત્યાગ કરવો એ જ કલ્યાણકારી છે, એમ ધર્મોપદેશક ઋદ્ધિસંપન્ન અને કંગાળ બંનેને કહે.

'ઋદ્ધિસંપન્નતામાં કલ્યાણ અને કંગાલિયતમાં એટલે દરિદ્રાવસ્થામાં અકલ્યાણ' એવું જ્ઞાનીઓ ફરમાવતા નથી. નહિ તો પરમાર્હત્ શ્રી કુમારપાલ મહારાજા એ ભાવના ન ભાવત કે, 'શ્રી જૈનધર્મથી રહિત એવું ચક્રવર્તિપણું મળતું હોય તો ય તે મારે નથી જોઈતું અને શ્રી જૈનધર્મથી વાસિત દશામાં કદાચ મને દાસપણું કે દરિદ્રિપણું મળતું હોય તો પણ તે જ મારે જોઈએ છે. એટલું જ નહિ પણ જ્ઞાનીઓએ ઉત્તમ આત્માઓ માટે એવી ભાવનાઓ ભાવવાનું જે વિધાન કર્યું તે પણ ન કરત.'

ઋદ્ધિસંપન્ન હોય કે કંગાળ હોય, કલ્યાણ તેનું થાય, કે જેનું અંતઃકરણ પ્રભુધર્મથી વાસિત હોય. ઋદ્ધિસંપન્ન મૂર્ચ્છામાં મરે અને કંગાળ તૃષ્ણામાં મરે, તો બેયનું અકલ્યાણ થાય. ઋદ્ધિવાળાનું વર્ણન આવે, ત્યારે તે વર્ણન પણ એવી જ રીતે વાંચવું જોઈએ, કે જેથી શ્રોતાઓ ઋદ્ધિના લોલુપ ન બને, પણ ઋદ્ધિની ચંચળતાને સમજે તથા વિરાગભાવમાં રમે !

કથાનુયોગ વાંચનાર ધર્મોપદેશકે શ્રોતાના અંતરમાં વિષયવિરાગની ભાવના જન્મે, કષાયત્યાગ કરવાની વૃત્તિ થાય, આત્માના ગુણો પ્રત્યે અનુરાગ વધે અને આત્માના ગુણોને ખીલવનારી ક્રિયાઓમાં જ જોડાઈ રહેવાની અભિલાષા પ્રગટે, એવી રીતે વાંચન કરવું જોઈએ. તે રીતે વાંચન કરવા છતાં પણ શ્રોતાની અયોગ્યતાથી બીજું પરિણામ આવે, તો ય તે ધર્મોપદેશકને તો એકાંત લાભ જ થાય છે. આ જ રીતે શ્રોતાઓએ પણ ધર્મકથાનું શ્રવણ પણ એ જ ઇરાદાથી કરવું જોઈએ કે, 'મારામાં વિષયવિરાગ વધો, કષાયત્યાગની વૃત્તિ સુદૃઢ બનો, આત્માના ગુણો પ્રત્યે સાચો અનુરાગ ખીલો અને આત્માના ગુણો ખીલવનારી ક્રિયાઓમાં મારો જેટલો પ્રમાદ છે તે દૂર થાઓ !' વક્તા-શ્રોતાનો આવો યોગ હોય અને પરમ ઉપકારી મહાપુરુષોએ રચેલું ચરિત્ર હોય, તો એના વાંચનનું અને શ્રવણનું કેટલું સુંદર પરિણામ આવે, તે વિચારી તો જુઓ !

## સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે તેવો ગ્રન્થ

આજે આ સ્થિતિમાં જેટલી ઉણપ છે, તેટલું નુકસાન થઈ રહ્યું છે. એમ સ્પષ્ટ દેખાય છે. નહિ તો, શ્રી જિનેશ્વરદેવને માનનારો વળી વૈરાગ્યનો વૈરી હોય ? પણ આજે એવા ય છે. માત્ર તમારામાં જ છે એમ નહિ, સાધુવેષમાં રહેલાં પણ અમુક એવા છે અને આજે જૈનોને વૈરાગ્યના વૈરી બનાવવાનો તેવાઓ છૂપો ધંધો કરે છે. તેવાઓને તમારે બરાબર ઓળખી લેવા જોઈએ. પણ એ બને કયારે ?

**સભા** : અમારામાં લાયકાત હોય તો !

**પૂજ્યશ્રી** : એ જ વાત છે. તમને વૈરાગ્ય ગમતો હોય તો એ બને. ધર્મોપદેશ સાંભળવા આવો ત્યારે વિચાર કરીને આવો કે, 'હું સંસારનો રાગ કાપવા જાઉં છું અને સંયમનો રાગ વધારવા જાઉં છું. સંસારનો રાગ કપાય, સંયમનો રાગ વધી જાય, સંયમી બનવાનો ઉલ્લાસ તીવ્ર બની જાય, તો તો મારું આ શ્રવણ ખરેખરું સફળ થાય.'

'શ્રી ત્રિષષ્ટિ-શલાકાપુરુષ-ચરિત્ર, પણ એવો સુંદર કોટિનો ગ્રન્થ છે કે જે સંસાર રાગને કાપે અને સંયમ રાગને વધારે. 'સાતમા પર્વ-રામાયણ'માં પણ વૈરાગ્ય ભરેલો છે. એ દેવાનો મારે અને લેવાનો તમારે. પરસ્પરની ફરજ તો એ જ છે ને ? મુખ્યત્વે હવે મોક્ષે અને સ્વર્ગે જનારા આત્માઓના પ્રસંગો આવવાના છે.

આપણે જોઈ ગયા કે, શ્રી રાવણ તો નરકે ગયા, પણ હવે પાછળ શું શું થાય છે, તે જોવું પડશે ને ? શ્રી રાવણ ગયા પણ પાછળ રહ્યા તેમણે શું કર્યું ? અને કોણે કેવી આરાધના કરી, તે હવે આવશે. શોકના પ્રસંગે પણ ઉત્તમ આત્માઓ કેવી રીતે વર્તે છે, તે હવે જોવાનું છે.

વાસુદેવ શ્રી લક્ષ્મણનાં બાણોથી અકળાઈ ગયેલા શ્રી રાવણે, છેલ્લે છેલ્લે અર્ધચક્રીના ચિહ્નરૂપ જાજ્વલ્યમાન ચક્રનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાંની સાથે ચક્ર પ્રગટ થયું. રોષથી રક્ત નેત્રોવાળા બનેલા

શ્રી રાવણે તે છેલ્લાં શસ્ત્રરૂપ ચક્રને આકાશમાં ભમાડીને શ્રી લક્ષ્મણજી ઉપર છોડ્યું. પરંતુ પ્રતિવાસુદેવે મુકેલું તે ચક્ર વાસુદેવને હાનિ કરી શકતું નથી. આથી ચક્ર આવ્યું તો ખરું, પણ ત્રણ પ્રદક્ષિણા કરીને શ્રી લક્ષ્મણજીના હાથમાં સ્થિર થઈ ગયું.

ચક્રને આ પ્રમાણે સ્થિર થયેલું જોઈને શ્રી રાવણ ખેદ પામ્યા. આ વખતે શ્રી બિભીષણને થયું કે, 'ભાઈ ! છેલ્લું શસ્ત્ર નિષ્ફળ નિવડવાથી ખિન્ન થયા છે અને તેમની પાસે કોઈ શસ્ત્ર બાકી રહ્યું નથી. આથી બીકના માર્યા પણ માની જાય તો સારું.'

આમ માનીને શ્રી બિભીષણે શ્રી રાવણને કહ્યું કે. "ભાઈ ! જો જીવવાની ઇચ્છા હોય તો હજુ પણ ઉપાય છે અને તે એ કે શ્રીમતી સીતાદેવીને છોડી દો."

પણ શ્રી રાવણનું ભાવિ જ વિચિત્ર છે. એટલે આ દશામાં પણ તેમને શ્રી બિભીષણે આપેલી એકાન્તે હિતકર પણ સલાહ રુચતી નથી. શ્રી રાવણ તો ક્રોધથી કહે છે કે, "મારે તો ચક્રનીય જરૂર નથી, મારી મુષ્ટિ જ બસ છે. મુષ્ટિ માત્રથી જ હું શત્રુને અને ચક્રને હમણાં જ હણી નાંખું છું." શ્રી રાવણનાં આવાં ગર્વયુક્ત વચનો નીકળ્યાં અને તે જ વખતે શ્રી લક્ષ્મણજીએ તે જ ચક્રથી શ્રી રાવણની છાતીને ચીરી નાખી. શ્રી રાવણ મરીને ચોથી નરકે ગયા.' તે આપણે જોયું.

પાપ કોઈને છોડતું નથી. પાપના ફળથી ડરનારે પાપ કરતાં પહેલાં જ ચેતવા જેવું છે. પાપનો રસ ઘટે નહિ ત્યાં સુધી પાપના ફળથી ગમે તેટલા ડરો, પણ પાપનું ફળ ભોગવ્યા વિના છૂટકો ન થાય. પાપના ફળથી ન કંપો, પણ પાપથી કંપો ! પાપનું ફળ કોઈને ગમતું નથી. પાપનું ફળ ભોગવવાનું કોઈને પસંદ નથી. પણ ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે, એટલા માત્રથી કામ ન ચાલે. પાપનો ડર કેળવો અને પાપ માત્રથી સદા ભય પામો !

શ્રી રાવણ હણાતાંની સાથે યુદ્ધ જોવાને માટે એકઠા થયેલા દેવતાઓએ આકાશમાં જય જય શબ્દોનો પોકાર કર્યો અને શ્રી

લક્ષ્મણજી ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. વાનરોની સંજ્ઞાવાળા શ્રી રામચંદ્રજીના પક્ષકાર વીરોએ પણ હર્ષના નાદો કર્યા અને તાંડવ નૃત્ય કર્યું. આવા અવસરે શ્રી રાવણની સેનામાં ગભરાટ ફેલાય તે સ્વાભાવિક છે. કારણ કે દુશ્મન જો દાનો ન હોય તો તેમની દુર્દશા કર્યા વિના રહે નહિ.

### શ્રી રામચંદ્રજીના શરણે રાક્ષસો

પરંતુ પોતાના સ્વામી શ્રી રાવણના અવસાનથી. 'હવે ક્યાં નાસી જવું ?' એ વિચારથી રાક્ષસો ભયભ્રાંત બન્યા. એ વખતે જ્ઞાતિસ્નેહને વશ બનેલા શ્રી બિભીષણે તેમને આશ્વાસન આપતાં કહ્યું કે, 'હે રાક્ષસવીરો ! આ રામ અને આ શ્રી લક્ષ્મણ તો અનુક્રમે આઠમા બળદેવ અને આઠમા વાસુદેવ છે, શરણાગત પ્રાણીઓને તે હણનારા નથી પણ આશ્રય આપનારા છે. આથી તમે નિઃશંક બની જાવ અને શરણ્ય એવા તેમના શરણે જાવ !'

શ્રી બિભીષણનાં આવા વચનોને સાંભળીને તમામ રાક્ષસવીરો શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીના શરણે ગયા અને તે બળદેવે તથા વાસુદેવે પણ તેમના ઉપર કૃપા કરીને તેમને આશ્રય આપ્યો. વીરપુરુષો પ્રજા ઉપર સમદૃષ્ટિવાળા જ હોય છે.

### દાના દુશ્મન પર વિશ્વાસ મૂકી શકાય

જે દુશ્મન ઉપર આ જાતનો વિશ્વાસ મૂકી શકાય, તે દુશ્મન કેવો ? દુનિયામાં કહેવાય છે કે 'મિત્ર પણ મૂર્ખ હોય તો ખોટો અને દુશ્મન પણ દાનો હોય તો સારો.' દાનો દુશ્મન લડે ખરો, પણ વિશ્વાસઘાત ન કરે. દાનો દુશ્મન પીઠ પાછળ ઘા ન કરે. દાનો દુશ્મન તે, કે જે લડવું પડે તો લડી લે, પણ સજ્જનતા ન ચૂકે. આજના તો કેટલાક મિત્રો ય એવા કે જેનામાં ખાનદાનીનું ખમીર જ ન હોય. ગરજ હોય તો લોટતા આવે અને ગરજ સર્યે લાત મારતાં ન ચૂકે. જૂઠું બોલતાં, પ્રપંચ કરતાં, લુચ્ચાઈ રમતાં તેમને શરમ જ નહિ. જ્યારે આ દુશ્મન બન્યા હતા, પણ દાનાઈથી પરવાર્યા ન હતા. પોતાની સામે લડનારા

હતા. માટે બધાને મારી જ નાંખવા, એવી ભાવના આ દુશ્મન ન કરે. કેમકે એ સમજતા હતા કે, આ તો બિચારા સ્વામીની આજ્ઞાથી લડતા હતા. અરે ખુદ સામેનો સ્વામી પણ જો શરણે આવે, તો દાનો દુશ્મન પણ તેના ઉપરે ય કૃપા કરે. તેણે કરેલા દોષની માફી આપે અને શરણે લે. આ પ્રકારે ખુદ દુશ્મનને પણ જે ઉત્તમ પુરુષો શરણે આવે તો શરણ આપવાને તૈયાર હોય. તે ઉત્તમ પુરુષો દુશ્મનના શરણાગત સેવકોને શરણ આપે, તેમાં કાંઈ નવાઈ પામવા જેવું છે જ નહિ.'

### શ્રી બિભીષણનો આત્મઘાતનો પ્રયત્ન

આ બાજુ ભાઈ શ્રીરાવણના શબને જોતાં શ્રીબિભીષણની દશા ભયંકર બની જાય છે. ન માનતા કે આ ભાઈ નિષ્ઠુર બની ગયો છે. શ્રી લક્ષ્મણે શ્રી રાવણને હણ્યા, એથી એ રાજી થયો છે એમ નથી. શ્રી લક્ષ્મણજી જેમ શ્રી રામચંદ્રજીના ભક્ત હતા, તેમ શ્રી બિભીષણ પણ શ્રી રાવણના ભક્ત હતા. ફેર એટલો કે 'શ્રી રામચંદ્રજી સન્માર્ગે હતા અને શ્રી રાવણ ઉન્માર્ગે હતા, શ્રી રામચંદ્રજી સન્માર્ગમાં હોવાથી શ્રી લક્ષ્મણજી એમની સેવામાં રહી શક્યા અને શ્રી રાવણ ઉન્માર્ગે જવાથી શ્રી બિભીષણ શ્રી રાવણની સેવામાં રહી શક્યા નહિ.' અયોગ્ય માર્ગે ગયેલા અને યોગ્ય માર્ગે રહેલાઓને કનડતા સ્વામીનો ત્યાગ કરવો, એ ય સુસેવક માટે લાંછનરૂપ નથી પણ શોભારૂપ છે.

શ્રી રાવણના શબને જોઈને શ્રી બિભીષણ અત્યંત શોકાતુર બની ગયા. શોકના આવેશમાં શ્રી બિભીષણ એટલા બધા આધીન થઈ ગયા કે, 'હવે મારે જીવીને શું કરવું છે ?' એમ તેમને થઈ ગયું. આત્મઘાત કરીને મરવાની ભાવના થતાંની સાથે જ તેમણે પોતાની છરી ખેંચી અને પોતાના પેટમાં ભોંકી દીધી જ હોત. પણ એ જ અવસરે 'હા ! ભાઈ ! હા ! ભાઈ !' એમ ઉંચા કરુણસ્વરે રડતા શ્રી બિભીષણને, શ્રી રામચંદ્રજીએ એકદમ પકડી લીધા.

આ રીતે શ્રી રામચંદ્રજીએ શ્રી બિભીષણને આત્મઘાત કરતા તો અટકાવ્યા. પણ શ્રી બિભીષણ શ્રી રાવણની પત્ની મંદોદરી આદિની

સાથે શ્રી રાવણના શબ પાસે બેસીને રૂદન કરે છે. આથી રૂદન કરતાં તેમને સમજાવતાં શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે, 'આ તમે કોનો શોક કરો છો ? હે શ્રી બિભીષણ ! તમારા આવા પરાક્રમી બંધુને માટે શોક કરવો એ યોગ્ય નથી. દૂર રહેલા દેવતાઓ પણ જેના પરાક્રમને જોઈ શંકામાં પડ્યા હતા, તેવા તમારા બંધુ તો વીરવૃત્તિએ મરેલ છે અને એથી મરવા છતાંપણ કીર્તિને પાત્ર થયા છે. એટલે એની પાછળ શોક ન હોય. માટે હવે રૂદન ન કરો અને મરણ પામેલા શ્રી રાવણની ઉત્તરક્રિયા કરો.'

આ દાના દુશ્મન કોના વખાણ કરે છે ? પોતાના ભયંકર શત્રુના વખાણ કરે છે. જે દુશ્મન પોતાની મહાસતી સ્ત્રી સીતાને ઉપાડી લાવ્યો હતો, તેને માટે આ રીતે બોલે છે. હરી લાવ્યો તે ખરાબ કર્યું, પણ પરાક્રમ તો હતું ને ? અહીં વાત પરાક્રમની પૂરતી છે. પરાક્રમ પૂરતાં જ વખાણ છે.

આપણે તો દુશ્મન મરી જાય તો યે સાત પેઢી સુધી વૈર ન ભૂલીએ. ખરું ને ? 'કોનો છોકરો' એમ પૂછીએ ને ? આ તો કહે છે કે, તમારા ભાઈ વીરવૃત્તિથી મરી કીર્તિનું ભાજન બન્યા છે, માટે શોક ન હોય, ઉત્તમ પુરુષોમાં આવી ઉત્તમતા હોય છે.

### શ્રી રાવણના શબનો અગ્નિસંસ્કાર

આ રીતે શ્રી બિભીષણ આદિને સમજાવ્યા પછી મહાત્મા શ્રીરામચંદ્રજીએ, પહેલાં પકડીને બંધનમાં નાંખેલા કુંભકર્ણ, ઈન્દ્રજિત અને મેઘવાહન વગેરેને બંધનમુક્ત કરી દીધા. પછી શ્રી બિભીષણ, કુંભકર્ણ, ઈન્દ્રજિત, મેઘવાહન અને મંદોદરીએ તેમજ બીજા પણ સંબંધીઓએ એકઠા મળીને અશ્રુપાત કરતાં કરતાં, ગોશીર્ષચંદન વગેરેથી શ્રી રાવણના શબનો અગ્નિસંસ્કાર કર્યો.

આમ એક દિવસ આપણા શરીરને પણ કોઈને કોઈ બાળી મૂકશે જ ને ? ચંદનનાં નહિ તો રાયણ-બાવળ વગેરેનાં લાકડાથી પણ આ શરીર બળશે એમ તો ખરુંજ ને ? જ્યારે તે વાત નિશ્ચિત છે અને

એવો સમય ક્યારે આવી લાગશે તે નક્કી ખબર નથી. તો પછી આ ભવમાં આરાધવા યોગ્ય ધર્મની ઉપેક્ષા કેમ થાય ? ન જ થવી જોઈએ ને!

ત્યારબાદ શ્રી રામચંદ્રજીએ પણ પદ્મસરોવરમાં સ્નાન કરીને જરા ગરમ એવા અશ્રુજળથી શ્રી રાવણને જલાંજલિ આપી.

**શ્રી રામચંદ્રજીની ઉદારતા અને**
**શ્રી રાવણની ઉત્તમતા**

અગ્નિસંસ્કાર આદિનું ઉત્તરકાર્ય પતી ગયા પછી, જાણે અમૃત વર્ષાવતા હોય તેમ મધુર વાણીથી કુંભકર્ણ વગેરેને શ્રી લક્ષ્મણજી સાથે શ્રી રામચંદ્રજીએ કહ્યું કે,

*પૂર્વવત્ સ્વસ્વરાજ્યાનિ, કુરુધ્યમધુનાऽપિ હિ ।*
*યુષ્મલ્લક્ષ્મ્યા ન નઃ કૃત્યં, હે વીરાઃ ! ક્ષેમમસ્તુ વઃ ॥૧॥*

હે વીરો ! અમારે તમારી લક્ષ્મીનું કાંઈ જ પ્રયોજન નથી. તમે પોતપોતાનાં રાજ્યો હજુ પણ પહેલાંની જેમ ભોગવો ! અમે ઇચ્છીએ છીએ કે તમારું કુશળ થાઓ.

**આવી ઈચ્છા વ્યક્ત કરવી,**
**એ શું સામાન્ય વાત છે ?**

મહાપુરુષોની મહત્તા અહીં પણ દેખાઈ આવે છે. કુંભકર્ણ, ઇન્દ્રજિત કે મેઘવાહન રાજ્ય માગવાની સ્થિતિમાં તો હતા જ નહિ, ભયંકર દુશ્મનાવટના પરિણામે શ્રી રાવણનો તો નાશ થયો છે અને આ બધા પણ ખૂબ લડ્યા છે, એટલે આમનાથી રાજ્ય મંગાય શી રીતે ? હજુ સંધિ થઈ હોત તો વાત જુદી હતી. પણ એમ તો બન્યું જ નથી. છતાં અહીં 'પોત પોતાનું રાજ્ય ભોગવો' એમ શ્રી રામચંદ્રજી કહે છે, ગમે તેવા પ્રસંગે પણ અમુક બનાવ બની ગયા પછીથી ય મહાપુરુષો પોતાની મહત્તાને ચૂકતા નથી, તેનું આ પણ એક જબ્બર ઉદાહરણ છે.

શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી જેમ ઉત્તમ પુરુષો હતા, તેમ આ પણ ઉત્તમ પુરુષ જ હતા અને શ્રી રાવણ પણ ઉત્તમ પુરુષ તો હતા જ. એ તો કમનસીબીના યોગે નિયાણું કરીને આવેલા નરકે

જવાનું, એટલે આ બધા નિમિત્તો વડે એ નરકે ગયા, પણ એથી શ્રી રાવણમાં ઉત્તમત્તા જ ન હતી એમ તો ન જ કહેવાય.

જો ઉત્તમત્તા ન હોય, તો નિયમ પાલન કરે ? શ્રીમતી સીતાદેવી જેવી સ્ત્રી પોતાના હાથમાં આવે, અને પોતે ત્રણ ખંડના માલિક છે તથા સઘળી સત્તા પોતાની પાસે છે. છતાં બળાત્કાર ન કરે. એ કમ વાત છે ? શ્રી રાવણની એ જેવી તેવી ઉત્તમત્તા છે ? શ્રીમતી સીતાદેવીને મનાવવા, લોભાવવા અને પોતાની બનાવવા શ્રી રાવણે બધું કર્યું છે. ઋદ્ધિ યે દેખાડી છે અને ભય પણ દેખાડ્યો છે. તે છતાં પણ ન માન્યું તો અત્યાચાર કર્યો નથી. શ્રી રાવણ આવા સત્તાવાન હોવા છતાં પણ કરગર્યા છે, પગે પડ્યા છે અને સામે શ્રીમતી સીતાજીએ કઠોરમાં કઠોર વચનો કહ્યાં છે. છતાં શ્રી રાવણે તે બધું સાંખી લીધું છે. પોતે એના વિના શય્યામાં જળ વિના માછલી તરફડે તેમ તરફડ્યા છે, પણ જુલ્મથી ભ્રષ્ટ કરવાનો વિચાર સરખોય નથી કર્યો. આ દૃષ્ટિએ વિચારીએ અને વિષયાધીનતાથી થતી દુર્દશા ખ્યાલમાં રાખીએ, તો કહેવું જ પડે કે શ્રી રાવણે જે નિયમ પાલન કર્યું તે પણ તેમની ઉત્તમત્તા જ ગણાય.

## ધર્મીના ગુસ્સાનું રહસ્ય કોણ સમજે ?

શ્રીમતી સીતાદેવીનો ગુસ્સો પણ શ્રીમતી સીતાદેવીની ઉત્તમતાને જ જણાવનારો છે એમ કહી શકાય, પણ તે કોને સમજાય ?

ધર્મીના ગુસ્સાની ગમ ધર્મીને હોય. ધર્મીના ગુસ્સાના રહસ્યને અધર્મી ન સમજે, સાચાને કોઈ ખોટો કહે અને તેથી સાચો આત્મા આંખ લાલ કરે, ત્યારે પેલો કહે કે, 'તમે આંખ લાલ શાની કરો છો ? સમતા રાખો, હું તો કાંઈ નથી કરતો.' તો સાચો કહે છે કે, 'ઓ ગમાર ! એ તું ન સમજે. તને ગમ ન પડે. તું શાનો ગુસ્સે થાય ?' ગ્રાહક વેપારીને જુઠ્ઠો કહે તો ય વેપારી ગુસ્સો ન કરે. કેમકે પોતે જુઠ્ઠો છે, એમ એ મનમાં સમજે છે. સાચો હોય તો ઝટ જવાબ દઈ દે. સાચાના ગુસ્સાને સાચો

સમજે. ખોટાને ગુસ્સો આવે ? આપણે તો એ ગુસ્સાને ય વખાણતા નથી. કારણ કે તે જાત પૂરતો છે. શાસનનો રાગી જાત સળગી જાય તે છતાંય ગુસ્સો ન આવે એવો પ્રયત્ન કરે, પણ શાસનને સામાન્ય ઉની આંચ આવે તો ય તેને ગુસ્સો આવ્યા વિના રહે નહિં.

આજે શાસનનો નાશ કરવાના દુષ્ટ પ્રયત્નો કરનારાઓ દાંભિક શાંતિની વાતો કરે છે અને ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીની સ્તુતિ ટાંકી બતાવે છે કે.

*कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।*
*प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेस्तु वः ॥१॥*

કમઠે ગુસ્સો કરીને ઘોર કષ્ટ કરી દીધું અને ધરણેન્દ્રે ભક્તિ કરી, બેયે પોતપોતાને ઉચિત એવું કર્મ કર્યું. તે છતાં પણ શ્રી પાર્શ્વનાથ ભગવાને તે બંનેય ઉપર સમભાવ રાખ્યો કે નહિ ?

માટે આપણે તો ભાઈ સમભાવ ! રાખવો જોઈએ, એ વાત આવાઓ આપણને બતાવે છે. એમને પૂછીયે કે, "વાત સાચી, ઉપસર્ગ કરનાર અને ભક્તિ કરનાર પ્રત્યે સમભાવ રાખ્યો તેની ના નહિ. પણ તે વિચાર પોતાને માટે કરવાનો કે પરને માટે ? મુનિ પોતાને અંગત કોઈ ગાળ દઈ જાય કે મારી જાય તો ય સહે, પણ સામો શાસનને ગાળ દે તો ?" મુનિ જોયા કરે અને સમતા ભજ્યા કરે, એમ? પોતાની શક્તિથી મુનિ તો તેને વારવાનો પ્રયત્ન કરે, ઘર સળગતું હોય ત્યારે માલિક જોયા ન કરે, બહાર ઉભો ઉભો લ્હેરથી જ જે જોયા કરતો હોય, તે એનો માલિક નથી, એમ સમજી લેવું પડે.

### પ્રતિકૂળ ગણાય તેવો વર્તાવ થઈ શકે પણ પ્રતિકૂળ ચિંતન ન થઈ શકે

**સભા**: 'અપરાધીશું પણ ચિત્ત થકી, નવી ચિંતવીએ પ્રતિકૂળ' એમ આવે છે ને ?

**પૂજ્યશ્રી** : તે બરાબર જ છે. પ્રતિકૂળ ચિંતવવાનું કોણ કહે છે ? આપણે તો કહીએ છીએ કે, તે બિચારાઓનું પણ કલ્યાણ થાઓ !

આથી કલ્યાણબુદ્ધિ રાખીને શાસનના પ્રત્યનિકને શિક્ષા ન જ થાય એમ નહિ. શાસનના અપરાધીને શિક્ષા કરવી પડે તેમ હોય તો તેમેય કરાય, પણ પ્રતિકૂળ ચિંતવાય નહિ. એવા પ્રસંગે દેખાવમાં પ્રતિકૂળ વર્તાય ખરું, પણ પ્રતિકૂળ ચિતવાય નહિ : જ્યારે જાતના અપરાધી માટે પ્રતિકૂળ વર્તાય પણ નહિ અન પ્રતિકૂળ ચિંતવાય પણ નહિ. આપણને ગાળો દે, આપણને મારવા આવે, આપણી જાત સામે હુમલાઓ કરે. આપણી ઉપર જુઠ્ઠા આક્ષેપો કરે, ત્યારે જેટલો સમભાવ રહે, તેટલી ઉત્તમત્તા અને તેટલો લાભ.

આજે તો જાત ઉપર તદ્દન નહિ જેવું અને અસત્યતાથી રહિત આક્રમણ આવે તેને નહિ ખમી શકનારા, શાસન સામે આક્રમણો આવે ત્યારે સમભાવ રાખવાનો ઉપદેશ આપવાને તૈયાર થઈ જાય છે ! એમ કહેતા નથી કે 'અમે બાયલા છીએ. માનના ભૂખ્યા છીએ, અમારાથી ગાળો ખમાતી નથી, માટે મૂંગા રહીએ છીએ !' એ તો પોતાની પાપવૃત્તિ છૂપાવવા શાસનના દુશ્મનોની ભેગા ભળે છે અને શાસનના વફાદાર રહેનારાઓને નિંદે છે ! લાયકાત તો કેળવવી જોઈએ કે 'આપણી જાત માટે ગમે તેવું ભૂંડુ કે જુઠ્ઠું લખાય અગર તો બોલાય તે છતાંય મનમાં અસર થાય નહિ, શુદ્ધ સમભાવ જળવાઈ રહે અને શાસન સામેનું નાનામાં નાનું પણ આક્રમણ ખમાય નહિ,' આ લાયકાત એ સામાન્ય કોટિની લાયકાત નથી જ !

### શાસનને સમર્પિત બનેલો મુનિ કેવો હોય ?

જૈન શાસનને સમર્પિત બનેલો મુનિ શાસનના પ્રત્યનિકને શિક્ષા કરવા જેવું લાગે તો, શિક્ષા કરે તે છતાં પણ તેનું ય ભલું ચિંતવે. દેખાવમાં પ્રતિકૂળ વર્તાવ કરનારા હૃદયથી સામાનું પ્રતિકૂળ જ ચિંતવનારો હોય એ માન્યતા ભૂલ ભરેલી છે. વ્હાલા બાળકને પણ અવસરે ધોલ મરાય કે નહિ ? એ ધોલ મારનાર મા-બાપ શું બાળકનું ભૂંડું ચિંતવનારા છે ? નહિ જ. ઉલટું ધોલ મારે છે, તે પણ બાળકના ભલા માટે મારે છે. દેખાવમાં એ વર્તન પ્રતિકૂળ છે, પણ હૈયું પ્રતિકૂળ

નથી. એ વાત જો અહીં પણ સમજી લેવાય તો કેટલાકો આજે સમતા આદિના નામે સન્માર્ગથી ખસી જાય છે તે સન્માર્ગથી ખસતા અટકી જાય.

**સભા** : એ મિત્ર બને તો ?

**પૂજ્યશ્રી** : મિત્ર એટલે શાસનના રસીયા બને, તો તો ઘણું જ ઉત્તમ. ગમે તેવી ભૂલ થઈ હોય, પણ જો ભૂલ ભૂલરૂપે સમજાઈ જાય અને શુદ્ધ હૃદયથી પશ્ચાત્તાપ કરાય તો એને વધાવી લેવાય. આપણે તો એવાને આશ્વાસન આપીએ, કહીએ કે, "હોય ! કર્મવશાત્ ભૂલ થઈ જાય પણ તમે મહાપુણ્યવાન કે જેથી ભૂલ સમજ્યા અને સુધર્યા" ભૂલ સુધારી સન્માર્ગે આવનારને તો, એવી રીતે વધાવી લેવાય કે, એનો ઉત્સાહ વધી જાય અને ફરી દુશ્મનો ફસાવવા આવે, તોય તે ફસે નહિ. ભૂલનો પશ્ચાત્તાપ કરનાર તરફ પણ કરડી નજરે જોનારાઓ તો, અધમ આત્માઓ છે. પણ વાત એ છે કે, શાસનના દુશ્મનને શિક્ષા ન જ થઈ શકે એમ નહિ. અરે, મિત્ર ન બનવું હોય તો ન બને, પણ જો દુશ્મનાવટ કરતો અટકી જતો હોય તો ય શાસનના પ્રેમી તેનો તિરસ્કાર ન કરે. પણ શાસન સામે આક્રમણ જ કર્યે જાય તો શું થાય? એવાને બહાર પણ કઢાય. દીકરાને સુધારવા માટે બાર બાર મહિના સુધી બાપ ઘરમાં ન પેસવા દેવાની કાર્યવાહી કરે, તો તેથી એ એનું ભૂંડુ ઇચ્છનાર છે એમ ન જ કહેવાય. પણ કહેવું પડે કે સુધારવા માટે તેમ કરે છે. આથી સ્પષ્ટ છે કે ભૂંડુ ન ઇચ્છાય તેથી અવસરજોગ શિક્ષા ય ન કરાય એમ નહિ.

### જો હૈયામાં શાસન વસી જાય તો

કોઈ એમ કહે કે, શ્રીમતી સીતા જેવીથી આમ ગરમ થઈને બોલાય ? જનકરાજાની પુત્રી, શ્રી રામચંદ્રજીની પત્ની અને દશરથરાજાની પુત્રવધૂ શ્રીમતી સીતા જેવી મહાસતીથી આવું કરડું બોલી શકાય ? શું એમ બોલવું તે વ્યાજબી છે ? વિચારો કે એવું કોણ બોલે ? મોટે ભાગે તો તે જ એવું બોલે કે જે શીલહીન હોય ! શીલની જેને કિંમત હોય, શીલ જેને વ્હાલું હોય તેને તો શ્રીમતી સીતાજીના

શબ્દો સાંભળીને રોમરાજી વિકસીત થાય. અને એ જ વિચારે કે આવા પ્રસંગે આવું કહેવું એ ય યોગ્ય જ ગણાય. અયોગ્ય આદમીને પ્રસંગે પણ તે જેવો હોય તેવો તેને ન જ કહેવાય એમ નહિ. અવસરે તે જેવો હોય તેવો તેને ઓળખાવી શકાય. આ બધી વાત સાચું સમજે એના માટે છે. સાધુપણાના નાશ વખતે સાધુ કરડો ન થાય ? કહો કે થાય જ. કોઈ કહે કે, 'કેમ કરડા થયા ?' તો એને કહેવું પડે કે, 'તને એમ નહિ સમજાય, પહેલાં સાધુપણાની કિંમત સમજ.' જેને સાધુપણું વહાલું ન હોય તેને અગર તો શ્રી વીતરાગને તેવા અવસરે ગુસ્સો ન આવે. બાકી તો એવા પ્રસંગે સાધુતાની કિંમતવાળાને ગુસ્સો આવવો તે સ્વાભાવિક છે. આગ લાગે ત્યારે ધણી બેબાકળો થાય. એ વખતે બીજો કહે કે, 'હું તો ભડકો જોઉં છું તોય મને કાંઈ થતું નથી.' પણ એને શાનું થાય ? કારણકે તે તેનું ઘર નથી. એ રીતે અહીં પણ, જેને હૈયે શાસન હોય તેને જ શાસન ઉપરના આક્રમણ અવસરે દુઃખ થાય અને તેને નિવારવાની બુદ્ધિ થાય.

શ્રી રાવણ પોતે નિયમધર હતા. માટે એ ધર્માત્માના હૃદયને સમજતા હતા, નહિ તો ત્રણ ખંડના માલિકથી આવું અપમાન સહાય ? શ્રી રાવણ ઉત્તમ ન હોય તો એવા વખતે નિયમ યાદ રહે ? શય્યામાં તરફડ્યા તે હા, પણ અત્યાચાર ન કર્યો. મંદોદરીને સમજાવવાનું કહ્યું, શ્રીમતી સીતાદેવી માની જાય એવી ઇચ્છા પૂરેપૂરી, એટલો મોહનો ચાળો. પણ એ દશામાંય નિયમ નથી ભૂલ્યા, એ ઉત્તમતા કમ નથી. ધર્મીના હાડ ધર્મી જાણે, ધર્મ ઉપર આફત વખતે જેઓ છતી શક્તિએ આંખ મીંચામણા કરે છે, તેઓ વસ્તુતઃ ધર્મ પામ્યા જ નથી. પોતાની જાતને કોઈ કહે, પોતાની બેન-બેટીને કહે, તો શક્તિહીનમાંય ઉછાળો આવે કે નહિ ? તેમ 'મારા દેવ, મારા ગુરુ, મારો ધર્મ એમ હોય તો ? તો બધું થાય, નહિ તો બારેય ભાગોળ મોકળી છે. જેના હૈયામાં ધર્મ વસ્યો હોય તેનું હૃદય ધર્મ ઉપર આફત વખતે બળ્યા વિના ન રહે. એવું હૃદય કેળવવું જોઈએ. હૃદય બળે એટલે શક્તિ સામગ્રી મુજબ નિવારણનો ઉપાય કર્યા વિના રહેવાય નહિ.'

## ભાગ માટે બાપ સાથે લડનારાઓ
## આ ઉદારતાને નહિ સમજી શકે

જ્યારે શ્રી રામચંદ્રજીએ કુંભકર્ણ આદિને કહ્યું હશે કે, 'તમે તમારું રાજ્ય ભોગવો, મારે તમારી લક્ષ્મી ન જોઈએ. તમારું કલ્યાણ થાઓ !' આ સાંભળીને શ્રી કુંભકર્ણ વગેરેને શું થયું હશે ? શ્રી કુંભકર્ણના ભાઈ અને શ્રી ઈન્દ્રજિત તથા મેઘવાહનના પિતા શ્રી રાવણ, સતી સીતાદેવીને ઉપાડી લાવ્યા હતા એ ભૂલ તો કરી જ હતી. એ ગુન્હો તો હતો જ અને તે છતાં એમનો પક્ષ કરીને આ બધાએ લડવામાં અને દુશ્મનાવટ ખીલવવામાં બાકી નહોતી રાખી. આટલા પછીય વગર માંગ્યે રાજ્ય પાછું પૂર્વવત્ ભોગવવાનું કહે, એ કેવી ઉદારતા ? આવા દુશ્મન પ્રત્યે કોને માન ન થાય ? શ્રી કુંભકર્ણ આદિને આવા વખતે શોક, હર્ષ તથા બંને થાય તે સ્વાભાવિક છે. ભાઈના અવસાન માટે શોક થાય અને આવા ઉત્તમ તથા દાના દુશ્મનના દર્શન માટે હર્ષ પણ થાય. આટલા યુદ્ધ પછી મળેલું રાજ્ય પાછું કોણ આપે ? પણ એ પુણ્યપુરુષોની ભાવના જુદી હતી.

**સભા** : અર્થશાસ્ત્ર નહીં ભણ્યા હોય.

**પૂજ્યશ્રી** : અર્થ અને કામની પૂંઠે પાગલ બનીને ધર્મ ભૂલેલાઓ ગમે તેમ બોલે, પણ એ ચોક્કસ છે કે આ જાતની ઉદારતા આવવી એ સામાન્ય વાત નથી. પરંતુ ભાગ માટે બાપ સાથે ય લડનારા આ વસ્તુને નહિ સમજી શકે.

શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી જેમ નિઃસ્પૃહી છે, તેમ શ્રી કુંભકર્ણ આદિ પણ નિઃસ્પૃહી બન્યા છે. નહિ તો, રાજ્ય સોંપે છતાં કોણ ન લે ? પણ કોઈ રાજ્ય લેતું નથી. રાજ્ય સોંપવું કઠીન જરૂર છે, પણ કોઈ સોંપે તો તે, નિઃસ્પૃહભાવે ન લેવું, એ એથી પણ વધુ કઠીન છે.

*नार्थो राज्येन नः कश्चित्, प्राज्येनाऽपि महाभुज !*
*ग्रहीष्यामः परिव्रज्यां, मोक्षसाम्राज्यसाधनीम् ॥१॥*

જ્યારે શ્રી રામચંદ્રજી રાજ્ય આપી દેવા તૈયાર છે, શ્રી કુંભકર્ણ વગેરેને તેમનું પોતપોતાનું રાજ્ય પાછું સંભાળી લેવાનું કહે છે, ત્યારે શોક અને આશ્ચર્યને એક સાથે ધારણ કરતા શ્રી કુંભકર્ણ વગેરે ગદ્ગદ્ કંઠે જવાબમાં કહે છે કે-

'અમારે ન જોઈએ. મોટું પણ રાજ્ય અમારે જોઈતું નથી. અમારે તો મોક્ષનું સામ્રાજ્ય જોઈએ છે અને એથી અમે તો મોક્ષ સામ્રાજ્યને સાધનારી પ્રવ્રજ્યાને જ ગ્રહણ કરીશું !'

આ લેણદેણ કેવા પ્રકારની તે વિચારી જુઓ ! એમણે સંસારની અસારતાને નજરે જોઈ એમ કહી શકાય. રાજ્ય પણ જોયું, નાશ પણ જોયો. નજરોનજર બધું જોયું. તે પછી ઉત્તમ આત્માને વૈરાગ્ય ન આવે, એમ બને ખરું ? નહિ જ. ઉત્તમ આત્માને વિરાગભાવ તો આવે જ. પણ તેનો અમલ બધા જ કરી શકે એવો નિયમ નહિ.

### ઉત્તમ આત્માઓની સુંદર કુળપરંપરા

શ્રી રામચંદ્રજીના અંતરમાં ય આવો ઉત્તર સાંભળીને શું થયું હશે ? પુણ્યાત્માઓને તો, આવું સાંભળીને હર્ષ જ થાય. પોતાના દુશ્મનના કુળમાં આવા નરરત્નો જોઈને, પુણ્યાત્માઓનું હૈયું તો પુલકિત જ થાય. ઉત્તમ શ્રાવકકુળમાં આવા રત્નો પાકે તે આશ્ચર્યરૂપ ગણાય નહિ. પણ ન પાકે તે. આશ્ચર્યરૂપ ગણી શકાય. એ તો કમનસીબીના યોગે શ્રી રાવણ નિયાણું કરીને આવેલા માટે નરકે ગયા. બાકી તેમની આખી કુલપરંપરા જુઓ તો કોઈ પણ રાજા એવો નથી થયો કે જેણે છેવટે સંયમનો સ્વીકાર ન કર્યો હોય. પુણ્યશાળી જીવો સંસારના સાધનોને ય વૈરાગ્યનાં સાધનો બનાવતા હતા, ત્યારે આજે વૈરાગ્યનાં સાધનોને ય કેટલાકો સંસારના સાધનો બનાવે છે !!

અહીં આ બધું ચાલી રહ્યું છે, એટલામાં કુસુમાયુધ નામના ઉદ્યાનમાં શ્રી અપ્રમેયબલ નામના મહામુનિ પધારે છે. તે મહામુનિ ચાર જ્ઞાનના ધણી છે અને તે જ રાત્રિએ એમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. દેવતાઓએ આવીને ત્યાં મહોત્સવ કર્યો છે.

## જન્મ પછી મરણ એકાંતે નિશ્ચિત છે

આપણે એ જોઈ ગયા કે શ્રી બિભીષણ, કુંભકર્ણ, ઇન્દ્રજિત, મેઘવાહન, અને બીજાઓએ મળીને અશ્રુપાત કરતાં કરતાં શ્રી રાવણનાં દેહને અગ્નિસંસ્કાર કર્યો. શ્રી રાવણ પ્રત્યે ગમે તેટલો રાગ હોય, પણ જાતે શ્રી રાવણના શરીરને બાળવાનો વખત આવ્યો. જન્મ્યા તે મરવાના એ નક્કી વાત છે. મરણ પછી જન્મ નિયમા હોય જ એવું નથી. જે જે મરે તે તે જન્મે જ એવો એકાંત નિયમ નહિ. પણ જે જે જન્મે તે તે મર્યા વિના રહે જ નહિ એ તો નિશ્ચિત જ ! અનંતકાળમાં અનંતા આત્માઓ મર્યા પછી જન્મ્યા નથી એ બન્યું છે. પણ અનંતકાળમાં એકપણ આત્મા એવો જન્મ્યો નથી કે, જેનું જીવન અખંડિત રહ્યું હોય, એટલે કે જેનું મરણ જ ન થયું હોય. મરણ સાથે જન્મ એ એકાંતે નિયત નથી. જ્યારે જન્મ સાથે મરણનો યોગ એકાંતે નિયત છે. અહીંથી મરીને શ્રી સિદ્ધગતિને પામનારા આત્માઓ, અર્થાત્ અહીંથી મરીને મોક્ષે જતા આત્માઓ મર્યા પછી જન્મે છે ? નહિ જ. પણ કોઈ જન્મેલું મર્યું નહિ એમ સાંભળ્યું છે ? નહિ જ. શ્રી તીર્થંકરદેવોના આત્માઓ માટે પણ જ્યાં સુધી જન્મ ત્યાં સુધી મરણ નિયત જ હોય છે. જન્મ્યો તે મરવાનો એ ચોક્કસ વાત છે. જન્મ થાય અને મરે નહિ એ બને જ નહિ. પણ મરે અને જન્મ ન થાય એવું બને ખરું

તમે મરવાના ખરા કે નહિ ? આજે જે શરીરને તમે પંપાળો છો, વારંવાર સાફ કર્યા કરો છો, જેના ઉપર અત્યંત મોહ રાખો છો, તે એક દિવસ અગ્નિમાં સળગી જશે એમ તમને લાગે છે ? શરીર અહીં રહેશે અને તમારે તમારા કર્મો અનુસાર ક્યાંક બીજે ચાલ્યાં જવું પડશે એમ લાગે છે ? તમારો વ્હાલામાં વ્હાલો સ્નેહી, તમારા શરીરને લાકડાની ચિતા ઉપર ગોઠવશે, તમારા શરીર ઉપર લાકડાની ભારે ગાંઠો મૂકશે અને તે પછી અગ્નિ મૂકી સળગાવી મારશે એમ તમને લાગે છે ?

આવી દશા થતી તમે તમારી જિંદગીમાં ઘણાની જોઈ છે. તો તમને એમ થયું કે, એક દિવસ મારા શરીરની પણ આ હાલત થશે.

કોઈને બાળવા સ્મશાને ગયા હો, ત્યારે એમ થયું કે, આ રીતે કોઈક દિવસ મારા શરીરને પણ સ્નેહીઓ, સંબંધીઓ, પાડોશીઓ તેમજ બીજાઓ લઈ જશે અને ફૂંકી મારશે !

તમને એવી ખાત્રી હોય, કે તમે આ શરીરે અમર રહેવાના છો, તો બોલજો ! પણ ભયંકરમાં ભયંકર પાપાત્માઓ કે છેલ્લામાં છેલ્લી કોટિના નાસ્તિકો ય, એ વાત તો જાણે છે કે એક દિવસ એવો જરૂર આવવાનો જ છે કે જે દિવસે આ શરીરને કોઈ સંઘરવાનું નથી. કાં તો બાળી આવશે અને કાં તો દાટી આવશે. માનો કે અશુભ યોગે, જો કોઈ તેવા જ સ્થાનમાં મર્યા તો જંગલમાં પશુ-પંખી ખાશે કે દરીયા વગેરેમાં ફેંકી દેશે. પણ આ શરીરને માટે આવું કાંઈક ને કાંઈક થવાનું એ તો નિયત વાત છે.



# સ્વજનનું મરણ, પાછળનાઓને ચેતવે છે

## ૮

શ્રી રાવણના વધની વાતના વર્ણનમાં આ પ્રકરણ શ્રેષ્ઠ ઉપદેશની ધારા વહાવે છે. તેમાં વર્તમાન સદીનો દાખલો અદ્‌ભૂત છે. માણસ મરે એટલે પુણ્ય-પાપ નાશ પામે એમ નહીં. કર્મના સંબંધથી છૂટવા માટે ધર્મ જરુરી છે. અને તે માટે નિષ્પાપ જીવન જોઈએ. તેમજ સત્ત્વ વિના એવું જીવન જીવાય નહીં, વિગેરે ખૂબ જ મનનીય વાતો શાંતચિત્તે વાંચવા જેવી છે.

મોક્ષ સામ્રાજ્ય સાધવાનું સાધન દીક્ષા છે. તેથી શ્રીરાવણના અગ્નિસંસ્કાર પછી શ્રી રામચન્દ્રજીએ જ્યારે રાજ્યગ્રહણ કરવાની વાત કરી ત્યારે શ્રી કુંભકર્ણ આદિએ દીક્ષાગ્રહણની વાત કરી છે.

શ્રી અપ્રમેયબળ-કેવલજ્ઞાનીની દેશનામાં સૌ પહોંચ્યા, શ્રી ઈન્દ્રજીત આદિએ પોતાના ભૂતપૂર્વ-ભવોની વાતો પૂછતાં મુનિવરે વર્ણવેલા આ પૂર્વભવોના વર્ણનમાં પ્રવચનકારશ્રીએ **"ધર્મ શા માટે ?"** આ વિષયને એંસી વર્ષ પૂર્વે પણ શાસ્ત્ર પરિકર્મિતમતિથી કેટલો સ્પષ્ટ વર્ણવ્યો છે કે જે આજીવન શાસ્ત્રવચનોનો ટંકાર જેવી તેઓની નિર્મળકીર્તિનો જયઘોષ કરનાર છે. ચાલો આપણે સ્વયં વાંચીએ અને વિચારીએ. -શ્રી

# સ્વજનનું મરણ, પાછળનાઓને ચેતવે છે

- માણસ મરે એટલે પુણ્ય-પાપ મરે એમ નહિ
- સંસારથી છોડાવે તે જ સાચો ધર્મ
- શ્રી જિનેશ્વરદેવો પરિણામદર્શી હતા
- નિઃષ્પાપ જીવન સત્ત્વ વિના ન જીવાય
- જ્ઞાનીઓએ ફરમાવ્યા મુજબના પરિણામને વિચારો
- ઉત્તમમાં ઉત્તમ કોટિનું મરણ મેળવવા માટે પ્રયત્નશીલ બનો
- અગ્નિસંસ્કાર પછી તરત દીક્ષાની વાત
- જેને મોક્ષ ગમે તેને સંસાર ગમે નહિ
- સ્વજનનું મરણ પાછળનાઓને ચેતવે છે
- જીવ્યો ત્યાં સુધી તો ચૂસ્યો પણ પછી ય પાપની પોટલી મોકલવી ?
- રોતાં રોતાં આયુષ્ય બંધાય તો ?
- ધર્મી ક્હેવડાવવું ગમે છે, પણ વસ્તુતઃ ધર્મ ગમતો નથી
- આ વીસમી સદીનો એક અનુકરણીય સુંદર પ્રસંગ
- ધર્મ ક્ર્યા વિના મરનાર ગયો, એ ભાવનાએ રડનાર કેટલા ?
- શોકગ્રસ્ત સંબંધીઓને મુનિ કેવું આશ્વાસન આપે ?
- આરાધના કરનારા બધા જ તે ભવમાં મોક્ષ પામે એ નિયમ નહિ
- કરેલી આરાધના નિષ્ફળ નથી જવાની
- દીક્ષામાં નિર્ધન-ધનવાન જોવાનું નથી
- ધર્મ કરનારની નિંદા કરવાના પાપમાં ન પડો
- વિપરીત સંયોગોથી આત્માએ બચવાની ઘણી જરૂર છે
- ધર્મવૃત્તિવાળાની ક્ઈ વિચારણા હોઈ શકે ?
- પડનારને આલંબન આપનારા મળે તો કોઈ આત્મા ચઢી જાય
- સાધુવેષમાં રહીને છૂપું પાપ સેવવું એ ઘોર પાપ છે
- ધર્મ પ્રત્યે અભિરૂચિ ન પ્રગટે તો અનુમોદનથી ય લાભ લેવાય નહિ
- નિરાશંસભાવે ધર્મ કરવાની આજ્ઞા
- નિદાન રહિત ધર્મ અને નિદાનયુક્ત ધર્મના ભેદને સમજો
- મુનિની ભાવના- ઇચ્છા કઈ હોવી જોઈએ
- 'કુ' નો ત્યાગ અને 'સુ'નો સ્વીકાર કરો !
- અંતિમ અવસ્થામાં મતિ તેવી ગતિ થાય છે
- ધર્મદેશના કેવી હોવી જોઈએ ?
- જૈનમુનિ ધર્મગુરુ છે પણ સંસારગુરુ નથી
- લઘુકર્મી આત્માઓને જ મુનિયોગ મળે છે અને ફળે છે
- વિષયવૃત્તિને પેદા કરનારાં સાધનોથી દૂર રહો
- માગ્યું તે મળ્યું પણ ધર્મ ભૂલાઈ ગયો
- ધર્મ તો મોક્ષ માટે જ કરવો
- તત્ત્વો ઉપરની રૂચિ પમાય તો જીવન ફરી જાય
- ધર્મના બહુમાનદર્શક પાંચ લિંગો
- દિલનો અનુરાગ ધર્મમાં હોય તો
- મોક્ષના ઇરાદાથી જ્ઞાનીની આજ્ઞા મુજબ સહો તો કલ્યાણ થાય
- દેવનું મુનિવેષે આગમન-પૂર્વ ભવકથન, રતિવર્ધન રાજાને જાતિસ્મરણ
- જ્ઞાનથી ભાન થવું અને એથીદીક્ષા લેવી

# ૮

## સ્વજનનું મરણ, પાછળનાઓને ચેતવે છે



### માણસ મરે એટલે પુણ્ય-પાપ મરે એમ નહિ

આથી સ્પષ્ટ છે કે જે જન્મ્યા તેનું મરણ નિયત જ છે. ઇચ્છાએ કે અનિચ્છાએ મર્યા વિના ચાલતું નથી. પણ એ વિચારો કે મરે છે કોણ ? આત્મા મરતો નથી. આત્મા તો હતો, છે અને રહેવાનો છે. અહીંથી મર્યા એટલે બધો ખેલ ખલાસ થઈ જતો હોત તો, જ્ઞાનીઓ ધર્મનો આવો ઉપદેશ ન આપત. પણ અહીંથી મર્યા એટલે ખેલ ખલાસ થઈ જતો નથી. અહીંથી મરીને જે આત્માઓ મોક્ષે નથી જતા, તે સિવાયના સઘળાય આત્માઓ માટે એ નિયમ કે આ શરીરનો સંબંધ છૂટ્યો અને આ ભવમાં કરેલાં કર્મો અનુસાર, નિયત સમયે નવા શરીરનો સંબંધ સંધાયો. માણસ મરે તેની સાથે તેનાં પાપ-પુણ્ય મરી જતાં નથી. તમે જાણો છો કે આ શરીર અહીં રહી જાય છે, પણ કાર્મણ અને તૈજસ્ સાથે જાય છે. માણસ અહીંથી મરે છે, એટલે પુણ્ય-પાપના યોગે બીજા સ્થાને નિયત સમયે તેનો આત્મા નવું શરીર ધારણ કરે છે. આથી સ્પષ્ટ છે કે પુણ્ય અને પાપ આત્માની સાથે જ જાય છે. એટલે બાંધેલા કર્મ શાંતિપૂર્વક ભોગવ્યા વિના, કે તપ આદિથી છોડ્યા વિના, સુખના અર્થી માટે છૂટકો છે જ નહિ.

કર્મનો સંબંધ છૂટે નહિ, ત્યાં સુધી મરણ પાછળ જન્મ નિયત

જ છે. કર્મનું બંધન છૂટે તો જ, મરણ પછી જન્મ ન થાય અને જન્મ ન થાય તો જ સર્વ દુઃખનો અંત આવે તથા સર્વ સુખની પ્રાપ્તિ થાય. આથી ચોક્કસ છે કે, કર્મથી છૂટવું અને કર્મથી છૂટવાના યોગે જન્મથી મૂકાવું, એ જ સાચા સુખનો માર્ગ છે.

### સંસારથી છોડાવે તે જ સાચો ધર્મ

શ્રી જૈનદર્શન એટલે કર્મનો સંબંધ છોડવાનો માર્ગ દર્શાવનારું દર્શન. આ સંસારચક્રથી મૂકાવનારું દર્શન, તે જૈનદર્શન. સંસારના સંબંધને મજબૂત કરે તે, સાચો ધર્મ નહિ. સાચો ધર્મ તે જ કે જે સંસારના સંબંધને નામશેષ કરવાનો માર્ગ દર્શાવે. શ્રી જૈનદર્શનનું કામ જ એ છે. વિવેકપૂર્ણ વિચારણા કરતાં સંસારના સંબંધને તોડવાની જેનામાં ઇચ્છા ઉદ્ભવે નહિ તે જૈન નહિ. સંસારના સંબંધને તોડવાનો ઉપદેશ ન આપે એ સાચો ઉપદેશક નહિ અને સંસારનો સંબંધ મજબૂત બને તેવો ઉપદેશ આપે, તે જૈન સાધુ નહિ પણ વેષધારી. એ તો ભગવાનના શાસનના નામે પેટ ભરનારો અને તરવાના સાધનના નામે ય પોતે ડૂબનારો તથા બીજાને ડૂબાવનારો. શ્રી જૈનદર્શનનો સાધુ જો ઉપદેશ આપે, તો સંસારના સંબંધને તોડવાનો ઉપદેશ આપે, કારણ કે એ વિના વાસ્તવિક કલ્યાણ નથી. એમ અનંતજ્ઞાનીઓ ભારપૂર્વક ફરમાવી ગયા છે.

### શ્રી જિનેશ્વરદેવો પરિણામદર્શી હતા

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવો શું ઈર્ષ્યાળુ હતા ? નહિ જ. તે તારકોને તમે સંસારની સાહ્યબી ભોગવો, અમન-ચમન ઉડાવો, મોજ કરો એની શું ઈર્ષ્યા હતી ? નહિ જ. એ તારકો તો પરમ વીતરાગી હતા. ત્રણેય કાળના સ્વરૂપના જ્ઞાતા હતા. છતાં પણ આ સંસારથી મૂકાવાનો માર્ગ એ તારકોએ ઉપદેશ્યો. કારણકે એ સિવાય બીજો કોઈ કલ્યાણમાર્ગ હતો નહિ અને છે પણ નહિ. એ તારકો જાણતા હતા કે આ સંસારની સાહ્યબીમાં મૂંઝાએલા આત્માઓ, તેના

પરિણામે આવનાર ઘોર દુ:ખને જાણતા નથી. સંસારની સાહ્યબી ભોગવવામાં સુખ નામનું અને પરિણામે દુ:ખનો પાર નહિ, એટલે જ તે તારકોએ માત્ર મોક્ષમાર્ગ ઉપદેશ્યો. જ્ઞાનીઓ પરિણામદર્શી હતા. દુનિયામાં પણ ડાહ્યા તે ગણાય છે કે જે પરિણામનો વિચાર કરે. તમે પરિણામનો વિચાર કરો છો ? તમે આ સંસારમાં જે જે પ્રવૃત્તિઓ કરી રહ્યા છો, તેનું શું પરિણામ આવશે તેનો ખ્યાલ કરો છો ? કહો કે કોઈ ભાગ્યવાન્ જ એવો ખ્યાલ કરતા હશે.

પાપપ્રવૃત્તિના પરિણામનો આત્માને જો વાસ્તવિક ખ્યાલ આવી જાય, તો તે કંપી ઉઠ્યા વિના રહે નહિ. પરિણામના ખ્યાલવાળો પાપભીરૂ ન હોય એ બને નહિ. ભીરૂતાને કોઈ વખાણતું નથી. જ્ઞાનીઓ પણ ભીરૂતા કાઢવાનો અને વીરતા કેળવવાનો જ ઉપદેશ આપે છે. તે છતાંય એ જ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે કે, પાપની ભીરૂતા અવશ્ય કેળવવી જોઈએ. પાપભીરૂતા એ સામાન્ય કોટિનો સદ્‌ગુણ નથી. એક તરફ સત્ત્વશીલ બનવાનો ઉપદેશ અને બીજી તરફ પાપભીરૂ બનવાનો ઉપદેશ, એ બેનો સંબંધ વિચારી જુઓ. એમાં પરસ્પર વિરુદ્ધભાવ નથી. આપણા ઉપકારીઓ મૂર્ખા નહોતા કે એક તરફ ભીરૂતાને ખંખેરી નાંખવાનું કહે અને બીજી તરફ તે જ ભીરૂતાને સદ્‌ગુણ મનાવે. માટે સમજો કે પાપભીરૂતા કેળવવાનો ઉપદેશ આપવા પાછળ ખાસ હેતુ છે. જ્ઞાનીઓએ સત્ત્વશીલ બનવાનો ઉપદેશ પાપરસિક આત્માઓને માટે નથી આપ્યો, પણ પાપભીરૂ આત્માઓને માટે આપ્યો છે.

### નિ:ષ્પાપ જીવન સત્ત્વ વિના ન જીવાય

પાપભીરૂતા, સાચી સત્ત્વશીલતાને ખીલવનારી વસ્તુ છે. આદમીના સઘળાય સત્ત્વનો સન્માર્ગે વ્યય કરાવનારી વસ્તુ જો કોઈ પણ હોય, તો તે સાચી પાપભીરૂતા છે. પાપરસિકને જે સત્ત્વશીલતા કેળવવાની જરૂર નથી પડતી, તે સત્ત્વશીલતા કેળવવાની જરૂર પાપભીરૂતાને પડે છે. પાપ આચરવામાં જે સત્ત્વ જોઈએ છે, તેના કરતાં

કંઈ ગણું સત્ત્વ પાપથી બચવા જોઈએ છે. પાપથી બચવાને માટે. નિષ્પાપ જીવન જીવવાને માટે. મન વચન અને કાયા ઉપર જે સંયમ કેળવવો પડે છે. તે સંયમ પાપરસિકોને કેળવવો પડતો નથી. જો કે એ વાત ચોક્કસ છે કે પાપરસિકોને પણ કેટલાંક પાપો કરવાને માટે અમુક જાતની વીરતા અને અમુક પ્રકારનો માનસિક, વાચિક તથા કાયિક સંયમ પણ કેળવવો જ પડે છે. પરંતુ પાપરહિત જીવન જીવનારને જ તેનાથી ય વધુ વીરતા અને તેનાથી ય વધુ માનસિક. વાચિક અને કાયિક પણ સંયમ કેળવવાની જરૂર પડે છે.

વળી પાપરસિકની વીરતા અને પાપરસિકનો સંયમ તેના પોતા માટે તેમજ જગતના જીવો માટે પણ એકાંતે શ્રાપરૂપ નીવડે છે. જ્યારે પાપભીરૂની વીરતા અને પાપભીરૂનો સંયમ, તેના તેમજ બીજા સૌના માટે ય આશીર્વાદરૂપ બને છે. તમારે કેવા બનવું છે ? શ્રાપરૂપ કે આશીર્વાદરૂપ ? તમારી જાતને માટે અને દુનિયાના બીજા જીવોને માટે તમારે શ્રાપરૂપ જ બનવું હોય તો તમે જાણો. પણ જો તમારામાં સ્વ-પરની કાંઈકે ય કલ્યાણભાવના હોય. તમારે પોતાને માટે અને જગતના પ્રાણીમાત્રને માટે જો તમારે સાચા આશીર્વાદરૂપ જ બનવું હોય, તો તમારે પાપભીરૂતા ગુણને, જીવનમાં સુંદરમાં સુંદર રીતે કેળવી જ લેવો જોઈએ.

## જ્ઞાનીઓએ ફરમાવ્યા મુજબના પરિણામને વિચારો

વિચાર તો કરી જુઓ કે. પાપ કર્યા વિના જીવન ગાળવું એ મુશ્કેલ છે ? કે જીવનને પાપમય દશામાં ગાળવું એ મુશ્કેલ છે ? પાપ કરવું એ સહેલું કે પાપથી બચવું એ સહેલું ? ગમે તે રીતે કોઈનું પડાવી લેવા કરતાં, ભૂખ્યા મરવું, પણ અન્યાયથી કોઈનું ય કાંઈ લેવું નહિ એ વધારે મુશ્કેલ છે. નિષ્પાપ જીવન જીવવું હોય તો, ઇન્દ્રિયો ઉપર કાબુ રાખવો પડે. મન-વચન-કાયા ઉપર સંયમ કેળવવો પડે અને ભૂખ-

તરસ. માનાપમાન, શરદી-ગરમી વગેરે વેઠતાં શીખવું પડે. પાપભીરૂતા, એ ભીરૂતા છતાંય સત્ત્વશીલતાના ઘરની વસ્તુ છે. એ પાપભીરૂતા આવે ક્યારે ? તમે જો તમારી પ્રવૃત્તિને જ્ઞાનીઓએ કહેલા પરિણામનો વિચાર કરનારા બનો તો ! જ્ઞાનીઓએ સંસારનો સંબંધ તોડવાનું નાહક ઉપદેશ્યું છે એમ ? નહિ જ. એ તારકોએ પરિણામ જોયું. સંસારના જીવો અનંતકાળથી જે કારમા દુઃખો ભોગવી રહ્યા છે, તે જ્ઞાનીઓએ જોયું. એ તારકોએ જોયું કે આ બધુ પાપમયતાનું પરિણામ છે. આથી જ જ્ઞાનીઓએ મોક્ષમાર્ગ ઉપદેશ્યો. મોક્ષમાર્ગ એટલે સંસારથી મૂકાવનાર માર્ગ. એથી જ કહેવાય છે કે, વિવેકપૂર્વક વિચારણા કરતાં પણ સંસારના સંબંધને તોડવાની જેનામાં ઈચ્છા ઉદ્ભવે નહિ તે જૈન નહિ.

સંસારના સંબંધને તોડવાની ઈચ્છા ક્યારે જન્મે ? સંસાર ભૂંડો લાગે તો કે સંસાર મીઠો લાગે તો ? જ્ઞાનીઓએ તો સંસારને દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક કહ્યો છે. યથાસ્થિતપણે વિચાર કરો તો તમને, એ સમજાય તેમ છે. એક જીવનના થોડા ભાગ ઉપર વિચાર કરી જુઓ, એમાં મનથી કેટલાં પાપો કર્યા, વચનથી કેટલાં પાપો કર્યા અને કાયાથી કેટલાં પાપો કર્યા ? એ પાપોનુ ફળ વિચારો અને એ ફળ ભોગવતી વખતે આત્મા સમાધિના અભાવે જે પાપો કરે, તેનો ખ્યાલ કરો. આ રીતે વિચાર કરો તો ય સમજાય કે, આ સંસાર દુઃખમય. દુઃખફલક, અને દુઃખપરંપરક છે. આવા સંસારને મજબૂત બનાવવાનો, જ્ઞાનીઓ કદીપણ ઉપદેશ આપે ખરા ? નહિ જ. અને જે સંસારને જ્ઞાનીઓ દુઃખમય, દુઃખફલક, તથા દુઃખપરંપરક કહે, તે જ સંસારમાં તમે રસિયા બનો, તેવો ઉપદેશ સાધુઓ ય આપે ખરા ? નહિ જ. ખરેખર સાચા શ્રાવકો પણ તેવી શિખામણ કોઈને ન આપે. તો સાધુઓ તો આપે જ શાના ? આમ છતાં પણ આજે વેષધારી કેવો ઉપદેશ આપી રહ્યા છે. તે જુઓ ! જાણે ત્યાગ અને વૈરાગ્યના વૈરી હોય, તેમ વેષધારીઓ આજે વર્તી રહ્યા છે. શ્રી જૈનશાસનને પામેલો ત્યાગ

અને વૈરાગ્યનો વૈરી હોય જ નહિ, પછી તે શ્રાવક હોય કે સાધુ હોય. ત્યાગ થોડો થઈ શકે એ બને, પણ ત્યાગ વિનાનું જીવતર નકામું. એ માન્યતા જૈનમાં ન હોય એ કેમ બને ? ત્યાગ ન દેખાય એ બને, પણ ત્યાગની ભાવના ન હોય એ કેમ બને ? અને જેનામાં ત્યાગની ભાવના નહિ તે જૈન શાનો ? આજે આ વાતો ભૂલાઈ ગઈ છે. જીવનમાંથી ઉડી ગઈ છે. માટે ત્યાગ અને વૈરાગ્યના ઉપદેશથી ઘણાઓને નવાઈ લાગે છે. નહિ તો જૈનને તો એમ થાય કે, 'સાધુઓ ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ ન આપે તો શાનો ઉપદેશ આપે ?' આજે તો આ વિચાર જૈનકુળમાં જન્મેલાઓમાં પણ ઘણાં થોડાઓને આવે છે. કારણકે સાચા જૈનત્વની ભાવના જૈનકુળમાં જન્મેલાઓમાંથી પણ ઘણા થોડાંઓનાં હૃદયને સ્પર્શી છે.

### ઉત્તમમાં ઉત્તમ કોટિનું મરણ મેળવવા માટે પ્રયત્નશીલ બનો

આપણી વાત તો એ હતી કે જેનો જન્મ થયો તેનું મરણ થવાનું જ, એ ચોક્કસ વાત છે. શ્રી તીર્થંકરદેવોના આત્માઓ માટે કે મોટા ચક્રવર્તીઓને માટે પણ એ નિયત કે, જન્મ્યા તો મર્યા વિના ચાલવાનું નહિ. હવે અહીં મર્યા એટલે કાંઈ આત્મા મરતો નથી અને મરીને નિર્વાણપદને નહિ પામનારાઓ તો અહીંથી મરીને બીજે જન્મે જ છે. વળી મરણ સાથે પાપ-પુણ્ય મરતાં નથી પણ સાથે જાય છે. આથી જ્ઞાનીઓ ફરમાવે છે કે, ઉત્તમમાં ઉત્તમ કોટિનું મરણ મેળવવાનો પ્રયત્ન કરો. એવુ મરણ મેળવવા મથો, કે જે પાછળ જન્મ હોય જ નહિ. એવું મરણ એક ભવમાં ન મેળવી શક્તા હો તો પણ એવું મરણ મેળવો, કે જેથી અહીંથી મરીને સદ્ગતિને પામો અને ત્યાં પણ ઉત્તમ પ્રકારની આરાધના કરી શકો, કે જેના પરિણામે, તમે અલ્પકાળમાં, જન્મના યોગ વિનાનું મરણ પામી શકો. એ વાત તો આથી સ્પષ્ટ જ થઈ જાય છે કે, જેને જન્મ ન જોઈતો હોય તેણે મરણને સુધારવું જોઈએ અને મરણને

સુધારવાને માટે, જીવનને સુંદર બનાવવું જોઈએ. જીવનને સુંદર બનાવવા માટે પણ શું કરવું જોઈએ ? એ માટે જ્ઞાનીઓએ ફરમાવ્યું છે કે. જીવનને સુંદર બનાવવું હોય તો, રત્નત્રયીની આરાધનામાં રક્ત બની જવું જોઈએ.

શ્રી રાવણ જેવા મરીને નરકે ગયા અને તમને પાપ છોડી દેશે એમ? પાપ કોઈને છોડતું નથી. શ્રી તીર્થંકરદેવોના આત્માઓએ પાપ કર્યું, તો એમને પણ નરકની મુસાફરી કરવી પડી. જ્ઞાનીઓ કહે છે કે, પાપના ફળનો જે ડર છે, તે ડરને પાપના બંધની સાથે યોજી દો. પાપના બંધ વખતે સાવધ બનો. ત્યાં બીનસાવધ રહો અને પછી દુઃખમાં રડો તે નકામું છે. પાપ કરતી વેળાએ જ આંચકો ખાવો જોઈએ. પાપનો વિચાર સરખો પણ ન આવે એવી કાળજી રાખવા પ્રયત્નશીલ બનવું જોઈએ. પાપથી બચી કોણ શકે ? શુદ્ધ સંયમી. જેટલું સંયમ વધારે શુદ્ધ, તેટલું પાપ ઓછું. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો જીવનમાં જેટલો અમલ, તેટલો પાપનો અભાવ. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ વર્તવાનો શક્ય પ્રયત્ન, એ જ મરણને સુધારવાનો ઉપાય. તમે જાણો છો કે મરવાનું ચોક્કસ છે અને મર્યા પછી કાંઈ પાપ છોડવાનું નથી, તો કોના વિશ્વાસે ધર્મ પ્રત્યે બેદરકાર રહ્યા છો ? અહીં તો તમે જોયું ને કે, શ્રી કુંભકર્ણ આદિએ શ્રી રામચંદ્રજીને શો ઉત્તર આપ્યો ? એને અંગે આપણે વિચારી ગયા છીએ. તમે એટલા બધા તૈયાર નહી થઈ શકતા હો તો ય, બને તેટલો આજ્ઞાનો અમલ જીવનમાં કરો કે જેથી આ જીવનની કાંઈક પણ સફળતા સાધી ગણાય.

શ્રી બિભીષણ આદિએ મળીને અશ્રુપાત કરતાં કરતાં શ્રી રાવણના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યારબાદ શ્રી રામચંદ્રજીએ પણ પદ્મસરોવરમાં સ્નાન કર્યા પછી, સહેજ ઉષ્ણ એવા અશ્રુજળથી શ્રી રાવણને જલાંજલિ આપી. આ બધી ક્રિયા પતી ગઈ. એટલે જાણે સુધારસને વર્ષાવતા હોય તેમ મધુર વાણીથી શ્રી લક્ષ્મણજીની સાથે શ્રી

રામચન્દ્રજીએ શ્રી કુંભકર્ણ આદિને કહ્યું કે, "હજુ પણ તમે તમારું રાજ્ય પૂર્વવત કરો. તમારી લક્ષ્મીની અમારે જરૂર નથી. હે વીરો ! તમારું કુશળ હો." યુદ્ધમાં શ્રી રાવણનો પરાજય થયો છે અને શ્રી રામચંદ્રજી તથા શ્રી લક્ષ્મણજીની જીત થઈ છે. એટલે અત્યારે શ્રી રાવણના આખાય રાજ્યના માલિક શ્રીરામ લક્ષ્મણ જ છે. તેઓ ધારે તેવો ઉપયોગ આ રાજ્યનો કરી શકે તેમ છે. શ્રી બિભીષણ, શ્રી કુંભકર્ણ કે બીજું કોઈ સામે થઈ શકે તેમ નથી, એ બધા તો શરણે આવી ગયા છે. પણ આપણે જોઈ ગયા છીએ કે, આ યુદ્ધ રાજ્યલક્ષ્મીના લોભનું નહોતું. રાજ્યલક્ષ્મી મેળવવાનો લેશ પણ હેતુ નહિ હતો. ઇરાદો માત્ર સતી શ્રીમતી સીતાદેવીને પાછાં મેળવવાનો હતો. શ્રી રાવણે જો શ્રીમતી સીતાજીને સોંપી દીધા હોત તો, શ્રીરામ-લક્ષ્મણ યુદ્ધ કરવા ઇચ્છતા નહોતા; પણ શ્રી રાવણે ન માન્યું અને યુદ્ધ કરવું પડ્યું. પરિણામે શ્રી રાવણનું આખુંય રાજ્ય કબજે આવ્યું. છતાં રાજ્યનો લોભ શ્રીરામ-લક્ષ્મણમાં આવતો નથી. શ્રી કુંભકર્ણ આદિને ક્ષણ વાર પણ એમ થાય કે, 'શ્રી રાવણ મર્યા અને રાજ્ય ગયું. હવે આપણે શું કરવું ?' તેય શ્રીરામ-લક્ષ્મણ ઇચ્છતા ન હતાં. આથી જ અગ્નિસંસ્કારનુ કાર્ય પતતાની સાથે જ કહી દીધું કે, અમારે તમારી લક્ષ્મી જોઈતી નથી. તમે પોતપોતાનું રાજ્ય, હજુ પણ પહેલાની માફક ભોગવો. અમે તમારૂ કુશળ ઇચ્છીએ છીએ. આવા અવસરે, આવો ભાવ પ્રદર્શિત કરવો એ ઉત્તમ આત્માઓને માટે જ શક્ય છે. આમ કહેતાની સાથે જ સામાના હૃદયમાંથી રાજ્ય ગયાનું દુઃખ હોય તો તે નીકળી જાય ને ? શ્રી રાવણ મર્યા તે પાછા આવવાના નથી, પણ રાજ્ય ગયું તેનું ય દુઃખ હોય તો તે નીકળી જ જાય.

### અગ્નિસંસ્કાર પછી તરત દીક્ષાની વાત

શ્રી રામચંદ્રજીના આવા ઉદાર કથનનો શ્રી કુંભકર્ણ આદિએ જે ઉત્તર આપ્યો છે, તે તેથી ય સુંદર છે. શોકથી ભરેલા કુંભકર્ણ આદિને

શ્રી રામચંદ્રજીની આ ઉદારતા જોઈને આશ્ચર્ય થાય છે. એક સાથે શોક અને વિસ્મયને ધારણ કરતાં શ્રી કુંભકર્ણ આદિ કહે છે કે, "હે મહાપ્રભુ ! ઘણા મોટા એવા પણ રાજ્યની અમારે કાંઈ જ જરૂર નથી. અમે તો મોક્ષરૂપ સામ્રાજ્યની સાધી આપનારી પ્રવ્રજ્યાને ગ્રહણ કરીશું !" શ્રી રામચંદ્રજીની ઉદારતા અને તેનો શ્રી કુંભકર્ણ આદિએ આપેલો ઉત્તર, એ બે વિચારી જુઓ ! ઘોર યુદ્ધ કરનારા આત્માઓ આ જવાબ આપે છે. હોં ! એમના અંતરને ઉકેલી જુઓ ! ઘણાને આ સમજાવું મુશ્કેલ છે. ઘણાને એમ થશે કે, આવા વખતે દીક્ષાની વાત હોય ? શ્રી રાવણના શબને હજી હમણાં તો અગ્નિસંસ્કાર કર્યો છે, ત્યાં દીક્ષાની વાત ? આ ઔચિત્ય કે અનૌચિત્ય ? આજના કેટલાકો જેવી વ્યવહારકુશળતા તેમનામાં નહિ હોય, કેમ?

ખરેખર, આજની દશા જ વિચિત્ર છે. વૈરાગ્યનું સુંદરમાં સુંદર નિમિત્ત મળે અને વૈરાગ્ય ન થાય તો આશ્ચર્ય થવું જોઈએ; એને બદલે આજે વૈરાગ્યના સુંદરમાં સુંદર નિમિત્તથી પણ જો વૈરાગ્ય થાય, તો આજના કેટલાકો તેવા આદમીને બેવકૂફ કહેતા ય શરમાતા નથી, કારણકે જૈનકુળના સાચા સંસ્કારોથી તેવાઓ વંચિત રહ્યા છે. આ મનુષ્યભવની અને મનુષ્યભવની સાથે પ્રાપ્ત થયેલી અનુપમ સામગ્રીની કિંમત સમજાય તો વૈરાગ્ય વિના ચેન ન પડે. જ્ઞાનીઓએ મનુષ્યભવની કિંમત શા માટે આંકી, તે જાણો છો ? મનુષ્યભવ એટલે મોક્ષ સાધવાનું સબળ સાધન. આર્યદેશાદિ સામગ્રી સાથેનો મનુષ્યભવ મળ્યો હોય અને તેની સાથે જો ભગવાનના શાસનની વાસ્તવિક રૂચિ થઈ હોય, તો આત્મા પોતાનો સંસાર છેદવાની શક્ય પ્રવૃત્તિ, સારામાં સારી રીતે આ ભવમાં કરી શકે છે.

### જેને મોક્ષ ગમે તેને સંસાર ગમે નહિ

મોક્ષ સામ્રાજ્ય સાધવાનું સાધન દીક્ષા છે, એમ શ્રી કુંભકર્ણ આદિને લાગ્યું, પણ તમને તેમ લાગે છે ? મોક્ષ સામ્રાજ્ય સાધવાની

ભાવના થાય છે ? મોક્ષની ભાવના ઉત્પન્ન થવી એ ય સહેલું નથી. મોક્ષની વાસ્તવિક ભાવના પણ ઉત્તમ કોટિના આત્માઓને જ ઉત્પન્ન થાય છે. અભવ્ય કે દુર્ભવ્ય આત્માઓના અંતરમાં મોક્ષની અભિલાષા પણ પ્રગટી શકતી નથી, તો પછી મોક્ષના સાધન પ્રત્યે વાસ્તવિક રૂચિ થાય ક્યાંથી ? મોક્ષની રૂચિ જાગે તો વૈરાગ્યનું વૈરીપણું ટળ્યા વિના રહે નહિ. તમે તમારી અંતરદશાને તપાસો. વિચારી જુઓ કે તમારા આત્માને મોક્ષ જરૂરી લાગે છે ? મોક્ષ વિના કલ્યાણ નથી એમ લાગે છે ? અને એમ લાગે છે કે નહિ, તે નક્કી કરવાનું સાધન એ છે કે જેને મોક્ષ ગમે તેને સંસાર ગમે નહિ; કારણકે સંસારથી સર્વથા મૂકાવું તેનું જ નામ મોક્ષ છે.

હવે અહીં આ પ્રમાણે વાત થઈ રહી છે. તેવા સમયમાં કુસુમાયુધ નામના ઉદ્યાનમાં શ્રી અપ્રમેયબલ નામે ચતુર્જ્ઞાની મુનિ પધાર્યા અને તે જ રાત્રિએ અને તે જ સ્થળે તેમને ઉજ્જ્વળ કેવળજ્ઞાન થયું. પુણ્યાત્માઓને યોગ પણ ઉત્તમ મળી રહે. દેવતાઓએ આવીને તે મહામુનિને ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનનો મહિમા કર્યો. હવે આ બધા ત્યાં જવાને તૈયાર થાય છે. માનો કે શ્રી રામચંદ્રજી તથા શ્રી લક્ષ્મણજી તો જાય, કેમ કે એમનું કોઈ મરેલ નથી, પણ શ્રી રાવણના કુટુંબીઓ એ મહોત્સવમાં જાય કે નહિ ? એ કહો ?

**સભા:** જાય.

**પૂજ્યશ્રી** : એ તો ગયાં જ છે; પણ હાલનો તમારો વ્યવહાર શો છે ? જેનો પતિ મરી જાય તે ખૂણે બેસે; એના માટે દેહરૂ તથા ઉપાશ્રય બેય બંધ; અને લગભગ બધા એમ કહે કે, 'વ્યવહાર અને નિશ્ચય એમ ભગવાને બેય ધર્મ કહ્યા છે.' તે વ્યવહાર ગણે ખૂણાને અને નિશ્ચયમાં ગણે દહેરા-ઉપાશ્રયને ! ભગવાનના નામે જ્યાં આવી ઉંધી વાતો કરનારા હોય, ત્યાં શું થાય ? ડાહ્યા ગણાતા પણ કહે કે, 'તારી ભાવના ઉંચી છે, અમારી પણ ના નથી, પણ જોને લોકવિરૂદ્ધ ન થાય.' એમ

કહીને ત્યાં '*લોગવિરુદ્ધચ્ચાઓ*'નું સૂત્રપદ લાવે. આમ છતાં પણ જો કદી પેલી બાઈ દેહરે ઉપાશ્રયે જાય, તો જુલમ થઈ જાય ! પણ વિચાર કરો કે, 'આવી શોકની પંચાતમાં બાઈ રહે, મુનિ આવીને વિહરી જાય અને લાભ લેવાનો રહી જાય; એવા ઉત્તમ લાભથી વંચિત રહી જાય તેનું શું ? શ્રી રાવણને સોળ હજાર રાણીઓ હતી અને તેમાં મંદોદરી પટ્ટરાણી હતી; તેને પ્રેમ નહિ હોય ? પણ એ ય મહામુનિને વંદનાર્થે ગઈ છે. પૂર્વના મહાપુરુષના કુટુંબમાં કયા રિવાજ હતા તે સમજો.

**સભા:** આવા પ્રસંગે દેહરૂ ઉપાશ્રય બંધ એ પ્રથા ક્યારની શરુ થઈ ?

**પૂજ્યશ્રી** : જ્ઞાની જાણે. કલ્પના તો એવી થાય કે, જ્યારે બહુ મૂર્ખા ભેગા થયા હશે, ત્યારે એ પ્રથા ઘૂસી હશે, અને મૂર્ખાના મંડળે ઘૂસાડેલી અયોગ્ય પ્રથાને જરૂર ફેરવી શકાય. 'આયુષ્યનો ક્ષણ પણ વિશ્વાસ નથી', એવું કહેનારા જ્ઞાનીઓ આવી પ્રથા દર્શાવે કે દાખલ કરે ખરા ? નહિ જ ! જે વખતમાં મહાપુરુષોની હયાતી ઓછી હશે અને પામરો તથા મૂર્ખાઓ વધી ગયા હશે, ત્યારે આ પ્રથા ઘૂસવા પામી હશે. આજે ય એવા પણ છે કે, જો એ રિવાજને ફેરવવાની વાતો કરો તો ય ગાળો દે. કેટલીક ડોસીઓ એવી હોય કે બહાર જઈને કહે કે, 'મહારાજ તો કહે. પણ એમને બીજી કાંઈ ખબર પડે છે ?' ઘણું સમજાવીએ તો ય એ માને નહિ અને કહે કે, ચોથા આરામાં પણ એમ હતું. વધુમાં એવાય હઠીલા વૃદ્ધો છે કે, માને જ નહિ અને અજ્ઞાનથી પકડેલાને છોડે પણ નહિ. શ્રી જિનેશ્વરદેવ આવું કરવાનું કહે ? નહિ જ. ખૂણે બેસવામાં વ્યવહાર ધર્મનો કે પાપનો ? પાપનો વ્યવહાર, છતાં પણ વ્યવહાર નિશ્ચય બેય ધર્મ ભગવાને કહ્યા, એ વાત આમાં લાવીને મૂકે ! ભગવાનના નામે ઉંધી વાતો કરનારાઓને બીજું કહેવું ય શું ?

### સ્વજનનું મરણ પાછળનાઓને ચેતવે છે

શ્રી રાવણનું મૃત્યુ આગલા દિવસની સાંજે થયું છે અને વચ્ચે

માત્ર એક રાત ગઈ છે. ત્યાં બીજા દિવસની સવારે જ શ્રી રાવણના ભાઈઓ, શ્રી રાવણના પુત્રો, શ્રી રાવણની પત્નીઓ અને શ્રી રાવણના બીજા પણ સંબંધીઓ મુનિને વંદન કરવા ગયા: એ લોકવિરુદ્ધ ગણાય ? નહિ જ. આ બધા કયારે જાય ? મરણ અને જીવન સમજાય તો. મરણ નિયત છે. જીવન સાધ્યને સાધવાનું સાધન છે. કોઈ મરે ત્યારે પણ એ મરણથી ખ્યાલ આવે કે, પોતાના મરણ પહેલા જીવનનું સાધ્ય સાધવું જોઈએ, એનું નામ વિવેક. મરણ તો પાછળના આત્માઓને ચેતવે છે કે, 'આ તો ગયો. તમે ચેતો.' શ્રી રાવણના મરણે ઘણાને ચેતવ્યા. શ્રી રાવણ જેવાને મરતો ભાળીને એમ થાય કે, આ મરે તો અમારી શી હાલત ? અને એ નિમિત્તેય આત્મા જાગૃત થાય. મરણ એ તો ફસેલા આત્માઓને ચેતવવાનું સાધન છે.

વિષયકષાયમાં લીન થયેલા આત્માને આમ ખ્યાલ ન આવે એમ બને, પણ વિવેકદશા જો અંતરમાં હોય તો પ્રાયઃ કોઈના પણ મરણ વખતે જરૂર ખ્યાલ આવે. એ વખતે સારી સામગ્રી મળી જાય અને સાચું કહેનાર મળે તો ઘણો લાભ થઈ જાય. પતિ મરણ પામતાં એ અરસામાં બાઈને જો સારા સંસ્કાર મળી જાય તો ખોટા સંસ્કારની બારી એના માટે મોટે ભાગે બંધ થઈ જાય છે, પણ એ અરસામાં જો ખરાબ સંસ્કાર મળે તો આત્માને ઉન્માર્ગે જતાં વાર ન લાગે. શોક, દુ:ખ અને આપત્તિના પ્રસંગો પણ વિવેકીઓ માટે વૈરાગ્યની ઉત્પત્તિનાં કારણો છે. ડાહ્યાઓ તો દુ:ખમાં દાવ સાધી લે.

### જીવ્યો ત્યાં સુધી તો ચૂસ્યો પણ પછી ય પાપની પોટલી મોકલવી ?

દુ:ખીના ભેગા ડાહ્યા રોવા ન બેસે. કહી દે કે 'સંસાર દુ:ખમય છે, નહિ ચેતે તો બીજું આવશે.' કોઈ આદમી ધાડથી બચી ઘેર આવે અને હજાર ગયાનું કહે, ત્યારે સ્નેહી શું કહે ? 'તમે જીવતા આવ્યા તે સારું થયું, ભલે હજાર ગયા. જીવતા આવવાની આશા જ કયાં હતી ?'

એ રીતે સાધુ પણ સાચા સ્નેહી છે, એટલે એમની પાસે કોઈ રોતો આવે તો કહી દે કે, 'તું જીવતો છે એ ઘણુ છે, ઝટ સાધવા જોગું સાધી લે.' સગર ચક્રવર્તીના સાઠ હજાર દીકરા એક સાથે મર્યા હતા ને ? આ સંસારમાં મરવું, જન્મવું, દુઃખ આવવું એ કાંઈ નવું નથી. એવા અવસરે તો ધર્મમાં ચિત્તને વધારે પરોવવું જોઈએ, કે જેથી દુર્ધ્યાનથી બચાય; પણ તમારો વ્યવહાર જુદો છે. મરણ પાછળના શોકમાં ધર્મ બંધ કરાય એ વ્યાજબી છે ? શ્રી રાવણની સોળ હજાર સ્ત્રીઓમાં પટ્ટરાણી મંદોદરી જેવી ય ખૂણો પાળવા ન રહી, એ શું ખોટું કર્યું ? નહિ જ. જન્મે તે મરે એ તો નિશ્ચિત છે. એ નિમિત્તે ધર્મક્રિયા બંધ થાય, એ વાત શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તો ન હોય. જ્યાં કર્મનું સ્વરૂપ, જીવન-મરણનું સ્વરૂપ જણાય ત્યાં એ હોય ? ન જ હોય. શોકના પરિણામે તો કર્મ બંધાય છે. શોકના નામે ધર્મક્રિયા બંધ કરવાનું ભગવાનના નામે કહેનાર આ શાસનને પામ્યો જ નથી. જો સ્વજનની પાછળ શોક કરવાથી મરેલા જીવતા થતા હોય, તો તો ભાડુતી લાવીને ય રોવડાવાય, પણ તે તો '*ન ભૂતો ન ભવિષ્યતિ*'. શ્રી જિનેશ્વરદેવનું શાસન તો ફરમાવે છે કે, મરનાર જો મમતા ત્યજીને ન ગયો હોય, વોસરાવીને ન ગયો હોય તો પાછળનાઓ આર્ત્તધ્યાન કરે તેથી એ પણ બંધાય છે. જીવ્યો ત્યાં સુધી તો ચૂસ્યો પણ પછી ય પાપની પોટલી પાછળ મોકલવી એ શું સજ્જનતા છે ?

**સભા:** પાછળ જે કાંઈ સારી-નરસી ક્રિયા થાય તેમાં બેયની લાભહાનિ થાય ?

**પૂજ્યશ્રી** : સારામાં તો અનુમોદના કરી હોય તો લાભ મળે. તમે લાખ વાપરવાના કહ્યા હોય અને મરનારે અનુમોદના કરી હોય તો એને લાભ મળે. તમે છેલ્લી ઘડીએ કહો અને એ સાંભળે પણ નહિ, તો લાભ ક્યાંથી મળે ? તમે રાખ્યું છે પણ છેલ્લી ઘડીએ કહેવાનું ને ? વળીએ કહ્યા પછી પણ એ રકમમાં તમે

તમારી નામના વધારો છો, એ ઠીક છે ? જીવો ત્યાં સુધી એમાંથી તમારા નામે ટીપ ભરો. એમાંથી તમે યાત્રા કરો, એ પૈસાથી વ્યાપાર કરો, એનાં વ્યાજ ખાઓ, એ બધું વસ્તુતઃ આજ્ઞા વિરુદ્ધ હોઈ અતિ અનુચિત છે, છતાં આજે ઘણે ઠેકાણે આ પ્રવૃત્તિ ચાલે છે. વાસ્તવિક રીતે તો બોલ્યા પછી બોલાયેલી રકમ ઉપર તમારી માલિકી રહેતી નથી. કોઈના નામે રૂપીઆ ઉધારો પણ એને આપો નહિ અને જ્યારે વર્ષે વ્યાજ લેવા જાવ તે વખતે રકમ લઈ જાવ તો વ્યાજ મળે ખરૂં ? નહી જ. વ્યાજ તો એને ત્યાં જમે થાય તે દિવસથી ગણાયને ?

**સભા** : હા જી.

**પૂજ્યશ્રી** : એ સમજો છો તેમ પેલું સમજો.

### રોતાં રોતાં આયુષ્ય બંધાય તો ?

જીવતાં આત્મકલ્યાણના માર્ગે જવા દીધો નહિ, જવાનું કહ્યું નહિ અને મૂઆ પછી પણ તોફાન ? એના નિમિત્તે ધર્મક્રિયા વધારે કરવી તો દૂર રહી, પણ ધર્મક્રિયા બંધ કરવાનો વ્યવહાર અને તેમાં ધર્મ મનાવવાનું ડહાપણ ? આ ઓછું અજ્ઞાન છે ? પતિ મરે ત્યારે બાઈને કઈ સામગ્રી પૂરી પડાય ? આ તો ખૂણે રોવા મૂકે. બાઈ ન રૂવે તો બીજી બાઈઓ ધીંગાણું મચાવી મૂકે. પણ વિચારો કે રોતાં રોતાં આયુષ્ય બંધાય અને કદાચ મરે તો કઈ ગતિએ જાય ? શ્રાવકના દ્વાર સદ્‌ગતિ માટે ખુલ્લા હોય કે બંધ ? સાધર્મિક અને સાચો હિતેચ્છુ આર્ત્તધ્યાન વધારવા મથે કે ઘટાડવા મથે ? આર્ત્તધ્યાનમાંથી ખસેડી ધર્મધ્યાનમાં જોડવાનો પ્રયત્ન કરવો, એ સાચા હિતેચ્છુનું અને સાધર્મિકનું કાર્ય છે.

દેવો તો ઉત્તમ વિચાર કરીને જૈનકુળમાં અવતાર માંગે છે. એ અહી અવતરે અને સંયમની રજા માગે તો તમે શું કહો ? "તમે આ કુળમાં ભલે આવ્યા, પણ સંયમની વાત કરવી નહિ. અમે કાંઈ મફતના

ઉછેર્યા નથી. એ વાત બીજે કરવાની !" આવું કહેનારા કેટલા નીકળે? કહો કે ઘણાય. એવા ઘણાઓ, વસ્તુતઃ જૈનપણાની નામનાનું લીલામ કરનારા છે.

શ્રીમતી મંદોદરી વગેરેને મા, બાપ, ભાઈ વગેરેમાંથી જે હશે તેમાંનું કોઈ આડું ન આવ્યું અને આ રીતે શ્રી રાવણના મરણે તો ઘણાને ચેતવ્યા. ધર્મીને માટે કોઈનું મરણ એ ય વૈરાગ્યવૃત્તિનું કારણ છે. ધર્મી કોઈનું મરણ ઇચ્છે નહિ, પણ કોઈનું આપ મેળે કે અકસ્માત્ મરણ થાય તો એ પ્રસંગને પોતાને ચેતાવનાર માને. આત્મચિંતા કરવાનો તમને રોજ સમય છે ? તમારા દુનિયાદારીના જમા-ઉધારની પૂંઠે લાગેલી તમારી ઘેલછા મટે નહિ, ત્યાં સુધી તમારૂ ઠેકાણું ન પડે; અને ત્યાં સુધી તમારામાં ઉત્તમ કોટિની ઉદારતા ન આવે, ઉત્તમ કોટિનો સદ્દાચાર પણ ન આવે, ઇચ્છાનિરોધરૂપ તપ પણ સુંદર પ્રકારે ન આવે અને ન તો તેવી ઉત્તમ ભાવનાય આવે.

**ધર્મી કહેવડાવવું ગમે છે, પણ વસ્તુતઃ ધર્મ ગમતો નથી**

આજે જેટલી ધર્મક્રિયા થાય છે તેમાં પણ ઘણો સુધારો કરવા જેવો છે. ધર્મક્રિયા દંભરૂપ કે આત્માને ઠગવારૂપ નહિ બનવી જોઈએ. અર્થ-કામ પ્રત્યે જે પ્રેમ છે તે ધર્મ પ્રત્યે નથી. કેવળ અર્થ-કામના રસીયા, અવસરે ધર્મને અવગણ્યા વિના રહે નહિ. જેનો અર્થકામનો રસ છૂટે, અર્થાત્, અર્થકામ જેને હેય ભાસે, તે વિધિ મુજબનો ધર્મ સેવી શકે. શ્રી રાવણના કુટુંબને મમતા નહોતી ? મોહ નહોતો ? હતો. પણ અવસરે કરણીયનું ભાન થયું. બધા મુનિનાં દર્શને ગયા. જ્ઞાની આવે, તો તેમની પાસે જવામાં શોક કેવો? આજે તો સંસારના ચેનચાળામાંથી પરવારે નહિ અને ધર્મી હોવાનો ડોળ કરે એવા ય છે. ખરી વાત એ છે કે એવાઓને ધર્મી કહેવડાવવું છે, પણ વસ્તુતઃ તેમને ધર્મ ગમતો નથી. આ રીતે વર્તવામાં જીંદગી હારી જશો. બિમારીથી જ મરાય, એ કાયદો

નથી. ચાર દિવસ માંદા પડ્યા વિના ન જ મરાય, ચાર દિવસ દવા પીધા વિના ન જ મરાય એ કાયદો નથી. મરણ ક્યારે આવશે તે તમે જાણતા નથી. માટે શરીર સારું છે, આંખો ખૂલ્લી છે. તાકાત છે, ત્યાં સુધીમાં સાધવા જોગું સાધવા તત્પર બનો અને કુરિવાજોને વળગી રહી ધર્મમાં અંતરાયરૂપ ન બનો. જેનો પતિ મરી ગયો હોય તે બાઈ ભલે બીજા સ્થળે બહાર ન જાય, પરંતુ દેહરે-ઉપાશ્રયે જવાની બંધી ન હોય. ઘા પડે તે વખતે લગાડેલી દવા ઘણી અસર કરે. તે વખતે જેવો ઉપદેશ આપવો હોય તેવો અપાય, પણ ખૂણામાં જ બેસી રહે તો ?

**સભા** : અંધારે દેહરે જઈ આવે તો ?

**પૂજ્યશ્રી** : પણ શા માટે દિવસે ન જાય ? મોહની માત્રા વધી ગઈ છે, તેનું આ પરિણામ છે. બાકી વડીલ પોતે જ જો દર્શન તથા વ્યાખ્યાને લઈ જાય, તો દુનિયા શુ કહેવાની હતી ? બનતા સુધી બોલે નહિ. બોલે તો થોડું બોલે. અને એની અસર ભાળે નહિ એટલે આપોઆપ ચૂપ થઈ જાય. પણ આજે તો ઘણે સ્થળે એ દશા છે કે પતિ મૂઓ એ યુવતીની દશા જ ભૂંડી. એ તે ચિંતાને રૂએ. દુઃખને રૂએ કે ખૂણાને રૂએ ?

### આ વીસમી સદીનો
### એક અનુકરણીય સુંદર પ્રસંગ

**સભા** : બાઈ પોતે જ ખૂણે બેસવાનું અને રડવા-કૂટવાનું પસંદ કરે છે

**પૂજ્યશ્રી** : બધાને એ પસંદ છે એમ ન માનો. રિવાજમાં ટેવાઈ ગયેલાને વિચાર ન આવે એ બને. વિચારશીલ હોય પણ હિંમત ન હોય એટલે સહન કરે. બાઈઓ ન સમજતી હોય તો તેમને સમજતી કરવી એ તમારી ફરજ છે. તમે ધર્મી બનો તો છાયા ન પડે એમ નહિ માનતા.

એક સાંભળેલો દાખલો આપું. આ સદીમાં જ બનેલો.

એક ધર્મી ગૃહસ્થનો નાનો ભાઈ મરી ગયો. હવે પોતે ધર્મી છે, સમજું છે. પોતાને ઘેરથી રોવાનો રિવાજ કાઢવો છે. એટલે પોતે તો ન રૂએ પણ ભાઈની વહુ રૂએ ત્યાં શું થાય ? એ એમને એમ રોતી બંધ થાય ? વૈરાગ્યનો શો ઉપદેશ આપે ? રોવાની ના પાડે અને પેલી કહે કે, 'તમારે બધું પચાવી પાડવું છે ને ? આમ કહે તો શું થાય ? કલંક દેવું એ કાંઈ મુશ્કેલ કામ છે ?

પેલા ધર્મી ગૃહસ્થે બરાબર વિચાર કરી લીધો. પોતે પોતાની ભાવનામાં મક્કમ હતા. પોતે એકાંતમાં ભાઈની વહુ પાસે જઈને કહ્યું કે, 'જો, રડવાથી કાંઈ મરનાર જીવતો નહિ થાય અને પાછળની ચિંતા કરવાની તારે જરૂર નથી. આ તમામ લક્ષ્મી હું તારા નામ ઉપર ચઢાવી આપું છું. તું આપે તે હું ખાઉં. ઘરની અને મિલકતની માલિક તું. મરનાર માટે ખરેખરૂ લાગે તો તને અને મને; કારણકે મારો ભાઈ ગયો અને તારો ધણી ગયો ! બીજા તો ઢોંગી આવવાના. તો ઢોંગ શા માટે પોષવો ?' આમ ઘણી વાતો કહીને, લક્ષ્મીની ચિંતા દૂર કરી અને શોકમાં પાપ સમજાવ્યું, એટલે વહુએ માન્યું.

આ રીતે મિલકત આપી દે તેવા ભાઈ કેટલા ? વિચારો કે, એવા ઉત્તમ આત્માને ધર્મની કિંમત કેટલી બધી ?

પછી ઘરમાં વચ્ચે નવકારવાળીનો દાબડો મૂકી રાખ્યો જે આવે તેને હાથમાં આપે અને કહે કે, 'જેટલી ફુરસદ લઈને આવ્યા હો, તેટલો વખત નવકાર ગણો. પછી દાબડામાં મૂકીને જજો. એક બે દિવસ તો લોક આવ્યું, પણ પછી બંધ થઈ ગયું.

એ વાત સાચી છે કે, કેટલીક બાઈઓ આવા પ્રસંગે પણ તહેવારની જેમ વર્તે છે. છાતી કૂટવાનું મળે, ગાવાનું મળે, કૂદવાનું મળે અને સાત પેઢી સંભારવાનું મળે, એમાં એને લ્હેર ! એમાં એ તો રાજી થાય. પોતાની છોકરીને પણ એ શીખવે. જેને રોતાં-કૂટતાં ન આવડે

એની જીંદગી નકામી, એવી તો માન્યતા ! સામાયિક-પ્રતિક્રમણ ન આવડે તો ચાલે, પણ આ તો આવડવું જ જોઈએ ! જે બહારથી આવે તે છાતીએ હાથ ન કૂટે, હાથથી હાથ કૂટે. પણ જેનો પતિ મરી ગયો હોય એણે પોતે છાતી ખુલ્લી રાખવાની. કે જેથી છાતી લાલ થાય છે કે નહિ તે બધા જુએ.

**સભા** : એના ઉપર તો સર્ટીફીકેટ અપાય છે !

**પૂજ્યશ્રી** : અજ્ઞાનનું સામ્રાજ્ય વ્યાપ્યું હોય ત્યાં જે ન થાય તે ઓછું. મરનારની સ્ત્રીએ તો કાણ પત્યા પછીથી ચાર-છ મહિના પથારી જ સેવવાની હોય, એવી સ્થિતિ પણ બની જાય છે.

**ધર્મ કર્યા વિના મરનાર ગયો,**
**એ ભાવનાએ રડનાર કેટલા ?**

જૈનકુળમાં આ રિવાજ ન જોઈએ. મરણનો પ્રસંગ પણ વૈરાગ્ય-પ્રવેશનું દ્વાર બને એવી દશા હોવી જોઈએ. મોહને વધારનારા રિવાજો બંધ કરો. મોહના ચાળા ઘટે તો ધર્મ વધે. જૈનસમાજમાં ખૂણાનો રિવાજ અને એથી દેહરૂ-ઉપાશ્રય બંધ, એ કલંકરૂપ છે. રોવાનું ક્યાં હોય ? મરનાર ધર્મ કર્યા વિના મૂઓ, એ ભાવનાએ રડતા હો તો આત્મામાં જાગૃતિ આવે અથવા તો કોઈ ધર્મમાર્ગના ઉપકારી તારક જાય ને રડવું તે વાત જુદી છે. તમને એવું રડવું આવતું નથી અને કેવળ પાપને જ વધારનારું રડવું તમારાથી છોડાતું નથી. શ્રી રાવણના કુટુંબીઓ તમારા જેવા નહોતા. મંદોદરી જેવી સતી પણ પોતાના સ્વામીના મૃત્યુને પૂરા ચોવીસ કલાકે ય નથી થયા છતાં ય મુનિવર પાસે જાય છે અને શ્રી રાવણના બીજા પણ સંબંધીઓ કુંભકર્ણ વગેરે પણ રામચન્દ્રજીની સાથે મુનિવરના દર્શને જાય છે.

શ્રી રાવણનો પરિવાર મુનિવરને વંદના કરવા ગયો તેને અંગે વિચાર્યું, તેમ શ્રીરામ-લક્ષ્મણને અંગે વિચારવા જેવું છે. શ્રીરામ-લક્ષ્મણે આટલો મોટો સંગ્રામ કેવળ શ્રીમતી સીતાજીને માટે જ ખેલ્યો હતો ને ?

આમ છતાં પણ શ્રીરામ-લક્ષ્મણ શ્રીમતી સીતાદેવીની પાસે જતાં પહેલાં શ્રી અપ્રમેયબલ નામના કેવળજ્ઞાની મુનિવરની પાસે જાય છે, એનો ખ્યાલ આવે છે ? મુનિને પછી વાંદવાનું રાખીને પહેલા શ્રીમતી સીતાદેવીની પાસે નથી જતા. શ્રીમતી સીતાદેવીને શ્રી રાવણ ઉઠાવી લાવ્યા, ત્યારે શ્રીરામચન્દ્રજીની કઈ દશા થઈ હતી ? તે આપણે વિચારી ગયા છીએ. એ દશાની સાથે આ વસ્તુને સરખાવો. કથાઓ કેવળ કથારસના જ લોલુપ બનીને વાંચો કે સાંભળો નહિ. મહાપુરુષોની દશા પોતાનામાં લાવવાનો ઈરાદો રાખો અને એ માટે દરેક પ્રસંગે બને તેટલી ઝીણવટથી વિચાર કરો. શ્રીરામચન્દ્રજીને મોહ નથી એમ નહિ. શ્રીમતી સીતાજી ઉપર મોહ તો એવો છે કે લગભગ ભાનભૂલી દશાને શ્રી રામચંદ્રજી પામ્યા હતા. એ પણ પ્રસંગ હતો અને આ પણ પ્રસંગ છે, કે જ્યારે જીત મેળવ્યા પછી પણ મુનિ પધારેલા હોવાથી પહેલા શ્રીમતી સીતાજી પાસે નહિ જતાં શ્રીરામચન્દ્રજી અને શ્રી લક્ષ્મણજી મુનિ પાસે જાય છે.

### શોકગ્રસ્ત સંબંધીઓને મુનિ કેવું આશ્વાસન આપે ?

શ્રીરામચન્દ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રી કુંભકર્ણ વગેરેએ તે અપ્રમેયબલ નામના મહામુનિની પાસે આવીને વંદના કરી. મુનિવર અપ્રમેયબલ કેવળજ્ઞાની છે, એટલે બધું જાણે છે. આવા પ્રસંગે સાચા મુનિ શું કહે ? રોનારા ભેગા રડવા બેસે ? અને રોનારા ભેગા જે રડવા ન બેસે તે દયાળુ કે નિર્દય ? આજના કેટલાકો તો મુનિઓ પાસે પણ રડાવવા ઈચ્છે છે. મુનિ જો પેલાની જોડે રડવા બેસે તો ખુશ થાય છે. 'અરેરે !, તમને બહુ નુકસાન થયું, તમારો આધાર ગયો, તમે પરાધીન બન્યા' આવું આવું મુનિ જો ન કહે તો આજના કેટલાક કહી દે કે, મહારાજને વ્યવહારનું જ્ઞાન નથી. તેમાં ય વળી પ્રસંગ પામીને તે સમયે જો વૈરાગ્યનો ઉપદેશ આપ્યો હોય તો દાંત કચકચાવે. મનમાં થાય કે આમને બીજું કાંઈ સૂઝતું જ નથી.

**સભા** : એવા પ્રસંગે મુનિ આશ્વાસન ન આપે ?

**પૂજ્યશ્રી** : આપી શકે, પણ તે જુદું અને આજના કેટલાક જેવા આશ્વાસનની આશા રાખે છે તે જુદુ. મુનિ તો મરનારના મરણની વાતમાં તમારા મરણની વાત પણ કહે. વૈરાગ્યનો ઝરો વહેવડાવે, સંસારની અનિત્યતા સમજાવે, મોહનું ભૂંડાપણું બતાવે, મમતા મૂકી આત્મકલ્યાણમાં ઉદ્યત બનવાનું ઉપદેશે. 'મરનાર તો મર્યો પણ હજુ તમે જીવો છો તેટલામાં આરાધી લ્યો' - એવું ઘણું ઘણું મુનિ કહે. મુનિ તો એવું આશ્વાસન આપે કે સામાના શોકને ભૂલાવી દે અને તેના આત્માને જાગૃત કરી દે.

અહીં શ્રી અપ્રમેયબલ નામના કેવળજ્ઞાની મુનિવરે એવી તો ધર્મદેશના આપી કે ઈન્દ્રજિત અને મેઘવાહન પરમ વૈરાગ્યને પામ્યા. મુનિઓ પાસે જાવ અને વૈરાગ્ય ન થાય તો દુ:ખ થવું જોઈએ. દેવ પાસે અને ગુરુપાસે જવાનો હેતુ શો ? દેવ પાસે કે ગુરુપાસે તમારા સંસારને લીલોછમ બનાવવાની ભાવનાએ ન જાવ, પણ તમારા સંસારને સૂકવી નાંખી તેનાથી મુક્ત થઈ જવાની ભાવનાએ જાવ. દેવ પાસે અને ગુરુ પાસે વૈરાગ્ય પામવા માટે અને તેને ખીલવવા માટે જવાનું હોય. દેવની પાસે જાવ, ગુરુની પાસે પણ જાવ અને તે છતાંય જો વૈરાગ્ય ન આવે, તો તમને તેની ચિંતા થવી જોઈએ. વૈરાગ્યનાં આ પ્રેરક સાધનો છે. કેવળજ્ઞાની મુનિવરની ધર્મદેશના સાંભળી ઈન્દ્રજિત અને મેઘવાહન પરમવૈરાગ્યને પામ્યા, તે આશ્ચર્યકારક નથી પણ સ્વાભાવિક છે. શ્રી જૈનદર્શનના રહસ્યને પામેલા મુનિવર ધર્મદેશક હોય અને શ્રોતા જો લઘુકર્મી હોય, તો સમજી લેવું કે વૈરાગ્યભાવના ઉત્પન્ન થયા વિના રહે નહિ.

પરમવૈરાગ્યને પામેલા ઈન્દ્રજિતે અને મેઘવાહને મુનિવરની દેશના પૂરી થઈ એટલે પોતાના પૂર્વભવ પૂછ્યા. પોતે અહી કઈ કાર્યવાહીના યોગે આવ્યા, એ વાત તેમણે તે જ્ઞાની મુનિવરને પૂછી.

**આરાધના કરનારા બધા જ તે ભવમાં મોક્ષ પામે એ નિયમ નહિ**

*અહીં એક વાત એ સમજી લેવી જોઈએ કે ધર્મી એક જ ભવની* આરાધનાથી મુક્તિમાં જાય જ એ કાયદો નથી. આરાધના પૂરી થાય, અર્થાત્ આરાધનાના યોગે કર્મથી સર્વથા દૂર થવાય ત્યારે જ મુક્તિ મળે. પણ મુક્તિ સાધવાને યોગ્યસામગ્રી મેળવી આપનાર પણ આરાધના છે. જે કાળે જે ક્ષેત્રમાંથી આત્માઓ આરાધના કરીને મોક્ષે જતા હોય છે, તે કાળે તે ક્ષેત્રમાં પણ એવા અનેક આરાધકો હોય છે કે જે તદ્ભવ-મુક્તિગામી નથી હોતા. તે વખતે ત્યાંથી પણ ધર્મને આરાધનારા બધા તે ભવમાં મોક્ષે જાય જ એવો નિયમ નહિ. ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ચૌદ હજાર સાધુઓ હતા. પણ તેમાંથી સાતસો સાધુઓ જ તે ભવમાં કેવળજ્ઞાન પામીને મુક્તિએ ગયા, બાકીના નહિ. જેઓ મુક્તિએ ન ગયા એમની આરાધના અધૂરી. પણ એમણે કરેલી આરાધના નિષ્ફળ ગઈ એમ નહિ. એ આરાધનાથી ભવિષ્યમાં સામગ્રી મળવાની. શ્રી તીર્થંકરદેવના આત્માઓ પણ જે ભવમાં સમ્યક્ત્વ પામે અગર તો જે ભવમાં પહેલીવાર સંયમ લે, એ જ ભવમાં મુક્તિએ જાય એમ નહિ.

વાત એ છે કે જે કાળે જે ક્ષેત્રમાંથી મુક્તિએ ન જવાતું હોય, તે કાળે તે ક્ષેત્રમાં આરાધના કરવાની હોય નહિ એમ નથી. આજે આ ભરતક્ષેત્રમાંથી કોઈ પણ આત્મા મુક્તિએ આ ભવમાં જઈ શકતો નથી, એટલે અહીં આરાધનાનાં દ્વારો બંધ એમ નહી. મોક્ષમાર્ગ તો અત્યારે અહીં પણ ખુલ્લો જ છે. આજે અહીંથી મોક્ષે જવાય તેમ નથી માટે મોક્ષમાર્ગ નથી એમ નહિ. મોક્ષમાર્ગ તો હયાત છે, પણ આ ક્ષેત્રમાં ઉત્પન્ન થનારા આત્માઓ, ગમે તેવી ઉત્કટ આરાધના કરે તો ય અહીંથી સીધા મોક્ષે જાય તેવી આરાધના કરી શકે તેમ નથી. આમ છતાં જેટલી આરાધના થાય તેથી તો એકાંતે લાભ જ છે, કારણકે મુક્તિ તેટલી નિકટ આવે છે. એક જ ભવની આરાધનામાં મુક્તિએ જનારા આત્માઓ બહુ જ

થોડા અને અમુક ભવો સુધી આરાધના કરીને આરાધના પૂરી થતાં મુક્તિએ જનારા ઘણા.

**કરેલી આરાધના નિષ્ફળ નથી જવાની**

એક ભવમાં કરેલી આરાધના ભવિષ્યની આરાધનાને સુલભ બનાવે છે. આરાધનાના યોગે આરાધનાની ઉત્તમ સામગ્રી મળે છે. આથી સ્પષ્ટ છે કે, 'મુક્તિ મળે એ જ ભવમાં આરાધના કરવી' એમ માનવું એ તો નરી મૂર્ખતા છે. મોક્ષની પ્રાપ્તિ માટે તો ઉત્તમ જાતિના મનોબળ, વચનબળ અને કાયબળ જોઈએ. એ સામગ્રી પ્રાય: આરાધનાથી જ મળે. 'આજે મુક્તિ નથી માટે સંયમની શી જરૂર ?' એમ કહેનારા મિથ્યાદૃષ્ટિ છે. એવો ઉપદેશ આપનાર પાપોપદેશક છે. એને ગમ નથી કે 'આરાધનાના યોગે આ ભવમાં મુક્તિ ભલે ન મળે, પણ આરાધના નિષ્ફળ જવાની નથી જ ! આ આરાધના બાકી રહેલી આરાધના માટેની સામગ્રી મેળવી આપશે.' બાકી અત્યારે તો આ ક્ષેત્રમાં આ ભવ દ્વારા મોક્ષ મળે તેવી આરાધના થઈ શકે તેમ છે જ નહિ અને એથી જ આ ક્ષેત્રમાંથી વર્તમાનમાં કોઈ મોક્ષે જતું નથી; પરંતુ મોક્ષ પામવા જોગી આરાધના કરીએ તો ય મોક્ષ ન મળે એમ નહિ. ભરતક્ષેત્રમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું શાસન ચાલશે ત્યાં સુધીમાં એક પણ આરાધક એવો નહિ પાકે, કે જેની આરાધના તે જ ભવમાં મુક્તિ પમાડવા લાયક હોય. *આરાધનામાં ખામી રહેવાની જ.* પણ જેટલી આરાધના આરાધકો કરશે તેટલી આરાધના સફળ થવાની એ નિશ્ચિત વાત છે. અને એથી જ આ ભવમાં મુક્તિ નથી તો ધર્મ શા માટે કરવો ? જે ભવમાં મુક્તિ મળવાની હશે તે ભવમાં થઈ પડશે, આવું ધર્મ પ્રચારની સામે બોલનારાઓ શાસનબાહ્ય જ છે. આથી સ્પષ્ટ છે કે મુક્તિની કામના હોય અને મુક્તિ મેળવવી જ હોય તો આરાધનામાં લાગી જવું એ જ એક સર્વોત્તમ ઉપાય છે. એનાથી જ મુક્તિ મળશે. આ ભવ દ્વારા નહિ મળે, પણ પછીના મનુષ્યભવ દ્વારા કે તે પછી !

આપણે જોઈ ગયા કે પરમ વૈરાગ્યને પામેલા શ્રી ઇન્દ્રજિત અને શ્રી મેઘવાહને દેશનાને અંતે કેવળજ્ઞાની મહર્ષિ શ્રી અપ્રમેયબલ નામના મુનિવરને પોતાના પૂર્વભવો પૂછ્યા. મુનિવરે ફરમાવ્યું કે, આ ભરતક્ષેત્રમાં આવેલી કૌશામ્બી નામની નગરીમાં તમે પ્રથમ અને પશ્ચિમ નામે ભાઈઓ હતા. બેમાંથી એકેય ધનવાન નહોતા. બંનેય નિર્ધન હતા. એકવાર તમો બંનેને શ્રી ભવદત્ત નામના મુનિવરોનો યોગ મળી ગયો. ભવદત્ત નામના તે મુનિવરની પાસેથી ધર્મને સાંભળતા, તમારામાં વૈરાગ્ય ઉત્પન્ન થયો વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તમે વ્રત ગ્રહણ કર્યું એટલે દીક્ષા લીધી અને ત્યાર બાદ કષાયોને શાન્ત કરીને તમે વિહરવા લાગ્યા.

### દીક્ષામાં નિર્ધન-ધનવાન જોવાનું નથી

નિર્ધનને દીક્ષા અપાય ? જરૂર અપાય. યોગ્ય હોય તો ભીખ માગીને પેટ ભરી ખાતો હોય તેને ય દીક્ષા આપી શકાય. આજે તો ઝટ ટીકા કરે કે 'ખાવાનું નહોતું માટે દીક્ષા લીધી.' એ જાતનું બોલનારાઓ મોક્ષમાર્ગની આશાતના કરનારાઓ છે. દરિદ્રાવસ્થામાં પણ પુણ્યવાન આત્માઓને જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ભગવાનનું શાસન માત્ર શ્રીમંતોને માટે જ છે એમ નથી. ગરીબ કે તવંગર, જે કોઈ કલ્યાણ સાધવાની ભાવનાવાળો હોય તેને માટે ભગવાનનું શાસન છે. દીક્ષા તવંગરને દેવાય અને નિર્ધનને ન દેવાય, એવો નિયમ આ શાસનમાં નથી. જેનામાં વૈરાગ્ય ઉત્પન્ન થયો છે તેવા કોઈપણ યોગ્ય આત્માને દીક્ષા દેવાની આ શાસન મના કરતું નથી. યોગ્યતાની પરીક્ષા કરવાનું વિધાન છે, પણ પરીક્ષામાં તે નિર્ધન છે કે ધનવાન છે ? એ જોવાનું વિધાન નથી જ.

## ધર્મ કરનારની નિંદા કરવાના પાપમાં ન પડો

નિર્ધન આદમી દીક્ષા લે ત્યારે તેની હાંસી કરનારા અજ્ઞાન છે. એ બિચારાઓ એવા સંસારરસિક છે કે એમને બીજો ધર્મ કરે તેની ય અનુમોદના કરવાનુંય સૂઝતું નથી અને દીક્ષિત પુણ્યવાનની તથા મોક્ષમાર્ગની આશાતના કરવાનું સૂઝે છે. નિર્ધને દીક્ષા લીધી માટે 'ખાવાનું નહોતું એથી દીક્ષા લીધી' એમ બોલવું એ કેટલું બધું વાહીયાત છે ? એક વસ્તુ મૂકવી એ જેટલું મુશ્કેલ છે, તેના કરતાં પણ વસ્તુની મમતા મૂકવી એ વધુ મુશ્કેલ છે. દરિદ્રીમાં દરિદ્રી પણ જ્યારે તે ત્યાગી થાય છે, ત્યારે તે ભવિષ્યમાં ધન મેળવવા વગેરેની વૃત્તિને તો છોડે છે ને ? એણે બીજું કાંઈ નહિ તો ય તૃષ્ણા તો છોડીને ? એટલી તૃષ્ણા છોડી તે ઓછી વાત છે ? દરિદ્રાવસ્થામાં પણ સ્વચ્છંદી જીવન જીવનારા ઘણા છે, જ્યારે દીક્ષિત થનાર પુણ્યવાન તો પોતાના જીવનને નિયંત્રીત બનાવી દે છે. ભગવાનનું શાસન પામેલા આત્માને આ વસ્તુઓ સમજાયા વિના રહે નહિ. પ્રથમ અને પશ્ચિમ એ બે ભાઈઓ નિર્ધન હતા; પણ મુનિનો યોગ મળ્યો, ધર્મ સાંભળ્યો, ધર્મ રૂચ્યો, વૈરાગ્ય પામ્યા અને દીક્ષા લીધી. આમાં ખોટું શું કર્યું ? આજે તો એવા પાક્યા છે કે જેને ધર્મ કરવો નથી અને કોઈ ધર્મ કરે તો તે તેમનાથી ખમાતું નથી. ઘોર પાપોદય વિના આ બને નહિ. ધર્મ તમારાથી ન બને તો તમે જાણો, પણ ધર્મ કરનારાઓની અનુમોદના તો કરો ! અરે !, એ ય ન બને તો નિંદા કરવાના પાપમાં ન પડો ! સમજો કે જે યોગ્ય હોય તેને નિર્ધન હોય તો પણ દીક્ષા આપી શકાય. ધનવાનને જ દીક્ષા આપી શકાય તેવો નિયમ આ શાસનમાં નથી જ.

આ પ્રથમ અને પશ્ચિમ બંને ભાઈ મુનિઓ વ્રતગ્રહણ કર્યા બાદ શાન્તકષાયી બનીને વિહરી રહ્યા છે. વિહાર કરતા કરતા તેઓ એક વાર કૌશામ્બીમાં આવી પહોંચ્યા. કૌશામ્બી નગરીમાં તે વખતે વસંતોત્સવ ચાલી રહ્યો છે.

તમે જાણો છો કે કામરસિક આત્માઓ વસંતોત્સવમાં વિવિધ પ્રકારની કામક્રિડાઓ કરે છે. કામક્રિડાનું દર્શન એ એવી વસ્તુ છે કે આત્માને ભાન ભૂલતા વાર ન લાગે. ચકલી ચકલાના યુગલને કામક્રીડા કરતું જોઈને લક્ષ્મણા સાધ્વીને ક્ષણવાર કયો વિચાર આવ્યો હતો ? અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોને વેદોદય નહિ એટલે તેમને શી ખબર પડે ? આ જાતનો વિચાર આવી ગયો. પછી ભૂલનો ખ્યાલ આવ્યો, પણ એકવાર તો દુષ્ટ વિચાર આવી ગયો.

અહીં પણ એવું બને છે કે, વસંતોત્સવમાં નંદિઘોષ નામનો રાજા, પોતાની ઈન્દુમુખી નામની રાણીની સાથે ક્રીડા કરી રહ્યો છે અને એ દૃશ્ય કૌશામ્બીમાં પધારેલા પ્રથમ અને પશ્ચિમ નામના મુનિઓના જોવામાં આવે છે. આ દૃશ્ય જોવાથી પશ્ચિમ મુનિના હૃદય ઉપર ઘણી જ કારમી અસર થાય છે. કર્મની ગતિ જ વિચિત્ર છે. આત્માને સંયોગ પામીને ઉંધે રસ્તે ચઢી જતા વાર લાગતી નથી. આથી જ્ઞાનીઓ ફરમાવે છે કે, કલ્યાણના અર્થીઓએ સદા દુર્વિચારોને પેદા કરનારા સંયોગોથી જ બચવાને માટે પ્રયત્નશીલ રહેવું જરૂરી છે.

વસંતોત્સવમા રાજાને રાણી સાથે ક્રીડા કરતો જોઈને પશ્ચિમ મુનિએ નિયાણુ કર્યું કે, "આ તપશ્ચર્યાના યોગે આ રાજા-રાણીનો હું આવો જ ક્રીડા કરવામાં તત્પર પુત્ર થાઉં !"

અત્યારે આત્મા ભાન ભૂલ્યો છે. ક્રીડા કરવાની તીવ્રાભિલાષા પ્રગટી છે. એ વિના આવું નિયાણું કરે ? કેવું ? આજ રાજા-રાણીનો હું પુત્ર થાઉં એટલું જ નહિ, પણ આવો જ ક્રીડાપરાયણ હું થાઉં ! કયાં સંયમ અને કયાં નિયાણું ? બીજા સાધુઓને પશ્ચિમ મુનિના આવા નિયાણાની ખબર પડી, એટલે તેમણે પશ્ચિમ મુનિને ઘણા ઘણા સમજાવ્યા, વાર્યા, પણ તે માન્યા નહિ.

## વિપરીત સંયોગોથી
## આત્માએ બચવાની ઘણી જરૂર છે

જ્ઞાનીઓ પ્રમાદથી ચેતતા રહેવાનું અને કર્મની વિચિત્ર દશા હોવાનુ ઉપદેશે છે. તે કેટલું જરૂરી છે ? તેનો આમાંથી પણ ખ્યાલ આવે તેમ છે. બાહ્યભાવનું અયોગ્ય દર્શન આત્માની કેટલી ખાનાખરાબી કરે છે તે આ ઉપરથી સમજાય તેમ છે; માટે જ જ્ઞાનીઓ વિષય-કષાયની છાયાથી પણ છેટા રહેવાનું ફરમાવે છે. પોતાને વિષયવાસના નહિ સ્પર્શે, એવું અભિમાન રાખી વિષયવૃત્તિને ઉત્પન્ન કરનારા સંયોગોમાં જાણી-જોઈને જનારા, કાં તો પડવા જાય છે અને કાં તો વિષયી હોવા છતાં અવિષયી હોવાનો દંભ સેવે છે. અનાદિકાળથી આત્મા વિષયોનો અભ્યાસી છે. વિષયો તરફનો ઢળાવ એ નવીન નથી. સંયોગના યોગે બધા પડે જ એવું એકાંત નથી, પણ એટલા ખાતર કુસંગોમાં જવું એમ જ્ઞાનીઓ ફરમાવતા નથી. ચેતીને ચાલવાનું જ ફરમાન અને ચેતીને ચાલવા છતાં વિપરીત સંયોગો આવી પડે તો કાળજીપૂર્વક બચી શુદ્ધ રહી દૂર નીકળી જવાનું ફરમાન કરે છે. સંયોગોએ તો મોટા મોટા મુનિઓના અને તપસ્વીઓના વ્રતનો ભંગ કરાવ્યો છે. વિષયવૃત્તિને અતિ આધીન બની ગયેલા એ જીવતર ફના કરે છે. પણ ઘેલછા છોડતા નથી, એટલી પ્રબળતા વિષયવૃત્તિની છે. અને એથી વિષયવૃત્તિને ઉત્પન્ન કરનારા સંયોગોથી સદા દૂર રહેવા પ્રયત્ન કરવો એ જ ડહાપણભર્યું છે. આ રીતે બચતા રહેવા છતાં પણ કોઈ તેવી સ્થિતિ આવી જાય તો તે વખતે આત્માની સાવધગીરી જાળવી અણીશુદ્ધ પાર ઉતરી જવું એ બીજી વાત છે. ઉપકારી મહાપુરુષો એ જ ફરમાવે છે કે તેવા સંયોગોથી પણ બચતા રહેવું અને અનંતજ્ઞાનીઓની આજ્ઞાના પાલનમાં શિથિલતા ન આવે તેની સંપૂર્ણ કાળજી રાખવી.

અહીં દીક્ષા આપનારા ગુરુ કાચા એમ કહેવાય ? ગુરુએ પરીક્ષા કેમ ન કરી ? એમ આજના તો કહી દે. પણ શાસ્ત્રના જાણકાર

હોય તે કદિ એવું ન કહે. પરીક્ષા કરવી જોઈએ, એનો ઇનકાર નથી. શાસ્ત્રની આજ્ઞા મુજબ પરિણામની પરીક્ષા કરવી જોઈએ. આજ્ઞા મુજબના પરીચય આદિથી જોવુ જોઈએ. આવનારો આજીવન ચારિત્રનિર્વાહ કરે તેવી વૃત્તિવાળો છે કે નહિ. આ રીતે વિધિ મુજબ પરીક્ષા કરવા છતાં, છદ્મસ્થ આત્માઓના છદ્મસ્થપણાના યોગે કદાચ ભૂલ થાય એ પણ બનવા જોગ છે. વળી ચારિત્ર લેતી વખતે બરાબર પરિણામ શુદ્ધિ હોય, પણ પાછળથી કોઈ તેવા દુષ્કર્મનો ઉદય થઈ જાય, તો ય આત્મા પડી જાય, એથી અનુગ્રહ બુદ્ધિથી વિધિ મુજબ ચારિત્રના દેનાર દોષિત ઠરતા નથી. આજના નિંદકો તો આ વસ્તુનો વિચાર જ કરતા નથી કારણ કે એમને તો કોઈપણ બહાને દીક્ષા તરફ જ દુર્ભાવ પ્રગટાવવો છે અને સુસાધુઓને પણ કોઈ માને-સાંભળે નહિ તેમ કરવું છે.

### ધર્મવૃત્તિવાળાની કઈ વિચારણા હોઈ શકે ?

પરીક્ષા આપનારે શાસ્ત્રની આજ્ઞા મુજબ પરીક્ષા ન કરી હોય, તો તે ગુન્હેગાર જરૂર છે; પણ પરીક્ષા કરી હોય અને પાછળથી દુષ્કર્મ ઉદયમાં આવે, તેમાં દીક્ષા દેનારનો શો ગુન્હો ? દીક્ષા દેનાર ગીતાર્થ કાંઈ કેવળજ્ઞાની કે અન્ય વિશિષ્ટજ્ઞાનને ધરનાર જ હોય એવો નિયમ ઓછો જ છે ? નહિ જ. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ નંદિષેણને પહેલાં તો સ્પષ્ટ ના પાડી, કારણ કે તે તારક જાણવા સમર્થ હતા અને તેમ ના પાડવા છતાં પણ તથા વિધ ભાવિભાવ જોયો તો એ જ નંદિષેણને દીક્ષા આપીય ખરી.

એ તો અનંતજ્ઞાની હતા. શાસ્ત્ર કહે છે કે, 'અતિશયજ્ઞાનીઓની વાત જ જુદી છે.' અતિશય જ્ઞાન વિનાના છદ્મસ્થ આત્માઓએ તો આજ્ઞા સામે જોવું અને આજ્ઞાનુસાર વર્તવાનો પ્રયત્ન કરવો. આપણે આજ્ઞા મુજબ બનતી પરીક્ષા કરી હોય, છતાં આપણી ભૂલ ન જ થાય એમ નહિ; અથવા પેલાને પાછળથી દુષ્કર્મ ઉદયમાં

આવે તેમે ય બને. આ રીતે પતન થાય, એને આગળ કરીને દીક્ષાની અને સુસાધુઓની નિંદા તો તે કરે કે જેનામાં ધર્મવૃત્તિનો જ અભાવ હોય. ધર્મવૃત્તિવાળો આત્મા તો આ પ્રકારે વસ્તુસ્થિતિનો વિચાર કરે અને પડતાને ય ઝીલવાનો પ્રયત્ન કરે.

**પડનારને આલંબન આપનારા મળે તો કોઈ આત્મા ચઢી જાય**

પડી જવું એ કાંઈ નવું નથી. નહિ ચઢેલા પડે એ કદિ બનવાનું નથી. એ તો ચઢે તે જ પડે. આજે તો પાંચ વર્ષ દીક્ષા પાળીને પડે તો ય વાંધો, દશ વર્ષ પાળીને પડે તો ય વાંધો અને પચાસ વર્ષ પાળીને પડે તો ય વાંધો. તો આવી ગેરન્ટી કોણ લે ? જ્ઞાની તો ફરમાવે છે કે એવા પણ પામી ગયેલા તે ભવાંતરમાં પામવાના છે. કારણકે લેતી વખતે ક્યાં ખરાબ ઈરાદો હતો ? મુનિ પડે એની દાંડી ન પીટાય. પુણ્યવાન તો પડનારને પણ કહે કે "તમે પડ્યા ? કાંઈ નહિ, તમે પામ્યા હતા એટલા ભાગ્યાવાન. હોય, કર્મની ગતિ વિચિત્ર છે. પડાય પણ ખરૂ. બનવાનું બની ગયું. હજુ ભાવના થતી હોય તો ફેર ચઢો. ચઢવુ હોય તો અમે સહાય કરીએ. ચઢાય તેમ ન હોય તો હવે વધારે પડાય નહિ તેની કાળજી રાખો. ચારિત્ર ગયું, પણ સમ્યક્ત્વ ન જાય તે માટે સાવધ બનો. સર્વવિરતિધર નહિ તો દેશવિરતિધર બનો. અહીં રહીને ધર્મ પાળવો હોય તો ય અમે સહાયક છીએ. ચઢવા પ્રયત્ન કરતા રહેજો." આવું અવસરે કહેનારા મળે અને આલંબન આપનારા મળે તો પડનારા કોઈ ચઢી જાય અને કોઈ વધારે ખરાબ બનતા અટકી જાય. આ અવસરે એવી રીતે વર્તવું જોઈએ કે જેથી શાસનની હીલના થાય નહિ અને આલંબનના અભાવે યોગ્ય આત્મા માર્ગથી જ સર્વથા પતિત થવા પામે નહિ. પડતાને ધર્મબુદ્ધિએ ટેકો આપી વધુ પડતા અટકાવી લેવો એ ગુન્હો નથી પણ ધર્મ છે.

પશ્ચિમ મુનિ માટે ગ્રન્થકાર-પરમર્ષિ પોતે જ ફરમાવી ગયા કે

શાન્ત કષાયવાળા થઈને વિહરતા હતા. એટલે ત્યાં એ અગર તો એમને દીક્ષા આપનાર અયોગ્ય હતા એમ નહિ બોલાય. કર્મની ગતિ વિચિત્ર છે. ચૌદ પૂર્વને ધરનાર પણ પડે છે, તો સામાન્ય મુનિ કોણ માત્ર ? ચૌદ પૂર્વધર તો શ્રુતકેવલી કહેવાય. એવા સમર્થ પણ ગબડી જાય તો સામાન્યનું શું ગજું ? પડવું એ નવું નથી. આજે તો પડનાર તરફ આંગળી કરે છે, પણ એને આલંબન આપી માર્ગમાં રાખવાનું અને આરાધનામાં ચઢાવાનું સૂઝતું નથી. ચાલતાં ચાલતાં કોઈ ચીકણી જમીન આવવાથી પડી જાય તો એને ઉપરથી લાત મરાય ? એ લાત મારનાર કેવા ? ડાહ્યા ડાહ્યા પણ ચીકણી જમીનમાં પગ લપસે તો પડી જાય તો સામાન્યનું શું ગજું ? એ પડનારની ઠેકડી કરવામાં દયા છે ? એમા દયા કે સદ્ભાવના છે કયાં ? શાસનની વધુ હીલના તો દાંડી પીટનારા કરે છે. કર્મયોગે પડી જનાર કરતા તેની દાંડી પીટનારા શાસનની ઘણી અપભ્રાજના કરે છે. પડનાર જો યોગ્ય હોય તો તો એમ જ કહે કે 'કમનસીબે પળાયું નહિ. હું મહાપાપી કે પડી જવાયું.' અને એથી પણ ઘણી હીલના થતી અટકે, પણ પડનારની દાંડી પીટનારાઓથી તો નુકસાન જ થાય.

### સાધુવેષમાં રહીને છૂપું પાપ સેવવું એ ઘોર પાપ છે

આજના કેટલા તો પડતાને બચાવે નહિ, પણ ચર્ચાએ ચઢાવે. શાસ્ત્ર ફરમાવે છે કે, 'મરવું સારું પણ લીધેલું વ્રત મૂકવું તે સારું નહિ. આમ છતાં પણ વેષ મૂકવો પડે તો કોઈ અજાણ્યા દૂરના પ્રદેશમાં જઈને મૂકવો. તીવ્ર કર્મોદયે પાપ કરવાનું મન થાય અને મન ઉપર કાબુ ન જ રહે, તો સાધુવેષમાં રહીને છૂપું સેવવું, એ ઘોર પાપ છે. ન પડાય તે ઉત્તમ, ખરાબ વિચાર આવી જાય તો ય મનને મારવા પ્રયત્ન કરવો, આત્માની દશાનો વિચાર કરવો, સંસારનું સ્વરૂપ ચિંતવવુ, સારો સહવાસ સાધવો. છતાં સાધુવેષ છોડ્યા વિના ચાલે તેમ ન હોય તો તે માટે દૂરના અજાણ્યા પ્રદેશમાં ચાલ્યા જવું.'

## ધર્મ પ્રત્યે અભિરૂચિ ન પ્રગટે તો અનુમોદનથી ય લાભ લેવાય નહિ

અનંતી પુણ્યરાશિના યોગે આ સામગ્રી મળે છે. શાસ્ત્ર ફરમાવે છે કે તીવ્ર અશુભના ઉદયે ચઢતા ચઢતાં પડવું એ અસહજ નથી. કોઈ કોઈ શ્રી તીર્થંકરદેવના જીવો પણ કેટલીયવાર ચઢ્યા-પડ્યા ત્યારે મોક્ષપદને પામ્યા. જો એવા આત્મઓને માટે પણ એ સ્થિતિ હોય, તો તમારી અને અમારી વાત શી ? યાદ રહે કે અહીં પડનારનો બચાવ નથી તેમજ એ ભૂલ્યા માટે આપણે પણ ભૂલવું, એમ કહેવાનો ઈરાદો નથી. વાત એ છે કે ભૂલે તેને ચઢાવવાનો પ્રયત્ન કરવો, પણ એવું નહિ કરવું કે જેથી તે વધારે નીચે પડે. પડનાર માટે દયા ખાવી. એમ વિચારવું કે 'બિચારો કેવો દુષ્કર્મવાળો, કે જેથી આટલે ચઢીને પડ્યો ? અને પોતાની અપેક્ષાએ વિચારવું હોય ત્યારે તો એમે ય વિચારાય કે ખરેખર એ પડ્યો તો ય મારા કરતાં ભાગ્યશાળી છે. એ એટલું ય પામ્યો તો ફરી વહેલો પામશે. હું કેવો કમનસીબ છું કે મારાથી ચઢાતું જ નથી. તમારાથી ચારિત્ર ન લેવાય, ધર્મ ન થાય એને તમારી કમનસીબી માનો, તો ચઢનારને જોઈ આનંદ થાય. અનુમોદના દ્વારા કામ કાઢી જવાય. આજે તો ઘણા એવા છે કે અનુમોદના દ્વારા લાભ ઉઠાવી શકતા નથી. કારણકે હૃદયમાં ધર્મ પ્રત્યે જે જાતની અભિરૂચિ પ્રગટવી જોઈએ તે પ્રગટી નથી. આજે ઘણા વાંધા જ એના છે. પશ્ચિમ મુનિ આખરે એવી દશાને આધીન થઈ ગયા કે બીજા મુનિઓના શબ્દોની તેમના ઉપર અસર જ થતી નથી. બીજા મુનિઓએ ઘણા વાર્યા, પણ પશ્ચિમ મુનિ પોતે કરેલા નિયાણાથી પાછા ફર્યા નહિ. આથી નિયાણાના યોગે પશ્ચિમ મુનિ ત્યાંથી મરીને તે જ રાજા નંદિઘોષની રાણી ઈન્દુમુખીની કુક્ષિથી ઉત્પન્ન થયા. તેમનું નામ તે રાજારાણીએ રતિવર્ધન રાખ્યું. ધીરે ધીરે તે રતિવર્ધન યૌવનદશાએ પહોંચ્યા અને બીજી તરફ રાજ્યનો પણ માલિક બન્યો. પછી પોતે ધાર્યું હતું તેમ તે રતિવર્ધન પોતાના પિતાની જેમ રમણીઓથી વિંટળાઈને વિવિધ પ્રકારની ક્રીડા કરવા લાગ્યો.

### નિરાશંસભાવે ધર્મ કરવાની આજ્ઞા

ધર્મમાં એ તાકાત છે કે જે બીજી કોઈ વસ્તુમાં નથી. ધર્મની પાસે શ્રદ્ધા રાખી માગો નહિ અને ધર્મ કર્યે જ જાવ તો એવું મળે કે જેની વાત ન પૂછો. ધીરજ જોઈએ. બાકી માગો તે, આચરેલો ધર્મ આપે તો ખરો; પણ એમાં લાભ નહિ. જ્ઞાનીઓએ નિયાણું કરવાનો નિષેધ કર્યો છે. જ્ઞાનીઓએ તો નિરાશંસભાવે જ ધર્મ કરવાનું ઉપદેશ્યું છે. જેટલી આશંસા તેટલું નુકસાન. નિરાશંસભાવે ધર્મ કરવો અને નિરાશંસભાવે ધર્મ કર્યા પછી પણ ધર્મના ફલની શ્રદ્ધા રાખી માંગણી કરવી નહિ. પશ્ચિમ મુનિનું ભાવિ સુંદર છે, એટલે અહીં પણ પાછળથી સારી દશાને પામશે, પરંતુ જો આખીય જીંદગી આવી ક્રીડામાં કાઢી નાખે તો શું થાય ? ધર્મના યોગે વણમાગ્યા જે ભોગ મળે તેમાં આત્મા લીન નથી થતો, પણ એની વિરક્તિ જીવતી રહે છે. ધર્મ પાસે માગીને મેળવો અને ધર્મના યોગે આપોઆપ જે આવી મળે, તે બેની વચ્ચે ઘણો ભેદ હોય છે. આ વસ્તુ ઉપર આજે બહુ જ ભાર મૂકવો પડે તેનું કારણ એ છે કે આજે ધર્મકરણી આશંસાભાવે કરવાનું બહું જ વધી ગયું છે અને તે કોઈપણ રીતે પ્રશંસાપાત્ર નથી જ.

### નિદાન રહિત ધર્મ અને નિદાનયુક્ત ધર્મના ભેદને સમજો

પશ્ચિમ મુનિએ નિયાણું કર્યું હતું, પણ પ્રથમ મુનિએ નિયાણું નહોતું કર્યું. નિર્નિદાન તપના યોગે પ્રથમ મુનિ ત્યાંથી મરીને પાંચમા કલ્પમાં પરમર્ધિક દેવ થયા છે. નિદાનયુક્ત તપ અને નિર્નિદાન તપ, બેના ફળ વચ્ચેનો ભેદ વિચારી જુઓ. પશ્ચિમ મુનિ મરીને માંગણી મુજબ રાજપુત્ર થયા અને ભોગ સામગ્રીનેય પામ્યા, પણ સમૃદ્ધિ અને ભોગ સામગ્રીની અપેક્ષાએ વિચારીએ, તો પ્રથમ મુનિને પાંચમાં દેવલોકમાં જે સમૃદ્ધિ , સાહ્યબી અને ભોગ સામગ્રી મળી હતી, તેના પ્રમાણમાં પશ્ચિમ મુનિના જીવને

તો કાંઈ જ મળ્યું નહોતું. પાંચમાં દેવલોકની સમૃદ્ધિ. સાહાબી અને ભોગ  સામગ્રીની અપેક્ષાએ રાજા રતિવર્ધનને મળેલી સમૃદ્ધિ, સાહાબી અને ભોગ સામગ્રી તદ્દન તુચ્છ કહેવાય. કયાં પાચમાં દેવલોકની રિદ્ધિસિદ્ધિ અને કયા મનુષ્યલોકની રિદ્ધિસિદ્ધિ ? પ્રથમ મુનિના જીવની પાસે પશ્ચિમ મુનિનો જીવ તદ્દન કંગાળ લાગે. પશ્ચિમ મુનિએ નિયાણું ન કર્યું હોત તો તેની આ દશા ન થાત. મળી તેના કરતાં કેઈ ગણી સુંદર  સામગ્રી મળત. પણ આત્મા ભાન ભૂલ્યો એટલે શું થાય ?

વળી વિચાર કરો કે પ્રથમ મુનિના જીવને પાંચમા દેવલોકમાં મળેલી સુખ સાહાબી અને ભોગ સામગ્રી કેટલો સમય ભોગવાની અને પશ્ચિમ મુનિના જીવને માગ્યાથી મળેલી તુચ્છ સાહાબી કેટલો વખત ભોગવવાની ? કારણકે બેયના આયુષ્યમાં ફરક છે. પશ્ચિમ મુનિના રતિવર્ધન ભવનું આયુષ્ય પેલાની અપેક્ષાએ ઘણું જ ટૂંકું છે.

આ ઉપરાંત સૌથી વધારે મહત્ત્વની વાત તો એ છે કે પાંચમાં દેવલોકની સુખ સાહાબી પામવા છતાં પણ પ્રથમ મુનિનો જીવ ભોગમાં ભાનભૂલો બનતો નથી. ત્યા પણ એનો વૈરાગ્ય જીવતો ને જાગતો રહે છે; અને પેલો રાજા તો ધર્મને ભૂલી જાય છે. પેલો રમણીના રાગમાં પડી ગયો, જ્યારે આને તો દેવલોકમાં પણ વૈરાગ્ય જાગતો છે. દેવલોકમાં ગયા પછી પ્રથમ મુનિના જીવે અવધિજ્ઞાનથી પોતાનો ભાઈ પશ્ચિમ મુનિ ક્યાં ઉત્પન્ન થયો છે ? અને કઈ સ્થિતિમાં પ્રવર્તી રહ્યો છે તે જોયું. એ ભાઈને એટલે કે રતિવર્ધન રાજાને રમણીઓને આધીન બનેલો જોયો. એને ચેતાવવાની પ્રથમ મુનિના જીવ એવા દેવે પોતાની ફરજ માની. ભાઈને સંયમનો મહિમા સમજાવવાનો અને ભોગની આસક્તિમાથી છોડાવવાનો એણે વિચાર કર્યો. રાજાને રમણીઓના રાગમાંથી ખસેડવાની અને વૈરાગ્યના માર્ગે દોરવાની આ દેવતાને પણ

ભાવના થાય છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના રસીયા દેવતાની પણ જો આ ભાવના હોય તો સાધુની કઈ ભાવના હોય ? દેવની જો આવી ભાવના, તો દેશવિરતિ શ્રાવકની અને સર્વવિરતિ સાધુની કઈ ભાવના જોઈએ ? સમ્યગ્દૃષ્ટિ દેવ ચોથે ગુણસ્થાનકે છે, દેશવિરતિ શ્રાવક પાંચમે ગુણસ્થાનકે છે. જ્યારે સર્વવિરતિ સાધુ તો છઠ્ઠે ગુણસ્થાનકે છે. જેમ ગુણસ્થાનક વધે તેમ ભાવનામાં વિશુદ્ધિ આવવી જોઈએ કે મલીનતા વધવી જોઈએ ? આ વસ્તુ ખ્યાલમાં રાખી આજની સ્થિતિ વિચારી જુઓ.

## મુનિની ભાવના-ઈચ્છા કઈ હોવી જોઈએ

'બિચારો નિયાણું કરીને રાજ્ય પામ્યો છે, રમણીઓ વગેરે સામગ્રી પામ્યો છે તો હવે તે ભલે ભોગવે'. એવો વિચાર દેવે ન કર્યો અને, 'તમે તમને મળેલું લ્હેરથી ભોગવો. તમારા - અમારા માર્ગ જુદા. તમને અમારાથી રોજ વૈરાગ્યની વાત ન કરાય.' આવું અમારાથી કહેવાય. એમ? અમે જો એમ કહીયે તો માનો કે અમારામાં હજુ મુનિપણું આવ્યુ નથી. માત્ર વેષ પહેર્યો છે અને વેષથી દોરાનારાઓને અમે ઉન્માર્ગે દોરનારા છીએ. આવું તમારે સુશ્રાવક હો, તો માનવું પડે. કારણકે કોઈપણ જીવ સંસારી બન્યો રહે એવી એક રૂંઆટે પણ મુનિની ઈચ્છા ન હોય. સર્વવિરતિધર મુનિથી કોઈની થોડી પણ અવિરતિ ઈચ્છાય નહિ.

અમુક શેઠ મારો ભક્ત છે. એની પાસે ઘણી સામગ્રી છે. પૂર્વના પુણ્યે એને મળ્યું છે, તો એ ભોગ ભોગવી અવિરતિ સેવે તેમાં શો વાંધો ? એમને વળી ક્યાં તપ વગેરેની તકલીફ બતાવવી. આવો વિચાર મુનિ કરે ? નહિ જ. એવો વિચાર કરનારના ભક્ત બનવુ એય પાપરૂપ છે. સુશ્રાવકોએ તો એવા મુનિવેષધારીને સંભળાવી દેવું જોઈએ કે અમે ડુબવા માટે તમારા ભક્ત નથી થયા.

ભક્ત ઉપર તો પહેલો ઉપકાર કરવો જોઈએ. કારણકે ભક્ત

છે એટલે ઝટ ઝીલશે. બીજાને તો કહેલી વાત ઝીલતા વાર લાગે. મુનિએ કોઈને પણ પોતાનો ભક્ત કરવાની વાત જ ભૂલી જવી જોઈએ. શાસનનો ભક્ત તે મુનિનો ભક્ત. પોતાનો ભક્ત હોય અને શાસનનો ભક્ત ન હોય તો એને સમજાવી દેવું જોઈએ કે શાસનના ભક્ત બનવામા જ કલ્યાણ છે. એને બદલે શાસન સમજાવવુ નહિ, કલ્યાણ માર્ગનો ખ્યાલ આપવો નહિ અને પોતાનો ભક્ત બનાવી રાખવા માટે તેની અવિરતિની પણ અવસરે અનુમોદના કરવી, એ શ્રી જિનેશ્વરદેવના મુનિને કોઈપણ રીતે છાજે જ નહિ.

મુનિની ભાવના તો એ હોય કે સંસારના સઘળાય જીવો વિરક્તદશાને પામે, મોક્ષમાર્ગના રસીયા બને અને આ જીવનમાં બને તેટલી વધારે આરાધના કરી લે. દુનિયાના જીવો સંસારના સુખમાં મહાલતા હોય, એથી મુનિ ખુશ ન થાય. દુન્યવી ઉન્નતિમાં કોઈ આગળ વધવા જાય, તો મુનિ એને અભિનંદન આપવા ન નીકળે. પૌદ્‌ગલિક ઉન્નતિ માટે પ્રયાણ કરનારાઓને મુનિ અભિનંદન આપવા જાય, તે વ્યાજબી છે ? પૌદ્‌ગલિકતામાં દુનિયના જીવો ખૂંચે એમ મુનિથી ઇચ્છાય ? આજે આ પણ વિચારવા જેવું છે. તમને સંસારના ભોગોપભોગોમાં લીન બનેલા જોઈને, મુનિને ઈર્ષ્યા ન થાય પણ દયા જરૂર આવે. મુનિને એમ થાય કે બિચારા સ્વને ભૂલી ગયા છે અને સ્વને ભૂલી પરમ પુણ્યોદયે મળેલી આ ઉત્તમમાં ઉત્તમ સામગ્રીના દુરૂપયોગથી દુર્ગતિમાં જવાની તૈયારી કરી રહ્યા છે. તમે દુર્ગતિમાં ઘસડાઈ જાવ એવું જેને ગમતું હોય, તેને તમારી પુદ્‌ગલાનંદી દશા જોઈને આનંદ આવે પણ આજે તમારી હાલત વિચિત્ર છે. જ્યાં ધર્મનું ઠેકાણું નહી, ધર્મની સામગ્રી નહી, ગુરુનો યોગ નહિ, એવા સ્થાને કોઈ ડીગ્રી મેળવવાને જતો હોય, તો એવા ય મુનિઓ છે કે એને અભિનંદન આપવા નીકળી પડે અને તમારામાં એવા છે કે મુનિને અજ્ઞાન વેષધારી કહેવાને બદલે, સમયના જાણકાર અને ઉદારતાથી ભરેલા મુનિમહારાજ માને !

## 'કુ' નો ત્યાગ અને 'સુ' નો સ્વીકાર કરો !

મુનિનો ધર્મ સમજવો એ સહેલું નથી. 'મુનિનો ધર્મ શો?' એ જાણવું હોય તો તમારે પહેલાં ધર્મી બનવું પડશે, પુદ્‌ગલના રાગી મટી આત્માના રાગી બનવું પડશે. અર્થાત્ પુદગલસંગથી આત્માને સર્વથા મુક્ત બનાવી દેવાનો જ નિર્ણય કરવો પડશે. તમે શ્રી જિનશાસનના બનો, તો મુનિથી શું થાય અને શું ન થાય, એ સમજતા વાર ન લાગે. આજે તો કહેશે કે 'કહો તો કોઈને ય ન માનીએ અને કહો તો બધાને માનીએ !' જ્યારે ઉપકારી જ્ઞાનીઓ ફરમાવે કે માનવાના ખરા, પણ તે બધાને નહિ. 'કુ' નો ત્યાગ કરવાનો અને 'સુ' નો સ્વીકાર કરવાનો. એ વગર મહેનતે થાય ? સંસારના વ્યાપાર-રોજગારમાં મસ્ત બની રહેવાથી થાય ? તમને ફુરસદ કેટલી ? ભગવાનની પૂજા કરવા જાય ત્યાં પણ કાંડે ઘડિયાળ બાંધેલી હોય. એના તરફ જોયા કરે અને વ્યાખ્યાન સાંભળવા આવે તો ય એ દશા ! પુણ્યશાલી છો કે કુદરતી આવા સંયોગો તમને મળી ગયા છે. બાકી તમને લાગે છે કે તમારામાં ધર્મનું વાસ્તવિક અર્થીપણું છે ? તમે જીંદગીમાં ક્યારે સુસાધુને શોધી ત્યા સર્મપણ ભાવ ધરી, ઉન્માર્ગથી બચવાનો વિચાર કર્યો ? આમને આમ જીંદગી ન ગુમાવો. જીંદગીનો અંત આવી જાય તે પહેલાં શ્રી જિનેશ્વરદેવનું શાસન પામી જવાય અને એકવાર વાસ્તવિક રૂચિ પેદા થઈ જાય એ માટે પ્રયત્ન કરો પણ બેદરકાર ન રહો.

પશ્ચિમ મુનિને મળ્યા એવા ભાઈ મળે તોય કલ્યાણ થઈ જાય. પ્રથમ મુનિનો જીવ, જે દેવતા થયો છે, તેણે પોતાના પૂર્વભવના ભાઈને અને મુનિબંધુને પ્રતિબોધ પમાડવાનો વિચાર કર્યો. તેણે વિચાર્યું કે 'ભાઈ ભૂલ્યો પણ હજુયે તેને સાચુ સૂઝે તેવો પ્રયત્ન હું કરુ!' આવો વિચાર કરીને તે દેવલોકમાંથી અહીં આવ્યો. કેવો ઉપકારી ? મિત્ર કરો તો આવા કરો ! તમને ગબડતા બચાવે એવા મિત્ર કરો ! તમારા આત્માનું ભલું વાંછે એવા મિત્ર કરો.

એવા પણ થયા છે કે જેણે સ્નેહી વગેરેને નરકમાં જઈને પણ આશ્વાસન દીધાં છે. તેમની જાતનું ભાન કરાવ્યું છે અને સમાધિ આપી છે.

શ્રી રાવણ અને શ્રી લક્ષ્મણજી નરકમાં પણ લડતા હતા. પરમાધામિકો તેમને અત્યંત કષ્ટ આપતા હતા. શ્રીમતી સીતાદેવી, કે જે મરીને સીતેન્દ્ર થયેલ છે, તેમણે નરકમાં જઈને પરમાધામિકોને વાર્યા અને શ્રી રાવણ આદિને સમજાવ્યું કે 'તમે પૂર્વે એવું દુષ્કૃત્ય કર્યું છે કે જેના યોગે અહીં નરકમાં આવ્યા છો. આવું પરિણામ જોવા છતાં પણ હજું પૂર્વવૈરને કેમ છોડતા નથી ?' સીતેન્દ્રના સમજાવવાથી પેલાઓ લડતા બંધ થઈ ગયા. સીતેન્દ્રે ત્યાં શ્રી લક્ષ્મણજીને અને શ્રી રાવણને બોધ પમાડવાને માટે આગામી ભવસંબંધ પણ કહ્યો. આ રીતે તેમનું દુઃખ ભૂલવી દીધું, લડતા બંધ કરી દીધા અને સમાધિ પમાડી.

'નરકમાં પણ કાનમાં ફુંક મારી જાય એવા મિત્રો હોય તો કામ થઈ જાય. તમારી પાસે એવા મિત્રો છે ? એવા મિત્રો તો બિમારી વખતે પથારી પાસે બેસીને રૂએ નહિ, પણ બિમારને સુંદર ભાવનામાં રમણ કરાવે, સમાધિ આપે. રોગથી પીડાનારને કહે કે 'એમાં નવાઈ નથી, સમભાવે ભોગવ.' અને તેને ખ્યાલ આપે કે, 'રોગ ન જોઈએ તેણે શરીરના સંગ છૂટે તેવી ક્રિયા કરવી જોઈએ.'

### અંતિમ અવસ્થામાં મતિ તેવી ગતિ થાય છે

યોગ સાધો તો કલ્યાણમિત્રોનો યોગ સાધો. એવા મિત્રો જોઈએ કે જે આપણા આત્માનું ભૂંડું ન થઈ જાય તેની સાચી તકેદારી રાખે. અવસરે એવું સંભળાવી દે કે પાપના માર્ગે ધસ્યા જતા હો ત્યાં ચોંકી પડો. કલ્યાણમિત્ર હોય તો અંતિમ અવસ્થામાં પણ તે કામ લાગે. પથારીએ બેઠો રહે અને આત્માની વાતો કરે. પાપનો પશ્ચાતાપ કરાવે, સુકૃત્યોની અનુમોદના કરાવે અને મમતા મૂકીને જવાનું સમજાવે. મૃત્યુ સમયની સ્થિતિ ઉપરથી ભવિષ્યની ગતિનો ખ્યાલ કરી શકાય છે.

દુર્ગતિમાં જનારા આત્માઓ મૃત્યુ સમયે સમાધિ જાળવી શકતા નથી. છેલ્લે વખતે મતિ તેવી ગતિ થયા વિના રહેતી નથી. સમાધિપૂર્ણ મૃત્યુ તો પુણ્યવાનો જ પામી શકે છે. એવું મૃત્યુ પામવામાં કલ્યાણમિત્રો ઘણા સહાયક નિવડે છે. કલ્યાણમિત્ર પણ તેને મળે છે કે જે પુણ્યવાન હોય. પશ્ચિમ મુનિના જીવને જો પ્રથમ મુનિના જીવનો યોગ ન થયો હોત તો જ્ઞાની જાણે શી દશા થાત. કારણ કે પશ્ચિમ મુનિનો જીવ તો રમણીઓથી વિંટળાઈને ભોગ ભોગવવામાં લીન બન્યો હતો અને એ દશામાં મરે તો દુર્ગતિએ જાય એ સ્વાભાવિક છે. પણ પ્રથમ મુનિના જીવનો યોગ એને બચાવી લે છે. એ કઈ રીતે બચાવી લે છે તે જોવાનું તો હજું બાકી જ રહે છે.

### ધર્મદેશના કેવી હોવી જોઈએ ?

છેલ્લા દિવસોમાં આપણે જોઈ ગયા કે જે દિવસના પાછલા પહોરે શ્રી રાવણ હણાયા તેની પછીના બીજા જ દિવસના પ્રાતઃકાળે શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રી રાવણના સ્વજનો શ્રી બિભીષણ, શ્રી કુંભકર્ણ, શ્રી ઈન્દ્રજિત, શ્રી મેઘવાહન અને મંદોદરી વગેરે પણ શ્રી અપ્રમેયબલ નામના મુનિવરની પાસે ગયા. આગલે દિવસે જ ચતુર્જ્ઞાની મુનિવર ત્યાં કુસુમાયુધ નામના ઉદ્યાનમા પધાર્યા હતા અને રાતના તેમને નિર્મળ કેવળજ્ઞાન થતાં દેવતાઓએ આવીને કેવળજ્ઞાનનો મહિમા કર્યો હતો. અપ્રમેયબલ નામના કેવળજ્ઞાની મુનિવરની પાસે આવીને સૌએ વંદના કરી અને તે પરમ મહર્ષિના શ્રીમુખે ધર્મોપદેશ સાંભળ્યો. ધર્મોપદેશ અને તેમાંય આપનાર કેવળજ્ઞાની, એટલે કમીના શી રહે ? શ્રી અપ્રમેયબલ નામના કેવળજ્ઞાની મુનિવરે દીધેલી ધમોપદેશના અહીં વિસ્તારથી વર્ણવવામાં આવી નથી. તે છતાં પણ આ ત્રિષષ્ટિ મહાકાવ્યના રચયિતા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ જણાવેલી

प्रपच्छतुर्देशनांते, शक्रजिन्मेघवाहनौ ।
परं वैराग्यमापन्नौ, पुरातनभवान्निजान् ॥१॥

"દેશનાને અંતે પરમ વૈરાગ્યને પામેલા ઇન્દ્રજિત અને મેઘવાહને પોતાના પૂર્વભવો પૂછ્યા."

આ વાત ઉપરથી એ સ્વાભાવિક રીતે કલ્પી શકાય તેમ છે કે શ્રી અપ્રમેયબલ નામના કેવળજ્ઞાની પરમહર્ષિની ધર્મદેશના વૈરાગ્યને પેદા કરનારી તથા પેદા થયેલા વૈરાગ્યને પુષ્ટ કરનારી જ હતી.

જૈન મુનિની ધર્મદેશનામાં બીજું હોય પણ શું ? શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલા મુનિની ધર્મદેશના વૈરાગ્યને પેદા કરનારી ન હોય, વૈરાગ્યને પુષ્ટ બનાવનારી ન હોય તો શું સંસારના રાગને વધારનારી હોય ? સંસારના રાગને વધારનારી દેશના, એ ધર્મદેશના નથી પણ પાપદેશના છે. સંસારનો રાગ ભૂંડો છે, સંસાર દુઃખમય હોવાથી છોડવા જેવો છે, એનો ખ્યાલ આપવા માટે ધર્મદેશના છે. ધર્મદેશના સંસારની આસક્તિને વખોડે અને સંસાર ત્યાગને વખાણે. ધર્મદેશના તો સાંભળનારા યોગ્યના હૃદયમાં સંસાર પ્રત્યે વિરાગભાવ પેદા થાય અને મોક્ષ માટે ઉદ્યમશીલ બનવાનો તેનામાં ઉલ્લાસ ઉત્પન્ન થાય એવી હોય. ધર્મદેશનામાં સંસારથી મુકાવાના માર્ગનું નિરુપણ હોય. ધર્મદેશનામાં ક્યાંય સંસારના વખાણ ન હોય, સંસારની પુષ્ટિ ન હોય. ધર્મદેશના વૈરાગ્યરસથી જ ભરપૂર હોય. વૈરાગ્ય એટલે શું ? 'સંસાર પ્રત્યે વિરાગભાવ,' તેનું નામ વૈરાગ્ય. સંસાર હેય લાગે,' તેનું નામ વૈરાગ્ય. મુનિ એ વૈરાગ્યભાવ યોગ્ય સાંભળનારાઓના હૃદયમાં જન્મે અગર હોય તો તે પુષ્ટ બને એવો ઉપદેશ આપે.

### જૈનમુનિ ધર્મગુરુ છે પણ સંસારગુરુ નથી

વૈરાગ્યનો પ્રચાર કરવો એ જૈનમુનિનું દૂષણ નથી પણ આભૂષણ છે. વૈરાગ્યની વાતો પ્રત્યે અણગમો બતાવનારા મુનિઓ શ્રી જિનશાસનના મુનિઓ નથી પણ વેષધારી છે. મુનિ ધર્મદેશના આપે અને વૈરાગ્યની વાત જ ન આવે, એ બને નહી. તેમ છતાં જૈનમુનિના મુખેથી આજે તમને વૈરાગ્યની વાતો સાંભળી નવાઈ લાગે છે, કેમ?

**સભા** : હવે નવાઈ નથી લાગતી.

**પૂજ્યશ્રી** : ત્યારે હવે શું લાગે છે ?

**સભા** : સાચા સાધુઓ વૈરાગ્ય થાય તેવો જ ઉપદેશ આપે.

**પૂજ્યશ્રી** : વૈરાગ્ય ન થાય અને સંસાર વધે તેવો ઉપદેશ આપનારા મુનિઓ તમને ગમે કે નહિ ?

**સભા** : પહેલાં તો એ જ મીઠા લાગતા, પણ હવે સમજાયું કે એવા સાધુઓ તો અમારા સાચા હિતને હણનારા છે.

**પૂજ્યશ્રી** : આ શબ્દો ખાલી જવાબ દેવા પૂરતા ન હોય, પણ અંતરના હોય તો ઘણું છે. જૈનમુનિ પાસેથી તમે શાની આશા રાખો ? આજે કેટલાકોને ફીચરના નંબર કાઢી દેનારા, સટ્ટાની રૂખ બતાવનારા, તેજી-મંદી કહેનારા અને દોરાધાગા વગેરેથી ભોળા લોકોને ભમાવનારા વેષધારીઓ ગમે છે. કારણકે એમને ધર્મગુરુનથી જોઈતા પણ સંસારગુરુ જોઈએ છે. જૈનમુનિઓ ધર્મગુરુઓ હોય પણ સંસારગુરુ ન હોય.

જૈનમુનિનો ધર્મ સ્વયં વૈરાગ્યરસમાં ઝીલવાનો છે અને બને તો બીજા યોગ્ય આત્માઓને વૈરાગ્યમાં ઝીલતા બનાવવાનો છે. જૈનમુનિ એટલે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા મોક્ષમાર્ગને યથાશક્તિ આજ્ઞા મુજબ સેવનારા અને એની જ શક્તિ-સામગ્રી મુજબ પ્રચાર કરનારા. મોક્ષમાર્ગ એટલે શું ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. સાધુ એટલે આ રત્નત્રયીના પાલક અને શક્તિ હોય તો સદ્ગુરૂ તરફથી અધિકાર મળ્યા બાદ પ્રચારક પણ. આમા ક્યાંય સંસારની વાત છે ? નહિ જ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણમાંથી કોઈમાંય સંસારના રાગને વધારવાની વાત છે ? નહિ જ. સમ્યગ્દર્શનનાં લક્ષણો આદિ જાણો છો ? જાણતા હો તો ખબર પડે કે સમ્યક્દર્શનમાં પણ વૈરાગ્યની વાત છે. સમ્યગ્દૃષ્ટિમાં ત્યાગ ન હોય તે બને, પણ વિરાગ તો હોય જ. સંસારમાં રહે પણ રમે નહિ, એમ કેમ કહ્યું ? રહે તો ય રમે નહિ એ ક્યારે બને ? વૈરાગ્ય વિના ? યત્કિંચિત્ પણ વૈરાગ્ય ન

જ હોય, તો એ દશા આવે જ નહિ. વૈરાગ્યવાળો સંસારી ન જ હોય એમ નહિ પણ વૈરાગ્યવાળો સંસાર ત્યાગ કરવા માટે પ્રયત્નશીલ જરુર હોય. મુનિ એમા પ્રેરણાદિ દ્વારા મદદ કરનારા હોય.

## લઘુકર્મી આત્માઓને
## જ મુનિયોગ મળે છે અને ફળે છે

અહીં શ્રી અપ્રમેયબલ નામના કેવળજ્ઞાનીની ધર્મદેશના સાંભળ્યા પછી, પરમવૈરાગ્યને પામેલા એવા શ્રી ઈન્દ્રજિતે અને શ્રી મેઘવાહને તે જ્ઞાની મુનિવરને પોતાના પૂર્વભવો પૂછ્યા. જ્ઞાની મુનિવરે ફરમાવ્યું કે આ ભરતક્ષેત્રમાં આવેલ કૌશામ્બી નામની નગરીમાં તમો બંને પ્રથમ અને પશ્ચિમ નામે બંધુઓ હતા. તમો બંને નિર્ધન હતા. નિર્ધન હોવા છતાં પણ એ બંને પુણ્યાત્માઓ હતા. એમનું ભાવિ ઉજ્જવળ હતું. માનો કે તેમનું ભાવિ તેવું ઉજ્જવળ હોવાથી જ તે બંને ભાઈઓને એક ભવદત્ત નામના મુનિવરનો યોગ મળી ગયો. યોગ મળ્યો એટલું જ નહિ પણ એ યોગ ફળ્યો ય ખરો.

મુનિનો યોગ જેટલા જેટલાને મળે, તેટલાને ફળે જ એવો નિયમ નહિ. પુણ્યાત્માઓને મળેલો મુનિયોગ ફળે અને પાપાત્માઓને મળેલો મુનિયોગ ફૂટે. જ્યારે કેટલાક એવા પણ હોય કે જેમને મળેલો મુનિયોગ વિફલ નિવડે. પહેલી વાત એ કે જૈન મુનિનો યોગ થવો એ મુશ્કેલ અને મુનિનો યોગ થયા પછી એ સફળ થવો એ વધારે મુશ્કેલ. જે આત્માઓ કાંઈકને કાંઈક લઘુકર્મી બન્યા હોય છે તેઓને જ મુનિનો યોગ સારી રીતે મળે છે અને પછી સુંદર રીતે ફળે છે.

મુનિ મળ્યા પછી તેમના પ્રત્યે પૂજ્યભાવ જાગવો, પૂજ્ય ભાવ જાગ્યા પછી તેમનો શ્રી જિનાજ્ઞા મુજબનો ઉપદેશ રૂચવો, ઉપદેશ રૂચ્યા પછી તેનો જીવનમાં અમલ કરવાનો ઉલ્લાસ ઉત્પન્ન થવો અને તે પછી સર્વવિરતિ જેવી ઉંચી ભૂમિકાને પ્રાપ્ત કરવી, એ વગેરે ઉત્તરોત્તર અત્યંત દુર્લભ વસ્તુઓ છે. પણ નિર્ધન છતાં ઉજ્જવળ ભાવિવાળા

પ્રથમ અને પશ્ચિમ નામના ભાઈઓ ભવદત્ત નામના મુનિવરનો યોગ પામીને તે બધી જ દુર્લભ વસ્તુઓને પામ્યા; અર્થાત્ વ્રતધારી મુનિ બન્યા અને શાન્તકષાયી થઈને વિહરવા લાગ્યા.

આપણે જોઈ ગયા છીએ કે આ રીતે શાન્તકષાયી બનીને આ અવનિતલ ઉપર વિચરતા તે મુનિવરોને એક નિમિત્ત મળે છે અને કોઈ ભવિતવ્યતા જ એવી હશે કે એ નિમિત્ત તે બંનેમાથી પશ્ચિમ મુનિને ભાનભૂલા બનાવી દે છે. બન્યું છે એવું કે તે બંને મુનિઓ વિહરતા વિહરતા કૌશામ્બી આવી પહોંચે છે. એ વખતે વસંતઋતુ પ્રસંગે ચાલી રહેલા વસંતોત્સવમાં રાજા નંદિઘોષ પોતાની પત્ની ઇન્દુમુખીની સાથે ક્રીડા કરી રહ્યો છે. અને એ દૃશ્ય આ બે મુનિઓના જોવામાં આવે છે. એ દૃશ્ય નિરીક્ષણની અસર પ્રથમ મુનિ ઉપર થતી નથી. મુનિને તો એવું જોવામાં આવી જાય ત્યારે એવું જ વિચારવાનું હોય કે 'બિચારા અજ્ઞાન જીવો પુદ્ગલના રંગમાં કેવા ફસાયા છે કે જેથી સ્વને પણ વિસરી ગયા છે ! આના યોગે બંધાયેલુ પાપ જ્યારે ઉદયમાં આવશે ત્યારે આ બિચારાઓની કેવી દુર્દશા થશે ? અનંતી શક્તિનો સ્વામી આત્મા ક્ષણિક અને પરિણામે દુઃખદાયી વિષયસુખો માટે કેવો પામર બની જાય છે ? આવી આવી વિચારણા મુનિ કરે તો જે દૃશ્યનું દર્શન કામરસિક આત્મઓને વિકારની ભાવનાથી ભરી દે, તે જ દૃશ્યનું દર્શન મુનિના હૃદયને વૈરાગ્યરસથી તરબોળ બનાવી દે !

**વિષયવૃત્તિને પેદા કરનારાં સાધનોથી દૂર રહો**

પણ વૈરાગ્યરસથી તરબોળ બનવા માટે એવા દૃશ્યો જોવાના અખતરા ન થાય, હો ! એવા દૃશ્યોનું નિરીક્ષણ પણ પાડે ઘણાને, અને એને જોઈને સદ્વિચાર આવે કોઈને. એવા વખતે આત્માને ભાનભૂલો બનતાં વાર લાગતી નથી. મુનિ અગર શ્રાવક પણ એવા દૃશ્યો નજરે ન પડી જાય તેમ વર્તે અને નજરે પડી જાય તો દૃષ્ટિને પાછી ખેંચી લઈ, પુદ્ગલરમણતાના યોગે આત્માની અનંતકાળથી થઈ રહેલી દુર્દશા

વગેરેનો વિચાર કરે, પણ મનને બીજા વિચારે ન ચઢવા દે. સ્ત્રીપુરુષ એકાંતમાં વાત કરતાં હોય તો તે સાંભળવી નહિ, પરસ્ત્રીનાં અંગોપાંગ જોવા નહી, આ બધું શ્રાવકોને માટે ખરૂં ને ? તમે કેમ વર્તો છો ? શ્રાવક તરીકે પણ સુંદર જીવન જીવવાને માટે કેવા આચારો કેળવવા જોઈએ તે જાણો છો ? આજે કેટલાક તો વિષયવૃત્તિને પેદા કરનારાં નિમિત્તો ન હોય ત્યાંથી ઉભા કરે છે. આજના દીવાનખાનાં વગેરે કઈ ભાવના પેદા કરે ? વિરતિ સ્વીકારી શકવાનું સામર્થ્ય નહિ હોવાના યોગે સંસારમાં પડી રહેલા અને ત્યાગની અભિલાષા સેવનારા શ્રાવકો હોવા જોઈએ અને એ શ્રાવકોના સંસારજીવન પણ એવા હોવા જોઈએ કે જોનારને જૈનધર્મ પ્રત્યે પૂજ્યભાવ પ્રગટી નીકળે ! મોહના યોગે ન બનતું હોય તો ય ધ્યેયશુદ્ધિ કેળવો અને પ્રયત્ન કરો. વિષયવૃત્તિને પેદા કરનારા નિમિત્તોથી દૂર રહો અને વિષયવિરાગને પેદા કરનારા સાધનોની નિકટમાં રહો. શ્રાવકની આંખ રસ્તે ચાલતાં જ્યાં-ત્યાં ભટકનારી ન હોય. કેટલીક વાર સામાન્ય પણ નિમિત્ત આત્માને ભાન ભૂલાવી દે છે, માટે તેવા નિમિત્તોથી બચતા રહેવાનો પ્રયત્ન કરવો એ જ ડહાપણભર્યું છે. નંદિઘોષ રાજાને રાણી ઈન્દુમુખીની સાથે વસંતોત્સવમાં ક્રીડા કરતો પ્રથમમુનિએ પણ જોયો અને પશ્ચિમમુનિએ પણ જોયો. પરંતુ પ્રથમમુનિના હૃદય ઉપર લેશ પણ ખરાબ અસર થઈ નહિ અને પશ્ચિમમુનિના હૃદય ઉપર કારમી અસર થઈ. પશ્ચિમમુનિના હૃદયમાં ભોગની તીવ્ર લાલસા જાગી. નન્દિઘોષ રાજાની જેમ ભોગ ભોગવવાની ભયંકર અભિલાષા પ્રગટી. એ અભિલાષા પ્રગટી પણ અત્યારે તો કાંઈ થઈ શકે તેમ હતું નહીં. પાસે મૂડી હતી નહીં, સગવડ હતી નહીં, એટલે તે જ જીવનમાં તો એ અભિલાષા ગમે તેટલી પ્રબલ હોય તો ય નિરર્થક જ હતી ! પશ્ચિમમુનિ પાસે મૂડી હતી માત્ર ધર્મની. આ જીવનમાં સંયમની આરાધના કરી હતી તે મૂડી હતી. પશ્ચિમમુનિએ પોતાની

ભોગલાલસાને પૂરી કરવાને એ મૂડી વેડફી નાંખવાનો વિચાર કર્યો. ધર્મના ફળ તરીકે પાપનું સાધન પ્રાપ્ત કરવાનો નિર્ણય કર્યો. અને તેમણે એવું નિયાણું કર્યું કે, 'મેં કરેલા આ ધર્મના બદલામાં હું આ જ રાજા-રાણીનો પુત્ર થાઉં અને આવો જ ક્રીડા તત્પર થાઉં.' બીજા સાધુઓએ તેમને ઘણા વાર્યા. કારણકે નિયાણાના યોગે આત્માને ઘણું નુકસાન થાય છે એમ તે સાધુઓ જાણતા હતા. પણ પશ્ચિમમુનિ નિયાણાથી પાછા ફર્યા નહિ. કેટલાક કર્મો અમુક ક્ષેત્ર પામીને, અમુક નિમિત્તને પામીને ઉદયમાં આવનારાં હોય છે. ધર્મદાન કરવા માટે શુભ ક્ષેત્ર, શુભ કાળ વગેરે જોવાની શાસ્ત્રોએ આજ્ઞા કરી, એનો હેતું આ છે. પશ્ચિમમુનિને પણ તેવું કોઈ દુષ્કર્મ ઉદયમાં આવી ગયું કે જેથી બીજા સાધુઓએ તેમને ઘણું ઘણું સમજાવવા છતાં પણ તે માન્યા નહિ અને પોતે કરેલા નિયાણાથી પાછા ફર્યા નહીં.

### માગ્યું તે મળ્યું પણ ધર્મ ભૂલાઈ ગયો

માણસે બરાબર ધર્મ કર્યો હોય તો ધર્મ ઈચ્છિત વસ્તુ આપ્યા વિના રહેતો નથી. "**પૌદ્દગલિક અભિલાષાથી ધર્મ નહિ કરવો જોઈએ અને ધર્મ કર્યા બાદ પણ પૌદ્દગલિક અભિલાષાને આધીન બનીને નિયાણું નહિ કરવું જોઈએ, આવી શાસ્ત્રની આજ્ઞા છે.**" પણ શાસ્ત્ર એમે ય જણાવે છે કે જો ધર્મ કર્યો જ હશે તો એક વાર તો પૌદ્દગલિક અભિલાષા ફળીભૂત થયા વિના નહિ રહે. જો એમ છે તો પછી નુકસાન શું? ધર્મરૂપ સાથીદાર ચાલ્યો જાય તે ! પશ્ચિમ મુનિએ ધર્મ તો કર્યો જ હતો, એટલે કરેલા નિયાણા મુજબ પશ્ચિમ મુનિનો જીવ નંદિઘોષ રાજાની ઈન્દુમુખી રાણીની કુક્ષીથી પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તે પશ્ચિમ મુનિનો જીવ 'રતિવર્ધન' યૌવનદશાને પામ્યો, રાજયનો રાજા બન્યો અને રમણીઓથી વિંટળાયેલા તે વિવિધ ભોગોને ભોગવવા લાગ્યો.

આમ પશ્ચિમ મુનિના જીવને તેણે જે માંગ્યું હતું તે બરાબર મળ્યું, પણ ધર્મ ભૂલાઈ ગયો. પુણ્યાનુબંધી પુણ્યના યોગે મળેલી ભોગ સામગ્રીથી આત્માની આવી અવદશા થતી નથી.

અહીં જુઓ કે પ્રથમ મુનિના જીવે નિદાન નહોતું કર્યું, તેમની તપશ્ચર્યા નિર્નિદાન હતી. એટલે નિર્નિદાન તપશ્ચર્યાના યોગે પ્રથમ મુનિનો જીવ પાંચમા કલ્પમાં પરમર્દ્ધિક દેવ બન્યો. પેલા કરતાં સાહાબી અને ભોગ સામગ્રી કઈગણી સુંદર મળી અને તેટલી સાહાબી તથા ભોગ સામગ્રી મળવા છતાં પણ પ્રથમ મુનિનો જીવ એમાં ભાનભૂલો બન્યો નહિ. દેવ બનેલા પ્રથમ મુનિના જીવે વિચાર કર્યો કે મારો સંસારીપણાનો ભાઈ અને મુનિપણામાં પણ સહચારી નિયાણું કરીને મર્યો છે, તે હાલ ક્યાં છે ? અને શું કરે છે ? તેણે અવધિજ્ઞાનથી રમણીઓની સાથેના રંગરાગમાં ગુલતાન બનેલા રતિવર્ધન રાજાને જોયો. પોતાના પૂર્વભવના ભાઈ તેમજ સહચારી મુનિની આવી દશા જોઈને તે દેવને ખેદ થયો અને તેને કોઈ પણ રીતે પ્રતિબોધ પમાડવાનો નિશ્ચય કર્યો. આવો નિશ્ચય ક્યારે થાય ? હૈયામાં ધર્મ હોય તો કે તે વિના ? અંતરમાં વિરક્તિ હશે કે નહિ હોય ?

### ધર્મ તો મોક્ષ માટે જ કરવો

દેવલોકની ભોગ સામગ્રી મળવા છતાં પણ આવી આત્મશુદ્ધિ ટકી રહે તે પ્રભાવ પુણ્યાનુબંધી પુણ્યનો છે અને તેવું પુણ્ય પ્રથમ મુનિના જીવે નિર્નિદાન તપશ્ચર્યાના યોગે ઉપાર્જ્યું હતું. તપશ્ચર્યા કરતાં તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જવાનો ઈરાદો ન હતો. મુનિનો ઈરાદો તો કર્મનિર્જરા દ્વારા મોક્ષ સાધવાનો જ હોય, છતાં પણ ધર્મના યોગે પુણ્યાનુબંધી પુણ્ય ન જ બંધાય એમ નહી. અમુક પ્રકારે નિર્જરા ય થાય અને અમુક પ્રકારે પુણ્યાનુબંધી પુણ્યે ય બંધાય. એ હૃદયના પરિણામ ઉપર આધાર રાખે છે. આપણું તો કહેવું છે કે એકે નિદાન કર્યું અને એકે ન કર્યું. તો બે વચ્ચેનો ભેદ વિચારો ! અને એ વિચારીને જ્ઞાનીની

આજ્ઞા મુજબ આશંસા રહિતપણે, નિદાન રહિતપણે કેવળ મુક્તિના જ ઇરાદાથી ધર્મની આરાધના કરવા તત્પર બનો.

પ્રથમ મુનિના જીવે પાંચમાં કલ્પમાં પરમર્દ્ધિક દેવ તરીકે ઉત્પન્ન થયા બાદ પોતાનો ભાઈ મુનિ કયાં કઈ સ્થિતિમાં છે ? તે જાણવા માટે ઉપયોગ મૂકયો. તો એને રાજા તરીકે રમણીઓના વિષયભોગમાં અને રાજ્યાદિ સાહાબીમાં મહાલતો જોયો. એણે પોતાના ભાઈને સમજાવવાનો વિચાર કર્યો. આનું નામ કલ્યાણમિત્ર. આવા મિત્ર, આવા સાથી મળે તો કામ થાય. એ દેવતા દેવલોકનાં સુખમાંથી મનુષ્યલોકમાં ભાઈને પ્રતિબોધ કરવા, રાજાને ઉપદેશ આપવા આવ્યો. એ દેવ ત્યાં મુનિનું રૂપ ધારણ કરીને આવ્યો. રતિવર્ધન રાજાને તો ખબર નથી કે આ દેવ છે અને પૂર્વભવનો મારો ભાઈ છે. રાજા તો એક મુનિ તરીકે તેનો સત્કાર કરે છે. આસન આપી બેસાડે છે. આ હતો તો દેવ. પણ હતો કેવો ? ભાવદયાળુ હતો. પોતાનો ભાઈ રાજા બન્યો છે, રમણીઓની સાથે આનંદ કરી રહ્યો છે, એ રમણીઓના જીવનનો આધાર એના ઉપર છે, એ મૂકાવવાનો દેવને અધિકાર ખરો કે નહિ ? દેવ તો એ માટે જ આવ્યો છે ને ? એ દેવને પાપ લાગે કે ન લાગે ? તમારી દૃષ્ટિ ગમે તે હોય, પણ તથ્યાતથ્યના જ્ઞાતા, વસ્તુ સ્વરૂપના જાણ, સુખદુ:ખના વાસ્તવિક નિદાનથી સુપરિચિત અને ભાવદયાથી ભરેલા શાસ્ત્રકારો તો તે દેવની આ ક્રિયાને વખાણ્યા વિના નહિ રહે.

**તત્ત્વો ઉપરની રૂચિ પમાય તો જીવન ફરી જાય**

દેવ તો ચોથે ગુણસ્થાનકે છે; એની જો આ દશા, તો પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાનકવાળી દશા ઉંચી જ જોઈએ ને ? અત્યારે જે રાજ્યસુખ ભોગવે છે તેને તે બધું ત્યજાવવા, પુષ્પશય્યામાં પોઢનારને ઠંડી-ગરમીની પરવા કર્યા વિના ભટકતો બનાવવા, ભિક્ષા માંગીને નીરસ આહાર મેળવી જીવનનિર્વાહ ચલાવનારો બનાવાવા એ આવ્યો છે ને ? આ દેવ સારો કે નરસો ? દૃષ્ટિ સીધી બનાવો તો એકાંતે સારો જ લાગે. એક

વસ્તુ પમાય તો જીવન ફરી જાય અને તે એ કે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં તત્ત્વો ઉપરની વાસ્તવિક રૂચિ ! મુનિનો જીવ દેવ થયો છે, પણ ધર્મનું ફળ માગીને દેવ નથી થયો. મુનિપણું વેચીને જો દેવપણું માગ્યું હોત તો કદાચ દેવ થયો હોત પણ એની આ દશા ન હોત. આ તો દેવ થયો છે છતાં વૈરાગ્ય જીવતો જાગતો છે. પશ્ચિમ મુનિના જીવે ફળ માગ્યું એથી રાજા તો થયો, પણ અત્યારે ધર્મ ભૂલી ગયો છે ને ? તમને મનુષ્યપણું અને તેની સાથે આ બધી સામગ્રી મળી છે. તે માંગી મળી છે કે કઈ રીતે મળી છે ? તે વિચારી જુઓ. આપણે પોતે કોણ છીએ ? તે પરખવાનો પ્રયત્ન કરવા જેવો છે. પોતાની મનોવૃત્તિનો પોતાની જાતે અવશ્ય તપાસવી જોઈએ.

**સભા** : દેવ આવ્યો તે તેના ઉપર ઉપકાર હતો કે સ્વાભાવિક આવ્યો ?

**પૂજ્યશ્રી** : આપણે જોઈ ગયા કે પૂર્વભવમાં આ દેવ અને રતિવર્ધન રાજા, એ બે ગૃહસ્થપણામાં ભાઈ હતા. વળી બંનેએ સાથે સંયમ લીધુ હતું એટલે મુનિ તરીકે બંને ગુરુભાઈ હતા. અહીં ચરિત્રકાર પરમર્ષિએ 'ભાતૃસૌહદ' કારણ જણાવેલ છે. શ્રાવક શ્રાવકનો સાધર્મિક, તેમ મુનિ મુનિનો સાધર્મિક. આમ સૌહદ ઘણું હતું. આવું સૌહદ તમે પણ કેળવો. આવું સૌહદ કેળવશો તો ભવાંતરે પણ તમને ટોકનાર ચેતવનાર મળશે. પણ એવી રીતે ટોકવા આવનારનું અપમાન નહિ કરવાની તમને ખાસ ભલામણ છે.

## ધર્મના બહુમાનદર્શક પાંચ લિંગો

જે આત્મા ધર્મ કે ધર્મીનું અપમાન કરે છે અથવા તો છતી શક્તિએ ધર્મ કે ધર્મીનું અપમાન થતું રોકવાની ફરજ બજાવતો નથી. તે આત્મા ધર્મી તો નથી જ. ધર્મી તે કે જે ધર્મ તથા ધર્મીનું અપમાન જાતે કરે નહિ, બીજો કોઈ અપમાન કરતો હોય અને પોતામાં તાકાત હોય તો તેનો પ્રતિકાર ખરે અને તેવી શક્તિ ન હોય તો ત્યાંથી દૂર ખસે, પણ

એના હૃદયમાં દુ:ખ થાય અને ભાવના એ રહે કે "હું તો પામર છું પણ કોઈ સમર્થ પુણ્યાત્મા આનો પ્રતિકાર કરે તો સારું!'

સુવિહિતશિરોમણી આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજે, ધર્મ પ્રત્યે વાસ્તવિક બહુમાન છે કે નહિ તે જાણવાનાં પાંચ લિંગો દર્શાવ્યા છે. **(૧) તત્કથાપ્રીતિ, (૨) નિંદાનું અશ્રવણ (૩) નિંદકની અનુકંપા, (૪) સવિશેષ જ્ઞાન સંપાદન કરવાની ઇચ્છા અને (૫) ધર્મમાં જચિત્તનો નિવેશ.**

જેનામાં ધર્મ પ્રત્યે બહુમાન હોય, તેનામાં ધર્મકથા પ્રત્યે પ્રીતિ ન હોય, એ કેમ બને ? ધર્મના કથન તરફ ધર્મ પ્રત્યે બહુમાનવાળાને પ્રેમ ન હોય, એ બને જ નહિ. એ જ રીતે નિંદાનું અશ્રવણ. ધર્મની નિંદા તે સાંભળી શકે નહિ. શક્તિ હોય તો નિંદાને દૂર કરે અને શક્તિ ન હોય તો પોતે ત્યાંથી ખસી જાય. જેના પ્રત્યે બહુમાન હોય તેની નિંદા સાંભળી ન શકાય એ સ્વાભાવિક વસ્તુ છે. ધર્મી, ધર્મ કે ધર્મની નિંદા થતી સાંભળીને કંપે, એને બહુ દુ:ખ થાય. એને એ ભાવના થાય કે આ નિંદા થતી અટકે તો સારું શક્તિ સામગ્રી હોય તો પોતે જ નિંદા થતી અટકાવે. શક્તિને ગોપવે નહિ. શક્તિ સામગ્રી ન હોય તો ત્યાંથી ખસી જાય, પણ આજના કેટલાકોની જેમ ધર્મનિંદકો સાથે શેકહેન્ડ કરવા ન જાય. વર્તમાન દુનિયામાં પણ જુઓ કે જ્યાં પ્રેમ ઢળ્યો છે તેની ગાંડીઘેલી વાત પણ માનવાને લોક તૈયાર થઈ જાય છે અને એની સામે સાચો, યુક્તિપૂર્વકનો અક્ષર બોલો તો ય જાણે કરડી ખાવા ધાય છે. આ તો અનુભવ રૂપે દેખાય છે ને ? અહીં આપણે તે રીતે વર્તવાનું કહેતા નથી, પણ શુદ્ધ રાગ કેળવવાનું જ કહીએ છીએ એ ન ભૂલતા. દાખલો તો એ માટે આપ્યો કે રાગ શું કામ કરે છે, તેની ખબર પડે. વિચારો કે તમારામાં સાચો ધર્મરાગ છે ?

ધર્મ પ્રત્યે બહુમાન હોય તો ધર્મ કે ધર્મીની નિન્દા થતી સાંભળતાની સાથે જ હૃદયમાં લાગી આવે. શક્તિ સામગ્રી હોય તો

પ્રતિકાર કરવાને ચૂકે નહિ, પણ પ્રતિકાર કરનાર અનુકમ્પાહીન બને નહિ. ધર્મના નિન્દક પ્રત્યે પણ અનુકંપા જરૂર હોય, પ્રત્યનિકોને શિક્ષા કરવાં છતાં પણ તેમના પ્રત્યેની અનુકંપા જીવતી જ રહેવી જોઈએ. તેવી શિક્ષા કરનારમાં અનુકંપા ન હોય એમ ન માનતા. ધર્મ હૃદયમાં પરિણામ પામ્યો હોય તો, જેમ શક્તિ સામગ્રી મુજબ નિંદા અટકાવવાની પ્રવૃત્તિ થાય, તેમ નિન્દકો પ્રત્યે પણ અનુકંપાભાવ જીવતો ને જાગતો રહે. આજે જેટલા ધર્મી ગણાય છે તે બધાની જ જો આ દશા હોય, તો શ્રી જૈનશાસન આ કાળમાં પણ અજબ રીતે પ્રભાવવંતુ દેખાયા વિના રહે નહિ. માત્ર એ દશા કેળવવી જોઈએ.

### દિલનો અનુરાગ ધર્મમાં હોય તો

ધર્મ પ્રત્યે બહુમાનવાળાનું ચોથું લક્ષણ કહ્યું - 'સવિશેષ જ્ઞાનેચ્છા.' ધર્મનું સવિશેષ જ્ઞાન સંપાદન કરવાની અભિલાષા સદા એના હૃદયમાં હોય જ. કારણકે તેના ચિત્તનો નિવેશ ત્યાં જ, એટલે ધર્મમાં જ હોય. આ દશા તમારી છે ? ધર્મનું જ્ઞાન સંપાદન કરવાની તમારામાં ઈચ્છા કેટલી છે એ વિચારો અને એ ય તપાસો કે તમારા ચિત્તનો નિવેશ ક્યાં છે ? ધર્મ પ્રત્યે બહુમાનવાળો શ્રી જિનવાણી શ્રવણ કરવા તરફ બેદરકાર હોય ? શ્રી જિનવાણી સાંભળવામાં અનિયમિત હોય ? મોડા આવવું, બેસો ત્યાં સુધીય ઘડીયાળ સામે વારંવાર જોયા કરવું, અને બને તો વહેલા ઉઠવું. આ તો પુણ્યશાળી વ્યાખ્યાન સાંભળવા પધારે ત્યારની વાત, બાકી વચ્ચે ખાડા પડે તે જુદા ! આજે જે દશા છે તે પ્રેમનો અભાવ તો નહિ પણ ઘણી ઓછાશ જણાવનાર છે, એમ લાગે છે ? પણ તમારા ચિત્તનો નિવેશ વસ્તુતઃ ધર્મમાં નથી. ચિત્તનો અનુરાગ જો ધર્મમાં થઈ જાય, તો બીજા ગુણો આપોઆપ આવી જાય, પણ ચિત્ત પુદ્ગલરાગમાં રોકાયેલું હોય ત્યાં શું થાય ?

દેવ તો મહાઅવિરતિ, એને વિષયની  સામગ્રીથી વિંટળાઈને તેમાં આનંદ માનનારને વૈરાગ્ય પમાડવાનું મન થાય ? પણ થયું. એ કેમ થયું ? તમારે તો વિષયોને શોધવા જવા પડે છે અને દેવોને તો વિષયો પોતે શોધે છે. તમે તો બજારમાં જાઓ અને કમાઈને લાવો તો મોજમઝા પામો અને દેવોને તો બધું વગર મહેનતે મળે છે. ઈચ્છા સાથે જ મળે છે. તેમને છોકરાંની પંચાત જ નહિ. એને ન ગર્ભમાં આવવાનું કે ન વિષ્ટામૂત્રમાં રહેવાનું. જમવાની પણ પીડા એને નહિ. કેવળ વિષયસુખની  સામગ્રીમાં પડ્યા રહેવાનું ! એને વૈરાગ્ય આવે ? અહીં નહિ અને ત્યાં વૈરાગ્ય ? દિવસમાં તમે કેટલીક લપડાક ખાઓ છો ? કેટલા અપમાન સહો છો ? ભલે તમે લાલચોળ થઈને ફરો, પણ તમારી કયાં કયાં કઈ કઈ દશા છે તે શું છૂપી છે ? રોટલાના ટૂકડાનો ભૂખ્યો કૂતરો દંડાને ન જુએ. થોડીવાર પહેલા લાકડી મારનાર પણ જો તૂ તૂ કરી રોટલાનો ટૂકડો બતાવે તો કુતરૂ ત્યાં દોડી જાય. અહીં સંસારમાં કેટલાય જીવોની આવી દશા હોય છે. છતાં પણ વૈરાગ્ય નથી થતો અને દેવને ભોગ સામગ્રીનો પાર નહિ છતાં પણ વૈરાગ્યની વાત સૂઝે છે.

### મોક્ષના ઈરાદાથી જ્ઞાનીની આજ્ઞા મુજબ સહો તો કલ્યાણ થાય

આજે કેટલાક કહે કે 'ધર્મ તો કરીએ, પણ આપત્તિ નહિ જોઈએ' શું આ વ્યાજબી છે ? ધર્મની વાતમાં જરા જેટલી આપત્તિ આવે ત્યાં વાંધો લાગે છે અને ઘરકામમાં તો ઘણી ઘણી આપત્તિઓ આવે તો ય ગભરાતા નથી ! આપત્તિ સહ્યા વિના ઉદય થશે ?

વ્યવહારમાં તો જેમ વિઘ્ન આવે તેમ ઘડાય, એ તમારી માન્યતા છે. ઠોકર વાગે તેમ ભાન આવે, આ ન્યાય વ્યવહારમાં બધાને માન્ય છે. બહુ ટપલી ખાય એ સુધરે અને હોંશિયાર બને એ વાત ત્યાં સ્વીકારો છો, માટે તો છોકરાને પારકી ટપલી ખાઈને શીખવવા પારકી દુકાને મોકલો છો ! અને અહીં ? તમે તો એવો ધર્મ માગો છો કે જેમાં

આપત્તિ જ ન આવે પણ આપત્તિ વિના ધર્મ નથી. આપત્તિ માત્રથી ગભરાનારો પૂરો ધર્મ કરી શકે નહિ.

શાસ્ત્રકારોએ પ્રણિધાન અને પ્રવૃત્તિ બે કહ્યા પછી વિઘ્નજય કહ્યું. અને વિઘ્નજય પછી સિદ્ધિ તથા વિનિયોગની વાત કરી. ધર્મ કરવાનો નિશ્ચય કર્યો, ધર્મની પ્રવૃત્તિ ય આદરી, પણ વિઘ્ન આવ્યું એટલે પાછા ભાગ્યા તો સિદ્ધિ થાય શાની ? આવતી આપત્તિઓને હસતે મુખે સહવાની ધર્મીએ તાકાત કેળવવી જોઈએ. ઉપસર્ગ-પરિષહ સહ્યા વિના કાંઈપણ વેઠ્યા વિના કર્મક્ષય થાય ? કર્મક્ષય માટે મન-વચન-કાયા ઉપર કાબુ કેળવવો પડે અને એ આપત્તિરૂપ લાગે છે. પણ તેવો કાબુ કેળવ્યા વિના કર્મક્ષય થાય નહિ અને કર્મક્ષય વિના મુક્તિ પણ ન જ થાય. તમો આપત્તિ સહો તો છો, પણ મોક્ષ મેળવવાના ઇરાદાથી જ્ઞાનીની આજ્ઞા મુજબ વર્તતા, આવતી આપત્તિ સહો તો કલ્યાણ થાય.

### દેવનું મુનિવેષે આગમન, પૂર્વભવ કથન, રતિવર્ધન રાજાને જાતિસ્મરણ

આ દેવ થયો, તે એમને એમ થયો ? પૂર્વભવમાં સંયમનું પાલન આપત્તિથી ગભરાયે થયું હશે ? આપત્તિ સારી રીતે સહી લીધી તો દૈવી ભોગ સામગ્રી મળવા છતાં પણ વિરક્તિ ટકી રહી. અવિરતિમાં વિરક્તિ ન હોય એવો નિયમ નહિ. અવિરતિ જો સમ્યગદૃષ્ટિ હોય તો તેનામાં અવિરતિ છતાં વિરક્તિ જરૂર હોય. આ દેવ અવિરતિ છતાં પણ વિરક્તિવાળો હતો એથી પોતાના પૂર્વભવના ભાઈને અને સહચારી મુનિને પ્રતિબોધ પમાડવાની તેને બુદ્ધિ સુઝી. આપણે જોઈ ગયા કે દેવ-મુનિનું રૂપ ધારણ કરીને રતિવર્ધન રાજાની પાસે આવ્યો, રતિવર્ધન રાજાએ મુનિધારી તે દેવને આસન આપ્યું અને તે આસન ઉપર મુનિરૂપે આવેલ દેવ બેઠો. દેવ રાજાને ઉપદેશ આપવાનું પસંદ કરતો નથી. એને તો રતિવર્ધન રાજાને તેની ખરી દશાનુ ભાન કરાવવું છે. ખરી દશાનું

ભાન થઈ જાય તો તે પછી ઉપદેશની જરૂર પ્રાયઃ રહે જ નહિ. આથી દેવે તે રતિવર્ધન નામના રાજાને તેનો તથા પોતાનો પૂર્વભવ કહી સંભળાવ્યો. અને તે પૂર્વભવ એવી તો સુંદર રીતે કહી સંભળાવ્યો કે તે સાંભળતા જ રતિવર્ધન રાજાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.

**જ્ઞાનથી ભાન થવું અને એથી દીક્ષા લેવી**

જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું એટલે તો દેવે જે કહ્યું તે સાક્ષાત્ જોયું. પૂર્વભવની નિર્ધનદશાનું, મુનિનો યોગ સાંપડ્યાનું, મુનિ પાસે ધર્મ સાંભળીને વ્રત ગ્રહણ કર્યાનું, વર્ષો સુધી સંયમની આરાધના કર્યાનું અને તે પછી ભોગની કારમી લાલસાને આધીન બની ભયંકર નિદાન દ્વારા મુનિપણાના ફળને વેડફી નાંખ્યાનું તેમજ નિદાનયોગે નિપજેલી પોતાની વર્તમાન સ્થિતિનું-આ બધાનું ભાન રાજાને બરાબર થઈ ગયું. એ અંગે ફરમાવ્યું છે કે,

*संजातजातिस्मरणाद्-विरक्तो रतिवर्धनः ।*
*प्राव्राजीदथ मृत्वा च, ब्रह्मलोके सुरोऽभवत् ॥१॥*

જાતિસ્મરણ જ્ઞાનના યોગે આ ભાન થયા પછી રતિવર્ધન રાજા વિરક્ત બન્યો. વિરક્ત બનવાના પરિણામે રતિવર્ધન રાજાએ દીક્ષા લીધી અને દીક્ષાનું એવી સુંદર રીતે પાલન કર્યું કે તે એટલે પશ્ચિમ મુનિનો જીવ પણ ત્યાંથી મરીને બ્રહ્મલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. આ પછી શું થયું તેનું વર્ણન કરતાં ફરમાવ્યુ છે કે,

*च्युत्वा ततो विदेहेषु, विबुद्धनगरे युवाम् ।*
*अभूतां भ्रातरौ भूपौ, प्रव्रज्याच्युतमीयतुः ॥१॥*
*च्युत्वाच्युताद् दशास्यस्य, प्रतिविष्णोस्तु संप्रति ।*
*पुत्रौ युवामजायेता-मिन्द्रजिन्मेधवाहनौ ॥२॥*
*रतिवर्धनमाता तु, भवं भ्रांत्वेन्दुमुख्यपि ।*
*मन्दोदरी समभवज्जननी युवयोरियम् ॥३॥*

ત્યારબાદ પ્રથમ મુનિનો જીવ પાંચમાં કલ્પમાંથી ચ્યવીને અને પશ્ચિમ મુનિનો જીવ રતિવર્ધનનો ભવ કરી બહ્મલોકમાં દેવ થયેલો તે ત્યાંથી ચ્યવીને, એમ

તે બંનેય ભાઈઓ મહાવિદેહ ક્ષેત્રમાં વિબુદ્ધ નગરમાં ઉત્પન્ન થયા. અહિં પણ બંને ભાઈરૂપે જન્મ્યા અને રાજા બન્યા. પણ રાજ્યસાહાબીમાં મૂંઝાયા નહિ. રાજા થવા છતાં પણ તેઓએ પ્રવજ્યા ગ્રહણ કરી અને ત્યાંથી કાળધર્મ પામીને અચ્યુત દેવલોકમાં ગયા અને અચ્યુત દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને, ત્યાંથી ચ્યવી તે બંને ભાઈઓ પ્રતિવાસુદેવ શ્રી રાવણના પુત્રો તરીકે જન્મ પામ્યા અને તે જ 'ઇન્દ્રજિત' તથા 'મેઘવાહન.'

કેવળજ્ઞાની પરમમહર્ષિ અપ્રમેયબલ મુનિવરે તે બંનેયના પૂર્વભવોના આ પ્રકારનો વૃત્તાન્ત જણાવ્યા બાદ એ વાત પણ જણાવી દીધી કે પશ્ચિમ મુનિનો જીવ રતિવર્ધન તરીકે જેની કુક્ષિથી ઉત્પન્ન થયો હતો તે નન્દિઘોષ રાજાની રાણી ઇન્દ્રમુખી પણ ત્યાંથી મરીને વચલો કાળ સંસારમાં ભમીને શ્રી રાવણની રાણી મંદોદરી બની. અર્થાત્ ઇન્દ્રજિત અને મેઘવાહનની માતાનો જીવ પહેલાં મેઘવાહનના જીવની માતા બની ચૂકેલી છે અને અહીં તો મંદોદરી ઇન્દ્રજિત તથા મેઘવાહન બંનેયની માતા બનેલી છે, એ આપણે જાણીએ જ છીએ.

# ધર્મવ્યવહારની આડે આવે તે બધા પાપવ્યવહારો

## ૯

શ્રી અપ્રમેયબલ મહર્ષિના શ્રીમુખે પૂર્વભવની વાતો જાણીને શ્રી કુંભકર્ણઆદિ, શ્રી ઈન્દ્રજિત, મેઘવાહન આદિ અને શ્રી મન્દોદરી આદિએ દીક્ષાનો સ્વીકાર કર્યો. આ પ્રસંગના વર્ણનમાં ગઈકાલે પતિ મર્યો હોય તો આજે દીક્ષા લેવાય કે નહીં? એવા પ્રશ્નપૂર્વક ખૂબ જ વિશદ વર્ણન થયું છે જે ધર્મવ્યવહાર-પાપવ્યવહારની સ્પષ્ટતા કરે છે, ધર્મશાસ્ત્રકારોની અપક્ષપાત વૃત્તિને રજૂ કરે છે અને જૈનત્વની જાગતી જ્યોતનો પ્રકાશ ફેલાવે છે.

શ્રી શાલિભદ્ર અને શ્રી જંબુકુમારના પ્રસંગો, શ્રીગુણસાગરની વાતો વર્ણવતાં પ્રવચનકાર મહર્ષિએ દીક્ષા અંગે પરિણતીની પરિક્ષા, અતિશય જ્ઞાનીઓની વિશિષ્ટતા, સંસારત્યાગ કોણ કરી શકે ? દીક્ષાના સંબંધમાં વય:પ્રમાણનું વર્ણન તથા આઠ વર્ષની દીક્ષા અપવાદ માર્ગ નથી પણ રાજમાર્ગ છે નો ઉદ્ઘોષ કર્યો છે. અને તે બાબતમાં મહાપુરુષોના વચનોનો ઉલ્લેખ કર્યો છે તથા દીક્ષાવિરોધીઓની વિકૃત દલીલોનું પરિમાર્જન શાસ્ત્રાધારે યુક્તિપૂર્વક અહીં કર્યું છે.

-શ્રી

# ધર્મવ્યવહારની આડે આવે તે બધા પાપવ્યવહારો

- શ્રી કુંભકર્ણ, આદિની દીક્ષા
- ધર્મવ્યવહારની આડે આવે તે વ્યવહાર પાપ વ્યવહાર છે
- સભ્યકુળની રીતિ
- કુલીન સ્ત્રીઓને સદાચારથી ભ્રષ્ટ ન કરો
- શાસ્ત્રકારોને પુરુષો પ્રત્યે પક્ષપાત કરવાનું કારણ હતું જ નહિ
- હક્કની મારામારી જ નહિ હોય
- આર્યપત્નીની ભાવના હૃદયમાં આવી જાય તો હક્કની મારામારી રહે જ નહિ
- જેના હૃદયમાં જૈનત્વ હોય તે આર્યપત્ની શું કહે ?
- શ્રી જંબુકુમારનો પ્રસંગ
- આજની સ્થિતિ
- શ્રી ગુણસાગરનો પ્રસંગ
- પાપના માર્ગથી ઉગારી લેવાને બદલે
  પાપના માર્ગે ઘસડી જવાનો પ્રયત્ન
- દીક્ષાને આપવાનો વિધિમાર્ગ કયો છે ?
- તેને આરાધના-વિરાધનાના ફળનો ખ્યાલ આપવાનો
- દુષ્કર્મ ઉગ્રપણે ઉદયમા આવે તો ભલભલા પણ પડી જાય
- પરિણતિની પરીક્ષાનું કારણ
- દીક્ષા આપવામાં અતિશયજ્ઞાનીઓની વિશિષ્ટતા હોય છે
- પરિચિત-અપરિચિત વચ્ચેનો તફાવત
- પરિચિત પણ બદઈરાદે-ખોટા ઈરાદે, દીક્ષા લેવા આવે તો ?
- ભોગવ્યું ન હોય તેનો ત્યાગ કરી શકાય જ નહિ એમ કહેનારની ભયંકર અજ્ઞાનતા
- ભોગથી પ્રાયઃ ભોગવૃત્તિ વધે છે
- દીક્ષા સંબંધમાં વયઃપ્રમાણ
- આઠ વર્ષની શરીરાવસ્થાએ દીક્ષા તે અપવાદમાર્ગ નથી પણ રાજમાર્ગ છે
- ભોગમાં યુવાન વય નહિ પસાર કરી ચૂકેલાને દીક્ષા ન દેવાની વિરોધી દલીલ
- વિષયસંગોના અનુભવપૂર્વક યુવાનવય વ્યતીત કરી
  ચૂકેલાને દીક્ષા દેવામાં લાભ જણાવતી વિરોધી દલીલ
- અભુક્તભોગીને દીક્ષા દેવાથી દોષો લાગવા સંબંધી વિરોધી દલીલ
- વિરોધીઓની દલીલોનો સચોટ પ્રતિકાર-ચારિત્ર સાથે
  બાલભાવનો વિરોધ નથી
- શંકા-સમાધાન
- યૌવન વય જ ભોગકર્મોનું કારણ છે એવું નથી
- અવિવેક એ જ વાસ્તવિક રીતે યૌવન છે
- દોષની સંભાવના બન્ને ને માટે સરખી છે
- દોષની સંભાવનાને મહત્ત્વ આપી શકાય નહિ
- વિષયભોગોના બીનઅનુભવી પણ સર્વ રીતે યોગ્ય છે, અશંકનીય હોયછે
- ભુક્તભોગી કરતાં અભુક્તભોગી સારા
- સેવવા યોગ્ય તો કેવળ શુદ્ધ ધર્મ જ છે
- પરમાર્થ દૃષ્ટિએ મોક્ષ એ જ ધર્મનુ ફળ છે
- કૌતુક આદિ દોષોનો સંભવ ભુક્તભોગીઓ માટે છે
- યોગ્ય આત્માઓને તો આનંદ અને દુઃખ બંને થાય છે

## ૮

## ધર્મવ્યવહારની આડે આવે તે બધા પાપવ્યવહારો



### શ્રી કુંભકર્ણ, આદિની દીક્ષા

કેવળજ્ઞાની મહામુનિના શ્રીમુખથી પોતાના પૂર્વભવોનું શ્રવણ કર્યા બાદ, ઈન્દ્રજિતે અને મેઘવાહને શું કર્યું તે જાણો છો ?

**સભા** : બીજું શું કરે ? દીક્ષા લીધી.

**પૂજ્યશ્રી** : બોલવું કેટલું સહેલું છે ? કેટલાય વખતથી યુદ્ધ ચાલતું હતું, ગઈકાલે બાપ મરી ગયેલ છે, વ્યવસ્થા કાંઈ કરી નથી અને દીક્ષા લઈ લે ? પણ એ તમારા જેવા નહોતા. સત્ત્વવાન તો હતા જ તેમાં પરમ વિરાગી બન્યા, એટલે આત્મકલ્યાણના માર્ગે પોતાનું બધુંય સત્ત્વ ખર્ચવા તૈયાર થયા. આવા પુણ્યાત્માઓની કથા વાંચતા-સાંભળતા પણ ધર્મી આત્માઓમાં ભાવનાની ભરતી આવે. દીક્ષા લઈ ન શકાય તો તેનું વિશેષ દુઃખ થાય. અહીં માત્ર ઈન્દ્રજિત અને મેઘવાહન બે જ જણાએ દીક્ષા નથી લીધી, પણ બીજા ઘણાઓએ ય દીક્ષા લીધી છે.

*कुंभकर्णेन्द्रजिन्मेघवाहनाद्या निशम्य तत् ।*
*मन्दोदर्यादयश्चापि, तदैवाददिरे व्रतम् ॥१॥*

કુંભકર્ણ, ઈન્દ્રજિત, મેઘવાહન અને બીજાઓએ પણ દીક્ષા લીધી. એટલું જ નહિ, મંદોદરી વગેરેએ પણ તે જ વખતે ત્યાંને ત્યાં જ દીક્ષા અંગીકાર કરી.

## ધર્મવ્યવહારની આડે આવે તે વ્યવહાર પાપ વ્યવહાર છે

હજુ ગઈકાલે સાંજે પતિ મરી ગયો છે, તો આજે દીક્ષા લેવાય કે નહિ ? તમારો વ્યવહાર નડે કે નહિ ? ખૂણો પાળવો જોઈએ કે નહિ ? ધર્મવ્યવહારની આડે આવનારા તમામ વ્યવહારો એ પાપ વ્યવહારો છે; એનો તો ત્યાગ જ કરવો જોઈએ. પહેલે દિવસે ધણી મરી જાય અને બીજે દિવસે સ્ત્રીઓ દીક્ષા લે, એ તમારી લૌકિક દૃષ્ટિએ ઔચિત્યભંગ ગણાય તો ભલે ગણાય, પણ ધર્મ દૃષ્ટિએ તો એ ય પરમ ઔચિત્યપાલન છે. પતિભક્તા તે કે જે પતિની ગેરહાજરીમાં શ્રૃંગાર અને વિષયસુખથી પરાઙ્મુખ બને તેમજ કુસંસ્કારમાં રહે જ નહિ. સાચી પતિભક્તા તે કે જે પતિની તે પ્રકારની ગેરહાજરીમાં તો ખાસ કરી સારું ખાવા-પીવાનો, સારું પહેરવા-ઓઢવાનો વગેરેનો ત્યાગ કરે અને શક્તિ હોય તો પ્રભુના પંથે વિચરે. અને શક્તિ ન હોય તો ઉદાસીનભાવે સંસારમાં રહીને ધર્મની આરાધનામાં રક્ત બની, સઘળીય કુવૃત્તિઓને દબાવી દે. પતિની તેવી ગેરહાજરીમાં સંસારમાં આનંદથી મહાલે તે પતિભક્તા કહેવાય કે બધાનો ત્યાગ કરીને પ્રભુના પંથે વિચરે તે પતિભક્તા કહેવાય ?

આ તો કહે છે કે 'ખૂણો સેવ્યા વિના ચાલે જ નહિ.' આવું કહેવું એ તો અજ્ઞાનતા છે. જેનો પતિ મરી જાય એણે તો એવા વાતાવરણમાં અને સંસ્કારમાં મૂકાઈ જવું જોઈએ કે અનાચાર આવે જ નહિ. જૈનાચાર, એ તો કીલ્લો છે. એ કીલ્લામાં રહેનાર પાસે અનાચાર આવે નહીં, અને આવે તો ફાવે નહીં, એ મુખ્ય નિયમ. મુખ્યત્વે એમ જ કહેવાય કે - જ્યાં જૈનાચાર જીવે ત્યાંથી અનાચાર બહાર જ રહે. કોઈ તેવા દુષ્કર્મના યોગે અનાચાર તરફ આત્મા ઘસડાઈ જાય તે વાત જુદી છે. પણ સામાન્ય પ્રકારે તો એમ જ કહેવાય કે, જૈન આચાર એ તો સદાચારનો સંરક્ષક કીલ્લો છે.

### સભ્યકુળની રીતિ

શ્રી રાવણના અંતઃપુરમાં તો સોળ હજાર સ્ત્રીઓ હતી ને ? એમાં કોઈ નાની, કોઈ જુવાન હોય. ત્યાં એ બચાવ ન ચાલે, શું ભોગવ્યું ? એ વાત ત્યાં ન થઈ. કેટલાક તો આજે કહે છે કે પુણ્યે મળેલાં પહેલા એ જેને સુખી ન કરી, તેને બીજાઓ સુખી કરે !

સભ્યકુળમાં તો એ રીત પૂર્વે હતી કે દૈવયોગે જો પોતાની દીકરી બાળવયમાં વિધવા થાય, તો મા-બાપ અને વડીલ સમજાવતા હતા કે 'બનાવ ઘણો જ ખોટો બન્યો છે.' કોઈનું ય મરણ કોઈથી ઈચ્છાય નહિ, તો કોઈ જમાઈનું મરણ શાનું જ ઈચ્છે ? કોઈપણ સારો આદમી તો ન ઈચ્છે, પણ ન ઈચ્છે એટલે ન બને એમ થોડું જ છે ? આથી છાતી કઠીન કરીને એ વિધવા બનેલી દીકરીને સમજાવતા હતા કે, 'પુત્રી ! બનાવ ઘણો જ ખોટો બન્યો છે, પણ ભાવિ આગળ નિરૂપાય. હવે તો તું એમ માન કે ધર્મપાલન નિર્વિઘ્ન થશે અને એમ માની વ્રતાદિના પાલનમાં રક્ત બન !'

### કુલીન સ્ત્રીઓને સદાચારથી ભ્રષ્ટ ન કરો

**સભા** : પુરુષો અનેક પરણે તો સ્ત્રી કેમ નહિ ?

**પૂજ્યશ્રી** : આવા પ્રશ્નોનો વિસ્તારથી ખુલાસો કેટલાંક વખત પહેલાં અહીં જ થઈ ગયો છે. આપણે એમ કહેતા જ નથી કે પુરુષોએ અનેક પત્નીઓ કરવી જોઈએ. આપણે તો સ્ત્રી અને પુરુષ બંનેને ભોગથી અને ભોગની ભાવનાથી નિવૃત્ત થવાનું કહીએ છીએ. વધારે ભોગી તે વધારે સારો એવી આપણી માન્યતા નથી, પણ વધારે ભોગી તે વધારે દયાપાત્ર એવી આપણી માન્યતા છે. આમ હોવાથી આપણે તો એ જ ઈચ્છીએ કે સ્ત્રી કે પુરુષ સૌ કોઈ ભોગવૃત્તિથી વિરામ પામો. ભોગથી જ વધારે વિરામ પામે તેનું વધારે કલ્યાણ થાય અને ભોગમાં જે વધારે લીન તે વધારે પાપમાં પડે એ સ્પષ્ટ વાત છે. અર્થાત્ સ્ત્રી ભોગમાં પડે તો પાપ લાગે અને પુરુષ ભોગમાં પડે તો પાપ ન લાગે

એવું છે જ નહિ; એટલે અનેક પરણનારનો આપણે બચાવ કરતા નથી. કોઈ પણ અબ્રહ્મ આદિમાં કદિ ન પડે એવું ઈચ્છનાર, પુરુષો અનેક પરણે એમાં ખુશી હોય જ નહિ. અને એથી પુરુષો જો અનેકને નહિ પરણવાનો નિશ્ચય કરતા હોય તો અમને એથી આનંદ જ થાય. બાકી મર્યાદાની દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારાય તો સ્ત્રી અને પુરુષની મર્યાદા જુદી જુદી છે. પુરુષની યોગ્યતા જુદી છે અને સ્ત્રીની યોગ્યતા જુદી છે. પુરુષની વિષયવૃત્તિ અને સ્ત્રીની વિષયવૃત્તિ વચ્ચે મોટો તફાવત છે. પુરુષનો વિષય અલ્પ છે, અને સ્ત્રીનો વિષય અધિક છે. અપવાદ બેયમાં હોય એ વાત જુદી છે. દુકાનો સ્ત્રીઓએ માંડી, એટલી નિર્લજ્જ પ્રાયઃ સ્ત્રી જ થઈ શકે. એક પુરુષને પાંચ પત્ની હોય તો એ બધી એકસાથે બેસી શકે છે, પણ એક સ્ત્રીના બે ધણી તેમ બેસી શકતા નથી.

અબળા જો મર્યાદા મૂકે તો એવી પ્રબળા બને કે પુરુષને પણ ટક્કર મારે. સ્ત્રી ભોગ્ય છે અને પુરુષ ભોક્તા છે, એટલે ભોગ્ય તથા ભોક્તા માટે જુદી જુદી મર્યાદા હોય તે સ્વાભાવિક છે. પુરુષમાં અને સ્ત્રીમાં જ્ઞાનીઓએ જેવી જેવી યોગ્યતા જોઈ તેવી તેવી કહી. અપવાદ ભલે બેયમાં હોય. પુરુષનો સ્વભાવ વધારે મર્યાદાશીલ છે, જ્યારે સ્ત્રી મર્યાદામાં રહી તો ઠીક, નહિ તો મહાભયંકર બનતા સ્ત્રીને વાર લાગે નહિ. અબળા જ્યારે મર્યાદા મૂકે ત્યારે કઈક પુરુષોને ઘોળી પીએ. પુરુષો અનેક પરણે છે તે સારું આપણે નથી કહેતા પણ આપણે કહીએ છીએ કે એ બહાના નીચે સ્ત્રીઓને સદાચારથી ભ્રષ્ટ કરવાનો દુષ્ટ પ્રયત્ન ન કરો અને ભોગ્ય-ભોક્તા વચ્ચેના મર્યાદાભેદનો ખ્યાલ કરો.

### શાસ્ત્રકારોને પુરુષો પ્રત્યે પક્ષપાત કરવાનું કારણ હતું જ નહિ

**સભા:** એમ કહે છે કે, શાસ્ત્રો પુરુષોએ લખ્યાં છે માટે સ્ત્રી સમાજને અન્યાય કર્યો છે.

**પૂજ્યશ્રી** : પણ આપણી પાસે તેનો સીધો જવાબ છે. આપણે તો શ્રી સર્વજ્ઞ પરમાત્માએ ઉપદેશેલાં અને તેને અનુસરનારાં શાસ્ત્રોને માનીએ છીએ. અને શ્રી સર્વજ્ઞદેવોને પુરુષવેદ કે સ્ત્રીવેદ બેમાંથી એકેય ઉદયમાં હોય જ નહિ. ખરી વાત એ છે કે જે આજનાઓએ આવી દલીલો અનાચારની ઘેલછાથી ઉભી કરી છે. શાસ્ત્રો પુરુષે રચેલા છે, પણ તે કયા પુરુષોએ ? શાસ્ત્રો જો એવા પુરુષોએ રચેલા હોય, કે જે સ્ત્રીલંપટ હોય, સ્ત્રીઓની પૂંઠે પાગલ બનેલા હોય અને 'પુરુષો સ્ત્રીઓ ઉપર પ્રભુત્વ ભોગવી લહેરથી ભોગ ભોગવ્યા કરે' એવી ભાવનાવાળા હોય, તો આવી દલીલો કરે તે કાંઈકેય સાર્થક ગણાય. પણ શાસ્ત્રો રચ્યાં છે, સંસારના ત્યાગીઓએ. અને શાસ્ત્ર રચનાર તે મહાપુરુષોનો ઈરાદો તો એ હતો કે, દુનિયાના પ્રાણીઓ-સ્ત્રી કે પુરુષ, ભોગથી વિરામ પામે અને વિરક્ત બની સંયમને સેવે ! એટલે તે મહાપુરુષોને પુરુષો પ્રત્યે પક્ષપાત કરવાને કોઈ કારણ જ નહિ હતું. તે મહાપુરુષોએ તો સ્ત્રી-પુરુષ બંને કલ્યાણ સાધી શકે એ માટે જે વસ્તુરૂપ હતું તે દર્શાવ્યું અને શ્રેયઃસાધક મર્યાદાઓ પણ જણાવી.

વિધવા બનેલી સ્ત્રીઓને માટે તો વિષયસુખોમાંથી વૃત્તિને ખેંચી લઈને, ધર્મની આરાધનામાં વૃત્તિને લીન કરવી એ જ શોભાસ્પદ છે અને કલ્યાણપ્રદ છે. તમારા ઘરનું વાતાવરણ પણ એવી ઉંચી કોટિનું હોવું જોઈએ કે ઘરમાં યુવાન વહુ કે યુવાન દીકરી વિધવા હોય, તો એને ખોટા વિચારો આવવાની તક ન મળે. યુવાન વિધવાઓ પણ દીક્ષા લઈ ન શકતી હોય, તો પોતાનો ઘણો વખત ધર્મમાં ગાળે અને ઘરમાં હોય ત્યારે ઘરમાં જૈન આચારો બરાબર પળાય તેની તેમજ સૌમાં ધર્મસંસ્કાર દૃઢ થાય તેની કાળજી રાખે. વિધવાઓ ધારે તો ઘરમાં ધર્મનું સુંદર વાતાવરણ સર્જી શકે

અને તમારે તેમને ધર્મનું પાલન કરવાની, તમારાં પોતાનાં વિષયસુખોના ભોગે પણ, જરૂરી સગવડ કરી આપવી જોઈએ.

**હક્કની મારામારી જ નહિ હોય**

અહીં વિધવાઓને અંગે વાત થાય છે, એટલે એમ નથી સમજવાનું કે, સધવાઓ દીક્ષા ન લઈ શકે. ત્યાં હક્કની લડત ન ચાલે. પતિ પતિ તરીકે રહે અને પત્ની પત્ની તરીકે રહે, ત્યાં સુધી મર્યાદા મુજબ હક્ક મંગાય તે વાત જુદી છે, પણ બેમાંથી કોઈ જ્યાં કેવલ આત્મકલ્યાણના શુભ માર્ગે પ્રયાણ કરવા તૈયાર થાય, ત્યાં આજે થાય છે તેવી હક્કની લડત ન હોય. રાજ્યનો પણ કાયદો છે કે પતિ જો બાવો બની જાય, ત્યાગી બની જાય, અર્થાત્ એ લોકો જેને સીવીલ ડેથ (Civil Death) કહે છે તેવું સંસારી તરીકેનું મૃત્યુ થઈ જાય, તો પછી તેના ઉપર સ્ત્રીના ભરણપોષણનો દાવો પણ ચાલતો નથી. પતિ બીજે ઘેર જતો હોય, પત્ની બીજે ભટકતી હોય, એ માટેની વાત જુદી છે. પણ ખરી વાત એ છે કે જ્યાં પતિ-પત્ની પતિ-પત્ની જ હોય,ત્યાં તેવા હક્કનાં ઝઘડા હોય જ નહિ. તેવા ઝઘડા તો ત્યાં હોય કે જ્યાં પતિ-પત્ની સાચા પતિ-પત્ની ન હોય એટલે પરણેલાં નહિ એમ નહિ, પણ પરસ્પર પોતાની ફરજ સમજનારાં ન હોય. પતિ-પત્ની, પતિ-પત્ની જ હોય ત્યાં તેવા ઝઘડા હોય ? ન જ હોય અને હોય તો માનવું કે બંને અગર બંનેયમાંથી કોઈ એક પોતાની ફરજ સમજતું નથી માટે ઝઘડા છે !

'મારા પતિએ મારી આજ્ઞા વિના દીક્ષા કેમ લીધી ?' આવું કોઈ કુલીન આર્યપત્ની કહે જ નહિ. શ્રી શાલિભદ્રજીની બત્રીશેય સ્ત્રીઓ કશું જ ન બોલી. માતાએ સમજાવાય તેટલું સમજાવ્યું પણ શ્રી શાલિભદ્રજી મક્કમ રહ્યા તો માતા સંમત થઈ, મહોત્સવ કર્યો. પણ બત્રીશમાંથી એક પણ સ્ત્રી કાંઈ બોલી ? નહિ જ. એ પતિને માલિક માનતી હતી. 'માલિક સન્માર્ગે જતા હોય તેમાં અમારી આજ્ઞાની જરૂર હોય જ નહિ અને અમારાથી તેમને સન્માર્ગે જતાં રોકાય જ નહિ.' એ

વિચાર ત્યાં હતો. 'મારી ફરજ બને તો પતિની પાછળ દીક્ષા લેવાની. જો તે ન બને તો પતિના કાર્યમાં સહમત રહી અનુમોદના કરવાની અને શક્તિ મુજબ સન્માર્ગ આરાધવાની' આ ખ્યાલ હોવા જોઈએ. પતિ ઉંધે માર્ગે જતો હોય તો માલિકના ભલા માટે તેને રોકવાનો પ્રયાસ કરવો તે ધર્મપત્નીની ફરજ છે. પતિ જ્યાં ત્યાં રખડવા જતો હોય, આચારભ્રષ્ટ બનતો હોય અગર બીજા પાપમાર્ગે જતો હોય, તો તેમાં આડે આવવાની અને પતિને તેવા રસ્તે જતો બંધ કરવા માટે બીજા યોગ્ય ઉપાયો યોજવાની પણ પત્નીને છૂટ છે. સાચી પત્ની પતિને ઉન્માર્ગે જતાં અનેક ઉપાયો યોજીને જરૂર રોકી શકે છે અને સન્માર્ગે દોરી શકે છે.

**આર્યપત્નીની ભાવના હૃદયમાં આવી જાય તો હક્કની મારામારી રહે જ નહિ**

**સભા** : ત્યાં પતિ ભક્તિમાં ખામી ન ગણાય ?

**પૂજ્યશ્રી** : શક્ય છતાં યોગ્ય ઉપાયોથી પતિને ઉન્માર્ગથી સન્માર્ગમાં ન લાવે, તો પતિભક્તિમાં ખામી ગણાય. પત્ની પતિને માલિક માને, પોતાને પતિની સેવિકા માને. હવે વિચારો કે સેવિકા તરીકે તેનો ધર્મ શો ? પતિનું ભલું થાય તેવું બધું જ કરવામાં સાથ દેવો, પ્રેરણા કરવી અને પતિનુ ભૂંડુ થાય તેવી પ્રવૃત્તિમાં તેનો સાથ ન હોય, તેની પ્રેરણા ન હોય, પણ શક્ય હોય તેટલું કરીને તે પતિને ઉન્માર્ગથી વાળે અને સન્માર્ગે યોજે. પતિનું જેમાં કલ્યાણ તેમાં પત્નીની ખુશી. પતિ કલ્યાણ સાધે તેમાં જે પત્ની આડે આવે, તે પોતાની ફરજ ચૂકે છે અને તેમાંય જે પત્ની કેવળ પૌદ્ગલિક અંગત સ્વાર્થ ખાતર પતિને કલ્યાણ સાધવામાં વિઘ્ન કરે છે, તે તો અધમ કોટીની જ ગણાય. પત્ની તો સદા પતિનું કલ્યાણ જ ચાહનારી હોવી જોઈએ અને સાચી આર્યપત્નીઓ તો પોતાના સુખના ભોગે પણ પતિનું કલ્યાણ સધાતું હોય તો તેમાં મદદ કરનારી હોય. આર્યપત્નીની ફરજ સમજાય, આર્યપત્નીની ભાવના હૃદયમાં આવી જાય, તો આજની હક્કની હાનિકર મારામારી રહેવા પામે નહિ.

**સભા** : પતિની પણ કાંઈ ફરજ ખરી કે નહિ ?

**પૂજ્યશ્રી** : કોણે ના કહી ? પોતાના જ શરણે જીવનારી અને અહર્નિશ પોતાના કલ્યાણને માટે તેના અંગત સુખનો ભોગ આપનારી પત્નીને આર્યપતિ રસ્તામાં રઝળતી મૂકે અને દીક્ષા લઈ લે એમ આપણે કહેતા જ નથી. પત્ની જો પોતાની સાથે દીક્ષા લેવાને તૈયાર થાય તો તો ઘણું જ ઉત્તમ. પણ માનો કે તેમ કરવાને તે અશક્ત જ હોય તો પાછળ તે યોગ્ય રીતે ધર્મપાલન કરવાપૂર્વક જીવનનિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા કરવાને સમજુ પતિ ચૂકે જ નહિ. સંયુક્ત કુટુંબ હોય અને ભરણપોષણની અલગ વ્યવસ્થાની જરૂર ન હોય તો વાત જુદી છે. પણ આજે વસ્તુતઃ ભરણપોષણ માટેના ઝઘડા જ નથી. ઝઘડાનો હેતુ જુદો છે અને લોકમાં દેખાડાય છે જુદું !

### જેના હૃદયમાં જૈનત્વ હોય તે આર્યપત્ની શું કહે ?

ખરી વાત જ એ છે કે પત્નીમાં જો આર્યપત્નીની સાચી ભાવના હોય તો તો તે નિર્વાહના પણ ઝઘડા કરે નહિ. જ્યાં પતિની ફરજનું વર્ણન કરવાનું હોય ત્યાં એ કહેવાય કે પાછળ પોતાને શરણે રહેલી પત્ની નિર્વાહ માટે ટળવળે અને ધર્મકર્મ ચૂકે એમ સમજું પતિ ન કરે, પણ તે ધર્મની આરાધના સારી રીતે કરી શકે એવી યોગ્ય અને શક્ય વ્યવસ્થા જરૂર કરે. પરંતુ પત્નીઓને અંગે જ કહેવાનું હોય ત્યારે તો એમ કહેવું જોઈએ કે આર્યભાવનાથી ઓતપ્રોત પત્નીઓ એમજ કહે કે 'આપની ભાવના હોય, આપની તાકાત હોય તો આપ ખુશીથી સન્માર્ગે સંચરો. મારી ચિંતા ન કરો. મારા મોહમાં તણાઈને કે મારી ચિંતામાં રહીને આપ આપની કલ્યાણ સાધનાને ઢીલમાં ન નાંખો. હું કમનસીબ છું કે આપના માર્ગનું અનુસરણ કરી શકતી નથી, પણ આપ મારે માટે બેફીકર રહો. સંસારમાં રહેવા છતાં પણ હું આપણા કુળને જરાય કલંક લાગવા નહિ દઉં. મારો નિર્વાહ તો હું મજુરી કરીને ય કરી લઈશ. માટે આપ મારો નિર્વાહ શી રીત થશે તે વિષયમાં નિશ્ચિંત રહો.'

ધર્મપત્ની આવું કહે તેથી પેલો ધર્મસાધક પ્રબંધ કરવાનું માંડી વાળે એમ? ઉલટું સારો પ્રબંધ કરે અને તેની કલ્યાણભાવનામાં પણ અજબ વધારો થાય. પતિ સન્માર્ગે જવા તૈયાર થાય ત્યારે આ પ્રકારે તેને ઉત્સાહ આપવો અને નિશ્ચિંત બનાવવો એ જ જૈન પત્નીનો ધર્મ છે અને કલ્યાણની અભિલાષી પત્નીઓએ એ જ ધર્મનું પાલન કરવું જોઈએ.

### શ્રી જંબુકુમારનો પ્રસંગ

આ તો પરણેલી પત્નીઓની વાત છે, પણ પરણ્યા પહેલાં માત્ર સગપણ જ થયું હોય તો ય કુલીન સ્ત્રીઓએ કેવી પતિભક્તિ દર્શાવી છે ? તે દર્શાવનારાં દૃષ્ટાંતોની પણ આ શાસનમાં કમીના નથી જ. શ્રી શાલિભદ્રજી વગેરેને ધર્મપત્નીઓ આડે ન આવી. એમ ન કહ્યું કે પતિએ અમારી આજ્ઞા વિના દીક્ષા કેમ લીધી ? એ તો પરણેલી હતી, પણ માત્ર સગપણ જ કર્યું હોય તોય શું ? આને અંગે જંબુકુમારનો પ્રસંગ યાદ કરો.

એકવાર શ્રી જંબુકુમાર વર્તમાન શાસનના નાયક ચરમતીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ગણધરદેવ શ્રી સુધર્માસ્વામીજીને વંદન કરવાને ગયા છે અને ત્યાં તે તારકના મુખકમળથી સુધામય ધર્મદેશનાને સાંભળતા જંબુકુમારના હૃદયમાં ભવવૈરાગ્ય ઉત્પન્ન થયો છે. અભાગીયાઓને માટે તો આમ થવું અતિ દુર્લભ છે, પણ પુણ્યવાન્ માટે તે આશ્ચર્યરૂપ નથી.

ભવવૈરાગ્ય પેદા થવાના યોગે શ્રી જંબુકુમારે શ્રી સુધર્માસ્વામીજીને વિનંતી કરી કે, 'ભવબંધનને છેદનારી પ્રવ્રજ્યા હું આપની પાસે ગ્રહણ કરીશ. માટે જ્યાં સુધીમાં હું મારા માતા-પિતાને પૂછીને પાછો આવું, ત્યાં સુધી હે ભગવન્ ! આપ અહીં જ સ્થિરતા કરવાની કૃપા કરો.' સ્થિરતા કરવાનું શ્રી સુધર્માસ્વામીજીએ સ્વીકાર્યું એટલે શ્રી જંબુકુમાર નગર તરફ આવવા નીકળ્યા. આ તરફ એવું બન્યું

છે કે બીજા રાજ્યથી ભય ઉત્પન્ન થયો છે એટલે દરવાજામાં પેસાય તેમ રહ્યું નથી. એક દરવાજે તેમ દેખ્યું એટલે શ્રી જંબુકુમાર બીજે દરવાજે ગયા, તો ત્યાં કીલ્લા ઉપર યંત્ર ગોઠવેલું જોયું તથા એક લાંબી મહાશિલા જોઈ. શ્રી જંબુકુમારે વિચાર્યું કે 'આ રસ્તે જતાં જો મારા ઉપર શિલા પડી, તો હું, રથ, ઘોડા કે સારથિ કોઈ જીવતા રહેવાના નથી. રથ ભાંગશે અને અમે મરીશું. જો આ રીતે મારું મૃત્યું થાય અને હું અવિરતિમાં મરૂં તો મારી દુર્ગતિ થાય, માટે તેમ ન થાવ !' આવો વિચાર કરીને શ્રી જંબુકુમારે રથને પાછો લેવડાવ્યો અને શ્રી સુધર્માસ્વામીજીની પાસે જઈને શ્રી જંબુકુમાર યાવજ્જીવ માટેના બ્રહ્મચર્યનો નિયમ ગ્રહણ કર્યો.

આ પછી પાછા ફરી, ઘેર આવીને માતા-પિતાને બધી વાત કરી અને દીક્ષાની રજા માગી. માતા-પિતા પહેલાં તો રડવા લાગ્યાં, પણ શ્રી જંબુકુમાર જ્યારે ડગ્યા નહિ, ત્યારે તેમણે એક માંગણી કરી કે, 'જે આઠ કન્યાઓની સાથે તારું સગપણ કરેલું છે તેમની સાથે પાણિગ્રહણ કરીને તેમના વિવાહ કૌતુકને પૂરું કર અને તે પછી જોઈએ તો તું બીજી સવારે જ દીક્ષા લેજે. તારી સાથે અમે પણ દીક્ષા લઈશું.' શ્રીજંબુકુમારે જોયું કે તેમ કરવામાં લાભ છે. માતા-પિતાનો પણ ઉદ્ધાર થશે. આથી તેમણે કહ્યું કે, 'આપની આટલી આજ્ઞા પૂર્ણ થાય એટલે ભૂખ્યાને ભોજનથી નિવારાય નહિ, તેમ મને પણ આપનાથી નિવારાશે નહિ.

શ્રી જંબુકુમારના માતા-પિતાએ એ વાત કબુલ કરી. પછી શ્રી જંબુકુમારની સાથે પરણનારી આઠ કન્યાઓના પિતાઓને શ્રી જંબુકુમારના માતા-પિતાએ કહી દીધું કે 'અમારો દીકરો જંબુ તમારી કન્યાઓની સાથે વિવાહ થતાની સાથે જ દીક્ષા લેશે. એ તો વિવાહ કરવાને ય રાજી નથી પણ અમારા આગ્રહથી કરશે. હવે જો તમારે પાછળથી પશ્ચાતાપનું પાપ કરવું હોય તો બહેતર છે કે તમે વિવાહ ન કરો, પણ પાછળથી અમને દોષ દેતા નહિ.' શ્રી જંબુકુમારના માતા-

પિતાએ તો એમ કહી દીધું, પણ આ લોકોને તો મૂંઝવણ થાય ને ? એ આઠે ય શેઠીયાઓ, પોતાની પત્નીઓની સાથે તથા બંધુઓની સાથે મળીને હવે કેમ કરવું ?તેનો વિચાર કરવા બેસે છે અને દુઃખિત હૃદયે વાર્તાલાપ કરે છે.

તેઓ જે વાર્તાલાપ કરી રહ્યા છે, તે સાંભળી તે આઠ શ્રેષ્ઠીઓની કન્યાઓએ પોતાનો જે નિર્ણય જાહેર કર્યો છે, તે મનન કરવા જેવો છે. એના ઉપરથી ખ્યાલ આવશે કે વાગ્દાનથી વરી ચૂકેલી કન્યાઓ પણ જો આર્યભાવનાવાળી હોય છે તો પતિના સન્માર્ગગમન પ્રસંગે શું બોલે છે અને કેમ વર્તે છે ? આ પ્રસંગ પણ આ મહાકાવ્યના રચયિતા મહાપુરુષે પોતે જ પોતાના રચેલા શ્રી પરિશિષ્ટ પર્વમાં પોતાના પિતાઓ આદિને જણાવેલો નિર્ણય દર્શાવતાં લખ્યું છે કે,

*"जम्बूनाम्ने प्रदत्ताः स्मोऽस्माकं भर्ता स एव हि ।*
*देया न वयमन्यस्मै, लोकेऽप्येतद्धीयते ॥१॥"*
*सकृज्जल्पन्ति राजानः, सकृज्जल्पन्ति साधवः ।*
*सकृत्कन्याः प्रदीयन्ते, त्रीण्येतानि सकृत्सकृत् ॥२॥*
*पितृपादैः प्रदत्ताः स्म-स्तस्मै ऋषभसुनवे ।*
*स एव गतिरस्माकं, वयं तद्वशजीविताः ॥३॥*
*प्रव्रज्यामितरद्वापि, यद्यज्जम्बूः करिष्यति ।*
*तदेव पतिभक्ताना-मस्माकमपि युज्यते ॥४॥"*

તે આઠ કન્યાઓના માતા-પિતાના તથા બીજા સ્વજનો એવો વિચાર કરતા હશે કે, આપણી દીકરીઓને આપણે વાગ્દાનથી દીધી છે. પણ હજુ શ્રી જમ્બુકુમારની સાથે પાણિગ્રહણ થયેલ નથી એટલે જો તે દીક્ષા લેતા જ હોય તો આપણે આપણી કન્યાઓ માટે બીજો જ વિચાર કરીએ.

જો કે આ જાતના નિર્ણય ઉપર તે માતા-પિતાદી આવ્યાં નથી, હજુ તો અંદર વાટાઘાટ ચાલે છે, તેમ કરવું તે યોગ્ય છે કે નહિ તેનો

વિચાર ચાલે છે, પણ આ પ્રકારની વાતચિત થતી સાંભળતાની સાથે જ આઠેય કુમારિકાઓ કંપી ઉઠે છે. તે કુમારિકાઓને એમ થાય છે કે, 'અમારે માટે આવો વિચાર ?' કુમારિકાઓએ પોતાનો જે નિર્ણય સંભળાવ્યો છે તે જો ઉંડાણથી વિચારવામાં આવે તો આવી સ્થિતિ બની જ હોવી જોઈએ એમ ખ્યાલમાં આવ્યા વિના રહે નહિ. કુમારિકાઓને તેમનાં માતા-પિતાદી જે વાત કરી રહ્યા છે તે સાંભળતા એમ થાય છે કે, 'માતા-પિતાદી આપણા પ્રત્યેના મોહને આધીન થઈને કુલીનતાના વાસ્તવિક માર્ગને ચૂકી રહ્યા છે !' અને એથી જ તે આઠેય કુમારિકાઓ, વિના પૂછ્યે જ એમ બોલી ઉઠે છે કે, "હે પૂજ્યો ! આ બધી વિચારણા છોડી દો ! આવા વિચારણાથી સર્યું ! અમારો જે નિર્ણય છે તે સાંભળી લો !" આમ કહ્યા બાદ પોતાનો નિર્ણય જણાવતાં તે કુમારિકાઓ સૌથી પહેલી વાત એ જ કહે છે કે, "અમે શ્રી જમ્બુકુમારને અપાઈ ચૂકી છીએ એટલે તે જ અમારા સ્વામી છે, માટે હવે બીજાને અમે દેવા યોગ્ય નથી." અર્થાત્ "ભલે પાણિગ્રહણ નથી થયું, પણ વાગ્દાનથી અમે શ્રી જમ્બુકુમારને અપાઈ જ ચૂકી છીએ, એટલે અમારા પતિ તો તે જ છે, માટે અમને બીજાને ન દેવી."

આ પ્રમાણેનો પોતાનો મક્કમ નિર્ણય સંભળાવી દીધા બાદ તે આઠેય કુમારિકાઓ પોતાનાં માતા-પિતાદિને સન્માર્ગે ખ્યાલ આપતી હોય તેમ કહે છે કે લોકમાં પણ એમ કહેવાય છે કે "રાજાઓ એકવાર બોલે છે, સાધુઓ એક વાર બોલે છે અને કન્યાઓ એક વાર અપાય છે, આ ત્રણ એક-એક વાર બને છે." અર્થાત્ જેમ રાજાઓ બોલ્યા તે બોલ્યા, પછી બોલેલું ફેરવતા નથી. અને સાધઓ પણ બોલ્યા તે બોલ્યા, પછી બોલેલું ફેરવતા નથી. તેમ કન્યાઓ પણ એકવાર અપાઈ તે અપાઈ, પછી ફરીથી અપાતી નથી. આવું તો લોકમાં પણ કહેવાય છે એટલે કે જ્યારે લોકમાં પણ આવી માન્યતા હોય, તો આપણે તો લોકોત્તર માર્ગને અનુસરનારા કહેવાઈએ. આપણામાં તો લોક કરતાં

ઉંચી જ સ્થિતિ હોવી જોઈએ. છતાં આપ અમને, એકવાર દેવાયેલી હોવા છતાંય, બીજે સ્થળે દેવાનો વિચાર કેમ કરો છો ?"

અવસરે આર્યકન્યાઓ, કે જે લોકોત્તર માર્ગની વિશિષ્ટતાને પામેલી હોય, તે પોતાનાં માતા-પિતાને પણ કેવા ભાવની વસ્તુઓ કહી શકે છે, તે જુઓ અને એવા સંસ્કારોને તમારા ઘરમાં પણ રૂઢ બનાવી દો !

**સભા** : કન્યાઓનાં માતા-પિતાદીએ જ્યારે બીજે દેવાનો વિચાર કર્યો, તો શ્રી જમ્બુકુમારને દીક્ષા લેતાં જ અટકાવવાનો વિચાર કેમ ન કર્યો ?

**પૂજ્યશ્રી** : કારણકે તેવો વિચાર કરનારા આજના કેટલાકોના જેવી પાપબુદ્ધિ તે પુણ્યાત્માઓમાં નહોતી. એ તો આટલા પણ સંતાન મોહે તેમને ભૂલવ્યા, બાકી તે પુણ્યાત્માઓએ તો પાછળથી શ્રી જમ્બુકુમારની સાથે દીક્ષા ગ્રહણ કરી છે. એ જાણતા હતા કે આપણી કન્યાના સાંસારિક ભલા ખાતર આપણાથી કોઈને ય આત્મકલ્યાણના માર્ગે જતા અટકાવી શકાય નહિ !

તે આઠ કન્યાઓએ તો પોતાના માતા-પિતાદીને લોકનીતિનો ખ્યાલ આપ્યા બાદ અને એ દ્વારા લોકોત્તર માર્ગના અનુયાયી તરીકે કેમ વર્તવું જોઈએ તેનું ગર્ભિત સૂચન કર્યા બાદ પણ એ જ કહ્યું છે કે "આપ પૂજ્યોએ અમને શ્રી જમ્બુકુમારને આપેલી છે, તે કારણથી તે શ્રી જમ્બુકુમાર જ અમારા શરણ છે. અમે તો તેમને વશ થઈને જીવનારી છીએ." આ પછી છેલ્લે છેલ્લે તો તે કુમારિકાઓ કમાલ કરે છે પતિભક્તા સ્ત્રીઓના કર્તવ્યનો સુંદરમા સુંદર ખ્યાલ તે કુમારિકાઓ રજૂ કરી દે છે ! એ કન્યાઓ કહે છે કે, 'અમારા સ્વામી શ્રી જંબુકુમાર દીક્ષા લે અગર તો બીજું પણ જે કાંઈ શ્રેય કાર્ય કરે, તે અમારે પણ કરવું એ જ પતિભક્તા એવી અમારે માટે યોગ્ય છે."

### આજની સ્થિતિ

જૈનકુળમાં જન્મેલી કન્યાઓની અને જૈનપત્નીઓની કઈ મનોદશા હોય ? તેને આ પ્રસંગ ઉપરથી ઘણો સુંદર ખ્યાલ આવી શકે તેમ છે. આ ભાવના હોય ત્યાં પત્નીઓ એમ કહે ખરી કે, 'મારા પતિએ મારી આજ્ઞા વિના દીક્ષા કેમ લીધી ?' આજે સુસંસ્કારો નષ્ટપ્રાયઃ થતા જાય છે અને કુસંસ્કારોનું બળ વધતું જાય છે. પોતાને લોકોત્તરમાર્ગના અનુયાયી તરીકે ઓળખાવનારાઓ, લૌકિક ઉચ્ચતાથી પણ પરવારી બેસે, એ ઓછું શોચનીય છે ? નહિ જ ! પત્ની એટલે પતિની સહચારિણી, પણ તે સેવિકાભાવે ! આ આર્યભાવના. પણ આજે તો આર્યભાવનાઓ નષ્ટ થતી જાય છે અને અનાર્યભાવનાઓ પોતાનું સામ્રાજ્ય જમાવી રહી છે. તેમાંથી જે કોઈ બચશે તેનું તેટલું કલ્યાણ થશે. આર્યપત્ની પતિના કલ્યાણમાં જ રાજી હોય. પતિના કલ્યાણ માટે પોતાના સ્વાર્થનો ભોગ દેવો પડે તેમ હોય તો આર્યપત્ની તેથી નાખુશ ન થાય પણ આનંદ પામે.

'પતિ કલ્યાણમાર્ગે સંચરશે તો તે ભોગસુખથી વંચિત રહેશે, માટે પતિને કલ્યાણમાર્ગે જતો રોકવો' આવી અધમભાવના સાચી આર્યપત્નીમાં ન આવે, તો પછી જૈન પત્નીમાં તો આવે જ શાની ? પાછળ જીવનનિર્વાહનું પૂરતું સાધન ન હોય તો પણ લોકોત્તર માર્ગની વિશિષ્ટતાને પામેલી પુણ્યશાલિની પત્ની તો એ જ કહે કે આપ એ માટે બેફીકર રહો, મજૂરી કરી પેટ ભરીશ પણ આપણું કુળ લાજે તેવું કાંઈ જ નહિ કરું? હું મંદસત્ત્વ છું કે આપની જેમ મારાથી સંયમના પવિત્ર માર્ગે અવાતું નથી. આપ ખુશીથી આપનું કલ્યાણ સાધો અને બીજા ભવમાં કોઈ તેવો પ્રસંગ આવી લાગે તો આ દાસીના આત્માને તારવાનું ચુકશો નહી.

### શ્રી ગુણસાગરનો પ્રસંગ

શ્રી ગુણસાગરની સાથે પરણનારી આઠ કન્યાઓના સંબંધમાં પણ શ્રી જંબુકુમાર જેવો પ્રસંગ ઉપસ્થિત થયો છે. તે વખતે પણ શ્રી

ગુણસાગરને વાગ્દાન માત્રથી જ દેવાઈ ચૂકેલી. કુમારિકાઓએ આવો જ સુંદર જવાબ આપ્યો છે. પોતાની માતાના અત્યાગ્રહથી પાણિગ્રહણ કરવાને તૈયાર થયા બાદ, શ્રી ગુણસાગરે કહ્યું કે, "હે માતા ! આપ મારા માટે માનનીય છો, એટલે આપની આજ્ઞા મુજબ હું તે આઠ કન્યાઓને પરણીશ તો ખરો, પણ પરણ્યા પછી તરત જ હું દીક્ષા લઈશ. અને તેમાં આપનાથી બિલ્કુલ અવરોધ થઈ શકશે નહીં. આ ઉપરાંત, આપ કન્યાઓના પિતાઓને પણ કહેવડાવી દો કે 'અમારો પુત્ર ગુણસાગર તમારી કન્યાઓનું પાણિગ્રહણ કર્યા બાદ દીક્ષા લેશે,' આમ કહેવડાવ્યા પછી તેમને પરણાવવી હશે તો પોતાની કન્યાઓ પરણાવશે." શ્રી ગુણસાગરના માતા-પિતાએ પોતાના વેવાઈઓને એ વાત કહેવડાવી દીધી. આથી તે કન્યાઓના પિતાઓએ નાખુશ થઈને 'પુત્રીઓને પૂછી તે કહે તેમ કરીશું' તેવો ઉત્તર આપ્યો. પછી પુત્રીઓને પૂછ્યુ કે 'જેની સાથે તમારો સંબંધ અમે કર્યો છે, તે વર અતિવૈરાગ્યવંત છે. તેથી તેનાં માતાપિતા કહેવડાવે છે કે 'આ અમારો પુત્ર તમારી કન્યાઓને પરણ્યા પછી તુરત જ દીક્ષા લેશે.' તો કહો કે, તમારી શી મરજી છે ? તમારી મરજી હોય તો તમને ત્યાં પરણાવીએ, નહિ તો પછી બીજાની સાથે પરણાવીએ !'

કન્યાઓ ચતુર છે. પિતા આવા સમાચારથી નાખુશ થયા છે એમ પણ જુએ છે. પોતાના પિતાની આવી અયોગ્ય નાખુશીને કાઢવા માટે અને પિતા મોહવશ ફરી કશો આગ્રહ કરે જ નહિ એ માટે શ્રી ગુણસાગરની સાથે પરણનારી આઠેય કન્યાઓએ પોતાના પિતાઓને કહી દીધું કે, "હે પિતાજી ! તમે વિચાર તો કરો કે, વાગ્દાનથી અમે જે પુરુષની પત્નીઓ કહેવાણી, તે પુરુષની પત્નીઓ મટીને વળી બીજાની પત્નીઓ અમે કેમ થઈએ ? માટે જો તે અમને પરણનારા કુમાર લગ્ન થયા બાદ સંસારમાં રહેશે, તો અમે સંસારમાં રહીશું અને જો તે દીક્ષા લેશે તો અમે પણ તેમજ કરીશું; પણ આ દેહથી તો અમે બીજા કોઈને

વરીશું નહિ જ. અમે તમને આવું સ્પષ્ટ જણાવીએ છીએ. તે છતાંપણ જો તેમની સાથે અમને નહિ જ પરણાવો. તો અમે આમને આમ કુમારિકાઓ રહીને જ દીક્ષા લઈશું !"

### પાપના માર્ગથી ઉગારી લેવાને બદલે પાપના માર્ગે ઘસડી જવાનો પ્રયત્ન

જૈનકુળમાંથી આવા પ્રસંગે આવી ધ્વનિ નીકળે. જૈનકુળના સુંદર સંસ્કારો જ એવા હોય કે સદાચારની ભાવનાઓ સુદૃઢ બન્યા કરે અને અનાચારની ભાવના ભાગતી ફરે. જૈનત્વના આચાર વિચારોમા સામાન્ય તાકાત નથી હોતી. આત્માના હિતનું રક્ષણ કરનારો આ કિલ્લો છે. એનો જેટલો નાશ તેટલો આત્માના હિતનો નાશ. હવે વિચારી જુઓ કે જ્યાં માત્ર વાગ્દાન વિધિ જ થયો હોય અને પાણિગ્રહણ ન થયું હોય, ત્યાં પણ આવી એક પતિત્વની ભાવના હોવી જોઈએ. ત્યાં આજે પાણિગ્રહણ થઈ ગયું હોય અને આગળ વધીને કહીએ તો એક પતિ સાથે સંસાર પણ મંડાઈ ચૂક્યો હોય, તે છતાં એ મરે એટલે બીજા સાથે પરણવાની વાતો સુધારાને નામે થાય અને આવી અનાચારની હલકટ ભાવનાથી ભરેલા નામધારી જૈનો એવા કુધારાઓ દ્વારા શ્રી જૈન શાસનને વધુ મલીન બનાવી રહ્યા છે, ને વાતો કરે જૈન શાસનની સેવાની. આ કેવી મનોદશા બનાવવાની વાતો કરે છે !

ખરેખર, જૈનકુળમાં જન્મેલા એ મંદભાગી જીવો જૈન સમાજને પાપના માર્ગમાંથી ઉગારી લેવાને બદલે, પાપના માર્ગે ઘસડી જવાનો પ્રયત્ન જ કરી રહ્યા છે અને તે પાપપ્રયત્ન કરવા માટે શાસ્ત્રકાર મહાપુરુષોને ભાંડતા પણ તેમને શરમ આવતી નથી. તમારા ઘરમાં એવી પાપવાસના ન ઘૂસે તેની કાળજી રાખો અને ખુણે બેસવા આદિના ખોટા રિવાજ દૂર કરી વિધવા બનેલી પુત્રી કે પુત્રવધુ પોતાનું જીવન ધર્મની આરાધનામાં સારી રીતે ગાળી શકે તેવી તેને સગવડ આપો તથા તમારા ઘરમાં તેવું વાતાવારણ સર્જો !

અહીં તો શ્રી રાવણ મૃત્યુ પામ્યા તેના બીજા જ દિવસે તેમના ભાઈએ, પુત્રોએ અને પટ્ટરાણી આદિએ પણ દીક્ષા લીધી.

એ વખતે કોઈએ કાંઈ વિરોધ ઉઠાવ્યો નહિ. 'ગઈકાલ સુધી તો કષાયથી ધમધમી રહ્યા હતા, ગઈકાલ સુધી યુદ્ધમાં અનેકોના સંહારનું પાપ કરી રહ્યા હતા તથા શ્રી રાવણ જે પરસ્ત્રીને ઉઠાવી લાવ્યા હતા તેને પાછી ન આપવી પડે અને પોતાની સ્ત્રીને લેવા આવેલો જીવતો પાછો ન જાય, આવી પ્રવૃત્તિ પણ જે ગઈકાલ સુધી કરી રહ્યા હતા, તે આજે દીક્ષા કેમ લઈ શકે ? આવો પ્રશ્ન ત્યાં કોઈએ ઉઠાવ્યો નહિ. જો કે કુંભકર્ણ, ઈન્દ્રજિત અને મેઘવાહન યુદ્ધમાં છેલ્લા થોડા સમયથી પકડાઈને બંધનમાં પડ્યા હતા, ગઈકાલ સુધી દુશ્મનાવટની અને યુદ્ધની કાષાયિક પ્રવૃત્તિમાં રક્ત હતા, એ તો ચોક્કસ છે ને ? આવા આત્માઓને એકદમ દીક્ષા અપાય ? આપનાર જ્ઞાનીને યોગ્ય લાગે તો જરૂર અપાય અહીં તો એ પુણ્યાત્માઓને દીક્ષા આપનાર કેવળજ્ઞાની છે.

### દીક્ષાને આપવાનો વિધિમાર્ગ કયો છે ?

**સભા** : ત્યારે આપનાથી તો કોઈને એકદમ દીક્ષા ન જ અપાય ને ?

**પૂજ્યશ્રી** : આવનાર સર્વથા અપરિચિત હોય, તેની ભાવનાનો ખ્યાલ ન હોય, તો વિધિમાર્ગ એ જ છે કે દીક્ષા લેવા આવેલાને દીક્ષા ન જ અપાય. પણ પ્રવ્રજ્યા માટે ઉપસ્થિત થયેલાને માટે, જ્ઞાનીની આજ્ઞા મુજબ તેની પરિણતિની પરીક્ષા પણ અવશ્ય કરવી જોઈએ. આવનારને તેનું નામઠામ વગેરે પૂછવું જોઈએ તેમજ તે દીક્ષા લેવા કયા ઈરાદાથી આવ્યો છે ? તે પણ પૂછીને જાણી લેવુ જોઈએ. ઉચ્ચ કુળાદિનો હોય અને સંસારનો છેદ કરી મોક્ષ પ્રાપ્ત કરવાના ઈરાદાથી આવેલો હોય તો તે પ્રશ્નશુદ્ધ કહેવાય છે.

**તેને આરાધના-વિરાધનાના ફળનો ખ્યાલ આપવાનો**

એ પ્રશ્નશુદ્ધને જ્ઞાનીઓની આજ્ઞા મુજબ સાધ્વાચારનું કથન પણ દીક્ષા આપતાં પહેલા જ કરવાનું છે. સાધ્વાચારના કથન તરીકે એવી એવી વિગતો પણ એ દીક્ષાર્થીને જણાવવાનું વિધાન છે કે "જો કે આ પ્રવ્રજ્યાનું જીવનના અંત સુધી આજ્ઞાધીનપણે પરિપાલન કરવું એ કાયર પુરુષોને માટે મુશ્કેલ છે. પરંતુ કલ્યાણનો અભિલાષી આત્મા કલ્યાણની સાધનામાં જો કાયર બને નહિ, પોતાના સત્ત્વને જો ગોપવવાને બદલે ખીલવતો જાય અને આરાધનામાં જો તત્પર જ બન્યો રહે તો આરંભ-સમારંભ આદિના પાપથી નિવૃત્ત થયેલો તે આત્મા, આ ભવમાં અને પરભવમાં પણ પરમ કલ્યાણના લાભને પામે છે."

આમ કહેવા દ્વારા એ સમજાવવાનું કે "ભવક્ષય કરવા દ્વારા મોક્ષ પામવાના ઘણા શુભ અને વખાણવા યોગ્ય ઇરાદાથી અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલી અને ભવક્ષય કરવાને માટે પરમ સાધન તરીકે વર્ણવેલી દીક્ષા ગ્રહણ કરવાને માટે તું ઉપસ્થિત થયો છે, એથી તું પરમ ભાગ્યવાન છે. અલ્પસંસારી આત્માઓ સિવાય બીજાઓના અંતરમાં આવો ઉલ્લાસ તો નથી આવતો; પણ આ પ્રકારની વાસ્તવિક ભાવના ય તેમના હૃદયને સ્પર્શી શકતી નથી. તારો સંસાર ઘણો અલ્પ લાગે છે, કારણકે તારામાં ભવક્ષયની ઉત્તમ ભાવના ઉત્પન્ન થઈ છે એટલું જ નહિ પણ તું અનંત જ્ઞાનીઓએ ફરમાવેલા ભવક્ષયના અનુપમ સાધનને પામવા માટે ઉત્સુક બનીને અહીં આવ્યો છે. આથી તમે પરમ ભાગ્યશાળી છો અને અમે પણ એ જ ઇચ્છીએ છીએ કે તારી ભાવના સુંદરમાં સુંદર પ્રકારે ફળો. પણ જો આ સાધન જેમ ઘણું ઉત્તમ છે, તેમ તેનું શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ જીવનના અંત સુધી પરિપાલન કરવું તે અતિ દુષ્કર છે. કાયર પુરુષો આ સાધન લઈ લે તો ય તેનો આજીવન આજ્ઞા મુજબ નિર્વાહ કરવો તેમને માટે મુશ્કેલ નીવડે છે. માટે આ દીક્ષા પામીને તારે કાયરતાને આવવા દેવી નહિ અને વિઘ્નજય કરવાને સદા તત્પર બન્યા રહેવું; કારણકે વિઘ્નજય વિના

સિદ્ધિ નથી. "દીક્ષા લેવી એટલે આરંભાદિના સઘળા ય પાપથી નિવૃત્ત થવું. એ આરંભાદિમાં કાયરતાના કારણે આત્મા ફરી ફસાઈ ન પડે તેની તારે કાળજી રાખવી. આ પ્રમાણે સત્ત્વશીલ બનીને જો તું આરંભ નિવૃત્ત જીવન ગાળીશ, તો જ્ઞાનીઓ ફરમાવે છે કે, આરંભથી નિવૃત્ત થયેલા આત્માઓને આ ભવમાં તેમજ પરભવમાં પણ પરમ કલ્યાણનો લાભ થાય છે."

દીક્ષા લેવા માટે આવેલાનો ઉત્સાહ વધે તેવી રીતે આ જાતનો ખ્યાલ આપ્યા પછી, જ્ઞાનીઓ ફરમાવે છે કે, "તેને એક બીજી વાતનો પણ ખ્યાલ જરૂર આપી દેવો. સાધ્વાચારનું કથન કરવામાં જ તેને એમ પણ કહી દેવું કે, "અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી આજ્ઞાની જે આત્માઓ ઉત્તમ પ્રકારે આરાધના કરી શકે છે, તે આત્માઓ ભવક્ષય કરવાના પોતાના શુભ ઈરાદાને સુસફળ બનાવી શકે, એ નિ:શંક વાત છે પણ વિરાધેલી આજ્ઞા સંસારદુ:ખરૂપ મહાભયંકર ફળને દેનારી થાય છે. જેમ કુષ્ઠાદિ વ્યાધિવાળો વિના દવાએ જેટલો વખત જીવે છે, તેના કરતા જો તેવો રોગી દવા પામીને અપથ્યને સેવનારો બને તો વ્હેલો વિનાશને પામે છે, એ જ રીતે સંસારરૂપ રોગની સંયમરૂપ દવા પામ્યા પછીથી, અસંયમ રૂપ અપથ્યને સેવનારો ભગવાનની આજ્ઞાના વિલોપન વડે દુરાશયવાળો બનવાથી, સંયમને નહી પામેલા બીજાઓના કરતાં અધિક કર્મને ઉપાર્જે છે. અર્થાત્ સંયમ એ ઉત્તમમાં ઉત્તમ ઔષધિ છે. કર્મરૂપ વ્યાધિનો નાશ કરવા માટે તે અનુપમ ઔષધ રૂપ છે. જે એને ખાઈ જાણે અને સેવવા યોગ્ય પથ્યને સેવી જાણે, તેનો ભવરૂપી રોગ નિર્મૂળ થયા વિના રહે નહિ! પણ ઔષધ લીધા પછીથી જે અસંયમરૂપ અપથ્યને સેવવા મંડી પડે, તે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની વિરાધનાના યોગે દુરાશયવાળો બનતાં મહાદુષ્કર્મને ઉપાર્જે છે અને એથી ભવક્ષયના હેતુથી પણ સંયમને ગ્રહણ કરનારો તે જ આત્મા પોતે કરેલી વિરાધનાના પાપોથી પોતાના ભવોની વૃદ્ધિને કરનારો બને છે."

આ દ્વારા એ જ સૂચવાય છે કે "દીક્ષા લીધા બાદ વિરાધના ન થાય તેની કાળજી રાખવાની છે. એવું સત્ત્વ હોય, એવી ભાવના હોય કે, જેમ શુદ્ધ ભાવે લઉં છું તેમ શુદ્ધભાવે મરણપર્યંત આરાધના કરવી છે તો દીક્ષા લેવી. વિરાધના થશે એમ લાગતું હોય તો વિચાર કરવો અને વિરાધનામાં ન પડાય તથા આરાધના અખંડિત બને તેવી તાકાત કેળવવા પ્રયત્નશીલ બનવું. પણ એ યાદ રાખવું કે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની આરાધના કરવી એ જ આત્મકલ્યાણનો એકમાત્ર માર્ગ છે. આત્મકલ્યાણ સાધવું હોય, સંસારદુ:ખથી મુક્ત થવું હોય અને અનંત સુખમય અનંતકાળનુ શાશ્વત જીવન પ્રાપ્ત કરવું હોય તો શ્રી જિનાજ્ઞાની આરાધના કર્યા વિના છૂટકો નથી. તારી ભવક્ષય કરવાની ભાવના છે, તો તું એવો સુસ્થિર અને સત્ત્વવાન બન કે, આરાધનાથી ડગાય નહિ અને વિરાધનામાં ફસી જવાય નહિ !"

### દુષ્કર્મ ઉગ્રપણે ઉદયમા આવે તો ભલભલા પણ પડી જાય

**સભા** : આટલી તાકાત કેળવીને જો દીક્ષા લે, તો તો કદિ કોઈ પતિત થાય જ નહિ ને ?

**પૂજ્યશ્રી** : ત્યાં ભૂલ્યા. દીક્ષા લેતી વખતે પોતાને એમ લાગે કે, 'હું આરાધનાથી ચૂકું તેમ નથી' એટલે લે; પણ પાછળથી દુષ્કર્મનો તીવ્ર ઉદય થઈ જાય તો ભલભલા પણ પડી જાય. ભવક્ષયના પરમ કારણરૂપ ભાગવતી દીક્ષા લેતી વખતે ભાવના અને દશા કેવી હોવી જોઈએ ? તેની આ વાત છે. ભવક્ષયના હેતુથી લેનારે પોતાના સામર્થ્યની પણ કસોટી કરી લેવી જોઈએ કે, 'મુનિપણાનો નિર્વાહ કરતા એટલે મુનિપણાના આચારોનું પરીપાલન કરવા માટે જરૂરી કષ્ટો સહન કરવામાં, ટાઢ તડકો વેઠવામાં કે ભૂખ-તરસ વેઠવાના પ્રસંગમાં ગભરાઈને પડી જવાય એમ તો નથી ને ?' આટલી સાવધગીરી રાખી

હોય, તે છતાં પાછળથી શરીરમાં રોગાદિ ઉત્પન્ન થઈ જાય અને એ નિમિત્તે ય અગર એવા બીજા કારમા નિમિત્તોએ ય કોઈપણ આત્મામાં શિથિલતા ન જ આવે, તેમ તો ન જ કહી શકાય. દુષ્કર્મનો તીવ્ર ઉદય થતાં, તેવું કોઈ ખરાબ નિમિત્ત મળતાં, સત્ત્વશીલ આત્માઓ પણ પડે એ બનવા જોગ છે. આ રીતે પતન થાય એ જુદી વસ્તુ છે. પણ દીક્ષા લેતાં પહેલાં આરાધનાના અર્થી આત્માઓએ પોતાની આરાધનાની તાકાતનો અવશ્ય વિચાર કરવો જોઈએ. એ દીક્ષાદાતા ગુરુએ પણ દીક્ષાર્થીને તેનો ખ્યાલ આપવાને ચૂકવું જોઈએ નહિ.

### પરિણતિની પરીક્ષાનું કારણ

શાસ્ત્રોમાં સ્પષ્ટ વિધાન છે કે, દીક્ષા માટે ઉપસ્થિત થયેલાને પહેલાં નામ-કુળ આદિને લગતાં પ્રશ્નો પૂછવા જોઈએ. એ પ્રશ્નોના ઉત્તરમાં, આપણે પહેલાં કહી ગયા તેમ જો તે પ્રશ્નશુદ્ધ નિવડે, તો તેને સાધ્વાચારનું કથન કરવું જોઈએ. ગુરુ આ પ્રકારે સાધ્વાચારનું કથન કરતા જાય, તેમ સામાના મુખ ઉપર પ્રગટ થતા ભાવો તથા થતા ફેરફારો જોયા કરે. તેમજ આવી વાત કર્યા પછીથી દીક્ષા લેવા માટે આવેલો તે શું બોલે છે ? તે સાંભળે. એટલે એ વગેરે ઉપરથી સામાના હૃદયમાં આરાધના કરવાની કેવી ભાવના છે તથા વિરાધનાનો તેનામાં કેવો અને કેટલો ડર છે એનો તેમજ તેના જવાબ ઉપરથી તેની સત્ત્વશીલતાનો પણ અમુક ખ્યાલ આવી જાય.

આટલું કર્યા પછીથી શાસ્ત્રકાર મહાપુરુષો ફરમાવે છે કે, દીક્ષા લેવાને આવેલાની સારી રીતે પરીક્ષા કરવી. કારણકે ચિત્રકાર સપાટ પટની ઉપર આલેખેલા ચિત્રમાં પણ જેમ ઉંચા-નીચા વગેરે દેખાવો દર્શાવી શકે છે, પણ પટ ઉપર વસ્તુતઃ તેવી ઉંચાઈ પણ નથી હોતી અને નીચાઈ પણ નથી હોતી; તેમ કેટલાક માણસો પણ એવા હોય છે કે અંદર જુદું અને દેખાવ જુદી જ જાતનો કરતા હોય. એવા માણસોમાં ફસાઈ ન જવાય અને એવાઓને ભૂલથી દીક્ષા દેવાઈ ન જાય, તે માટે

દીક્ષા માટે ઉપસ્થિત થયેલો પ્રશ્ન શુદ્ધ નિવડે એટલે તેને સાધ્વાચારનું કથન કર્યા બાદ, તેનામાં સમ્યગ્દર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યક્ચારિત્રની પરિણતિ કેવી છે ? તે વિષયક તેની પરીક્ષા કરવી.

આ પરીક્ષા અમુક દિવસોમાં જ થઈ શકે કે અમુક મહિનાઓ વિના થઈ શકે નહિ, એવું નથી. એ તો જેવું પાત્ર. જે જે ઉપાયો દ્વારા દીક્ષા લેવા આવેલાની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પરિણતિ જાણી શકાય તેમ હોય, તે તે ઉપાયો ગુરુ યોજે. તે તે ઉપાયો યોજતાં સંયમ જીવનના નિર્વાહને માટે આવશ્યક પરિણામ શુદ્ધિ માલૂમ પડે, તે પછી જ વિધિ મુજબ દીક્ષા આપે. ગુરુને જરૂર લાગે તો તે પરીક્ષામાં છ મહિનાય કાઢે, તેથી વધુ વખત ય કાઢે અને જોઈએ તો એક-બે દિવસ જ કાઢે. સૌને માટે સરખા કાળ સુધી પરીક્ષા કરવી જોઈએ એમ નથી. પરીક્ષા સૌની કરવાની, કાળક્ષેપ જરૂર મુજબ કરવાનો !

## દીક્ષા આપવામાં અતિશયજ્ઞાનીઓની વિશિષ્ટતા હોય છે

**સભા** : આ બધું કેવળજ્ઞાની કરે ખરા ? તેમજ તે પરીક્ષા પણ કરે ખરા ?

**પૂજ્યશ્રી** : કેવળજ્ઞાની પરમર્ષિઓ આવું ન જ કરે, એમ આપણે કહેતા નથી. આપણે તો એમ કહીએ છીએ કે, તે તારકોને જેમ ઉચિત લાગે તેમ કરે; કારણકે તે અનંતજ્ઞાની છે. તે તારકો તો જ્ઞાનબળે સામાની પરિણતિ અને તેની કર્મસ્થિતિ વગેરે સ્વાભાવિક રીતે જાણનારા હોય છે. એમની પાસે આવીને કોઈ એ તારકોને છેતરી જાય એમ બનવાનું નથી, તેમજ એ તારકોને સામાને પૂછીને કે સામાનો પરિચય કરીને કંઈ જાણવાનું બાકી રહેતું નથી. એ તારકોને માટે આજ્ઞાનો પ્રતિબંધ હોય જ નહિ. શાસ્ત્ર ફરમાવે છે કે અતિશય જ્ઞાનીઓની વાત જ જુદી છે. અતિશય જ્ઞાનીઓના જેવા ચાળા કરવાને

બીજા છદ્મસ્થો જાય અને આજ્ઞાને આઘી મૂકે, તો લેવાના દેવા થાય નામનાને બદલે નામોશી આવવા જેવું થાય. આરાધના રહી જાય અને વિરાધના પલ્લે પડી જાય. અતિશય જ્ઞાનીઓમાં તો જબરદસ્ત જ્ઞાનબળ છે, એટલે તે તારકો સ્વતઃ જાણી શકે છે. આમ હોવાથી તે તારકો જેમ યોગ્ય લાગે તેમ વર્તે તો ય આજ્ઞાના વિરાધક ઠરતા નથી; અને તેથી તે તારકોને કોઈપણ સંયોગોમાં આથી વિપરીતપણે વર્તનારા ન જ કહેવાય. અતિશય જ્ઞાનીઓની આ વિશિષ્ટતાને કારણે જ તેવા અનુકરણને નિષેધી આજ્ઞાધીન બનવાનું ઉપદેશાય છે.

### પરિચિત-અપરિચિત વચ્ચેનો તફાવત

**સભા** : આપે પ્રશ્નો પૂછવાનો જે વિધિ કહ્યો અને જે સાધ્વાચાર કહેવાનો વિધિ કહ્યો તેમજ પરીક્ષા કરવાની કહી, તે બધો વિધિ શું કેવળ અપરિચિત માટે છે ?

**પૂજ્યશ્રી** : પરિચિતને માટ જુદો વિધિ અને અપરિચિતને માટે જુદો વિધિ એવું કાંઈ છે જ નહિ; પણ આ તો સામાન્ય બુદ્ધિનો પ્રશ્ન છે. પરિચિતનો અર્થ જ એ છે કે આપણે તેનાં નામ-ઠામ જાણતા હોઈએ, તેની ભાવનાદિ સંબંધી જાણતા હોઈએ, આરાધનાનો ઉલ્લાસ અને વિરાધનાનો ડર તેનામાં કેટલો છે એનો આપણને કંઈક ખ્યાલ હોય અને તેની સમ્યક્ત્વાદિ સબંધી પરિણતિ વિષે પણ આપણે સાવ અજાણ ન હોઈએ. આવો પરિચિત આદમી દીક્ષા લેવા આવે ત્યારે એને એમ પૂછવું કે, 'તારું નામ શું ? તારું ગામ કયું ?' એ શું મૂર્ખાઈભર્યું નથી ? વળી પરિચિત તે તો સ્વયં આવીને મોટેભાગે એવા ભાવનું કહી દે કે 'ભવક્ષય માટે દીક્ષા લેવાની ભાવના તો મને ઘણા વખતથી હતી, પણ લેવાતી નહોતી હવે અનુકૂળતા થઈ ગઈ છે અને ઉલ્લાસ વધ્યો છે, એટલે હુ દીક્ષા લેવા માટે આવ્યો છું.'

સુપરિચિત દીક્ષાર્થીને સાધ્વાચારનું કથન કરવાની પણ તેવી જરૂર વસ્તુતઃ રહેતી નથી. કારણકે એવો જે પરિચિત હોય તેણે

વ્યાખ્યાનાદિનું શ્રવણ ઘણીવાર કર્યું હોય તેમજ વ્યાખ્યાન સિવાયના સમયે પણ ઘણું સાંભળ્યું હોય, એટલે તે જાણી જ ચૂક્યો હોય કે, 'સંયમ-દીક્ષા લઈને, તેનું આજ્ઞા મુજબ જીવનના અંત સુધી પાલન કરવું, એ સહેલું નથી.' એને ખ્યાલ હોય કે, 'સંયમજીવનમાં ડરપોક બન્યે કામ ન ચાલે. કારણકે કોઈ વખત આહાર મળે પણ ખરો અને ન પણ મળે; ઉઘાડે માથે અને ઉઘાડે પગે ગમે તેવી ઠંડીમાં કે ગમે તેવી ગરમીમાં વિહારે ય કરવો પડે; પોતાના સંયમ નિર્વાહના ઉપકરણાદિ પોતે ઉંચકી લેવાં પડે; એ માટે મજૂર રખાય નહિ; લોચ કરવો પડે; ભૂખ-તરસ તથા માનાપમાનાદિ પરિષહો વેઠવા પડે; ઉપસર્ગો આવે તો તે પણ સહેવા પડે અને ભિક્ષામાત્રથી જીવનનિર્વાહ કરવો પડે !' આ વગેરે સાધુના આચારોથી તે અજાણ ન હોય. અને એવી વાતોથી ય જે અજાણ હોય, તેને તો સાધુનો પરિચિત વસ્તુતઃ કહેવાય પણ કેમ?

અત્યારે સાધુના પરિચિત સંબંધી વાત ચાલે છે, તો વિચારો કે સાધુનો પરિચિત શું આ બધાથી અજાણ્યો જ હોય ?

**સભા** : સાધુનો પરિચિત આટલું તો જાણે જ ?

**પૂજ્યશ્રી** : હજુ આગળ. સાધુના વ્યાખ્યાનો જેણે વારંવાર સાંભળ્યા હોય, તેણે એવું ન સાંભળ્યું હોય અગર ન જાણ્યું હોય કે, 'જે પુણ્યાત્માઓ આરંભાદિનો ત્યાગ કરીને આજ્ઞાપાલનમાં રક્ત રહે છે, તેમનું આ ભવમાં તેમજ પરભવમાં પણ પરમકલ્યાણ થાય છે' ?

**સભા** : એ ય જાણે.

**પૂજ્યશ્રી** : વળી તે પરિચિતે એવું જાણ્યું અગર સાંભળ્યું ન હોય કે, 'આરાધેલી જિનાજ્ઞા મોક્ષફળને દેનારી થાય છે અને વિરાધેલી જિનાજ્ઞા સંસારદુ:ખનું કારણ બને છે' ?

**સભા** : એવું ય સાંભળ્યું હોય.

**પૂજ્યશ્રી** : ત્યારે શું એમ ન જાણ્યું હોય અગર તો એમ ન સાંભળ્યું હોય કે, 'સંયમ નહિ લેનારા કરતાં સંયમ લઈને અસંયમ સેવનારો વધારે પાપમાં ડુબે છે' ?

**સભા** : એવું ય સાંભળ્યું હોય.

**પૂજ્યશ્રી** : આ બધું જેણે અનેકવાર સાંભળ્યું હોય અને આપણે જાણતા પણ હોઈએ કે આ બધી વાત દીક્ષા લેવાને માટે આવેલાના ખ્યાલમાં છે, છતાં કહેવું જ જોઈએ એમ? જો કે તેવો અવસર આવે અગર પ્રસંગ ઉપસ્થિત થાય તો ન જ કહેવું એમ નહિ. પરંતુ તેવા પરિચિતને જેમ નામ-ઠામ નહિ પૂછવાના કારણે વિધિભંગનો દોષ લાગતો નથી, તેમ આપણે જાણતા હોઈએ કે આવનાર આજ્ઞાની આરાધના તથા વિરાધના આદિ બાબતના ખ્યાલવાળો છે, તો તે કારણે તેને તે બધું ન કહીએ એથી વિધિ ભંગનો દોષ લાગે જ નહિ. એ સામાન્ય અક્કલવાળો પણ સમજી શકે એવી સાદી, સીધી અને સ્પષ્ટ વાત છે.

## પરિચિત પણ બદઈરાદે-ખોટા ઈરાદે દીક્ષા લેવા આવે તો ?

આવી જ રીતે પરીક્ષાને અંગે વિચારો ! આપણે જાણતા હોઈએ કે, 'દીક્ષા લેવાને આવેલો માણસ ઘણા વખતથી વ્રતનિયમાદિનું પાલન કરે છે અને ઘણા વખતથી ચારિત્રનો અભિલાષી હતો' એમ પણ આપણી જાણમાં હોય, તો તેની સમ્યક્ત્વાદિ વિષયક પરિણતિની પરીક્ષા કરતાં બહુ વાર લાગે, એમ કોણ કહી શકશે ?

**સભા** : એમાં બહુ સમય ન જોઈએ.

**પૂજ્યશ્રી** : આથી સ્પષ્ટ છે કે, પરિચિત અને અપરિચિત વચ્ચે ભેદ રહેવાનો જ. આમ છતાંપણ દીક્ષાદાતા ગુરુને પરીક્ષા માટે રોકવાની જરૂર લાગે તો એ કારણે તેઓ તેટલો વખત દીક્ષા ન આપે તો એમાંય આજ્ઞાભંગ નથી.

**સભા** : કોઈ પરિચિત એવો જ હોય કે તે વ્યસનાદિમાં ફસાયેલો છે, અનાચારી છે, એમ સાધુઓ જાણતા હોય તો ?

**પૂજ્યશ્રી** : એવો પરિચિત સાધુ પાસે દીક્ષા લેવા આવે ક્યારે ? અને આવતાંની સાથે જ તે શું કહે, એ વિચારો !

**સભા** : કોઈનું કાંઈ ઉપાડ્યું હોય કે દેવામાં ફસી ગયો હોય એટલે પણ આવેને ?

**પૂજ્યશ્રી** : પણ અહીં આવવામાં તેનો ઈરાદો શો હોય ?

**સભા** : કદાચ એવો જ હોય કે તાત્કાલિક આફતમાંથી બચી જવું, પછી થઈ રહેશે.

**પૂજ્યશ્રી** : તમે એમ ધારો કે વ્યસન અને અનાચારમાં ફસાયેલા જે કોઈ દીક્ષા લેવા આવે, તે બધા તમે કહો છો તેવા જ ઈરાદે આવે ?

**સભા** : હું એમ નથી કહેતો. હું તો એમ કહું છું કે તાત્કાલિક આફતમાથી બચી જવું, પછીથી થઈ રહેશે આવા ઈરાદાવાળા પણ કોઈ હોય, એમ બને ને ?

**પૂજ્યશ્રી** : હવે બરાબર. તેવા ઈરાદાથી કોઈ દીક્ષા લેવા ન જ આવે, એમ કહેવાનો આપણો ઈરાદો નથી. બનવાજોગ છે કે કોઈ તેવાય આવે, પણ એક વાત સમજી લો. જે આત્મા એમ જાણતો હોય કે હું જે મહારાજ પાસે જાઉં છું તે મહારાજ જાણે છે કે હું વ્યસની છું તથા અનાચારી છું. તે વ્યક્તિ દીક્ષાની વાત કરવા આવતાં જ પહેલાં તો ગભરાય અને હિંમત કરીને આવે તો ય પહેલાં એ કહે કે 'હું આવો આવો પાપી હતો, મેં અમુક અમુક પાપો કર્યા છે, પાપો કરતા પાછું જોયું નથી, પણ હવે હું પાપથી બચવા ઈચ્છું છું. મારે મારૂં બાકીનું જીવન એવી રીતે ગાળવું છે કે નવા પાપોથી હું બચી જાઉં અને જૂના પાપોથી બંધાયેલા કર્મો પણ ધોવાય' વિચારી જુઓ કે આમ કહે કે નહિ ?

હજુ આગળ એ એવું બોલે છતાં ગુરુ મૌન અને ગંભીર રહે, તેમજ આવનારની મુખમુદ્રા ઉપર દૃષ્ટિ ઠેરવી રાખે, તો પેલાને સહેજે એમ થાય કે મહારાજને હજુ મારી વાતમાં વિશ્વાસ નથી આવ્યો. આથી

તે આપોઆપ જ કહે કે 'આપને મારા ઉપર વિશ્વાસ ન આવે તે સ્વાભાવિક છે. કારણકે હું વ્યસની અને અનાચારી છું એમ આપ જાણો છો; પણ સાહેબ ! મેં વ્યાખ્યાનો સાંભળ્યા એથી અગર બીજું કારણ હોય તો તે કહે, પણ કારણ બતાવી કહે કે, 'એથી મને મારી અધમતા સમજાઈ છે. મારા પાપી અધમ જીવન પ્રત્યે મને પોતાને તિરસ્કાર આવ્યો છે. હું જાણું છું કે દીક્ષા પાળવી એ મહામુશ્કેલ છે, પણ મેં નક્કી કર્યું છે કે હવે બાકીની જીંદગી કેવળ આરાધનામાં ગાળવી, માટે હું આપને શરણે આવ્યો છું. આપ ખાત્રી રાખો કે હું દીક્ષા લઈને વિરાધનામાં નહિ પડું. મારે જો એવું જ પાપ કરવું હોય તો સંસારમાં જ ન રહુ ?'

આવી રીતે તે બોલ્યે જતો હોય ત્યાં ગુરુ એમ કહી દે કે, 'તે કહ્યું તે સાંભળ્યું, પણ અમારેય અમારી ફરજ બજાવવી જોઈએ. તું કહે છે તેવી બુદ્ધિ તારામાં બરાબર આવી છે કે ઉભરો માત્ર જ છે એ અમારે જોવું પડશે. આથી અમને જેટલા સમય સુધી જરૂર લાગશે તેટલો સમય અમારે તારી ઉપેક્ષા કરવી પડશે.' આવું કહેવાય એટલે કોઈ ઠેકાણે જો તે ઉંધુ મારીને જ આવ્યો હોય કે ફસાવવાથી આવ્યો હોય તો પ્રાયઃ રવાના થઈ ગયા વિના રહે નહિ; અને જે પછી પણ ટકી રહે તેની ઘટતી તપાસે ય કરી લેવાય અને કરવાજોગી પરીક્ષા પણ કરી લેવાય. ખાસ કરીને તેની પરિણતિની પરીક્ષા લેવાની હોય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વિષયક તેની પરિણતિ કેવી છે ? તે જોઈ લેવાનું હોય. તેનો ઈરાદો પણ જાણી લેવાનો હોય અને તેને ખ્યાલ પણ અપાય કે મોક્ષના શુદ્ધ હેતુથી જ આરાધના કરવા યોગ્ય છે. આરાધનાથી થતા લાભ અને વિરાધનાથી થતા નુકસાન વિષે પણ તેને કહેવાય.

**ભોગવ્યું ન હોય તેનો ત્યાગ કરી શકાય જ નહિ એમ કહેનારની ભયંકર અજ્ઞાનતા**

આથી સ્પષ્ટ છે કે દીક્ષા આપતાં પહેલાં પરીક્ષા નહિ જ કરવી જોઈએ એમ આપણે કહેતા નથી પણ આજે છ મહિનાના પ્રતિબંધો

મૂકવાની જે વાતો થઈ રહી છે તે તો અજ્ઞાનતામય જ છે અને તેના ઉત્પાદકોનો તો હેતુ પણ દુષ્ટ છે. તેઓ તો પરીક્ષા પણ જુદી જાતની કરવાની કહે છે. પરીક્ષા છ મહિના સુધી કરવી જ જોઈએ એમ શાસ્ત્ર કહેતુ નથી, પણ જરૂર લાગે તેટલા કાળ સુધી પાત્રાનુસાર પરીક્ષા કરવાનું ફરમાન છે. પરીક્ષા માત્ર પરિણતિ વિષયક કરવાની છે અને તે દીક્ષા લેવા આવેલાની પાસે સાવદ્યનો પરિહાર કરાવવા વગેરે દ્વારા કરી શકાય છે.

પણ દીક્ષાના વિરોધીઓની તો વાત જ જુદી છે. તેઓ તો કહે છે કે 'જેણે જે ન ભોગવ્યું હોય તેનો તે ત્યાગ કરી શકે જ નહિ, અને ત્યાગ કરે તો ય તેનું મન તો લલચાય જ અને એથી તે પતિત થયા વિના રહે નહિ. કદાચ તે સાધુવેષ ન છોડે તો અંદર સડો ઘાલે. આ દલીલનો પણ વિચાર કરી લઈએ; કારણકે આવી દલીલથી ભદ્રિક આત્માઓ મૂંઝવણમાં પડી જાય એવું છે.

'જેણે જે ન ભોગવ્યું હોય તેનો તે ત્યાગ કરી શકે જ નહિ.' આવો સિદ્ધાંત જો માન્ય કરી લેવામાં આવે તો વસ્તુતઃ કોઈ દીક્ષાને પામી શકે જ નહિ અને સંયમનો માર્ગ જ બંધ થઈ જવા પામે; કારણકે સાધુ થતાં જેનો ત્યાગ કરવો પડે છે તે બધુ સંસારમાં જીંદગીના અંત સુધી રહેનારો ભોગવી શકે છે એમ બનતું નથી. દરેક પ્રકારની પૌદ્ગલિક સામગ્રી સંસારમાં રહેનાર દરેક જીવ ભોગવવા પામે છે એમ બનતુ નથી. સંસારમાં રહેલી પૌદ્ગલિક સામગ્રીમાંથી દરેક જીવ અમુક અમુક સામગ્રીને પોતપોતાના પુણ્યાનુસાર પામે છે અને ભોગવે છે. પણ સંસારમાં જેટલી પૌદ્ગલિકસામગ્રી છે તે બધાયનો ઉપભોગ કોઈપણ જીવ જન્મે ત્યાંથી લઈને મરે ત્યાં સુધી મથ્યા કરે તોય કરી શકતો નથી. પૌદ્ગલિકસામગ્રી પ્રાપ્ત થવી એ ભાગ્યાધીન વસ્તુ છે; પૌદ્ગલીકસામગ્રી મળ્યા પછી ભોગવવી એ ય ભાગ્યાધીન વસ્તુ છે; અને પૌદ્ગલિકસામગ્રી ટકી રહેવી એ ય ભાગ્યાધીન વસ્તુ છે. એટલે કોઈને સર્વ પ્રકારની પૌદ્ગલિકસામગ્રી એક ભવમાં મળી જાય એમ તો બને જ નહિ !

હવે જ્યારે દરેક જીવ દરેક પ્રકારની પૌદ્ગલિકસામગ્રી કે જે સંસારમાં હયાત છે, તેને પામી શકતો નથી અને ભોગવી શકતો નથી. એટલે જેણે જે ન ભોગવ્યું હોય તેનો તે ત્યાગ કરી શકે જ નહિ.' આવો સિદ્ધાંત બાંધનારના મતે કોઈથી પણ નહિ ભોગવેલી પૌદ્ગલિક સામગ્રીના ભોગવટાનો ત્યાગ કરી શકાશે જ નહીં અને તેથી તે મત મુજબ દીક્ષા લઈ શકશે જ નહિ.

બીજી વાત એ પણ છે કે 'જેણે જે ભોગવ્યું ન હોય તેનો તે ત્યાગ કરી શકે જ નહિ,' આવો સિદ્ધાંત માનીએ તો સૌથી પહેલા સંસારના ત્યાગી અને સંસારના ભોગોપભોગોની અનુમોદના પણ નહિ કરવાની પ્રતિજ્ઞા લઈ ચૂકેલા સાધુઓએ એવો પ્રયત્ન કરવો જોઈએ કે 'દુનિયાના જીવોને દરેક પ્રકારની પૌદ્ગલિકસામગ્રી પ્રાપ્ત થાય.' કોઈ દીક્ષા લેવા માટે આવે એટલે એને સાધુઓએ પૂછવું પડે કે, 'ઉભો રહે, તે શું શું ભોગવ્યું છે ? તે કહે !' અને એ કહે એટલે સાધુએ તેને બાકીના પૌદ્ગલિક ભોગોપભોગોનો ખ્યાલ આપીને તેને તે તે ભોગાદિ ભોગવવા માટે રવાના કરવો પડે ! કારણકે, જેણે જે ન ભોગવ્યું હોય તેનો તે ત્યાગ કરી શકે જ નહિ. અને જો તે ત્યાગ કરે તોય તેનું મન નહિ ભોગવેલી વસ્તુઓ માટે લલચાયા વિના રહે નહિ અને મન લલચાય એથી તે પતિત થયા વિના રહે નહિ તેથી પરિણામે તે સાધુવેષ ન છોડી શકે તો ય અંદર સડો ઘાલ્યા વિના રહે નહિ. આવું તેમનું કહેવું છે; એટલે તેમના કથનને જે માને તે સાધુઓએ તો જે કોઈ દીક્ષા લેવા આવે, તેને ત્યાગ વૈરાગ્યનો ઉપદેશ નહિ આપતાં, બાકી રહેલા સંસારના ભોગોનો ભોગવવાનો ઉપદેશ આપવો પડે અને પછી તો તે ભોગ સામગ્રી મેળવવાના માર્ગો પણ બતાવવા જોઈએ; કેમ ખરું ને ?

**સભા** : 'તેવા અજ્ઞાનીઓના સિદ્ધાંતને જેઓ માને તે સાધુઓને તો તેમ કરવું પડે, પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને તરણોપાય માનનારા મુનિવરો તો તેમ ન જ કરે !'

**પૂજ્યશ્રી** : બરાબર છે. પણ તમે એ વાત સમજ્યાને કે તેઓ કહે છે તેવો સિદ્ધાંત માનવામાં આવે, તો કોઈ દીક્ષાને પામી શકે જ નહિ અને સંયમનો માર્ગ જ બંધ થઈ જવા પામેને ?

**સભા** : દીક્ષાઓ અટકે એ હેતુથી તો આવા સિદ્ધાંતો કલ્પી તેનો તેઓ પ્રચાર કરે છે.

### ભોગથી પ્રાયઃ ભોગવૃત્તિ વધે છે

હવે સંસારના સામાન્ય ભોગાદિને અંગે વિચારીએ. ભોગ ભોગવવાથી ભોગવૃત્તિ તૃપ્ત થાય છે, એ વાતે ય ખોટી છે. ભોગ ભોગવવાથી જો ભોગવૃત્તિની તૃપ્તિ થતી હોત, તો સંસારમાં કેટલાય માણસો વૃદ્ધાવસ્થાને પામવા છતાં પણ ભોગની પૂંઠે પાગલ બનેલા માલૂમ પડે છે, તે માલૂમ પડત નહિ ! ભોગ ભોગવવાથી ભોગવૃત્તિની તૃપ્તિ થતી હોત, તો આજે વર્તમાનપત્રોમાં શક્તિની દવાઓના નામે જે જાહેર-ખબરો આવે છે તે આવતી હોત ? આજે બુઢ્ઢા બનેલા જવાન કેમ બનાય તેની શોધમા છે, તે માટે દવાઓ ખાય છે. તે માટે અભક્ષ્ય, અપેય વગેરેનો વિવેક વિસરી જાય છે અને અનાર્યદેશને છાજતા ને આર્યદેશને કલંકરૂપ ખાનપાન શોખથી ઉડાવે છે. કારણકે તેમની ભોગલાલસા વધી પડી છે. એમને ગમે તેવું પાપ કરીને પણ શક્તિ મેળવવી છે અને શક્તિ મેળવીને વૃદ્ધાવસ્થામાં પણ જુવાનની જેમ ભોગોને ભોગવવા છે. આજના વિષયભોગમા આસક્ત બનેલાઓની એક એક કાર્યવાહીનું પૃથક્કરણ કરીને જો કહેવા માંડીએ તો સાંભળવું પણ ભારે થઈ પડે એવી આજની દુર્દશા છે. 'વિષયભોગોને ભોગવવાથી વિષયભોગોની વૃત્તિ તૃપ્ત થઈ જાય છે,' એ વાત પણ ખોટી છે. જેમ જેમ પુરુષ વિષયભોગોને ભોગવતો જાય છે, તેમ તેમ તેની ભોગવૃત્તિ પ્રાયઃ વધ્યે જાય છે. વિરલ આત્માઓ જ ભોગમાં પડ્યા પછી ભોગવૃત્તિને કાબૂમાં લઈ શકે છે અને ભોગવૃત્તિને એકવાર કાબૂમાં

લીધા પછી પણ તેવા ભુક્તભોગી આત્માઓમાં થોડા જ આત્માઓ જીવનના અંત સુધી તે વૃત્તિને કાબૂમાં રાખી શકે છે.

### દીક્ષા સંબંધમાં વયપ્રમાણ

પરમ ઉપકારી સુવિહિત શિરોમણી આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કે જેઓ શ્રી જૈનશાસનમાં સમર્થ સુવિહિત શાસ્ત્રકાર તરીકેની સુખ્યાતિને પામ્યા છે, તેમજ જે પુણ્યપુરુષના વચનો સુવિશ્વસનીય હોવા વિશે જૈન સંઘના વિદ્વાનોમાં કશો પણ મતભેદ નથી, તેઓશ્રીએ બાલદીક્ષાનું સમર્થન કરતાં આવી શંકાઓનો પણ ઘણો સરસ ખુલાસો કર્યો છે. એટલે આપણે તે જોઈ લઈએ. દીક્ષાની વયનું વિધાન દર્શાવતા તે મહાપુરુષે ફરમાવ્યું છે કે "દીક્ષાને યોગ્ય મનુષ્યોનું વય:પ્રમાણ એટલે શરીરની અવસ્થાનું પ્રમાણ. શ્રી જિનેશ્વરદેવોએ ઓછામાં ઓછું આઠ વરસનું ફરમાવ્યું છે અને દીક્ષાને યોગ્ય મનુષ્યોનું ઉત્કૃષ્ટથી વય:પ્રમાણ અતિ વૃદ્ધવસ્થા ન આવે ત્યાં સુધીનું ફરમાવ્યું છે."

**સભા** : વય બાબતમાં તો બે મત છે ને ?

**પૂજ્યશ્રી** : જઘન્ય વય:પ્રમાણ સંબંધમાં બે મતો છે. એક જન્મથી આઠ માને છે અને બીજા આઠમાં ગર્ભકાળને પણ ગણી લેવો એમ માને છે.

**સભા** : શાસ્ત્રમાં બે મત છતાં અહીં એક મત કેમ લીધો ?

પહેલી વાત તો એ છે કે જેવી વિવક્ષા અને બીજી વાત એ કે આઠ કહેવાથી બંને મતોનું સૂચન થઈ જાય છે. જન્મથી આઠ એમ લખે તો એક જ મત આવે. બાકી આઠ જણાવે તો જન્મથી અને ગર્ભથી એમ બેય આવી જાય. વળી અહીં '*વયઃ પ્રમાણમ્*' નો અર્થ સૂચવતાં '*શરીરાવસ્થાપ્રમાણમ્*' એમ લખ્યું છે. એટલે ગર્ભથી આઠ પણ ગણી શકાય; કારણકે શરીર ગર્ભમાં પણ હોય છે. ગર્ભમાં આત્મા શરીર

વિનાનો નથી હોતો. આ રીતે જોતા 'જઘન્ય વયઃ પ્રમાણ આઠ વર્ષનું છે' એમ કહેવાથી બંનેય મતોનું કથન થઈ જ જાય છે.

## આઠ વર્ષની શરીરાવસ્થાએ દીક્ષા તે અપવાદમાર્ગ નથી પણ રાજમાર્ગ છે

જઘન્યથી શરીરાવસ્થા આઠ વર્ષની થાય ત્યાંથી તે ઉત્કૃષ્ટથી અત્યન્ત વૃદ્ધાવસ્થા થાય ત્યાં સુધી, એટલે કે અત્યંત વૃદ્ધાવસ્થા પહેલાની શરીરાવસ્થા સુધી વયની અપેક્ષાએ દીક્ષાની લાયકાત શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવી છે. આ વાત ફરમાવવા સાથે એ વાત પણ ફરમાવી છે કે "આઠ વર્ષની શરીરાવસ્થા થાય તે પહેલાં જો દીક્ષા આપવામાં આવે, તો તે બાળક પરિભવનું ભાજન થાય છે. તેમજ આઠ વર્ષની શરીરાવસ્થા થાય તે પહેલાં બાળકોને ચારિત્રનાં પરિણામ પણ બહુધા થતા નથી."

આથી તમે સમજી શકશો કે આઠ વર્ષની શરીરાવસ્થા થયા બાદ, યોગ્ય આત્માને દીક્ષા આપવી તે અપવાદમાર્ગ નથી, પણ રાજમાર્ગ છે. આ વસ્તુ કોઈ વિશિષ્ટ આત્મા પૂરતી અગર કોઈ વિશિષ્ટ ક્ષેત્ર કે કોઈ વિશિષ્ટ કાળ પૂરતી છે, એમ પણ નથી. પરંતુ જ્યાં જ્યાં જ્યારે જ્યારે શાસનની હયાતિ હોય, ત્યાં ત્યાં ત્યારે ત્યારે દરેક યોગ્ય આત્માને તેની શરીરાવસ્થા આઠ વર્ષની થયા બાદ રાજમાર્ગ તરીકે દીક્ષા આપી શકાય છે. અપવાદમાર્ગે તો શરીરાવસ્થા આઠ વર્ષની થતા પહેલા પણ દીક્ષા આપી શકાય છે."

વયઃપ્રમાણ સંબંધી સ્પષ્ટીકરણ કર્યા બાદ, પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે, બાળદીક્ષા સામેના વિરોધો દર્શાવીને, તે વિરોધો કઈ રીતે અયથાર્થ છે, તે પણ દર્શાવ્યું છે. પહેલા તેઓશ્રીએ વિરોધ કરનારાઓની યુક્તિઓ રજુ કરી છે અને પછીથી તેનું ખંડન કર્યું છે.

તેઓશ્રી ફરમાવે છે કે કેટલાકો બાળદીક્ષાને માનતા જ નથી અને એથી કહે છે કે "તમે આઠ વર્ષના બાળકોને ચારિત્ર માટે યોગ્ય

જણાવ્યા, પણ આઠ વર્ષની ઉંમરના બાળકોમાં પણ ક્ષુલ્લકભાવ હોવાથી, તેઓ દીક્ષાને માટે યોગ્ય નથી."

### ભોગમાં યુવાન વય નહિ પસાર કરી ચૂકેલાને દીક્ષા ન દેવાની વિરોધી દલીલ

આઠ વર્ષની દીક્ષા સામે એક પક્ષ આમ કહે છે, ત્યારે બીજો પક્ષ વળી બીજી જ દલીલ કરે છે. આઠ વર્ષની દીક્ષા સામે બીજો પક્ષ તો એમ કહે છે કે "પાપરહિત દીક્ષા માટે તેઓ જ યોગ્ય છે કે જેઓએ ભોગને માટે યોગ્ય એવું યૌવન વ્યતીત કર્યું છે એટલે કે ભોગને લાયક એવી યુવાવસ્થા જેઓએ ભોગો ભોગવવામાં પસાર કરી દીધી છે, તેઓ જ પાપરહિત દીક્ષાને યોગ્ય છે. કારણકે તે વિના એટલે યૌવનવય આવ્યા પહેલા અને ભોગો ભોગવ્યા પહેલા બાળકોને જો દીક્ષા આપવામાં આવે, તો તે બાળકો જ્યારે યૌવનવયને પામે, ત્યારે તેઓમાં વિષયસેવનના અપરાધો થવા એ સંભવિત છે, અને એથી એવા સંભવિત દોષનો સાધુઓએ ત્યાગ કરવો જોઈએ. અર્થાત્ જેણે ભોગો ભોગવ્યા નથી, તેને દીક્ષા નહિ દેવી જોઈએ."

જે વાત વિષે આપણે ચર્ચા કરી રહ્યા હતા, એ વાત આવીને ? પહેલાં પણ આજના જેવી દલીલ કરનારા હતા, પણ તે આ શાસનમાં નહિ ! આવી દલીલો તો અન્ય શાસનના અનુયાયીઓની છે, એમ પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. જ્યારે આજે કેટલાક જૈનકુળમાં જન્મેલા પણ એવા પાક્યાં છે કે જે ઇતર શાસનના અનુયાયીઓ કરતાં પણ ખરાબ કાર્યવાહી કરી રહ્યા છે. એવા હીનભાગી આત્માઓની કુયુક્તિઓથી દોરવાયેલાઓને પણ પ્રભુશાસનનું સત્ય જાણવા મળે, માટે આપણે અહી તે આખી ય વસ્તુ વિચારી લઈએ. એ પણ અશક્ય નથી કે આવી આવી અનર્થકારક દલીલો કરનારા અજ્ઞાનીઓમાં પણ કોઈ સારી ભવિતવ્યતાવાળા આત્માઓ ન હોય. એવાઓને ય આ જાણવાથી લાભ થવો સંભવિત છે.

જ્યારે આવી દલીલોની વાત આવી રીતે ચાલતી હોય, ત્યારે તો કોઈએ પણ અડધું સાંભળીને ઉઠવું જોઈએ નહિ; કારણકે જો ઇતર શાસનના અનુયાયીઓની દલીલો જ મગજમાં ભરાઈ જાય અને ખુલાસા ન થઈ જાય, તો પરિણામ ઉંધુ આવે. પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ અને બીજી કુયુક્તિઓના ઘણા જ ખુલાસાઓ આપ્યાં છે અને તે આપણે જોઈશું. એ ખુલાસાઓ જાણ્યા પછી યોગ્ય આત્માનાં હૃદયમાંથી તો એ શલ્ય નીકળી જ જશે કે 'જેણે જે ન ભોગવ્યું હોય તેનો ત્યાગ કરે તો તેનું પતન જ થાય અને સાધુસંસ્થાને તે બગાડે જ !'

### વિષયસંગોના અનુભવપૂર્વક યુવાનવય વ્યતીત કરી ચૂકેલાને દીક્ષા દેવામાં લાભ જણાવતી વિરોધી દલીલ

પણ આપણે, પરમઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ રજૂ કરેલી કુમતવાદીઓની યુક્તિઓ પહેલા જોઈ લઈએ. બાળદીક્ષાનો વિરોધ કરતાં અને 'વિષયભોગો ભોગવી લીધા પછી જ દીક્ષા આપવી તે યોગ્ય છે,' એવા મિથ્યામતનું પ્રતિપાદન કરતાં, કુમતવાદીઓ કહે છે કે "વિષયસંગોનો અનુભવ કરવાપૂર્વક યૌવનવયને લંઘી ચૂકેલાઓ, વિષયના સંગોનો અનુભવ કરી ચૂકેલા હોવાથી, લીધેલી પ્રવ્રજ્યાને સુખપૂર્વક પાળી શકે છે; કારણકે તેઓ વિષયોના આલંબનરૂપ કૌતુકથી નિવૃત્ત થયેલા હોય છે. નહિતર નિમિત્ત કારણના હેતુઓમાં સઘળી વૃત્તિઓનું દર્શન થાય છે'. આ કથન મુજબ યુવાવસ્થામાં કારણોનો સદ્ભાવ હોવાથી વિષયના આલંબનભૂત કૌતુકો તરફ આત્માની વૃત્તિ ઢળી જાય છે. નિમિત્તકારણ મળતાં વિષયભોગની વૃત્તિ દર્શન દે છે અને તેથી વિષયસંગોના અનુભવપૂર્વક યૌવનને ઉલ્લંઘી ચૂકેલાને દીક્ષા અપાય તો સુખપૂર્વક તેનું પાલન કરી શકે. કારણકે વિષયસંગોના અનુભવપૂર્વક સર્વ પ્રયોજનોમા અશંકનીય થાય છે."

કહેવાનો ઇરાદો એ છે કે "વિષયસંગો અનુભવ્યા હોય તેને વિષયોપભોગ પ્રત્યે ખેંચાવાનો ભય રહેતો નથી, પણ બીનઅનુભવી હોય

તો નિમિત્તકારણ પ્રાપ્ત થતા વિષયોનાં આલંબનરૂપ કૌતુક તરફ આત્મા ઘસડાઈ જાય છે."

બાળદીક્ષાના નિષેધમાં અને ભોગમાં યુવાનવય પસાર કરેલાને જ દીક્ષા દેવાના સમર્થનમાં આ કમ દલીલ છે ? આજે પણ ઘણાઓના મગજમાં આ પ્રકારનો ય ભ્રમ ભરાઈ ગયેલો છે; પણ તે અયોગ્ય છે એમ શાસ્ત્રકાર પરમર્ષિ પૂરવાર કરવાના છે.

હજુ તો પેલાઓની જ વાત કહે છે કે "લોકમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો છે. અહિંસાદિ લક્ષણ ધર્મ, સુવર્ણાદી તે અર્થ, ઇચ્છા મદન લક્ષણ કામ અને અનાબાધરૂપ મોક્ષ એ ચારેય પુરુષાર્થો પોતપોતાના કાળમાં સેવવા જોઈએ. આમ છતાંપણ જો કોઈ આત્મા કામ પુરુષાર્થને સેવ્યા વિના જ દીક્ષા લઈ લે તો કામના કારણભૂત કર્મ જેનું ક્ષીણ નથી થયું તે આત્મા દોષને પામે છે; અર્થાત્ પડે છે. કામના કારણભુત કર્મનો ક્ષય થયા વિના તે કામનો ત્યાગ કરવાથી દોષની ઉત્પત્તિ થાય છે.

એટલે કે માણસ કામભોગોને ભોગવે એટલે કામના કારણભુત કર્મનો ક્ષય થાય અને તે કર્મ ક્ષીણ થયા પછી દીક્ષા લે તો દીક્ષા લેનાર દોષભાજન ન બને, માટે વિષયસંગોના અનુભવપૂર્વક યૌવનવયને લંઘી ચૂકેલાઓને જ દીક્ષા આપવી તે યોગ્ય છે, પણ વિષયસંગોરૂપ ભોગો જેણે ભોગવ્યા નથી તેવાઓને દીક્ષા દેવી એ યોગ્ય નથી. કારણકે વિષયસંગોનો જેણે અનુભવ નથી કર્યો તે પાછળથી પડે છે, માટે ચારેય પુરુષાર્થો પોતપોતાના કાળે સેવવા જોઈએ." આજે આવી પણ દલીલ કરનારા છે, માટે તેનો ય ઉત્તર આવે ત્યારે તે બરાબર યાદ રાખી લેજો કે જેથી ઉંધી દલીલથી તમે ભરમાઈ જતા બચો.

**અભુક્તભોગીને દીક્ષા દેવાથી દોષો લાગવા સંબંધી વિરોધી દલીલ**

આટલી વાત કર્યા પછી બાળદીક્ષાનો વિરોધ કરનારા અને

'વિષયસંગોના અનુભવપૂર્વક જેણે યૌવનવય લંઘી છે તેવા દીક્ષાને યોગ્ય ગણાય,' એવી માન્યતા ધરાવનારા મિથ્યાવાદીઓ છેલ્લે છેલ્લે કહે છે કે "જેઓએ ભોગો નથી ભોગવ્યા તેઓને કૌતુક, કામગ્રહ અને પ્રાર્થના આદિ દોષો લાગી જાય છે, જ્યારે વિષયસંગોના અનુભવપૂર્વક યૌવનવયને લંઘી ચૂકેલા ભુક્તભોગીઓ તે દોષોના ત્યાગી હોય છે. ભુક્તભોગીને માટે કૌતુક, કામગ્રહ અને પ્રાર્થનાદિ દોષોનો સંભવ નથી, જ્યારે અભુક્તભોગીથી તે દોષો સેવાઈ જાય છે. કામવિષયક ઔત્સુક્યને કૌતુક કહેવાય છે, કામોના અનાસેવનના ઉદ્રેગથી નિપજતા વિભ્રમને કામગ્રહ કહેવાય છે, પ્રાર્થનાદોષમાં ભોગ માટે સ્ત્રીને પ્રાર્થના કરવી તે અને આદિથી બળાત્કાર દ્વારા પણ સ્ત્રીને ગ્રહણ કરવી તે, આ દોષો અભુક્તભોગીને લાગે છે. કારણકે યૌવનવય આવતા કામવિષયક ઔત્સુક્ય જન્મે છે. તેવું ઔત્સુક્ય જન્મ્યા પછીથી જો તે ઔત્સુકયને શમાવવાનું ન બને તો અનાસેવનના ઉદ્રેકથી આત્મામાં કામની ઘેલછા જન્મે છે. તે ઘેલછાના પરિણામે તે સ્ત્રીઓને ભોગ માટે પ્રાર્થના કરે છે અને સ્ત્રીઓ તેની તે પ્રાર્થનાનો સ્વીકાર ન કરે તો પછી કામની ઘેલછામાં પડેલો આત્મા બળાત્કારાદિથી પણ સ્ત્રીઓને ગ્રહણ કરવા જાય છે. આ દોષો, યૌવનવયને પામ્યા પહેલા વિષયસંગોના બીનઅનુભવી બાળકોને દીક્ષા અપાય તો સંભવે છે, પણ ભુક્ત ભોગીઓએ તો આ દોષોને તજેલા હોય છે, માટે ભોગવયને લંઘી ચૂકેલાઓને જ દીક્ષા દેવી એ યોગ્ય છે, પણ તે સિવાયનાઓને દીક્ષા દેવી તે યોગ્ય નથી.

કહો, આના કરતા બાળદીક્ષા સામે વધારે સમર્થ દલીલો બીજી કઈ હોઈ શકે ? પણ આવી દલીલોમાં કાંઈ તથ્ય નથી અને આવી વિચારણાથી દોરવાઈને બાળદીક્ષાનો વિરોધ કરવો એ યોગ્ય નથી, એમ શાસ્ત્રકાર પરમર્ષિઓએ ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં સમજાવી દીધું છે. જેને સાંભળવું નથી, સમજવું નથી, યુક્તિસંગત વાત કરવી નથી, સભ્યતાથી

સામે આવવું નથી, અને છાપાઓમાં ખોટો કોલાહલ કરી મુકી લોકની દૃષ્ટિમાં દીક્ષાને શાસ્ત્રની આજ્ઞા મુજબ દીક્ષા દેનારાઓને અગર તો તેનો પ્રચાર કરનારાઓને ઉતારી પાડવાનું જ કામ કરવું છે. તેઓ તો આ બધી વાતોની સામે જોવાના જ નથી. પણ જેઓ સાચું સમજવાને ઇચ્છતા હોય અને અયોગ્ય માન્યતાઓને તજીને યોગ્ય માન્યતાઓ કબૂલ કરી લેવાને તત્પર હોય, તેવા આત્માઓને તો આવી વસ્તુ જણાવવાથી લાભ જ છે.

મહાપુરુષો આવી ઉમદા વસ્તુ આપણા ઉપકાર માટે લખીને મૂકી ગયા એથી એમને લાભ જ છે. એ મહાપુરુષની આજ્ઞા મુજબ અવસરે સ્વ-પરહિતના ઈરાદાથી આપણે આ વાતોને જાહેર કરીએ એથી આપણને આ વાતો જાણવામાં આવતાં જેઓને સન્માર્ગની રૂચિ થાય તે વગેરેને પણ આનાથી લાભ જ છે.

### વિરોધીઓની દલીલોનો સચોટ પ્રતિકાર-ચારિત્ર સાથે બાળભાવનો વિરોધ નથી

કુમતવાદીઓનું કથન રજૂ કર્યા બાદ, હવે તેનો પરમઉપકારી, સુવિહિતશિરોમણી, સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન શ્રીમદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે જે ઉત્તર આપ્યો છે, તે જોઈએ. સૌથી પહેલા 'આઠ વર્ષની શરીરાવસ્થા થયા બાદ પણ બાળકોને દીક્ષા આપવી તે અયોગ્ય છે, કારણકે તેનામાં ક્ષુલ્લકભાવ હોય છે.' આવા ભાવની જે દલીલ કરવામાં આવી છે તેમાં "આઠ વર્ષના બાલો, તેમનામાં બાળભાવ હોવાથી દીક્ષાને માટે અયોગ્ય છે, એમ કહેવું તે અસદાગ્રહ છે કારણ કે ચારિત્ર, કર્મના ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થાય છે. એટલે કર્મના ક્ષયોપશભાવથી ઉત્પન્ન થતા ચારિત્રની સાથે બાળભાવનો લેશ પણ વિરોધ નથી જ."

આ વિષયમાં વધુ ખુલાસો કરતાં તેઓશ્રી ફરમાવે છે કે "દીક્ષાના પરિણામને રોકનાર જે ચારિત્રમોહનીય કર્મ છે, તે કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિ અનેક કારણોથી થાય છે, એમ શ્રી અરિહંત

પરમાત્મા આદિ ઉપકારીઓએ ફરમાવ્યું છે. પણ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિના દર્શાવેલા અનેક કારણોમાં વયને એટલે અમુક પ્રકારની વિશિષ્ટ શરીરાવસ્થાને કારણ તરીકે દર્શાવેલ નથી; આથી વય સાથે ચારિત્રના પરિણામનો વિરોધ નથી જ."

**શંકા-સમાધાન**

**સભા:** પહેલા તો એમ કહી ગયા કે "આઠ વર્ષની શરીરાવસ્થા થાય તે પહેલા બાળકને ચારિત્રના પરિણામ પણ બહુધા થતા નથી. તો પછી અહીં તેની સાથે વિરોધ નથી થતો ?

**પૂજ્યશ્રી** : ના. 'આઠ વર્ષની શરીરાવસ્થા થાય તે પહેલા બાળકોને ચારિત્રના પરિણામ પણ બહુધા થતા નથી.' આ વાત અને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિમાં અમુક પ્રકારની વિશિષ્ટ શરીરાવસ્થા કારણરૂપ નથી.' આ વાત એ બેની વચ્ચે કાંઈ જ વિરોધ જેવું નથી.

ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિમાં જો અમુક પ્રકારની વિશિષ્ટ શારીરિક અવસ્થા કારણભૂત છે, એમ માનવામાં આવે, તો તો એમ માનવું પડે કે, 'અમુક વય થઈ એટલે તે વયને પામેલા આત્મામાં ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિ થાય જ અને એથી ચારિત્રના પરિણામ પણ થાય જ !' પણ એમ નથી. માણસ સો વર્ષનો બુઢ્ઢો થઈ જાય તે છતાંપણ તેના ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થતો નથી એમ ઘણી વાર બને છે. મહાભાગ્યવાન આત્માઓ જ પોતાના ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમને પામી શકે છે. બાકીનાઓની તો આખીને આખી જીંદગી વહી જાય છે, પણ તેમનામાં ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ ઉત્પન્ન થતો નથી. આથી સ્પષ્ટ છે કે ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિમાં અમુક પ્રકારની વિશિષ્ટ શરીરાવસ્થા એટલે વય કારણરૂપ નથી.

વળી જો અમુક વયને જ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિમાં કારણરૂપ માનવામાં આવે તો તો એમ પણ

માનવું પડે કે, 'દુનિયામાં દરેક આત્માના ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ, તે અવસ્થાને તે પામતાની સાથે જ ઉત્પન્ન થવો જ જોઈએ.' પણ તેમ બનતું નથી. કોઈ આત્માને નાની વયમાં, કોઈ આત્માને યુવાવસ્થામાં, કોઈ આત્માને પ્રૌઢવસ્થામાં અને કોઈ આત્માને વૃદ્ધવયમાં; એમ અનિશ્ચિતપણે જુદી જુદી વયમાં ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમનું ઉત્પન્ન થાય છે. વળી બધા જ આત્માઓમાં તે ક્ષયોપશમ ઉત્પન્ન થાય છે, એવો પણ નિયમ નથી.

આ બધું જોતાં એ વાત તો સુસ્પષ્ટ થઈ જાય છે કે, ચારિત્રના પરિણામને રોકનારા ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની ઉત્પત્તિનું કારણ અમુક વય છે, એમ તો નથી જ.

જ્યારે આમ જ છે, તો પછી 'શરીરાવસ્થા આઠ વર્ષની થાય તે પહેલા બાળકોને ચારિત્રના પરિણામ પણ બહુધા થતા નથી.' આમ જણાવીને દીક્ષા માટે જઘન્ય વય આઠ વર્ષની છે, એમ કેમ જણાવ્યું ? એ ય વિચારીએ. આ જણાવવામાં વસ્તુસ્થિતિનો ઉલ્લેખ માત્ર જ કરાયો છે. માત્ર વસ્તુસ્વરૂપ જ બતાવાયું છે. ચારિત્રના પરિણામ મોટેભાગે આઠ વર્ષ પહેલાં થતા નથી એ સ્વાભાવિક વસ્તુ છે. ચારિત્રના પરિણામ આઠ વર્ષની વય પહેલા પ્રાયઃ નથી થતા, એમ જ્ઞાનીઓએ જ્ઞાનબળે જોયું, એ માટે તેમ કહ્યું. પ્રાયઃ શબ્દ મૂકીને એ ય જણાવી દીધું કે આઠ વર્ષની વય પહેલા ચારિત્રના પરિણામ ન જ થાય એવું ય નહિ, પણ મોટેભાગે બને છે એવું કે આઠ વર્ષની વય પહેલાં ચારિત્રના પરિણામ ઉત્પન્ન થતા નથી. આ તો વસ્તુસ્વરૂપ દર્શાવ્યું છે. જે જેમ બનતું હોય તે તેમ કહેવાય. આથી આ વાત સાથે પેલી વાતનો વિરોધ હોવાની શંકા ટળી જાય છે ને ?

**સભા**: હા જી.

**પૂજ્યશ્રી** : વિરોધ ક્યારે આવત ? 'ચારિત્રના પરિણામ આઠ વર્ષની વય થાય એટલે ઉત્પન્ન થાય જ છે' એમ જો કહ્યું હોત તો વિરોધ આવત, પણ તેમ તો કહ્યું જ નથી.

### યૌવનવય જ ભોગકર્મોનું કારણ બને છે એવું નથી

હવે યૌવનવયના નામે જે બાળદીક્ષાનો એટલે આઠ વર્ષ આદિની દીક્ષાનો વિરોધ કરવામાં આવ્યો હતો, તે વિશે ખુલાસો કરતા પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે "યૌવનવયને ઉલ્લંઘી ચૂકેલા પુરુષો પણ યૌવનથી ઉન્મત્ત બનેલા આત્માઓની માફક કુગતિના કારણરૂપ ભોગકર્મોને આચરે છે અને યૌવનવયમાં વર્તી રહેલા આત્માઓમાં પણ એવા ય આત્માઓ હોય છે કે જે આત્માઓ તેવાં ભોગકર્મોને આચરતા નથી."

દુનિયામાં દેખાતી આ ખુલ્લી વાતને જણાવીને તે મહાપુરુષ એમ દર્શાવવા ઇચ્છે છે કે, "યૌવન અવસ્થા જ કુગતિના કારણરૂપ ભોગકર્મોનું કારણ છે, એવું કાંઈ છે જ નહિ. કારણકે જો તેમ જ હોત તો ઉત્તમ આત્માઓ જ્યારે ભરયૌવન દશામાં વર્તી રહ્યા હોય તે વખતે પણ ભોગકર્મોથી પરાઙ્મુખ બનેલા દેખાય છે તે બનત નહિ, તેમજ યૌવનવયને વટાવી ગયેલાઓ અને વૃદ્ધાવસ્થાની સન્મુખ બનેલાઓ પણ કુગતિના કારણરૂપ ભોગકર્મોને સેવવામાં લીન બનેલા દેખાય છે તે પણ બનત નહિ.'

### અવિવેક એ જ વાસ્તવિક રીતે યૌવન છે

આ રીતે 'યૌવનવય જ ભોગકર્મોનું કારણ છે' અથવા તો 'યૌવનવય આવે એટલે ભોગકર્મો આચર્યા વિના આત્મા રહી શકે જ નહિ' - આવી માન્યતાનું દુનિયામાં દેખાતા પ્રત્યક્ષ ઉદાહરણથી ખંડન કર્યા બાદ પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તાત્ત્વિક દૃષ્ટિથી યૌવનના સ્વરૂપનું નિરૂપણ કરતાં ફરમાવે છે કે "વાસ્તવિક રીતે એટલે પરમાર્થ દૃષ્ટિએ તો અવિવેક એ જ યૌવન તરીકે જાણવા યોગ્ય છે, તેમજ અવિવેકનો અભાવ એ જ યૌવનનો નાશ છે એમ સમજી લેવું જોઈએ અને અવિવેકનો અભાવ તો દરેક વયમાં સંભવી શકે છે. આથી

શ્રી જિનેશ્વરદેવોએ અમુક વયમાં અવિવેકનો અભાવ ન જ હોય એમ ફરમાવ્યું નથી."

અર્થાત્ 'જ્યાં જ્યાં યૌવનવય હોય, ત્યાં ત્યાં વિવેકનો અભાવ જ હોય અને જ્યાં જ્યાં યૌવનવય ન હોય ત્યાં ત્યાં વિવેકનો સદ્ભાવ જ હોય, એવું કાંઈ છે જ નહિ. યૌવનવય છતાં વિવેકનો સદ્ભાવ હોઈ શકે છે અને એ યૌવનવય વીતી ગઈ હોય તો ય વિવેકનો અભાવ હોઈ શકે છે. આત્મા વિવેકી બન્યો હોય તો યૌવનવય તે આત્માને કાંઈ કરી શકતી નથી અને અવિવેકી આત્મા તો વૃદ્ધાવસ્થાને પામ્યો હોય તો ય ભોગકર્મોને સેવવામાં રત બનેલો હોય છે.

### દોષની સંભાવના બંનેને માટે સરખી છે

હવે 'બાળદીક્ષિતો માટે દોષની સંભાવના રહે છે' - એ પ્રકારની જે દલીલ કરવામાં આવી હતી, તેના ઉત્તરમાં પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે "વયથી બાળ આત્માઓને માટે દોષો સંભાવનીય છે, એમ જે પૂર્વે જણાવવામાં આવ્યું છે, તે પણ બરાબર નથી; કારણકે સારી રીતે ભોગો ભોગવવાપૂર્વક યૌવનને ઉલ્લંઘી ચૂકેલા ઋષિશ્રૃંગ, પિતૃ વગેરેને માટે પણ દોષોની તેવી સંભવના તો છે જ."

અર્થાત્ "દોષોની સંભાવના માત્ર બાળદીક્ષિતોને માટે જ એવું કાંઈ નથી. યૌવનવયમાં ભોગોનો સારી રીતે ભોગવટો કરી લેનારાઓને માટે પણ દોષનું સંભવિતપણું છે. અભુક્તભોગીને માટે દોષનો સંભવ છે અને સુભુક્તભોગીને માટે દોષ સંભવ નથી, એમ છે જ નહિ. દોષની સંભાવના તો, અભુક્તભોગી અને સુભુક્તોભોગી, બંનેયને માટે સરખી જ છે !"

"અભુક્તભોગી અને સુભુક્તભોગી બંનેનેય માટે દોષની સંભાવના સરખી છે" તેમ જણાવીને તેનું કારણ દર્શાવતા તે મહાપુરુષ ફરમાવે છે કે -

"કર્મોમાં રાજા" એટલે પોતાના અશુભપણાના યોગે પ્રધાન એવું જે મોહનીય કર્મ છે તે તો ઓઘથી મિથ્યાત્વાદિથી આરંભીને પુરુષવેદ આદિનો ક્ષય થાય ત્યાં સુધી પણ હોય છે અને એથી ચરમશરીરી આત્માઓને માટે પણ દોષોની સંભાવના રહે છે, તો પછી બીજાઓને માટે દોષોની સંભાવના રહે તેમાં નવાઈ પામવા જેવું કાંઈ છે જ નહિ. આ તો શ્રી જૈનદર્શનની અપેક્ષાએ વાત થઈ, પણ ઇતર દર્શનની અપેક્ષાએ પણ એ જ છે કે જ્યાં સુધી સંસારમાં આસક્તિ પમાડનારી અવિદ્યા છે, ત્યાં સુધી દોષોની સંભાવના છે જ."

અર્થાત્, વિષયાભિલાષાને પેદા કરનાર પુદ્દગલવિશેષ જે વેદ, તે જ્યાં સુધી છે, ત્યાં સુધી હરકોઈ આત્માને માટે, પછી તે બાળ હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય, તો પણ દોષની સંભાવના છે. અને વેદોદય તો ક્યાં સુધી હોય છે ? જ્ઞાનીઓ ફરમાવે છે કે આત્મા ક્ષપકશ્રેણિમાં નવમાં ગુણસ્થાનકે વિષયાભિલાષારૂપ વેદનો ક્ષય કરનારો થાય છે. અને મોહનીયકર્મ સર્વથા ક્ષીણ તો દશમા ગુણસ્થાનકે અને તેય ક્ષપકશ્રેણિ મંડાઈ હોય તો થાય છે હવે 'જ્યાં સુધી વિષયાભિલાષાને પ્રગટવાનું કારણ હયાત હોય ત્યાં સુધી કોઈને દીક્ષા દેવી જ નહિ એમ નક્કી કરાય, તો તો પ્રાય: કોઈ મુક્તિ પામી શકે જ નહિ. કારણકે, તે ભવમાં કે પૂર્વભવમાં દ્રવ્યદીક્ષા પામ્યા વિના પ્રાય: કોઈપણ આત્મા ક્ષપકશ્રેણિ માંડી વિષયાભિલાષ રૂપ વેદનો અને મોહનીયકર્મનો સર્વથા ક્ષય કરી શકતો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે છઠ્ઠા ગુણસ્થાનકને પામનારો બાળક હોય કે યુવાવસ્થામાં સારી રીતે ભોગ ભોગવ્યા પછી દીક્ષિત થયેલો હોય, છતાં બંનેયને માટે દોષની સંભાવના સરખી છે; કારણકે બંનેયમાંથી કોઈપણ વિષયાભિલાષરૂપ વેદનો અને તેના કારણભૂત મોહનીયકર્મનો સર્વથા ક્ષય થયો નથી; એટલે તે કર્મના જોરે પતનનો ભય બંનેને માટે સરખો છે.

**દોષની સંભાવનાને મહત્ત્વ આપી શકાય નહિ**

હવે આગળ ચાલતાં આ વસ્તુનું સ્પષ્ટીકરણ પરમઉપકારી

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ જ કર્યું છે તે જોઈએ. તેઓશ્રી એ વાત સ્પષ્ટપણે જણાવે છે કે, "દોષની સંભાવનાને મહત્ત્વ આપીને, જ્યાં સુધી દોષની સંભાવના હોય ત્યાં સુધી કોઈને દીક્ષા આપવી નહિ," એમ માનવામાં આવે તો તો જિનેશ્વરદેવના શાસનની પ્રક્રિયાને અનુસરીને, ક્ષપકશ્રેણિમાં જ્યાં સુધી અનિવૃત્તિબાદર નામના ગુણસ્થાનકે આત્મા વિષયાભિલાષ રૂપ વેદનો ક્ષય કરનારો ન થાય ત્યાં સુધી તેવા કોઈને પણ દીક્ષા આપવી જોઈએ નહિ એમ નક્કી થાય અને અન્ય દર્શનની પરિભાષા પ્રમાણે જ્યાં સુધી આનંદશક્તિના અનુબોધે કરીને અણિમાદિક ભાવોની જેઓને પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તેવા કોઈને પણ દીક્ષા આપવી નહિ એમ નક્કી થાય, પરંતુ તે બરાબર નથી. કારણકે શ્રી જિનેશ્વરદેવના શાસનની પ્રક્રિયા પ્રમાણે જીવો અનિવૃત્તિબાદર નામના ગુણસ્થાનકોને પામનારા અને અન્યદર્શનની પરિભાષા પ્રમાણે 'અણિમાદિ ભાવોને પામનારા' પ્રાય: દીક્ષા વિના બનતા નથી. તે જ જીવો પ્રાય: અનિવૃત્તિબાદર નામના ગુણસ્થાનકને પામનારા બની શકે છે, કે જે જીવો પ્રવ્રજ્યા શૂન્ય ન હોય; અર્થાત્ તે ભાવ પામવાને માટે તે જ ભવમાં અગર તો તે પહેલાંના ભવમાં દ્રવ્ય દીક્ષાને પામવી જરૂરી છે. દ્રવ્ય દીક્ષા પામ્યા વિના પ્રાય: અનિવૃત્તિબાદર ભાવને પામી શકાતો નથી. આ સ્થળે પ્રાય: શબ્દ એટલા જ માટે મૂકવામાં આવ્યો છે કે જેથી મરૂદેવી માતાના જેવા આશ્ચર્યકારક બનાવને આ વિધાનમાં આડે લાવી શકાય નહિ.

બાકી એ વાત ચોક્કસ જ છે કે આશ્ચર્યકારક એવા કવચિત્ બનતા બનાવોને બાજુએ રાખીએ તો કોઈપણ આત્મા દ્રવ્ય દીક્ષાથી સર્વથા શૂન્યપણે એટલે કોઈપણ દ્રવ્ય દીક્ષાને પામ્યા વિના, અનિવૃત્તિબાદર ભાવને પામી શકતો જ નથી. શ્રી જિનેશ્વરદેવના શાસનની પ્રક્રિયા પ્રમાણે જેમા દ્રવ્ય દીક્ષાથી સર્વથા શૂન્ય આત્મા અનિવૃત્તિબાદર ભાવને પામી શકતો નથી, તેમ અન્ય દર્શનની પરિભાષામાં "કલ્યાણને નહિ પામેલો પણ મુસીબતે કલ્યાણને

પામ્યો," આ પ્રમાણે કહેવાય છે, તો તે વચનથી પણ એ જ સિદ્ધ થાય છે કે, પૂર્વે દીક્ષા દ્વારા કલ્યાણ ન સાધ્યું હોય તો અણિમાદિ ભાવોનું પામવાપણું મુસીબતે જ થાય છે. આમ હોવાથી દોષની સંભાવના હોવા માત્રથી દીક્ષાનો નિષેધ કરવામાં ઉલટુ સંકટ આવી પડે તેમ છે અને તે એ કે, "દીક્ષા વિના વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ ન થાય અને વિશિષ્ટ ગુણો વિના દીક્ષા આપી શકાય નહિ." આ રીતનો "ઇતરેતરાશ્રય" નામનો વિરોધ આવે છે.

અર્થાત્ "દોષની સંભાવના માત્રથી દીક્ષા ન આપવી" અગર "જ્યાં સુધી દોષની સંભાવના હોય ત્યાં સુધી કોઈને દીક્ષા આપવી નહિ." એમ માનવું તે કોઈપણ રીતે વ્યાજબી નથી. છતાં એમ માનશો તો કોઈપણ આત્મા પોતાનું કલ્યાણ સાધવાને પ્રાયઃ સમર્થ નિવડશે નહિ; કારણકે દોષની સંભાવના જ ન રહે એવી દશા પામવાને માટે દ્રવ્યદીક્ષાનું પામવું આવશ્યક પ્રાયઃ છે. મરૂદેવા માતાના પ્રસંગ જેવા બનાવોને બાદ કરીએ, તો ક્યારેય પણ દ્રવ્યદીક્ષા પામ્યા વિના જ, દોષની સંભાવના ન હોય તેવી ઉત્તમ દશા પામી શકાતી જ નથી.

આથી સ્પષ્ટ છે કે દોષની સંભાવનાને મહત્ત્વ આપીને, 'જ્યાં સુધી દોષની સંભાવના હોય ત્યાં સુધી તો કોઈને પણ દીક્ષા આપવી નહિ' એમ માનવું તે કેવળ અનર્થકારક જ છે. દોષની સંભાવના માત્ર બાળદીક્ષિતોને માટે જ નથી, પણ દોષની સંભાવના તો, અભુક્તભોગી એટલે બાળદીક્ષિતોને અને સુભુક્તયોગી એટલે ભોગમાં યુવાવસ્થાને પસાર કર્યા બાદ દીક્ષિત થયેલાઓ એ બંનેયને માટે સરખી જ છે. પહેલાં આમ સ્પષ્ટ કર્યું અને તે પછી એ સ્પષ્ટ કર્યું કે બાળદીક્ષિત તથા યૌવનને લંઘેલા સુભુકતભોગી દીક્ષિત બંનેયને માટે દોષની સંભાવના સરખી હોવા છતાંપણ દોષની સંભાવના માત્રથી બાળકને અગર સુભુક્તભોગી એટલે ભોગ ભોગવવામાં યુવાવસ્થાને લંઘી ચૂકેલા વગેરે કોઈને પણ દીક્ષા ન આપવી જોઈએ, એમ કહેનારા અજ્ઞાન હોવાથી માનવા યોગ્ય નથી જ.

## વિષયભોગોના બીનઅનુભવી પણ સર્વ રીતે યોગ્ય છે, અશંકનીય હોય છે

હવે બાળદીક્ષાનો વિરોધ કરતાં મિથ્યાવાદીઓ તરફથી જે એવી દલીલ કરવામાં આવી હતી કે, "વિષયસંગોના અનુભવપૂર્વક યૌવનવયને લંઘી ચૂકેલાઓ, વિષયસંગોનો અનુભવ કરી લીધેલો હોવાને કારણે, સુખપૂર્વક પ્રવ્રજ્યા પાળી શકે છે અને વિષયાલંબનના કૌતુકથી નિવૃત્ત થયેલા હોવાના કારણે તેઓ સર્વ પ્રયોજનોમાં અશંકનીય હોય છે" તેની સામે પણ સમર્થ શાસ્ત્રકાર સુવિહિતશિરોમણી આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ઘણી સુંદર વસ્તુ જણાવે છે. તેઓ શ્રી પહેલી વાત તો એ ફરમાવે છે કે "પૂર્વપક્ષવાદીએ બાળદીક્ષાની વિરુદ્ધમાં જે દલીલ કરી છે, તે પણ મારા બાળદીક્ષાના પક્ષમાં ય તુલ્ય છે; કારણકે વિષયસંગોના બીનઅનુભવી એવા પણ કેટલાય આત્માઓ વિષયસંગોને અનુભવી ચૂકેલાના જેવા વિષયાલંબનના કૌતુકથી નિવૃત્ત થયેલા હોય છે," અર્થાત્ વિષયસુખોને અનુભવી ચૂકેલા જ સારી રીતે પ્રવ્રજ્યાનું પાલન કરી શકે છે એ વગેરે જે જે વાતો પૂર્વ પક્ષવાદીએ બાળદીક્ષાનો વિરોધ કરતા કહી છે, તે વાતો બાળદીક્ષાના પક્ષમાં પણ સમાન જ છે. કારણકે વિષયના સંગોને નહિ અનુભવેલા એવા પણ કેટલા ય પુણ્યાત્માઓ વિષયસંગની વિષમતાના જાણ હોઈને, વિષયાલંબનના કૌતુકથી નિવૃત્તભાવવાળા હોય છે અને એથી વિષયસંગોના બીનઅનુભવી હોવા છતાંપણ તેઓ ય સર્વ રીતે ધર્મારાધનામાં અશંકનીય હોય છે તથા સુંદર પ્રકારે પ્રવ્રજ્યાનું પાલન કરનારા હોય છે.

## ભુક્તભોગી કરતાં અભુક્તભોગી સારા

આ પ્રમાણે બંનેની અશંકનીયતા દર્શાવ્યા બાદ, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, આગળ વધીને એમ પણ પૂરવાર કરે છે કે, "વિષયસંગોના અનુભવપૂર્વક યૌવનને લંઘી ચૂકેલાઓને અશુભ

પ્રવૃત્તિનું જે નિમિત્ત છે, તેવું નિમિત્ત વિષયસંગોના બીનઅનુભવી આત્માઓ માટે નથી." આ વસ્તુ દર્શાવતા તેઓશ્રી ફરમાવે છે કે, "ઘણું કરીને કામો સેવવાથી જ વૃદ્ધિને પામનારા હોય છે. માટે તે જ આત્માઓ વધારે સારા છે, કે જે આત્માઓ વિષયસંગોના બીનઅનુભવી છે; કારણકે તે ભવમાં તે પુણ્યાત્માઓને કામને વધારનાર અભ્યાસ થયો નથી અને પૂર્વભવમાં અભ્યાસ થયેલો તે તો દૂર છે, એટલે અશુભ પ્રવૃત્તિનું તેવું કોઈ નિમિત્ત વિષયસંગોના બીનઅનુભવી બાળદીક્ષિતોને માટે નથી. અશુભ પ્રવૃત્તિનું તે નિમિત્ત તો ભોગમાં યુવાનવય વ્યતીત કરી ચૂકેલા અને તે પછીથી દીક્ષિત બનેલાઓને માટે જ છે, એટલે વિષયસંગોના બીન અનુભવી એવા બાળદીક્ષિતો જ તેમના કરતાં વધારે સારા છે !"

બાળદીક્ષિતનો વિરોધ કરતાં મિથ્યાવાદીઓ તરફથી એક એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, "લોકમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો કહેવાય છે; તે પોતપોતાના કાળે સેવવા જોઈએ."

આની સામે પણ પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, "ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો પોતપોતાના કાળે સેવવા જોઈએ, એ વગેરે પૂર્વપક્ષવાદીએ જે કહ્યું તે પણ તુચ્છ છે, અસાર છે; અર્થાત્ એ વાતમાં કાંઈ માલ નથી. કારણકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાં જે અર્થ અને કામ નામના બે પુરુષાર્થો છે, તે બંનેય પુરુષાર્થો કર્મબંધને કરાવનાર હોવાથી, સ્વભાવથી જ સંસારના કારણ છે." એટલે કે સંસારથી મુક્ત બનવાની પુણ્યભાવનાને સેવનારા કલ્યાણકામી આત્માઓએ તો અર્થ અને કામ એ બંનેયમાંથી કોઈપણ પુરુષાર્થની છાયા લેવી એય હિતકર નથી, તો પછી તે પોતપોતાના કાળે સેવવા જોઈએ, એમ કહેવાય જ કેમ? અર્થાત્ ન જ કહેવાય.

**સેવવા યોગ્ય તો કેવળ શુદ્ધ ધર્મ જ છે :**

અર્થ અને કામ એ બંને પુરુષાર્થો સંસારના કારણો છે, એમ

દર્શાવ્યા બાદ, સંસારનું સ્વરૂપ વર્ણવી, તેના ત્યાગનું સમર્થન કરતાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે,

"આ સંસાર અશુભ છે અને મહાપાપરૂપ છે આથી અશુભ અને મહાપાપરૂપ સંસારનો પરિક્ષય કરવા માટે, એટલે કે સંસારથી મુક્ત થવા માટે, ચારે ય પુરુષાર્થો પોતપોતાના કાળે સેવવાની વાત છોડીને બુદ્ધિમાન પુરુષોએ માત્ર શુદ્ધ ધર્મને સેવવો જોઈએ." હવે શુદ્ધ ધર્મ કયો દર્શાવતા ફરમાવે છે કે "શ્રી જૈનશાસનની પ્રક્રિયા મુજબ શુદ્ધ ધર્મ તે ચારિત્રધર્મ છે અને ઈતર શાસનાનુસાર તે અપ્રવૃત્તિરૂપ કહેવાય છે." અર્થાત્ શુદ્ધ ધર્મ તે અનંતજ્ઞાની પરમ ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ચારિત્રધર્મ છે અને બુદ્ધિમાન પુરુષે સંસાર પરિક્ષય નિમિત્તે તે જ સેવવા યોગ્ય છે, પણ અર્થ-કામ સેવવા યોગ્ય નથી જ. કારણકે, અર્થ અને કામ તો અશુભ અને મહાપાપરૂપ સંસારના કારણો છે.

અહીં જીવિતની સ્થિતિ વગેરે દર્શાવીને પણ, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા એમ ફરમાવે છે કે, "ધર્મ અર્થ, કામ અને મોક્ષ એ ચારે ય પુરુષાર્થને પોતપોતાના કાળે સેવવા બુદ્ધિમાન પુરુષે રોકાવું જોઈએ નહિ, પણ એક માત્ર ધર્મની જ આરાધનામાં સદા તત્પર રહેવું જોઈએ. કારણકે જીવિત વિજળીના ચમકારા જેવું ચંચળ છે અને તેના સ્વરૂપની દૃષ્ટિએ પણ તે અસાર છે. જેમ જીવિત સ્થિતિથી ચંચળ છે અને સ્વરૂપથી અસાર છે, તેમ પ્રિયજનોનો સંબંધ પણ સ્થિતિથી ચંચળ છે અને સ્વરૂપથી અસાર છે."

અર્થાત્, જીવિતનો ક્યારે અન્ત આવશે તે નિશ્ચિત નથી, જીવિત ક્યારે જોખમમાં મૂકાશે તે આપણે જાણતા નથી, પ્રિયજનો ક્યારે મરીને આપણાથી વિખુટા પડશે તેની આપણને ગમ નથી અને પ્રિયજનો જીવતાં છતાં ક્યારે આપણા તરફ ઉદ્વિગ્ન ભાવવાળાં બનશે, તેની ય આપણને ખબર નથી. વસ્તુતઃ જીવિત

અને પ્રિયજનોનો સંબંધ, બંનેય સ્થિતિથી ચંચળ છે અને સ્વરૂપથી અસાર છે. "માટે પોતપોતાના કાળે અર્થ અને કામ પણ સેવવા જોઈએ" એવી ભ્રમણાને કલ્યાણના કામી બુદ્ધિમાન પુરુષે પોતાના મગજમાંથી કાઢી નાખવી જોઈએ અને જીવિત તથા પ્રિયજનોના સંબંધની સ્થિતિને તથા તેના સ્વરૂપને જાણીને આરાધના કરવા પ્રયત્નશીલ બની જવું જોઈએ.

## પરમાર્થ દૃષ્ટિએ મોક્ષ એજ ધર્મનુ ફળ છે

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાંથી, અર્થ અને કામ એ બે પુરુષાર્થો તો કર્મબંધનાં કારણ હોવાથી, અશુભ અને મહાપાપરૂપ સંસારનાં કારણ છે માટે સેવવા યોગ્ય નથી એ વાત થઈ; અને સદ્ય ધર્મની આરાધના કરવી જોઈએ એ વાતે ય થઈ. પણ પુરુષાર્થની વાત તો રહી ગઈને ? અહીં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ એ વાત પણ દર્શાવી દીધી છે. તેઓશ્રીએ ફરમાવ્યું છે કે,

"મોક્ષ એ તો પરમાર્થદૃષ્ટિએ ધર્મનું ફળ છે, એમ જાણવું જોઈએ. એટલે મોક્ષની પ્રાપ્તિ ઇચ્છનારે પણ અપ્રમત્ત બનીને શ્રીજિનેશ્વરદેવોએ ફરમાવેલા ચારિત્રધર્મની જ આરાધના કરવી જોઈએ." આ રીતે સમર્થ શાસ્ત્રકાર સુવિહિત શિરોમણી આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ એ જ વાત સિદ્ધ કરી કે "ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો લોકમાં કહેવાય છે. પણ એ ચાર પુરુષાર્થમાંથી એક માત્ર ધર્મની જ આરાધના કરવા યોગ્ય છે. કારણકે અર્થ તથા કામ એ બે તો સેવવા યોગ્ય જ નથી અને પણ મોક્ષ ધર્મનું ફળ હોવાથી, પરમાર્થદૃષ્ટિએ ધર્મની આરાધના એ પણ મોક્ષની આરાધના છે. માટે કલ્યાણની અભિલાષા હોય તો શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ચારિત્રધર્મની આરાધનામાં અપ્રમત્ત બનો!"

## કૌતુક આદિ દોષોનો સંભવ ભુક્તભોગીઓ માટે છે

હવે બાળદીક્ષાના વિરોધી મિથ્યાવાદીએ કરેલી છેલ્લી દલીલનું શ્રી હરિભદ્રસુરીશ્વરજી ખંડન કરે છે. પૂર્વપક્ષવાદીએ કહ્યું હતું કે,

"ભોગ ભોગવ્યા વિના જેઓ દીક્ષા લે છે, તેઓને કૌતુક એટલે કામ વિષયક ઉત્સુકતા, કામ ગ્રહ એટલે કામસેવન કરવાની ઉત્સુકતા, તેવો યોગ પ્રાપ્ત નહિ થવાથી એટલે અનાસેવનના ઉદ્રેકથી ઉત્પન્ન થતો વિભ્રમ, એ વિભ્રમના યોગે સ્ત્રીઓને ભોગ માટે પ્રાર્થના કરવી અને છેવટે બળાત્કારથી ગ્રહણ વગેરે દોષો લાગવાનો સંભવ છે; પણ તે દોષો ભોગ ભોગવવામાં યુવાનવય લંઘી ચૂકેલાઓને લાગવા સંભવ નથી."

આની સામે શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, "એ વાત ખોટી છે; એ વાતમાં કાંઈ જ વાસ્તવિકપણું નથી; કારણ કે ભોગ ભોગવવમાં યુવાનવય લંઘી ચૂકેલા આત્માઓને માટે તો પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ આદિ અનેક અતિશય દુષ્ટ દોષોનો સંભવ છે. જ્યારે જે પુણ્યાત્માઓએ ભોગો ભોગવ્યા નથી તથા બાળ્યકાળથી જ જેઓની મતિ શ્રી જિનેશ્વરદેવોના વચનોથી ભાવિત થઈ છે, તેઓને વૈરાગ્યનો સંભવ હોવાથી તેમજ તેઓ વિષયસુખથી અનભિજ્ઞ હોવાથી, તેમને માટે કૌતુક, કામગ્રહ અને પ્રાર્થનાદિ દોષોનો પ્રાયઃ સંભવ નથી."

આ રીતે બાળદીક્ષા સામેના વિરોધો રજૂ કરીને, તેનું ઘણું જ સ્પષ્ટ અને સુંદર સમાધાન કરવા દ્વારા, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે, 'આઠ વર્ષની શરીરાવસ્થા, એ દીક્ષાયોગ્ય માટેનું જઘન્ય વયઃપ્રમાણ છે અને તે વ્યાજબી જ છે, એ વાત સિદ્ધ કરી.'

આજે બાળદીક્ષાની સામે વિરોધ કરનારાઓ, જો પ્રમાણિકપણે, શુદ્ધબુદ્ધિથી આવી વસ્તુઓ વિચારે તો, તેઓ બાળદીક્ષાનો વિરોધ કરવામાં કારમું પાપ કરી રહ્યા છે, એવું તેઓને પણ લાગ્યા વિના રહે નહિ. પણ લઘુકર્મી આત્માઓ જ આવી વસ્તુઓને પ્રમાણિકપણે શુદ્ધબુદ્ધિથી વિચારીને પોતાના હૃદયમાં જચાવી શકે છે. આ આખા વિરોધ- સમાધાન શ્રવણ ઉપરથી તમે


સમજી શક્યા હશો કે, "જેણે જે ન ભોગવ્યું હોય તેનો તે ત્યાગ કરી શકે જ નહિ અને ત્યાગ કરે તો પરિણામે પડે અને કદાચ સાધુવેષ ન છોડી શકે તો ય સાધુ સંસ્થામાં સડો ઘાલે." આવી દલીલો કરનારા અજ્ઞાની છે તેમજ ઈરાદાપૂર્વક તેનો પ્રચાર કરનારાઓ ઘોર પાપાત્માઓ છે.

આજના યુગમાં જૈનકુળમાં જન્મીને શ્રી જિનશાસનનો દ્રોહ કરનારા અને અનેક આત્માઓને ઉન્માર્ગે ચઢાવી શ્રી જિનશાસનની લોકમાં હાંસી કરાવનારાઓને તમે ઓળખી લ્યો. તેમજ તમારામાં તેવડ હોય તો જાહેર કરી દો કે, 'આવા મંદબુદ્ધી લોકો જૈનકુળમાં જન્મેલા હોવા છતાં પણ જૈન નથી, માટે એમની કોઈપણ વાત જૈન તરીકે વિશ્વાસને પાત્ર નથી.'

### યોગ્ય આત્માઓને તો આનંદ અને દુ:ખ બંને થાય છે

મૂળ વાત તો એ હતી કે શ્રી રાવણ મર્યા તેને બીજે જ દિવસે કુંભકર્ણ, ઈન્દ્રજિત અને મેઘવાહન આદિ પુરુષવર્ગે તેમજ શ્રી રાવણની પટ્ટરાણી મંદોદરી આદિ સ્ત્રીવર્ગે અપ્રમેયબલ નામના મુનિવરની પાસે દીક્ષા ગ્રહણ કરી. આ વખતે કોઈએ કાંઈ વાંધો કે વિરોધ ઉઠાવ્યો નહિ. કારણકે પુણ્યાત્માઓ પોતે ચારિત્રધર્મ સ્વીકારી ન શકતા હોય, તો પણ બીજા જે ભાગ્યવાન આત્માઓ શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલા ચારિત્રધર્મને સ્વીકારીને આત્મકલ્યાણ સાધતા હોય તે ભાગ્યવાનોની તો અનુમોદના જ કરે છે. તેવા પ્રસંગે યોગ્ય આત્માઓને સવિશેષ આનંદ અને સવિશેષ દુ:ખ બંને ય સાથે થાય છે. શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી મોક્ષ સામ્રાજ્યને સાધનારી પ્રવ્રજ્યા બીજાઓને ગ્રહણ કરતા જોઈને, શ્રદ્ધાસંપન્ન પુણ્યત્માઓનું હૃદય આનંદથી પુલકિત બને છે અને તે જ વખતે પોતાનાથી તે ધર્મ ન સેવી શકાવા બદલ તે આત્માઓના હૃદયમાં દુ:ખ પણ થાય છે; કારણકે શુદ્ધ ચારિત્રધર્મની આરાધના આજ્ઞા મુજબ અખંડપણે કરવી એ આ માનવભવ આદિ ઉત્તમસામગ્રીને પામ્યાની સાચી સાર્થકતા છે, એમ શ્રદ્ધાસંપન્ન પુણ્યાત્માઓ નિ:શંકપણે માનનારા હોય છે.

॥ **શ્રી ચતુર્થ ભાગ સમાપ્ત** ॥





**સૂરિમંત્ર સમારાધન સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થમાળા**

- *गौतमपृच्छा सटीक*
- *रूपसेन चरित्र*
- *कुर्मापुत्र चरित्रम् सटीक*
- *अर्हदभिषेक पूजन*
- *श्रृंगार वैराग्य तरंगिणी*
- *उत्तराध्ययन कथासंग्रह*
- *जीतकल्पसूत्रम् कल्प व्यवहार-निशिथसूत्राणि च*
- *उपदेश प्रदीप (पद्य)*
- *नवतत्व संवेदन प्रकरण सटीक*
- *समवसरण साहित्य संग्रह*
- *रत्नपाल नृपचरित्रम्*
- *गौतम कुलकम्*
- *पंचस्तोत्राणि*
- *सुसढ चरित्रम्*
- *श्राद्धगुण विवरण - सटीक - भाषांतर*
- *प्रश्नपद्धति- सानुवाद*

**વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રન્થમાળા**

૧. ધોધ ધર્મ દેશનાનો
૨. પરમગુરુની જીવન સંધ્યા
(ઢળતી સાંજની દ્વિતિયાવૃત્તિ
૩. બોધદાયક કથાઓ
૪. સાધુવેશનો મહિમા
૫. જગદ્ગુરુ આચાર્ય ભગવાન વિજય હીરસૂરીશ્વરજી મહારાજ
૬. પરિચય પુસ્તિકા
૭. કરાલ કલિકાળ
- *परमगुरु की जीवनसंध्या*

**પ્રકાશિત થનારા પુસ્તકો**
**શ્રી જયાનંદકેવલી ચરિત્ર**


**શ્રી મુક્તિ-મહોદય ગ્રન્થમાળા**

- યોગદષ્ટિ સજ્ઝાય (સાર્થ)
- જીવન જ્યોતના અજવાળા
- સૂરિરામ સજ્ઝાય સરિતા
- સાધના અને સાધક
- સુપાત્રદાન મહિમા વિધિ
- પ્રશ્ન પદ્ધતિ
- પાપમુક્તિ અર્થાત્ ભવ આલોચના-૧-૨
- અબ મોહે સમ્યગ્દર્શન દીજીએ...
- પંચ પ્રતિક્રમણ સૂત્ર
- હું તો માંગુ સમ્યગદર્શન
- બાલ રામાયણ
- *बाल रामायण*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-२*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-*
- *क्युं कर भक्ति करुं ?*
- શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા
- શ્રી વીશસ્થાનક તપ મહાપૂજા

**મુક્તિકિરણ હિન્દી-ગુજરાતી ગ્રંથમાળા**

૧. ગુણ ગાવે સો ગુણ પાવે
૨. સાગરકાંઠે છબછબીયા
૩. વાણીવર્ષા
૪. કરીએ પાપ પરિહાર
૫. મનના ઝરુખે
૬. પ્રભુવીર અને ઉપસર્ગો
૭. પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમ્ ભાગ-૧
૮. પ્રભુવીરના દશ શ્રાવકો
૯. નવપદ શરણ
૧૦. ભગવાન શ્રી વજસ્વામીજી
૧૧. ગાગરમાં સાગર
૧૨. હું આત્મા
૧૩. *मन एक झरोखा*
૧૪. *प्रभुवीर के दश श्रावक*
૧૫. *प्रभुवीर एवं उपसर्ग*
૧૬. *नवपद ही शरण*
૧૭. *दर्द और दवा*



## શ્રી સ્મૃતિમંદિર પ્રકાશનના સદસ્યોની શુભ નામાવલી

**મુખ્ય આધારસ્તંભ :**

★ શ્રી દિનેશકુમાર અચલદાસ શાહ, અમદાવાદ

**આધારસ્તંભ :**

★ શાહ ચીમન પોપટલાલ પીલુચાવળા (સુરત)

**★ સદૈવ સ્મરણીય સહયોગી :**

★ શાહ હસમુખભાઈ અમૃતલાલ, લાડોલ
★ શ્રેષ્ઠિવર્ય શ્રી કેસરીચંદ મોતીચંદજી શાહ, દમણ

**મોભી :**

★ પૂ. મુનિરાજ શ્રી ચારિત્રસુંદર વિજયજી મ. સ્મૃતિ
★ શ્રી સમરથમલજી જીવાજી વિનાકીયા પરિવાર - પૂના
★ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ, સુભાનપુરા-બરોડા
★ પ્રેમિલાબેન વસંતલાલ સંકલેચા પરિવાર, સેલવાસ-વાપી

**સહાયક :**

★ પરમગુરુ સૂરિત્રય સંયમસુવર્ણોત્સવ સ્મૃતિ
★ પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રીજીની સ્મૃતિ નિમિત્તે હ.કૈલાસબેન
★ પૂ.સા.શ્રી ચારિત્રરત્નાશ્રીજી મ. વર્ધમાન તપ સ્મૃતિ
★ શ્રીમતી શોભનાબેન ચંપકલાલ કોઠારી, મુંબઈ
★ શ્રીમતી ગુલાબબેન નવિનચંદ્ર શાહ, મુંબઈ
★ શેઠશ્રી પન્નાલાલ ઝુમખરામ, મુંબઈ
★ શેઠશ્રી ગેનમલજી ચુનીલાલજી બાફના, કોલ્હાપુર
★ શ્રી સંભવનાથ વાંચના સમિતિ, મુંબઈ
★ શેઠશ્રી તરુણભાઈ પોપટલાલ, લાડોલ
★ મીનાક્ષીબેન સાકરચંદ હ. કુંજેશ, મુંબઈ
★ શેઠશ્રી જેસીંગલાલ ચોથાલાલ મેપાણી, મુંબઈ
★ શ્રીમતી વિમલાબેન રતિલાલ વોરા, મુંબઈ
★ શેઠશ્રી પ્રવિણકુમાર વાલચંદ શેઠ, નાસિક
★ શેઠશ્રી બાબુલાલ મંગળજી ઉંબરીવાલા, મુંબઈ
★ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, આણંદ
★ નૈનાબેન રમેશચંદ્ર કાન્તીલાલ ચોક્સી
★ શ્રી મહેન્દ્રભાઈ મગનલાલ શાહ, અમદાવાદ
★ માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી છેડા, મુંબઈ (ગામ-ભચાઉ)
★ શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રાણલાલ છગનલાલ શેઠ પરીવાર, મલાડ-મુંબઈ
★ શ્રીમતી કલાવતીબેન કીર્તિકુમાર શાહ, લોદ્રા


આત્મજાગરણનો ઉજાસ અને મુક્તિપથ પર

પ્રકાશ પાથરતું...

# મુક્તિકિરણ

હિન્દી માસિક/ગુજરાતી પાક્ષિક

આજીવન લવાજમ રૂ. ૭૫૦

પ્રકાશક :શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન

અમદાવાદ




# રામાયણ અને સૂરિરામ

**સિદ્ધહસ્તલેખક પૂ.આ.શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચન્દ્રાચાર્ય**-વિરચિત ૧૦ પર્વો/વિભાગોમાં વિસ્તૃત/ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રનાં સાતમાં પર્વમાં રામાયણ તરીકે પ્રસિદ્ધ કથાવસ્તુ વર્ણિત છે. શલાકા-પુરુષનો અર્થ ઉત્તમ પુરુષ થાય. એથી સાર્થક નામ ધરાવતાં આ ચરિત્રમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, નવનવની સંખ્યા ધરાવતા બળદેવો-વાસુદેવો અને પ્રતિવાસુદેવોનાં જીવન રજૂ થયાં છે. શ્રી મુનિસુવ્રત સ્વામીજી ભગવાનના કાળમાં થઈ ગયેલા આઠમા બળદેવ રામચન્દ્રજી, વાસુદેવ રાવણ અને પ્રતિવાસુદેવ લક્ષ્મણજીની જીવન-કથા એટલે જ રામાયણ !

**રામાયણ એટલે રજોહરણની ખાણ !** આ જાતનો સૌ પ્રથમ પરિચય જૈન જગતને કરાવનારા પૂ. મુનિરાજ શ્રી **રામવિજયજી** મહારાજ હતા. વિ.સં. ૧૯૮૫/૧૯૮૬ની સાલમાં મુંબઈ લાલબાગ ભૂલેશ્વરના આંગણે આ જ પૂજ્યશ્રીએ જૈન રામાયણના આધારે આપેલાં પ્રવચનોના પ્રભાવે જ જૈન જગતને એવો ખ્યાલ આવવા પામ્યો હતો કે, **જૈન રામાયણ એટલે જ રજોહરણની ખાણ ! જેમાં પાને પાને અને પાત્રે પાત્રે જોવા મળે દીક્ષાનું સન્માન !**

રામાયણની રસધારાના સૌ પ્રથમ ઉદ્ગાતા બનવાનું શ્રેય જેમના શિરે અભિષેકી શકાય, એવા આ પૂ. પ્રવચનકારશ્રી જ આગળ જતાં વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તરીકે રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ આ રીતની અનોખી ઓળખાણ અજૈનોને પણ આપવાના યશભાગી બનવા સફળ રહ્યા હતા. વિ.સં. ૨૦૦૭માં અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં પ્રતિ રવિવારે જાહેર પ્રવચનો રુપે પૂ. પ્રવચનકારશ્રીએ રામાયણના માધ્યમે સંસ્કૃતિનો સંદેશ સુણાવ્યો અને અમદાવાદનાં અનેક દૈનિકોએ સ્વયંભૂ પ્રેરણાથી પ્રેરિત બનીને એ સંદેશનો જે રીતે વ્યાપક ફેલાવો કર્યો, એના પ્રતાપે જ અજૈન જગતને પણ એ વાતનો ખ્યાલ આવવા પામ્યો કે, જૈનોનું પણ એક અદ્ભુત રામાયણ છે અને સંસ્કૃતિના અજોડ આદર્શથી એ સમૃદ્ધ છે.



આમ, જૈન-અજૈન જગતમાં રામાયણના પ્રથમ પ્રવક્તા- પ્રવચનકાર તરીકેનાં માન-સન્માનના એકમાત્ર અધિકારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં શ્રીમુખે વિવેચિત જૈન રામાયણની પુસ્તક શ્રેણીને વાંચીશું, તો રામાયણ એટલે રજોહરણની ખાણ અને રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ-આ જાતનો પરિચય કેટલો બધો યથાર્થ છે, એ સમજાઈ ગયા વિના નહીં જ રહે. આ શ્રેણીનું આકર્ષક સંપાદન-સંકલન કરીને પ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્ય શ્રી વિજય **શ્રેયાંસપ્રભસૂરિજી**એ તથા પ્રકાશન-લાભ લઈને **પિંડવાડા નિવાસી લાલચંદજી છગનલાલજી પરિવારે** અદ્ભુત ગુરુભક્તિ અદા કર્યાનો અહેસાસ પણ સાથે સાથે થશે જ.

***(જૈન રામાયણ: રજોહરણની ખાણ : ભાગ-૧ પ્રસ્તાવનામાંથી)***

# જૈન રામાયણ
## રજોહરણની ખાણ

**ચારે અનુયોગ મહત્ત્વનાં છે.**

'દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ,
ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ'
આ ચાર અનુયોગોમાં
દ્રવ્યાનુયોગ કામનો છે,
ગણિતાનુયોગ કામનો છે,
ચરણકરણાનુયોગ કામનો છે,
અને
ધર્મકથાનુયોગ નિરર્થક છે.'
એમ ન માનો.
ચારેય અનુયોગો
મોક્ષમાર્ગની આરાધનામાં જોડનારાં છે.
સ્થિર રાખનારાં છે,
અને
આરાધનામાં આગળ વધારી,
આત્માને શુભધ્યાનમાં એકાકાર બનાવી
કૈવલ્યલક્ષ્મી પમાડનારા છે.

શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન

11

વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા